
આનંદ





રાવ સાહેબ શેઠ વસનજી ત્રીકમજી, જે.પી.

Rao Saheb Shet Vasanji Trikamji, J.P.

The Bombay Art Printing Works



अर्पण पत्रिका.

રા. રા. શેઠ ચમનલાલ ગોકળદાસ જે. પી.

જ્ઞાનોપાસક શ્રાવકવર્ય !

આપ ધર્મ અને અર્થ બન્નેને [illegible] છો, તથાપિ અર્થ સંપાદનના સાધક થવાને સર્વદા ઉદ્યુક્ત રહો છો. અને તેથી [illegible] આપની [illegible]. મોટો ભાગ ધર્મકાર્ય તરફ વિશેષ વલણ [illegible] [illegible] ધર્મનો અર્થ કેવળ ઉપાસના માને છે, ત્યારે આપ [illegible] તે અર્થ કર્તવ્ય અને ઉપાસના બન્ને માનો છો અને તેથી [illegible] [illegible] આપુંઆની [illegible] [illegible] [illegible]. આપની [illegible] [illegible] અને શાંતિ સુધારણ વગેરે શીલ તેના [illegible] [illegible] સદા ઉત્સુક રહો છો. તે સાથે [illegible] ભક્તિથી [illegible] [illegible] આ ધાર્મિક માનવજીવનનો [illegible] કરવાને પ્રવૃ[illegible] છો. વળી આપ [illegible] [illegible] મધુર ગુણોથી [illegible] કુટુંબ સદા સુવાસિત છે, તેથી શ્રાવક ના [illegible] શિક્ષણ અને [illegible] [illegible] [illegible] [illegible] આપની [illegible] [illegible] આપને સમર્પણ કરી અમે આનંદિત થઈએ છીએ.

લી. અમો છીએ,

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગના

વ્યવસ્થાપકો.

પ્રસ્તાવના.



માનવજીવન એ દિવ્ય વસ્તુ છે. દેવતાઓ પણ સ્વર્ગથી ચ્યવીને એ જીવનમાં આવીને મોક્ષમાર્ગના અધિકારી થઈ શકે છે. તેથી આર્હત મહાત્માઓએ તેને ચિંતામણિની ઉપમા આપી છે. ચિંતામણિથી જેમ સર્વ પ્રકારની સિદ્ધિ થાય છે, તેમ માનવજીવનથી સર્વ પ્રકારના ઇષ્ટ સિદ્ધ થાય છે. એ જીવનને સુધારવાને માટે શ્રી જિનેંદ્ર ભગવંતે યતિધર્મની સાથે ગૃહસ્થધર્મને પણ પ્રતિપાદ્યો છે. ઘણા ઉત્તમ જીવો ગૃહસ્થધર્મને યથાર્થ પાળવાથી કેવળી થઈ મોક્ષે ગયા છે.

આવા ગૃહસ્થધર્મને યથાર્થ પાળવાનું સાધન સ્ત્રી છે. સદ્‌ગુણી અને વિદુષી શ્રાવિકા ગૃહસ્થ ધર્મને દીપાવે છે. તેનાથી ઉત્પન્ન થયેલાં સંતાનો શ્રદ્ધા, ભક્તિ, દયા, ક્ષમા, ન્યાય, સત્ય, સરળતા, વાત્સલ્ય અને ઉદારભાવ વગેરે સદ્‌ગુણોથી સુશોભિત થાય છે અને રાગ, દ્વેષ, પ્રમાદ, ઈર્ષ્યા, લોભ, મદ, માત્સર્ય, ખલતા, કપટ, ભીરુતા અને નિષ્ઠુરતા વગેરે દુર્ગુણોથી દૂર રહે છે. વિદુષી માતાનાં બાળક શ્રાવિકા ગૃહસ્થીના ગૃહાંગણમાં રમતાં રમતાં સુશિક્ષણ મેળવી શકે છે અને તે માતાની શિક્ષાના પ્રભાવથી તેઓ વિશેષ કાર્યમાં પ્રવૃત્ત થઈ શરીરનો વિકાસ અને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. વિદુષી અને ધર્મિષ્ઠ માતાના ઉદરમાં રહેલી ગર્ભ અવસ્થાથી અભ્યાસનો આરંભ કરી આ સંસારરૂપી વનમાં જ્ઞાનરૂપી પુષ્પની માળા ગુંથે છે. જે જ્ઞાનના અંકુર શિક્ષણરૂપી જળના સિંચનથી સન્માર્ગ ઉપર વધે છે. છેવટે તેની સુશીલ પુષ્પમાળા આહ્લાદનું ધામ થાય છે, વિશ્વની મોહિની બને છે અને તેની સુગંધ સર્વ સંસારને સુગંધમય કરે છે.

આવી વિદુષી અને સદ્‌ગુણી શ્રાવિકાઓ ત્યારે બને છે, કે જ્યારે તે ધર્મ, નીતિ અને આત્મજ્ઞાનમાં કુશળ બને છે, એટલે એ જ્ઞાનના પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન સ્ત્રીકેળવણી છે. કેળવણીની પાછળ શ્રાવિકા. અત્યારે પ્રાચીન કાળની ભારત ભૂમિની આર્યાઓમાં વિદ્યા હતી, એટલે તેના ગ્રંથમાં તે વિદ્યાની ઉત્તમ પ્રકારની ભાવના અપાય છે. અને તેથી કરીને પોતાના જીવનને

સુધારવાને મન, વચન અને કાયની શુદ્ધિથી પ્રવર્તવા તત્પર થાય છે. "પ્રાચીન સદ્ગુણી સતીઓ પોતાના પતિ અને કુટુંબ પ્રત્યે કર્તવ્ય ધર્મ સમજતી અને તે પ્રમાણે વર્તતી હતી." તેમજ પોતાના સતીધર્મની અલૌકિક શક્તિ દર્શાવી સર્વ જનને ચમત્કાર પમાડતી હતી. તેઓના જેવું ઉજ્વળ જીવન આપણને પ્રાપ્ત થાય અને આપણી સંતતિ વિદ્યા, ધર્મ અને નીતિથી વિમુખ થઇ અજ્ઞાનતામાં અવતાર ન ગાળે, આવી ભાવના ભાવી પોતાને અને પોતાની સંતતિને સુધારવા પ્રયત્ન કરવા તત્પર થાય છે. એથી સતીઓના જીવન ચરિત્રે. વર્તમાનકાળની શ્રાવિકાઓના જીવન સુધારવાને ઘણી મદદ કરે છે. તેથી મનોવૃત્તિ ઘણીજ સુધરે છે. અને શીળ તથા સદ્વૃત્તિ પ્રકાશે છે.

વર્તમાનકાળે શ્રાવિકાવર્ગનો વધારો કરવાને સર્વ જૈન વર્ગની ઇચ્છા ઉત્સુક થઇ છે, પણ શ્રાવિકાઓના સુકોમળ હૃદયમાં સતી અને સદ્ગુણી સ્ત્રીઓના સચ્ચરિત્રોની ઊંડી છાપ પાડવાને ઉપયોગી થઇ પડે, તેવા સતી ચરિત્રોના નવીન પદ્ધતી પ્રમાણે પ્રકાશિત થયેલા ગ્રંથોની સંકલીત થઇ પ્રસિદ્ધ થયેલા નથી, માટે આ પુસ્તકની યોજના સર્વ રીતે સફળ થવાની પૂર્ણ આશા રહે છે.

આ પુસ્તકના પ્રથમ ભાગમાં સતી **સુલસા**થી તે **કુંતી** સુધીની પચવીશ સતીઓના ચરિત્ર. આપેલાં છે. તે જૈન સતીઓના ચરિત્રો શ્રી મુનિ સુંદરસૂરિના શિષ્ય શ્રી **શુભશીળગણીએ** રચેલા **ભરતેશ્વર બાહુબલિ વૃત્તિને** આધારે સંગૃહીત કરેલા છે. બીજા ગ્રંથોની સાથે મેળવતાં કેટલીએક સતીઓના ચરિત્રોમાં ફેરફાર જણાય છે, તથાપિ તેણી સંબંધનો અનુવાદ ન કરતાં માત્ર નવીન પદ્ધતિની યોજના કરી તે ચરિત્રો અહીં દાખલ કરવામાં આવેલાં છે. આ સતીઓના પવિત્ર ચરિત્રો પાપકર્મને નાશ કરવામાં ઉપયુક્ત થાય છે. અને તેવા હેતુથીજ પ્રતિક્રમણમાં પણ સઝાયની અંદર એ સતીઓની પવિત્ર નામાવળી આપવામાં આવેલી છે.

જેમ દુરાચરણી માણસને કોઇ ઉત્તમ પ્રકારના મનુષ્યનું સદ્વર્તન જોઇને પોતાના અધમ વર્તનને માટે પશ્ચાત્તાપ થાય છે, અને પછી પોતે સારા માર્ગે ગમન કરવાને ઉત્સુકતા ધરાવે છે, તેમ સારા ચરિત્રની અંદર રહેલા ધર્મ, નીતિ, યોજના, સદ્બોધ અને સદ્વિચાર વગેરે ગુણો વાંચવાથી શ્રાવિકાઓના મ-

નને આનંદિત તથા સદ્ગુણી કરવાને તેઓના સન્માર્ગે પ્રવર્તાવનાર ઉત્તમ ગુરૂરૂપ થઇ પડે છે, તેથી સર્વ સાધર્મિ બ્હેનોએ આવા સતી ચરિત્રરૂપ ગ્રંથોનું પ્રીતિથી અવલોકન કરવું જોઇએ.

વર્તમાનકાળે કેળવણી પામેલી શ્રાવિકાઓને તેમના ધર્મ, નીતિ અને વ્યવહારને પુષ્ટિ મળે તેવાં પુસ્તકો બહુ થોડાં છે, તે વધારવાની ઘણી આવશ્યકતા છે. તેવા વિચારથી શ્રાવિકાવર્ગને શિક્ષણ લેવા ઉપયોગી થઇ પડે અને તેમના પવિત્ર જીવનની સર્વ રીતે સાર્થકતા સંપાદિત થાય, એવા હેતુથી આ પુસ્તકની નવીન યોજના કરવામાં આવી છે. જો આ યોજના શ્રાવિકાવર્ગને ઉપયોગી થાય અને તેના વાંચનનો લાભ લેવાને સર્વ સાધર્મિ બ્હેનો તત્પર થાય તો, અમે આ યત્નમાં પૂર્ણ રીતે ફત્તેહમંદ થયેલા સમજીશું.

આ પુસ્તકને આદ્યંત વાંચી સર્વ પ્રકારની શુદ્ધિ કરવામાં મુનિરાજ શ્રી કેશરવિજયજી મહારાજે કૃપા કરી ઘણો શ્રમ લીધો છે, તેને માટે એ મહાનુભાવ મુનિરાજનો અમે અંતઃકરણથી આભાર માનીએ છીએ. અને એવા પરોપકારી મુનિમહારાજના ચારિત્રજીવનને પૂર્ણ ધન્યવાદ આપીએ છીએ. શ્રી આર્હત ધર્મના જ્ઞાનક્ષેત્રને પુષ્ટિ આપનાર, અને જૈન બાલિકાવર્ગરૂપ કુમુદવનને પ્રફુલ્લિત કરવામાં સદા ઉત્સાહ રાખનાર **રા. સા. શેઠ વસનજી ત્રિકમજી** જે. પી. એ અનુપમ ઉદારતાથી દશહજાર રૂપીઆની મોટી રકમ જે અમારા વર્ગને આધીન કરેલી છે, તે મદદથી અમારા આવા ગ્રંથરત્નોની ગ્રંથમાળા પ્રગટ કરવાને અમે શક્તિમાન થયા છીએ; તેથી એ જ્ઞાન ઉત્તેજક ઉદાર ગૃહસ્થનો અમે આ પ્રસંગે પૂર્ણ આભાર માનીએ છીએ, અને જૈન શાસન દેવીને પ્રાર્થના કરીએ છીએ કે, એવા પરમ જ્ઞાનોત્તેજક અનેક ગૃહસ્થો જૈન પ્રજામાં પ્રગટ થાય, જેથી જૈન બન્ધુઓ પોતાની પ્રાચીન ઉન્નતિ પુનઃ સંપાદન કરવાને ભાગ્યશાળી બને.

સંવત ૧૯૬૮
અષાડ શુદ ૫

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ.
પાલીતાણા.

अनुक्रमणिका.

પ્રથમ ભાગ.

રા. સા. શેઠ વસનજી ત્રિકમજીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર.

મહારાવ એવા ઉપનામથી અંકિત ચંદ્રવંશી રાજાઓથી સુરક્ષિત એવા કચ્છ દેશમાં આર્હત ધર્મના ઉપાસક કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિનાં ઘણાં કુટુંબો વસે છે. તે દેશમાં આવેલા સુથરી નામના ગામમાં રા. સા. શેઠ વસનજી ત્રિકમજીના વડીલો વસતા હતા. તેમના પિતામહ શેઠ મૂળજી દેવજી સંવત્ ૧૮૯૦ ના વર્ષમાં પ્રથમ વ્યાપાર અર્થે મુંબઇ આવ્યા હતા. તે વખતે મોહમયીનગરી વ્યાપાર લક્ષ્મીનું ઉચ્ચ શિખર બની હતી. વિદેશી વ્યાપારીઓનો મોટી મોટી પેઢીઓ તે સ્થળમાં પોતપોતાની વ્યાપારકળાને પ્રસારતી હતી. તે વ્યપારીઓમાં કચ્છવાસી મરહૂમ **શેઠ નરશી કેશવજી** નામકની પેઢી વ્યાપારકળામાં સારી ખ્યાતિ પામેલી હતી. શેઠ વસનજીભાઇના પિતામહ શેઠ મૂળજીએ પોતાના વ્યાપારનો આરંભ શેઠ નરશી કેશવજીના વ્યાપારની સાથે ભાગથી જોડયો અને તે શિવાય પોતાની સ્વતંત્રતાથી પણ બીજો વ્યાપાર કરવા માંડયો. પૂર્વ પુણ્યના પ્રભાવથી તેમણે વ્યાપાર લક્ષ્મીની સારી વૃદ્ધિ કરી. સંવત્ ૧૯૨૨ ના વર્ષમાં જ્યેષ્ટ માસમાં શેઠ વસનજી ભાઇનો જન્મ થયો. પુત્ર જન્મથી તેમના પિતા અને પિતામહને અતિ આનંદ થયો હતો. કર્મની ગતિ વિચિત્ર છે. એક તરફ પુત્ર જન્મની વધામણી ચાલતી હતી અને બીજી તરફ તે પુત્રની માતા સૂતિકાગૃહમાંજ અચાનક વ્યાધિગ્રસ્ત થયાં. છેવટે શેઠ વસનજી ભાઇને ૭ દિવસના મૂકી તેઓએ સ્વર્ગવાસ કર્યો. શેઠ વસનજીભાઇના માતુશ્રીનું નામ લાખબાઇ હતું. તેઓ સ્વભાવે શાંત અને સદ્ગુણી હતાં. પણ કોઇ પૂર્વ કર્મ-

ના ઉદરથી પોતાના પુણ્યવાન્ પુત્રનો માતાને સદાને માટે વિયોગ થયો. એજ વર્ષમાં શેઠ વસનજી ભાઇના પિતામહ શેઠ કેશવજી નાયકથી છુટા પડી પોતાના પુત્ર ત્રિકમજી મુળજીના નામથી નવીન પેહેડી ઉઘાડી પોતાની વ્યાપારકળાનો સમારંભ કર્યો. વ્યાપાર કળાની કુશળતાથી અને ઉત્તમ પ્રકારની પ્રમાણિકતાથી એ પવિત્ર પેહેડીએ મોહમયીનગરીમાં સારી પ્રતિષ્ઠા સંપાદન કરીને વ્યાપાર લક્ષ્મીનો મોટો વધારો કર્યો.

શેઠ વસનજીભાઇની બાલ્યાવસ્થા પુણ્યની પ્રભાથી પ્રકાશિત હતી. તેમના શરીરની અને મનની ચંચળતા વિલક્ષણ હતી અને તે ઉપરથી ભવિષ્યમાં તેમને માટે સારી આશા બંધાતી હતી. સંવત્ ૧૯૩૦ ના વર્ષમાં તેમના પ્રેમી પિતા શેઠ ત્રિકમજીભાઇનો સ્વર્ગવાસ થયો. તે વખતે શેઠ વસનજીભાઇની વય માત્ર આઠ વર્ષની હતી. પોતાના પુત્ર શેઠ ત્રિકમજી ભાઇના સ્વર્ગવાસથી તેમના પિતા શેઠ મુળજીભાઇના હૃદયને ખેદ થયો હતો, તથાપિ તેઓ ધાર્મિકવૃત્તિના હોવાથી આ સંસારના ક્ષણિકસ્વરૂપને જાણતા હતા, તેમજ પોતાના બાળપાત્ર શેઠ વસનજી ત્રિકમજીમાં અસ્ફુટ દેખાતા સદ્દગુણોને લઇને ભવિષ્યમાં તેમને માટે સારી આશા બાંધતા હતા, તેથી તેઓ પુત્રમરણના શોકાગ્નિને શમન કરનારી મનોવૃત્તિમાં શાંતિ રાખી રહ્યા હતા.

શેઠ વસનજીભાઇના પિતામહ મૂળજી શેઠ ધર્મ તરફ સારી આસ્તા ધરાવતા હતા. સુકૃત કર્મમાં લક્ષ્મીનો વ્યય કરવાની ઉત્તમ અભિલાષા તેમના હૃદયમાં સર્વદા રહેતી હતી. તે અભિલાષાને લઇને તેમણે સંવત્ ૧૯૨૮ ના વર્ષમાં શ્રીકેશરીયાજી તીર્થની યાત્રાનો મોટો સંઘ કાઢયો હતો. તે સંઘમાં સાતસો માણસોનો મોટો રસાલો સાથે લીધો હતો. યાત્રાળુઓને સુખકારી સગવડ કરી આપવામાં અને તે પ્રસંગે ધાર્મિક કાર્યો કરવામાં તેમણે ભારે ઉ-

હારના દર્શાવી હતી. જેમાં તેમને ચાલીશ હજાર રૂપૈયાનો ગંજાવર ખર્ચ થયો હતો. સંવત્ ૧૯૩૨ ના કાર્તિક માસની કૃષ્ણ એકાદશીને દિવસે મૂળજીશેઠનો પવિત્ર આત્મા આ લોકમાંથી અદૃશ્ય થઈ પરલોકમાં ગયો અને તે મહાન્ વ્યાપારની ધુરા બાળવયના શેઠ વસનજીભાઈના કોમળ શિરપર આવી પડી. પવિત્ર પ્રેમી અને પૌત્રવત્સલ મૂળજીશેઠે પોતાના પુત્ર ત્રિકમજીશેઠના સ્વર્ગવાસ પછી પોતાની વ્યાપારી પેઢીને પોતાના પૌત્ર વસનજી ભાઈના નામથી અંકિત કરી હતી, તેથી એ વ્યાપારનું મહાન્ કાર્ય શેઠ વસનજી ત્રિકમજીના નામથી ચાલતું હતું. શેઠ વસનજીભાઈનું બાલ્યવય હોવાથી તેમની વિશાળ પેઢીનો બધો કારોબાર શા. લખમશી ગોવનજી નામના એક પ્રમાણિક ગૃહસ્થે ચલાવેલો હતો.

શેઠ વસનજીભાઈ બાલ્યવયથીજ પોતાના ઉપકારી માત પિતાના વિયોગી થયા હતા, તેમની શારીરિક અને માનસિક સ્થિતિને સંભાળ રાખી કેળવવાને કોઈપણ વડિલ તેમના વૈભવવાળા વાસગૃહમાં હાજર ન હતું, તથાપિ તેમણે સ્વેચ્છાથી દેશભાષા અને રાજભાષાનો અભ્યાસ કરી તેમાં યથાશક્તિ અનુભવ મેળવ્યો હતો. તેમનું હૃદય જો પોતાના વ્યાપારની ચિંતામાં પ્રેરાયલું ન હોત તો તેઓ તીવ્ર બુદ્ધિના યોગથી એક સારા વિદ્વાન્ તરીકે પ્રખ્યાત થાત. પણ તેમના સત્કર્મનો ઉદય અને તીવ્ર બુદ્ધિનું બળ વ્યાપાર કળામાંજ કૃતાર્થ થવાથી તેઓની પ્રવીણતા તેમાંજ વૃદ્ધિ પામવા લાગી. અને જનમંડળમાં તેમની વિખ્યાતિ તેનાથીજ વિશેષ થઈ.

વિનય, વિવેક, ધૈર્ય, ઉત્સાહ, ઔદાર્ય, દયા અને દઢતા વિગેરે જે ગુણો ઉત્તમ પ્રકારની વિદ્વત્તાથી સંપાદિત થાય છે, તે ગુણો શેઠ વસનજીભાઈના સંસારીજીવનના આરંભમાંથી સ્વભાવિક રીતે પ્રગટ થયા હતા. અને તેથી તેઓ મોહમયીનગરીના રાજકીય અને વ્યાપારી મંડળમાં સારી પ્રતિષ્ઠા પામતા ગયા. તે-

ઓ ધનાઢ્ય કુટુંબમાં જન્મ્યા છતાં ગર્વ શ્રીમંતાઇનો લાભ લેવાનો સમય ઓળખી સન્માર્ગે કરવાના ઉત્તમ ગુણને પ્રાપ્ત કરી પોતાનું ધનિકજીવન સાર્થક કરવાને સદા તત્પર રહેવા લાગ્યા.

શેઠ વસનજીભાઇએ યુવાવસ્થામાં પોતાના કુટુંબની અંદર આ સંસારની ઘટમાળના વિવિધ પ્રસંગોમાં સુખ દુઃખનો અનુભવ કરેલો છે. તેમનો પ્રથમ વિવાહ **શા વાલજી વર્દ્ધમાનના** વિખ્યાત કુટુંબમાં જન્મેલાં **ખેતબાઇ**ની સાથે થયો હતો. **ખેતબાઇ** એક પવિત્ર અને કુલીન શ્રાવિકા હતાં. તેમના ઉદરથી **પ્રેમબાઇ** અને **હીરબાઇ** નામે બે પુત્રીઓ અને **શામજીભાઇ** નામે એક પુત્ર થયેલ છે. તે ત્રણ સંતાનોને મૂકી ખેતબાઇએ પોતાના સાૈભાગ્ય સાથે સ્વર્ગવાસ કર્યો હતો. આ સંસારસાગરને તરવાના આરંભમાંજ એ સંસારની નાવિકા ભાંગી જ્યારથી શેઠ વસનજીભાઇએ શેઠ નરસી નાથાના કુટુંબમાં ઉત્પન્ન થયેલાં **રતનબાઇની** સાથે ફરીવાર લગ્ન કર્યું. તેમના ઉદરથી **મેઘજી**ભાઇ નામે પુત્ર અને **લક્ષ્મી** નામે પુત્રીનો જન્મ થયેલો છે. એ બાઇબેનને કુશળ ક્ષેમ મૂકી સાૈભાગ્યવંતા રતનબાઇએ પણ સ્વર્ગવાસ કર્યો. આ સંસારના બીજા ભંગથી શેઠ વસનજીભાઇને વિશેષ શોક ઉત્પન્ન થયો હતો, તથાપિ તેઓ સંસારસ્વરૂપના જ્ઞાતા હોવાથી તે દુઃખ સહન કરી પોતાના વ્યવહારમાર્ગને આગળ ચલાવવા લાગ્યા.

શેઠ વસનજી ત્રીકમજીના સંસાર આવી વિષમ અવસ્થામાં જેટલો વેહેલો શરૂ થયો તેટલોજ વેહેલો તેમને દુઃખદાયક થઇ પડયો હતો, તથાપિ દૈવનાના ગુણથી અને સ્નેહી સંબંધીઓના આગ્રહથી તેમને ત્રીજા સંસારમાં પ્રવેશ કરવાનો વિચાર કરવો પડયો. જેથી શેઠ ઠાકરશી પરસાઇઆના પુત્રી બાઇ **વાલબાઇ** સાથે તેમનો વિવાહ સંબંધ જોડાયો. જે સંબંધ તેમના પુણ્યના

દૈવથી અત્યારે બીજાની દ્રષ્ટિએ પૂર્ણ દુઃખને જણા વિસ્મરણ ક-
રાવી સુખસાધક થઈ પડ્યો છે. તથાપિ તે દીર્ઘવિચારી શેઠ આ
સંસારની અનુભવેલી વિષમતાને કદિપણ ભૂલતા નથી.

શેઠ વસનજી ત્રીકમજીને તેમના પરિવારનું સાંગ સુખ મ-
ળ્યું નથી. તથાપિ તેઓ અવશિષ્ટ પરિવારથી સંતોષ માની તટ-
સ્થવૃત્તિએ સંસારને દુઃખ અને સુખથી મિશ્ર જાણીને પોતાના
આત્માને પ્રવૃત્તિમાર્ગમાં જોડે છે, તોપણ અંતરવૃત્તિને નિવૃત્તિમા-
ર્ગ તરફ પ્રેમી બનાવે છે. તેમને સર્વથી મોટાં પ્રેમાબાઈ નામે
પુત્રી છે, તેઓ સારી કેળવણી પામી પિતાના કુટુંબને અલંકૃત
કરે છે. સંવત્ ૧૯૪૧ ના વર્ષમાં તેમનો જન્મ થયેલો છે. ત-
મની માતા જેતબાઈના તેમને બાલ્યવયથી વિયોગ છે, તથાપિ
તે પવિત્ર પરમાત્મામાં માતૃબુદ્ધિ રાખી પોતાના પ્રેમી પિતાના
કુટુંબમાં કેળવણી રૂપ કલ્પલતાનો આશ્રય કરી સુખે કાળ નિર્ગ-
મન કરે છે. તેમને શ્યામજી નામે એક લઘુ બંધુ હતા. પણ તે
માત્ર બે વર્ષની વયમાંજ આ દુઃખી સંસારમાંથી ચાલ્યા ગયા છે.
શેઠ વસનજીભાઈને પ્રથમ પત્ની જેતબાઈના ઉદરથી હીરબાઈ
નામે એક પુત્રી થયાં હતાં, તેમનો જન્મ સંવત્ ૧૯૪૫ના પોષ
સુદી નવમીને દિવસે થયો હતો. એ પવિત્ર બાળાનું બાલ્યવય
પોતાના સુખી કુટુંબમાં સારી રીતે નિર્ગમ્યું હતું. પરંતુ અના-
દિ સ્વરૂપ મહાકાળના મુખમાં તે બાળા તરુણવયમાંજ નિમગ્ન થઈ ગ-
ઈ છે. એ ગુણવતી બાળાના વિયોગનો દુઃખાનલ અદ્યાપિ શેઠ
વસનજીભાઈના હૃદયમાં પ્રસંગે રૂપે પ્રજ્વલિત થયા કરે છે. પવિ-
ત્ર હૃદયવાળી, ગુણવતી બાળા હીરા તેમના સ્મરણ સ્થિરતાને
જ્ઞાનમંદિર નવસારીની આદિમાં વિદ્યમાનતામાં આવી છે. જે-
રૂપાથી શેઠ વસનજી ત્રીકમજી આમોદનું દેવું ઉદાર ભાવ-
એટલામાં આવે છે

એ ધનાઢ્ય કુટુંબમાં જન્મ્યા છતાં ગર્વ શ્રીમંતાઇનો લાભ લેવાનો સમય ઓળખી સદ્વર્તન કરવાના ઉત્તમ ગુણને પ્રાપ્ત કરી પોતાનું ધનિકજીવન સાર્થક કરવાને સદા તત્પર રહેવા લાગ્યા.

શેઠ વસનજીભાઇએ યુવાવસ્થામાં પોતાના કુટુંબની અંદર આ સંસારની ઘટમાળના વિવિધ પ્રસંગોમાં સુખ દુઃખનો અનુભવ કરેલો છે. તેમનો પ્રથમ વિવાહ **શા વાલજી વર્દ્ધમાનના** વિખ્યાત કુટુંબમાં જન્મેલાં **ખેતબાઇ**ની સાથે થયો હતો. **ખેતબાઇ** એક પવિત્ર અને કુલીન શ્રાવિકા હતાં. તેમના ઉદરથી **પ્રેમબાઇ** અને **લીલબાઇ** નામે બે પુત્રીઓ અને **શામજીભાઇ** નામે એક પુત્ર થયેલ છે. ને ત્રણ સંતાનોને મૂકી ખેતબાઇએ પોતાના સૌભાગ્ય સાથે સ્વર્ગવાસ કર્યો હતો. આ સંસારસાગરને તરવાના આરંભમાંજ એ સંસારની નાવિકા ભાંગી જવાથી શેઠ વસનજીભાઇએ શેઠ નરશી નાથાના કુટુંબમાં ઉત્પન્ન થયેલાં **રતનબાઇની** સાથે ફરીવાર લગ્ન કર્યું. તેમના ઉદરથી **મેઘજીભાઇ** નામે પુત્ર અને **લક્ષ્મી** નામે પુત્રીનો જન્મ થયેલો છે. એ બાઇબેનને કુશળ— ક્ષેમ મૂકી સૌભાગ્યવંતા રતનબાઇએ પણ સ્વર્ગવાસ કર્યો. આ સંસારના બીજા બંધથી શેઠ વસનજીભાઇને વિશેષ શોક ઉત્પન્ન થયો હતો, તથાપિ તેઓ સંસારસ્વરૂપના જ્ઞાતા હોવાથી તે દુઃખ સહન કરી પોતાના વ્યવહારમાર્ગને આગળ ચલાવવા લાગ્યા.

શેઠ વસનજી ત્રીકમજીના સંસાર આવી વિષમ અવસ્થામાં જેટલો વેહેલો શરૂ થયો તેટલોજ વેહેલો તેમને દુઃખદાયક થઇ પડ્યો હતો, તથાપિ દૃઢતાના ગુણથી અને સ્નેહી સંબંધીઓના આગ્રહથી તેમને ત્રીજા સંસારમાં પ્રવેશ કરવાનો વિચાર કરવો પડ્યો. જેથી શેઠ ઠાકરશી પસાઇઆના પુત્રી બાઇ **વાલબાઇ** સાથે તેમનો વિવાહ સંબંધ જોડાયો. જે સંબંધ તેમના પુણ્યના

હૃદયથી અત્યારે જીવનની દૃષ્ટિએ પૂર્વ દુઃખને જરા વિસ્મરણ ક-
રાવી સુખસાધક થઈ પડયો છે. તથાપિ તે દીર્ઘવિચારી શેઠ આ
સંસારની અનુભવેલી વિષમતાને કદિપણ ભૂલતા નથી.

શેઠ વસનજી ત્રીકમજીને તેમના પરિવારનું માંગ સુખ મ-
ળ્યું નથી. તથાપિ તેઓ અવશિષ્ટ પરિવારથી સંતોષ માની તટ
સ્થવૃત્તિવડે સંસારને દુઃખ અને સુખથી મિશ્ર જાણીને પોતાના
આત્માને પ્રવૃત્તિમાર્ગમાં જોડે છે, તોપણ અંતરવૃત્તિને નિવૃત્તિમા
ર્ગ તરફ પ્રેમી બનાવે છે. તેમને સર્વથી મોટાં પ્રેમાબાઈ નામે
પુત્રી છે, તેઓ સારી કેળવણી પામી પિતાના કુટુંબને અલંકૃત
કરે છે. સંવત ૧૯૪૧ ના વર્ષમાં તેમનો જન્મ થયેલો છે. ત
મની માતા બેનબાઈનો તેમને બાલ્યવયથી વિયોગ છે, તથાપિ
તે પવિત્ર પરમાત્મામાં આત્મબુદ્ધિ રાખી પોતાના પ્રેમી પિતાના
કુટુંબમાં કેળવણી રૂપ કલ્પલતાનો આશ્રય કરી સુખે કાળ નિર્ગ
મન કરે છે. તેમને શામજી નામે એક લઘુ બંધુ હતા. પણ તે
માત્ર બે વર્ષની વયમાંજ આ દુઃખી સંસારમાંથી ચાલ્યા ગયા છે
શેઠ વસનજીભાઈને પ્રથમ પત્ની બેનબાઈના ઉદરથી હીરબાઈ
નામે એક પુત્રી થયાં હતાં. તેમનો જન્મ સંવત ૧૯૪૫ના પોષ
સુદી નવમીને દિવસે થયો હતો. એ પવિત્ર આત્માનું બાલ્યવય
થીજ સુખી કુટુંબમાં સારી રીતે નિર્ગમ્યું હતું પરંતુ અનંત
કાળરૂપ મહાસાગરમાં એ આત્મા તરંગરૂપ નિમગ્ન થઈ ગ
યેલ છે. એ સદ્ગુણી આત્માના વિયોગનો શોકાનળ અદ્યાપિ શેઠ
વસનજીભાઈના હૃદયમાં કરુણ રૂપે પ્રજ્વલિત થયા કરે છે. પ્રિ
ય હીરબાઈના સદ્ગુણની સ્મૃતિ રાખવા તેમના [illegible] દક્ષિણરૂપે
જ્ઞાનમંદિર નવસારીની આદિમાં વિશ્રામસ્થાનો આપી છે. એ
પરથી શેઠ વસનજી ભાઈના હૃદયનું કેટલીક સુંદર સ્થિતિ
જોવામાં આવે છે

શેઠ વસનજીભાઇના સ્વર્ગવાસી દ્વિતીય પત્ની રતનબાઇથી થયેલ મેઘજી અને લક્ષ્મી નામે ભાઇબ્હેનની એક જોડી શેઠના સુખી કુટુંબમાં વિદ્યમાન છે. સંવત્ ૧૯૫૧ ના ભાદ્રપદ માસની કૃષ્ણદ્વાદશીએ મેઘજીભાઇનો જન્મ થયેલ છે. સંવત્ ૧૯૫૩ ના આશ્વિન માસમાં દીપોત્સવીને દિવસે બ્હેન લક્ષ્મીનો જન્મ થયેલ છે. મેઘજીભાઇ તથા લક્ષ્મી બ્હેન બાલ્યવય છતાં સ્વભાવે સુશીલ અને નમ્ર છે. તેમને સદ્‌ગુણી બનાવવાને તેમના પ્રેમી પિતાએ ઉત્તમ પ્રકારની કેળવણી આપવાની સારી યોજના કરેલી છે. તે બન્ને બાળક પોતાનાં માયાળુ માતાપિતાની શીતળ છાયા નીચે કેળવણીરૂપ કલ્પલતાનું સેવન કરે છે.

શેઠ વસનજીભાઇના તૃતીય પત્ની વાલબાઇ અત્યારે ગૃહિણીપદ ઉપર વિદ્યમાન છે. તેમણે પોતાના સુશીલ અને શાંત સ્વભાવથી શેઠના કુટુંબને સુશોભિત બનાવેલું છે. કેળવણીપર અતિશય વ્હાલ ધરાવનારાં વાલબાઇ ધાર્મિક અને સાંસારિક કેળવણી પામ્યાં છે. તથાપિ તેઓ જ્ઞાનનો વધારો કરવાને સર્વદા ઉત્સુક છે. વિખ્યાત પંડિત લાલનના વિશાળ હૃદયનું શિક્ષણ શેઠના સુખી કુટુંબમાં ચાલુ રહે છે. અને તેથી તેમનાદરેક કુટુંબીનાહૃદયમાં સદ્‌ગુણોની સુવાસ પ્રસરી રહી છે.

સંવત ૧૯૬૦ ના માગશિર માસની કૃષ્ણપ્રતિપદાને દિવસે વિદ્યાવંતા વાલબાઇએ બંકિમચંદ નામના પુત્રને જન્મ આપ્યો છે. તે બાળક હજુ માતાના ઉત્સંગમાં ક્રીડા કરે છે, તથાપિ તેનામાં ચંચળતા અને નમ્રતા વગેરે કેટલાએક ઉત્તમ ગુણોનું સ્વભાવિક રીતે અત્યારથીજ દર્શન થાય છે. જેને માટે ભવિષ્યમાં સારી આશા બાંધવામાં આવે છે. આ પ્રમાણે વિદ્યમાન પરિવારથી પરિવૃત થયેલા શેઠ વસનજીભાઇ તે સંસારમાં સંતોષ માની રહ્યા છે. સંસારમાં રહ્યા છતાં એમનું લક્ષ્ય વિદ્વાનોના સમાગમ દ્વારા જ્ઞાન-

વિલાસમાંજ બદ્ધ છે. તે સાથે તેઓ ધાર્મિક અને સાંસારિક કેળવણીના હિમાયતી છે અને તે દ્વારા પોતાની કોમના ઉદયની સતત અભિલાષા રાખે છે અને તેવા કાર્યને માટે લક્ષ્મીનો વ્યય કરવામાં તેઓ સદા બદ્ધપરિકર રહે છે.

શેઠ વસનજીભાઇની સખાવતનો આરંભ તેમના બાલ્યવયથીજ થયેલો છે. વડિલનો વિયોગ થયા પછી જ્યારથી તેમના વ્યવહારનો તથા કુટુંબનો બાર તેમને શિર આરૂઢ થયો ત્યારથીજ તેમની સખાવતના જીવનનો આરંભ થયો છે. સંવત્ ૧૯૩૩ ના વર્ષમાં તેમનાં માતાજી અને દાદીજીના ફુજમણામાં તેમણે ઘણો ખર્ચ કર્યો હતો. જે પ્રસંગે તેમની ઉદારતા પ્રશંસાપાત્ર જોવામાં આવી હતી. શેઠ વસનજીભાઇએ કચ્છ—સાભરામાં પોતાને ખર્ચે એક ભવ્ય જિનાલય બંધાવ્યું છે, તે પાછળ તેઓએ દસ હજાર રૂપીઆનો મહાવ્યય કરેલો છે. સંવત્ ૧૯૩૪ ના વર્ષમાં એ જિનાલયમાં પ્રભુની પ્રતિષ્ઠા કરવામાં આવી તે સમયે આસપાસનાં ઘણાં ગામોમાંથી કચ્છી જૈન પ્રજાનો મોહોટો સમુદાય એકઠો થયો હતો. તેમનો સત્કાર કરવા માટે એ શેઠે સારી લાગણી દર્શાવી હતી. સર્વના આતિથ્યને માટે ભોજન વગેરેની સારી ગોઠવણ કરીહતી એ પ્રસંગે લક્ષ્મીનો સદુપયોગ કરવાથી તેમની ધર્મકીર્ત્તિ કચ્છ દેશમાં પ્રસરી હતી.

સંવત્ ૧૯૫૨ ના વર્ષમાં ઉદાર શેઠ વસનજીભાઇએ સ્વજાતિના ગરીબ બંધુઓને સોંઘે ભાવે અનાજ આપવાની એક ખોટી દુકાન કહાડી હતી અને તે દોઢ વર્ષ સુધી ચાલુ રાખીતે પાછળ પાંચ હજાર રૂપીઆની મોટી રકમ ખર્ચી હતી. જેને માટે તેઓ સ્વજાતિજનોમાં પૂર્ણ પ્રશંસા પામ્યા હતા. જ્યારે મોહમયીનગરીમાં મરકીનો ભયંકર રોગ પ્રવર્ત્યો, ત્યારે એ દયાળુ શેઠે મરકીથી પીડાતા લોકોને શાંતિ આપી સારવાર કરવા માટે બંદર ઉપર એક

ખાસ ઔષધાલય સ્થાપી મરકીથી પીડાતા બંધુઓને સારો લાભ આપ્યો હતો.. અને તે શુભ કાર્ય ત્રણ વર્ષ સુધી ચલાવી તે પાછળ રૂપીઆ ચાળીશ હજારનો જંગી ખર્ચ કર્યો હતો. જેમાં કોઇની પણ મદદ ન હતી. આથી પ્રસન્ન થઇ નામદાર સરકારે તેઓને પ્રમાણપત્ર આપેલું છે. જેની અંદર શેઠ વસનજીભાઇના પરોપકારી વૃત્તિની પ્રશંસા કરવામાં આવી છે.

ગયા છપનના ભયંકર દુકાળમાં સંકટમાં આવી પડેલા લોકોને મદદ આપવામાં શેઠ વસનજીભાઇએ સારી સહાય આપી હતી. પોતાની જન્મભૂમિ કચ્છ—સુથરીમાં અનાજની દુકાન કાઢી ઘણાં ગરીબ કુટુંબોને તેમણે સારો આશ્રય આપ્યો હતો. અને તેથી તેમણે ઘણા દીનજનની અંતરની આશીષો લીધી હતી. આ શુભ કાર્યની પાછળ તેમણે ઉદારતાથી પંદર હજાર રૂપીઆનો ખર્ચ કર્યો હતો.

આ તેમની ઉત્તમ સખાવતની સુગંધ ચારે તરફ પ્રસરવાથી તથા તેમની લાયકાતની અને પરોપકાર વગેરે ઉત્તમ ગુણોની પરીક્ષાની પિછાન કરી નામદાર સરકારે તેમને જે. પી. (સુલેહના અમલદાર) ની ઉત્તમ પદવી આપી હતી અને પાછળથી રાવસાહેબનું બિરૂદ નવાજી શેઠ વસનજીભાઇના સન્માનમાં મોટો વધારો કર્યો હતો. આ પદવી અને સન્માન મેળવવામાં શેઠ વસનજીભાઈ આખી કચ્છી જૈનપ્રજામાં પહેલાજ છે. આવું સારૂં સન્માન પામ્યા છતાં પણ શેઠ વસનજીભાઇનું જીવન અતિ સરલ, શુદ્ધ, સાદું અને સ્વચ્છ રહેલું છે. એક ખરા સદ્‌ગૃહસ્થને ઘટતી સર્વ નમ્રતા, સાદાઈ અને સત્ય પ્રીતિ તેનામાં રહેલી છે. ધંધામાં પ્રતિષ્ઠા, સ્વદેશીઓમાં માન, લોકપ્રીતિ અને મહાન્ સંપત્તિ એ સર્વની પરિસીમાએ પોહોંચ્યા છતાં પોતે કેવળ અહંકાર શુન્ય છે. નાના મોટા સર્વ સાથે એક સરખા ભાવથી વર્તે છે. તેઓની સખાવતનો પ્રવાહ

પ્રકાશ બહાર ગુપ્ત દાન વધારે આપે છે. તેમની કેટલીએક ગુપ્ત ધર્મ-
પ્રસંગમાં આવતી નથી. તેમ તેને પ્રકાશિત કરવાને તેઓ ઇચ્છા
પણ નથી. દીલગીરીના કરતાં ગુપ્ત દાનને તેઓ વધારે માન આપે
છે. એવા ગુણથી તેઓનું જીવન ઉત્તમ પ્રકારનું માલુમ છે.

શેઠ વનમાળીભાઈની નાની ઉમરથી ગણી બાબતોમાં પ્રખ્યાત છે.
ધાર્મિક અને સાંસારિક લોકોપયોગી કાર્યમાં તેમની [illegible]
[illegible] બહાર રહેલા નથી. તેમના કાર્યોમાં તેમજ [illegible]
[illegible] નથી નજરે જણાય છે. [illegible]
[illegible] શેઠ વનમાળીભાઈ [illegible]
[illegible]. શેઠ વનમાળીભાઈને [illegible]
[illegible] તેમની [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] શેઠ વનમાળીભાઈ [illegible]

શેઠ વનમાળીભાઈની [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

માં સારો લાભ થાય, આવા પવિત્ર હેતુથી શેઠ વસનજીભાઈએ ગોરજીઓના શિષ્યોને સુધારવાને સાડા સાત હજાર રૂપીઆની મોટી રકમ અર્પણ કરી છે.

શેઠ વસનજીભાઈ બાળકેળવણી તથા સ્ત્રીકેળવણીના મોટા હિમાયતી છે. તે સાથે જ્ઞાનક્ષેત્રને પુષ્ટિ આપવામાં તેઓ સર્વદા ઉત્સુક રહે છે. "જૈનોની પ્રાચીન વિદ્યાનો ઉદ્ધાર થાય અને પૂર્વાચાર્યોના ઉપયોગી લેખો જનમંડળમાં પ્રસિદ્ધ પામી વંચાય" એવા ઉત્તમ હેતુથી તેમણે પ્રાચીન પુસ્તકોનો ઉદ્ધાર કરવાને દસ હજાર રૂપીઆની મોટી રકમ અર્પણ કરી છે. એ મહાન્ કાર્યને ઉઠાવનારા અમારા જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગના તેઓ સ્થાપક થયા છે અને એ વર્ગરૂપ કલ્પવૃક્ષને ઉત્તેજનરૂપ જળનું સિંચન કરી તેને નવપલ્લવિત કરવા સદા ઉત્સુક રહે છે.

શેઠ વસનજીભાઈ જેવા સખાવતમાં બહાદુર છે, તેવાજ તેઓ પ્રજાઉપયોગી કાર્યોમાં ઉમંગથી ભાગ લેનારા છે. દૃઢપ્રતિજ્ઞ, સત્યવકતા અને પ્રમાણિક નર તરીકે તેઓએ સારી પ્રતિષ્ઠા મેળવી છે. તેઓ બોમ્બે જનરલ રીડીંગ રૂમના જીંદગી સુધીના સભાસદ છે. અને માંગરોલ જૈન સમાજના પ્રતિનિધિ છે. શેઠ નરશી નાથાના ચેરીટી ફંડના, કુમઠા દેરાસરના, સિદ્ધક્ષેત્રમાં સ્થપાએલ વીરબાઈ પાઠશાળા તથા પોતાના પવિત્ર નામથી અંકિત જૈનબોર્ડીંગ કે જેના માટે પચાસ હજાર રૂપીઆની જંગાવર રકમ અર્પણ કરી છે તેના તેઓ માનવંતા ટ્રસ્ટી છે. એ ઉપરાંત કેટલીક મીલોના તેઓ ડીરેક્ટર છે. આવી સુપ્રતિષ્ઠાથી તેમણે પોતાનું જીવન સુધારેલ છે.

"માણસ વિદેશમાં ગમે તેટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે, પણ જ્યાંસુધી તે સ્વદેશમાં કે સ્વવતનમાં પોતાની ઉદારતા કે સખાવત પ્રમાણે નહીં, ત્યાંસુધી તે પ્રતિષ્ઠા પૂર્ણ કહેવાતી નથી" આ નીતિસૂત્રને સમજનારા શેઠ વસનજી ભાઈએ પોતાના કુટુંબની જન્મભૂમિ કચ્છ—સુથરી વગેરે ગામોમાં સારાં સારાં કાર્યો કરેલાં

છે. અને તેથી તેઓ કચ્છપતિ મહારાવ શ્રી સર ખેંગારજી સવાઇ બહાદુર જી. સી. આઇ. ઈની આગેવાની પ્રજામાં પ્રકાશી નીકળ્યા છે. તેથી મહારાવ શ્રી તેમને પ્રેમપૂર્વક માન આપે છે.

કેળવણી વધારવાને શેઠ વસનજીભાઇએ પોતાના વતન સુથરીમાં પોતાનાં સ્વર્ગવાસી પત્નીઓના નિર્મળ નામથી ખેતબાઇ જૈન પાઠશાળા અને રતનબાઇ જૈન કન્યાશાળા સ્થાપી છે. તેમજ પોતાના વિદ્યમાન સૌભાગ્યવંતા પત્ની વાલબાઇના નામથી જશાપુર ગામમાં એક બીજી જૈનપાઠશાળા સ્થાપિત કરેલી છે. તે સિવાય કચ્છી જૈનપ્રજામાં જ્ઞાનવૃદ્ધિ કરવાને જૈનશાળાઓમાં તેમણે સારી સહાય આપેલી છે. અને અદ્યાપિ આપવાને સદા ઉત્સુક રહે છે. પોતાની કોમના લોકો વિદ્વાન્ તથા ઉદ્યોગી થવા ઇચ્છતા હોય તેમને માસિક વેતન (સ્કોલરશીપ) આદિથી નિર્વાહની ચિંતામાંથી મુક્ત કરવા અને તેમને ઉન્નતિના ઉંચા શિખરનું દર્શન કરાવવું. એવી શેઠ વસનજીભાઇના હૃદયમાં સદા ઇચ્છા રહે છે. દેશવિદેશના મોટા વિદ્વાનોને, કવિઓને અને ગ્રંથકારોને તેમના કાર્યમાં ઉત્તેજન આપવામાં તેઓ પ્રેમાળુ છે “કેળવણી પામી સંસ્કારિણી થયેલી શ્રાવિકાઓ સ્વતંત્ર, સમર્થ, સદાચારી, અને ધર્મિષ્ઠ વિદુષિઓ થઈ શ્રાવકસંસારને દીપાવે અને પોતાની બાળપ્રજાને કેળવી વીરપુત્રની પદવી સાર્થક કરે” એ ઇચ્છા શેઠ વસનજીભાઇના હૃદયકમળમાં સદા જાગ્રત રહે છે. “જૈનપ્રજા સદા આરોગ્ય, સ્વસ્થતા, શક્તિ સુંદરતા અને કલ્યાણ પ્રાપ્ત કરવાને અધિકારી થાય,” એમ તેઓ ઇચ્છે છે.

શેઠ વસનજીભાઇનું વર્તમાન જીવન ઉચ્ચ પ્રકારનું છે. તેઓ પ્રાયે કરીને નિયમિત રીતે પોતાનું પ્રવર્તન ચલાવે છે. તેમની દિનચર્યા નિયમિત અને સત્કર્મથી ભરપૂર છે. આર્હતધર્મની આરાધના કરવામાં અને સદ્વિચારથી સુશોભિત એવા સદ્ગ્રંથો વાંચવામાં તેમનો સમય ઘણા ભાગે નિર્ગમન થાય છે. તેઓ વ્યવહારને અનુસરી પ્રવર્તે છે, તથાપિ તેમના હૃદયમાં તાત્વિક વિચા-

કરતો હતો, તેથીકરીને તેની પ્રજા પણ ધર્મિષ્ટ ગણાતી હતી. જ્યાં રાજા ધર્મી હોય ત્યાં પ્રજા ધર્મી થાય એ કહેવત બરાબર તેના રાજ્યમાં સાર્થક થતી હતી, અને તેને લઈને રાજગૃહનગર આખા ભરતખંડનું આભૂષણરૂપ ગણાતું હતું.

રાજા શ્રેણિકને **સુનંદા** નામે એક રાણી હતી તે રાણીના ઉદરમાંથી અભયકુમાર નામે એક વિચક્ષણ પુત્ર થયો હતો. એ અભયકુમારમાં ઉત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી, અને પારિણામિકી એ ચાર પ્રકારની બુદ્ધિ હતી, તેથી રાજા શ્રેણિકે તે અભયકુમારને પોતાના મુખ્ય મંત્રીની પદ્દી આપી હતી.

તે નગરમાં **નાગ** નામે એક સારથિ રહેતો હતો, તે રાજા શ્રેણિકનો માનેનો હતો. રાજાની કૃપાથી નાગ-સારથિ સારી સમૃદ્ધિવાળો થઇ વૈભવ સુખને ભોગવતો હતો. રાજાનું માન અને સારો પૈસો છતાં તેનામાં કોઈ જાતના દુર્ગુણોએ પ્રવેશ કર્યો ન હતો. સતી સુલસાનો વિવાહ આ નાગસારથિની સાથે થયો હતો. નાગ અને સુલસાની જોડી પરસ્પર પ્રેમભાવથી સંસારનું ઉત્તમ સુખ ભોગવતી હતી, અને શુદ્ધ ભાવથી શ્રાવક ધર્મને પાળતી હતી.

સતી સુલસા બહુ રૂપવાન્ તથા અસાધારણ ગુણવાન સ્ત્રી હતી. તેના અંતઃકરણમાં સર્વ પ્રકારની પવિત્રતા અને મધુરતા રહેલી હતી. તેનામાં દ્રવ્ય સૌંદર્યના કરતાં ભાવસૌંદર્ય વધારે ખીલતું હતું. ટુંકામાં કહીશું કે તેણીએ ચરિત્રની સુંદરતામાં અને હૃદયની સર્વ પ્રકારની

નિર્મળતામાં એક અપૂર્વ શોભા ધારણ કરી હતી. આવા ઉત્તમ ગુણોથી સુલસાએ નિર્મળ હૃદયવાળા નાગસારથિના મનને આકર્ષી લીધું હતું. જેવો સુલસાનો પ્રેમ તેના પતિ નાગ ઉપર હતો તેવોજ નાગનો પ્રેમ પણ તે પવિત્ર સતી ઉપર હતો. સતી સુલસાએ પોતાના પિતાને ઘેર સારી કેળવણી લીધી હતી. સ્ત્રીઓનું શું કર્તવ્ય છે, એ વિષે સુલસાએ સારૂં જ્ઞાન મેળવ્યું હતું. "જે સ્ત્રી પતિને સ્વાર્પણ કરી મન, વચન અને કાયાથી તેની સેવામાં સર્વદા લાગેલી હોય છે, અને પતિ પાસેથી બદલો મેળવવાની કાંઈ પણ આશા રાખતી ન હોય તેજ ખરી સતી જાણવી." આ સતી ધર્મનું સૂત્ર સુલસાને વિદિત હતું, અને તેજ સૂત્રનું મનન તે કર્યા કરતી હતી. સતીને સ્વામીનો સહવાસ અને તેની આજ્ઞાનું પાલન એજ તેણીના સુખના સૌભાગ્યનો સૂર્ય છે. સતી એ સિવાય બીજી કાંઈ પણ ઇચ્છા કરતી નથી. સતી પોતાના પતિને ધર્મ અને સંસારની ઉન્નતિના માર્ગે લઈ જવાથી પોતાના જન્મનું સાર્થક થયેલું સમજીને પોતાના આત્માને કૃતાર્થ માને છે.

આવા સતીના બધા સદ્ગુણો સુલસામાં વાસ કરી રહ્યા હતા, તેનો પતિ નાગસારથિ ધનાઢ્ય હતો, તેના મનોહર મંદિરમાં રાજ્યલક્ષ્મી વાસ કરીને રહી હતી, તે છતાં સુલસા વિનીત અને સુશીલ હતી. બીજી સામાન્ય સ્ત્રીઓની પેઠે તે વિલાસ સુખ મેળવવાને તત્પર રહેતી ન હતી. અંતઃકરણની શુદ્ધ ભાવનાનો તેના હૃદયમાં વિશેષ હતો. આથી એ પતિ પરાયણ સ્ત્રી સર્વ સ્થળે વિશેષ બહુ સન્માનનું પાત્ર હતી.

આવી પવિત્ર સતીની સાથે સદા ગૃહાવાસમાં રહેવાથી નાગસારથિ પોતાના જીવનની સાર્થકતા સમજતો હતો. પોતાને કાંઇ પણ સંતાન ન હતું, તે છતાં તે પોતે સંસાર સુખમાં પૂર્ણ સંતોષ માનતો હતો. સુલસાના પવિત્ર પ્રેમમાં બંધાએલા નાગસારથિએ એક વખતે કોઈ ગુરૂની સન્મુખ એવો નિયમ કર્યો કે, "હવે મારે કદીપણ બીજી સ્ત્રી કરવી નહીં." આ નિયમ પ્રમાણે વર્તનારો નાગસારથિ અને સતી ધર્મ પ્રમાણે વર્તનારી સુલસા એ બન્ને દંપતી પરસ્પર સ્નેહયુક્ત રહેતા હતા અને ગુણવાન્, સદ્ભાગ્યવાન, અને ધર્મવાન્ તથા શુભભાવથી યુક્ત થઈ સુખે કાળ નિર્ગમન કરતા હતા.

એક વખતે નાગસારથિ રસ્તામાં ફરવા નિકળ્યો, ત્યાં દેવકુમાર જેવા કોઈ ગૃહસ્થોના પુત્રોને આંગણામાં લાલનપાલન સહિત રમતા જોઈ, તે મનમાં ચિંતવવા લાગ્યો —

"અહો! કર્મની વિચિત્રતા કેવી છે?"

જ્યાં લક્ષ્મીના વિલાસ ન હોય ત્યાં આવા નાના બાળકો રમતા હોય! જ્યાં આવા નાના બાળકો રમતાં હોય ત્યાં લક્ષ્મીના વિલાસ ન હોય! આ સુંદર બાળકો કેવા મજાના રમે છે? મારા વૈભવવાળા ઘરમાં આવા બાળકો કોઈ વાર રમતાં જોવામાં આવ્યાંજ નહીં. "જે ઘરમાં સત્સમાગમ ન હોય, જ્યાં ન્હાનાં ન્હાનાં બાળકો રમતા ન હોય, અને જ્યાં ગુણ ગૌરવની ચિંતા ન હોય, તેવા ઘર ઘર ન સમજવા, પણ શૂન્ય સ્મશાન સમજવા. અહો! મારે આવા પ્રકારનો વૈભવ છતાં સંતતિ નથી,

એ કેવું નઠારૂં કહેવાય? આવી ચિંતા કરતો નાગસારથિ ઘેર આવ્યો ત્યારે સતી સુલસાએ જે વચનો કહ્યાં હતાં, તે સર્વ આર્ય સ્ત્રીઓએ મનન કરવા યોગ્ય હતા. મહા સતી સુલસાએ કહ્યું કે, પ્રાણેશ? આજે ચિંતાતુર કેમ દેખાઓ છો? રાજ્યથી ભ્રષ્ટ થયેલા રાજપુત્રની જેમ તમારૂં શ્યામ વદન કેમ થઇ ગયું છે? શું રાજાએ આપનું અપમાન કર્યું છે? અથવા લોકોએ કાંઇ આપની વિરૂદ્ધ વાર્તા ફેલાવી છે? કે કોઇ અભીષ્ટ વસ્તુનો વિયોગ થયો છે? આપના ચિત્તમાં શી ચિંતા છે? તે ખુલ્લી રીતે જણાવો. પ્રાણનાથ! પતિ ચિંતાતુર હોય તેવે વખતે જે સ્ત્રી તેના દુઃખની ભાગીયણ ન થાય તો તેનું જીવન શા કામનું છે સ્વામી! આપ ચિંતાનું કારણ જણાવો અને તેની મને અર્ધ ભાગી દાર બનાવો.

સતી સુલસા નાગસારથિના ઘરમાં રત્નરૂપ હતી. શ્રાવક સંસારનો એક સુશોભિત શણગારરૂપ હતી, તેનું હૃદય મહત્ તેમ મધુર હતું. તેની કર્ત્તવ્ય બુદ્ધિ અટલ તથા અચળ હતી, અને તેણીનામાં પતિ ભક્તિ દૃઢ વગરની હતી, તે મહાસતી પોતાના મનમાં સ્વામી શાથી સુખી થાય? સ્વામીનું આ લોકનું તથા પરલોકનું શાથી મંગળ થાય? તેનોજ વિચાર કર્યા કરતી હતી. એ વિચારથી જે તેવું સુખ અનુભવતી તેવું બીજા કોઇથી મેળવતી ન હતી.

પોતાના પતિના મુખ ઉપર ચિંતાનો દેખાવ જોઈ, તે મહાસતીના મનમાં ભારે ખેદ ઉત્પન્ન થઈ આવ્યો, મારા સૌભાગ્યના સૂર્યરૂપ અને મારા સર્વ સુખના આધાર રૂપ પતિને શામાટે ચિંતા થઈ હશે? આવા વિચારો તેણીના હૃદયમાં ઉપરા ઉપર ઉપજવા લાગ્યા હતા.

સતી સુલસાની પોતાને માટે આવી ચિંતા જોઈ નાગ-સારથિ બોલ્યો—પ્રિયા! મારે તારાથી છાનું રાખવાનું કાંઈ નથી. તારા જેવી શુદ્ધ પ્રેમવાળી પત્નીની આગળ કયો પુરૂષ અસત્ય બોલે? પ્રિયા! તને અદ્યાપિ પુત્ર થયો નહીં, એ મને બહુ દુઃખ લાગે છે. તારા જેવી ગુણવતી સ્ત્રીને ચતુર અને અધિક સત્વવાળા એકજ પુત્રની જરૂર છે. વળી આ સંસારમાં સંતાનનો એક મોટામાં મોટો લ્હાવ છે. સ્ત્રીઓ પુરૂષને પુત્રરૂપી ફળ આપનારી છે કે જે પુત્ર માતાપિતાના ઉત્સંગમાં બેસી તેમને મધુર વચનો વડે આનંદ પમાડે છે.

પતિનાં આવાં વચન સાંભળી એ સદ્ગુણી સતી બોલી—નાથ! જૈનવાણીના જ્ઞાતા અને શ્રોતા થઈ આવો મોહ શો રાખોછો? જેને પુત્ર હોય તે નરકે ન જાય, એ વચનમાં મિથ્યાત્વજ રહેલું છે. એવો નિગમ કોઈ રીતે સંભવતો નથી. હે સ્વામી! પુત્ર કદિ ગુણવાન્ હોય તોપણ તે પોતાના માતાપિતાને નરકે જતાં રક્ષણ કરી શકતો નથી. જૈન શાસ્ત્રમાં કહ્યુ છે કે, પિતા, માતા, પુત્ર, પુત્રી, બંધુઓ, દ્રવ્ય કે ભર્ત્તા કોઈપણ મનુષ્યને નરકમાં પડતાં બચાવી શકતું નથી. એ કાર્ય કરવાને ફક્ત ધર્મજ સમર્થ થાય છે. પ્રાણનાથ! તમે જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ સાંભળ્યો છે. જુવોને બ્રહ્મદત્ત ચક્રવર્તી પુત્રોના પરિવારવાળો હતો, તોપણ તેને અધમાવસ્થા ભોગવવી પડી હતી. કૃષ્ણ જેવા સમર્થ પુરૂષને પણ નરકમાં જવું પડ્યું છે, તેના સંખ્યાબંધ પુત્રો તેનું રક્ષણ કરી શક્યા નથી. ધૃતરાષ્ટ્રનું મોટું કુલ પુત્રોમાંને પુત્રોમાંજ ક્ષીણ થઈ ગયું હતું. રાવણનો વિશાળ વંશ પણ પુત્રથીજ કલંકિત થયો હતો.

છ ખંડ પૃથ્વીનો સ્વામી સગર ચક્રવર્તી પણ સાઠ હજાર પુત્રોના દુઃખને લીધેજ મૃત્યુ પામ્યો હતો. બહુ પુત્રો કંઈ સ્વર્ગ કે મોક્ષ આણી આપતા નથી, તે મેળવવાને આત્માની શુભ કરણીજ સમર્થ થાય છે.

સતીના આવાં સદ્બોધક વચનો સાંભળી નાગસારથિ હૃદયમાં આનંદ પામી ગયો, પણ તેના અંતરમાંથી પુત્રનો મોહ તદ્દન ઉતર્યો નહીં. તેણે સુલસાને કહ્યું, પ્રિયા! તમે જે કહ્યું તે સત્ય છે. પણ આ સંસારમાં પુત્ર વિના માતા પિતાનું મન ધીરજ ધરતું નથી. વળી પુત્ર વિના ઘર શુન્ય લાગે છે. આ સંસારને વિષે વસતા લોકોને ત્રણ વિશ્રામ-સ્થાન કહ્યા છે. પ્રિય સ્ત્રી, વિનયવંત પુત્ર અને સત્સમાગમ જેમ ચંદ્રરૂપ દીપકથી રાત્રિને વિષે સર્વ પદાર્થો પ્રગટ થાય છે, અને સૂર્યથી દિવસને વિષે સર્વ પદાર્થો પ્રકાશિત થાય છે, તેમ સુપુત્રરૂપી દીપકથી માતૃના પૂર્વજો પ્રગટ થાય છે.

પતિનાં આવાં મોહ ભરેલાં વચનો સાંભળી સુલસા બોલી, સ્વામીનાથ! આપને પુત્રનો મોહ બળવાન્ છે, અને મારા ઉદરથી બાળકની ઉત્પત્તિ થશે નહીં, એમ મને લાગે છે, માટે આપ બીજી સ્ત્રી કરો તો આપના પુત્રના મનોરથ પૂરો થશે, અને આપ પુત્રવાન્ કહેવાશો. નાગસારથિએ ઉંચે સ્વરે કહ્યું, સાધ્વી! એ વાત તો કદિપણ બનવાની નથી, જો કોઈ મને રાજ્ય સહિત પોતાની પુત્રી આપે તોપણ હું બીજી સ્ત્રીને ઇચ્છતો નથી. પ્રિયા! તમારા જેવી કેળવાયેલી સ્ત્રી જ્યારે આવા વચન બોલે તો પછી સાધારણ સ્ત્રીનો શો દોષ કાઢવો? પુરૂષને બે સ્ત્રી કરવાથી કેટલું કષ્ટ પડે છે? તે વિષે તમારા વાંચવામાં ઘણીવાર આવ્યું હશે. આ સંસારના સુખરૂપ સૂર્યનો અસ્ત કરવાનો

પર્વત બે સ્ત્રીનો યોગ છે તેમાં વળી તમારા જેવી સદ્દગુણ
શ્રાવિકા સ્ત્રીને એક તરફ રાખી બીજી સ્ત્રી કરવી તે મને
જરા પણ યોગ્ય લાગતું નથી. દુધવાળા અન્નને મુકી
ઘેંસના અન્નની કોણ વાંછા કરે? પ્રાણેશ્વરી! મેં
તો નિશ્ચય કર્યો છે કે, જો આ ભવમાં તમારાથી
પુત્રની પ્રાપ્તિ થશે તો ભલે નહિતર પુત્ર વિના રહેવું વધારે
સારૂં છે. પતિનાં આવાં પ્રેમ ભરેલાં વચનો સાંભળી સતી
સુલસા હૃદયમાં આનંદ પામતી વિચારવા લાગી, "મહર્ષિ
ઓએ ધર્મ એજ કલ્પવૃક્ષ, એજ ચિંતામણિ, એજ કલ્પ
લતા અને એજ કામધેનુ કહેલ છે. મૂઢ પુરૂષો આવા સ્વર્ગ
અને મોક્ષને આપનારા ધર્મને તજી બીજામાં રક્ત થાય
છે. વળી ઉત્તમ કુળ, પરસ્પર પ્રેમ, આયુષ્યની દીર્ઘતા,
શરીરની તંદુરસ્તી, ઇષ્ટ વસ્તુનો સંયોગ, ગુણ ને વિષે
અનુરાગ, સત્પુત્રનો લાભ, અને લોક ઉપર સત્તા એ બધું
ધર્મથી થાય છે, એટલુંજ નહીં પણ એ ધર્મરૂપ કલ્પવૃક્ષના
પ્રભાવથી ગૃહને વિષે લક્ષ્મી, મુખમાં સુભાષિત વાણી,
ભુજામાં વીર્ય, હાથને વિષે દાન, અંગમાં સૌભાગ્ય, હૃદ
યમાં અમૃત અને જગતમાં સત્કીર્તિ થાય છે. આ પ્રમાણે
ચિંતવી સતી સુલસાએ પોતાના ચિત્તને સંબોધિને કહ્યું
હે ચપળ ચિત્ત! બીજાઓની મનોહર વસ્તુઓને જોઇ તું
વૃથા ખેદ કર નહીં જો તારે એ અભીષ્ટ વસ્તુ જોઇતી હોય
તો ધર્મનું અવલંબન કર, કારણકે ધર્મ કર્યા વિના કોઈ
વસ્તુની પ્રાપ્તિ કદી પણ થતી નથી.

આ પ્રમાણે પોતના ચિત્તને સમજાવી સુલસા પોતાના
પતિની ઇચ્છા પૂર્ણ કરવા ધર્મકાર્યમાં વિશેષ તત્પર થઇ.

સતી સુલસા એક નિષ્ઠાથી જૈનપૂજા કરવા લાગી.

સત્પાત્રને દાન આપવા લાગી, બ્રહ્મચર્ય પાળી ભૂમિ શયન કરી આંબિલનો તપ કરવા લાગી, તથાપિ આ બધી તેની ધર્મિક ક્રિયા ઇચ્છા રહિત હતી. પોતાને પુત્ર થાય, એવી ઇચ્છા તેણીના મનમાં જરા પણ ન હતી. માત્ર તેણીએ એટલીજ ધારણા કરેલ છે કે, ધર્મ એ કલ્પવૃક્ષ છે. તેની ઉપાસના કરવાથી આલોક અને પરલોક બન્નેનાં કાર્યો સિદ્ધ થાય છે.

મહા સતી સુલસાના સતીધર્મનો પ્રભાવ એકલો મનુષ્ય લોકમાંજ પ્રસરેલો ન હતો, પણ છેક સ્વર્ગના દરવાજા સુધી તે પહોંચ્યો હતો. દેવતાઓ પણ એ મહાસતીના ચરિત્રની ભારે પ્રશંસા કરતા હતા. એક વખતે અવધિ જ્ઞાનથી ઇંદ્રના જાણવામાં આવ્યું કે, મનુષ્ય લોકમાં સુલસા મહાસતી છે. તેણીનામાં જે સતીત્વ છે, તે કોઇકજ આર્ય સ્ત્રીમાં હશે. આવું જાણી ઇંદ્રે દેવતાની સભામાં સુલસાની પ્રશંસા કરી કે હમણા મૃત્યુ લોકને વિષે રાજગૃહનગરમાં સુલસા નામે એક સતી શ્રાવિકા છે, તેને કોઈ પણ ધર્મથી ચલાવી શકે તેમ નથી. એક માનવ સ્ત્રીની આવી ભારે પ્રશંસા સાંભળી કોઇએક હરિણગમેષી દેવતા સુલસાની પરીક્ષા કરવાને સ્વર્ગથી ત્યાં આવ્યો. દેવતા બે સાધુ ઓનું રૂપ કરી નાગસારથિને ઘેર ગયો. બન્ને સાધુઓને આવતા જોઈ મહા સતી સુલસા હર્ષ પામીને ઉભી થઈ, અને તે પોતાના ચિત્તમાં ચિંતવવા લાગી, " અહા! મારાં કેવાં સારાં ભાગ્ય! આજે જૈન મુનિઓએ મારા ઘરના આંગ ણાને પવિત્ર કર્યું. આવા સર્વ તીર્થમય પવિત્ર સાધુઓ કદી પોતાના ચરણ કમળથી અભવ્યના ઘરને પાવન કરતા નથી.

જમતી વખતે ભોજનમાં અતિથિનો ભાગ પાડવો એ

મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યાનું ફળ છે. જે પોતાનાજ ઉદર
પૂરણા કરવી તે તો ખરેખર પશુઓનુંજ લક્ષણ છે. આ
ઉત્તમ અતિથિનો આહારથી સત્કાર કર્યા પછી બાકી ર
તેજ આપણો આહાર ગણવો એજ ગૃહસ્થ ધર્મની ઊત્ત
રીતી છે શ્રાવક અને શ્રાવિકાએ પ્રાજ્ઞતા અને મિત્ર
રાખવી જોઇએ, અને તેથીજ ખરેખરો ધર્મ સાધી શકાય ?
પાલન કરવું એનું નામ પ્રાજ્ઞતા કહેવાય છે. કોઇનું કા
પરોક્ષ રીતે કરી આપવું તેનું નામ મિત્રતા છે, અને
બન્ને ગુણ જાણી દંભ વિના જે આચરવો તેજ શુદ્ધ ધ
કહેવાય છે

નીતીશિરોમણિ ગુણના આવો સુવિચાર કર
આનંદ પામેલા તે મુનિઓની પાસે આવી બે હાથ જો
તેમને નમી પોતાની કૃતાર્થતા માનતી વિનંતિ કરવા લાગી
મહાનુભાવ મુનિવર્યો, આપે આપના આગમથી મારૂં ઘ
પવિત્ર કર્યું છે, આપને જે કાર્ય હોય તે આપ નિવેદ
કરો મહા સતી ગુણનાની આવી અનુપમ ભક્તિ જોઈ
અનગારી મુનિઓ બોલ્યા - શ્રાવિકા, અમે તારે ઘેર કાં
આહારની ઇચ્છાથી આવ્યા નથી. અમે તારા ઘર
ઉપર એક દેવના ધન જાણ્યા છે, તેનો અમારે ખપ છે
કન્યુકે અનન્તાનો ઘણા પ્રાણીઓ હાનિ પામી ગ
છે, તેની સિદ્ધિ માટે અમ ને વસ્તુની જરૂર છે. મુનિ
આનાં વચનો સાંભળી ગુણના ઘરના
સર્વ અને હર્ષ સહિત એક કુંભ લઈ બાહેર આવી.
જાને તે દેવતાને પીઠે રૂપે અદૃશ્ય રહી તેઓનો ઘ
ચાલી ગયો. તેઉ જમીન ઉપર દેખાઈ ગયું. સતી
ચિન્તાથી પ્રસન્ન થઈ ઘરમાં આવી, અને ભક્તિ

પછી તેણી તે પણ પૂર્વની જેમ દેવતાએ ઢોળી નાખ્યો. તેથી તેને ત્રીજો અને ચોથો ઘડો પણ તેવું ઢોળી નખાવ્યો તથાપિ તે સતીના હૃદયમાં કાંઇ પણ ક્ષોભ થયો નહીં જે જાતના ધીરજવાળી હતી તેવી ને તેવી ભાવના કાયમ રહી આ સતી સુલસાની ભાવના અને દૃઢતા જોઇને તે દેવતા મુનિનો વેષ દૂર કરી પ્રગટ થઇને બોલ્યો, - હે ભદ્રે સતી! તને ધન્ય છે સુરપતિ ઇંદ્ર દેવતાની સભામાં તારી જે પ્રશંસા કરી હતી, તે યથાર્થ હતી ધર્મ ઉપરની તારી દૃઢતાનું જે કીર્તન સ્વર્ગની સભામાં થયું હતું, તેવું જ મેં આજે નજરે જોયું છે પવિત્ર માતા' હું હરિણ ગમેષી દેવતા છું. અજ્ઞાનતાથી તારી પરીક્ષા કરવાને હું આવ્યો હતો. હું તારી ઉપર ઘણો સંતુષ્ટ થયો છું, જે ઇચ્છા હોય તે માગી લે. તારા જેવી સતી સ્ત્રીઓની ભક્તિ કરવાથી પુણ્ય થાય છે.

દેવતાના આવાં વચન સાંભળી સતી સુલસા પોતાના પતિની ઇચ્છા પૂર્ણ કરવાની આતુરતાથી બોલ્યા કે દેવ! તમે ઇંદ્રના સેનાપતિ છો, તો તમે તમારા જ્ઞાન વડે મારા મનની ઇચ્છા જાણો છો, તેથી મારે તમારી પાસે માગવાનું કાંઇ રહેતું નથી. સતી સુલસાની ખુશી માગણી ન હતી, પણ તે દેવ પોતાના જ્ઞાન વડે જાણી ગયો, અને તેણે પ્રસન્ન થઇને સુલસાને બત્રીશ ગોળીઓ આપીને જણાવ્યું, કે ભદ્રે શ્રાવિકા! તમારે આ બત્રીશ ગોળી ઓમાંથી એક એક ગોળી ખાવી તેના પ્રભાવથી તમને બત્રીશ પુત્ર થશે. વળી જ્યારે તમારી ઉપર કોઇ મહાન્ અંતરાય આવી પડે ત્યારે તમે મારૂં સ્મરણ કરજો. હું આવીને તમારા અંતરાય દૂર કરીશ, આટલું કહી તે દેવ-તા વિજળીની જેમ અંતર્ધાન થઇ ગયો.

[illegible] નામ કર્યાનું ફળ છે. જે પોતાનાજ [illegible]
[illegible] પશુઓનુંજ લક્ષણ છે.
[illegible] આજ્ઞાથી સત્કાર કર્યા પછી બાકી
[illegible] એજ ગૃહસ્થ ધર્મની [illegible]
[illegible] શ્રાવિકાએ પ્રાસતા અને [illegible]
[illegible] ધર્મ સાધી શકાય
[illegible] કહેવાય છે. કોઈનું
[illegible] નામ મિત્રતા છે, અને
[illegible] જે આચરવો તેજ શુદ્ધ
[illegible]

[illegible] આવ્યો મુનિચાર [illegible]
[illegible] આવી બે હાથ
[illegible] વિનંતિ કરવા લાગ
[illegible] આગમથી મારું
[illegible] હોય તો આપ [illegible]
[illegible] અનુપમ ભક્તિ જોઈ
[illegible] શ્રાવિકા, અમે તારે ઘેર [illegible]
[illegible] નથી અમે તારા [illegible]
[illegible] તેનો અમારે [illegible]
[illegible] [illegible]
[illegible] [illegible]
[illegible]
[illegible] આવી. [illegible]
[illegible]
[illegible]
[illegible] આવી, અને [illegible]

જ્યારે આવી આપદા એના થવા માંડી ત્યારે ધૈર્ય વતી સુલસાએ વિચાર કર્યો કે, " આ મારી ભયંકર સ્થિતિ છે. હવે આ શરીરમાં પ્રાણ રહી શકવાના નથી, તેથી હું આત્મસાધન કરી આ શ્રી જીનમાર્ગીક થાય એવો સન્માર્ગે પ્રવૃત્ત થઉં." આવું વિચારી તે સતી શ્રાવિકાએ વિઘ્નની શાંતિને અર્થે કાયોત્સર્ગ કર્યો, અને પેલા દેવતાનું સ્મરણ કર્યું. સતી સ્ત્રીનો પ્રભાવ અદ્ભુત છે, તેના પ્રભાવની આગળ આ બધું વિશ્વ આધીન છે, તે માનુષી શક્તિ છતાં દૈવશક્તિને આકર્ષે છે. સતી સુલસાએ જ્યારે તે હરિણૈગમેષી દેવતાને સંભાર્યો, એટલે તેણીના સતીત્વથી તે દેવતા આકર્ષાઈને ત્યાં આવી, આ પ્રમાણે બોલ્યો—મહા સતિ! મને જે કાર્ય માટે બોલાવ્યો હોય, તે કહો. સુલસાએ કાર્ય ત્યારે પછી પોતાને જે બત્રીશ ગોળીનું ભક્ષણ કરવા રૂપ સાહસ કર્યું હતું, તે વાત જણાવી. દેવતાએ કહ્યું, સતી! તમે સુજ્ઞ છતાં આ મુગ્ધાની જેમ અવિચારી કાર્ય કર્યું છે. આ દિવ્ય ગુટિકાનો પ્રભાવ અનિવાર્ય છે. આ બત્રીશ ગોળીઓ તમે એકી વખતે ખાધી છે, તેથી તમો બત્રીશ પુત્રો એકી-સાથે પ્રસવશો. જો એક પુત્ર મૃત્યુ પામશે તો બત્રીશે પુત્રો મૃત્યુ પામશે. જો તમે દરેક ગોળી જુદી જુદી ખાધી હોત તો તમો જુદા જુદા પુત્રો પ્રસવત.

દેવતાના આવાં ભયંકર વચનો સાંભળ્યાં, તોપણ સતી સુલસાના મનમાં તેને માટે કાંઇ પણ વધારે ખેદ થયો નહીં, તે ધર્મવીર વીરબાળાએ હિંમતથી જણાવ્યું. હે દેવ! હવે જે બન્યું તે ખરું. ભાવી પ્રબળ છે. ભવિતવ્યતાની આગળ કોઇનું ચાલતું નથી. કર્મની શક્તિ મહાન છે. એ શક્તિને શરણ થયા વિના કોઇનાથી કદિ પણ ચાલે તેમ

જ્યારે આવી અસહ્ય વેદના થવા માંડી ત્યારે ધૈર્યવતી સુલસાએ વિચાર કર્યો કે, "આ મારી ભયંકર સ્થિતિ છે. હવે આ શરીરમાં પ્રાણ ટકી શકવાના નથી, તેથી હું આત્મસાધન કરી આ સ્રી જીવનસાર્થક થાય એવો સન્માર્ગ ગ્રહણ કરૂં." આવું વિચારી તે સતી શ્રાવિકાએ વિઘ્નની શાંતિને અર્થે કાયોત્સર્ગ કર્યો, અને પેલા દેવતાનું સ્મરણ કર્યું. સતી સ્રીનો પ્રભાવ અદ્ભુત છે, તેના પ્રભાવની આગળ આ બધું વિશ્વ આધીન છે, તે માનુષી શક્તિ છતાં દૈવશક્તિને આકર્ષે છે. સતી સુલસાએ જ્યારે તે હરિણૈગમેષી દેવતાને સંભાર્યો, એટલે તેણીના સતીત્વથી તે દેવતા આકર્ષાઇને ત્યાં આવી, આ પ્રમાણે બોલ્યો—મહા સતિ! મને જે કાર્ય માટે બોલાવ્યો હોય, તે કહો. સુલસાએ કાર્યોત્સર્ગ પારી પોતે જે બત્રીશ ગોળીનું ભક્ષણ કરવા રૂપ સાહસ કર્યું હતું, તે વાત જણાવી. દેવતાએ કહ્યું, સતી! તમે પ્રૌઢ છતાં આ મુગ્ધાની જેમ અવિચારી કાર્ય કર્યું છે. આ દિવ્ય ગુટિકાનો પ્રભાવ અનિવાર્ય છે. આ બત્રીશ ગોળીઓ તમે એકી વખતે ખાધી છે, તેથી તમો બત્રીશ પુત્રો એકીસાથે પ્રસવશો. જો એક પુત્ર મૃત્યુ પામશે તો બત્રીશે પુત્રો મૃત્યુ પામશે. જો તમે દરેક ગોળી જુદી જુદી ખાધી હોત તો તમો જુદા જુદા પુત્રો પ્રસવત.

દેવતાના આવાં ભયંકર વચનો સાંભળ્યાં, તોપણ સતી સુલસાના મનમાં તેને માટે કાંઇ પણ વધારે ખેદ થયો નહીં, તે ધર્મવીર વીરબાળાએ હિંમતથી જણાવ્યું. હે દેવ! હવે જે બન્યું તે ખરૂં. ભાવી પ્રબળ છે. ભવિતવ્યતાની આગળ કોઇનું ચાલતું નથી. કર્મની શક્તિ મહાન્ છે. એ શક્તિને શરણ થયા વિના કોઇનાથી કદિ પણ ચાલે તેમ

નથી. કદિ આકાશમાં જઇએ, પાતાળમાં પેસીએ અને અગ્નિમાં સમાઇ જઇએ તોપણ કરેલા કર્મ કોઇને છોડતાં નથી. જો એમ હોય તો અગાધ જળની અંદર એક સ્તંભ વાળા મેહેલ ઉપર રહેલો પરીક્ષિત રાજા શામાટે મૃત્યુ પામ્યો? પાંડુપુત્ર યુધિષ્ઠિર શામાટે જુગાર રમ્યો? ભારતના વીર નાયક રામને વનમાં શામાટે જવું પડયું? દશમુખ રાવણ અનેક સુંદરીઓ છતાં શામાટે સીતાને હરી ગયો? તેથી જે ભાવી છે, તે કદિ મિથ્યા થતું નથી અને જે ભાવી નથી તે કદાપિ બનતું નથી. જે વસ્તુથી એકને પ્રત્યક્ષ લાભ થાય છે, તેજ વસ્તુથી બીજાને હાનિ થાય છે. જે પ્રકારની ભવિતવ્યતા હોય તેવીજ ગતિ અને મતિ થાય છે અને સહાયકો પણ તેવાજ મળી આવે છે.

મહાનની સુલસાએ પોતે લીધેલી કેળવણીના ફળ રૂપે આ વાણી ઉચ્ચારી હતી. આપત્તિના વખતમાં કેવી રીતે હિંમત રાખવી જોઇએ, એ ઉત્તમ શિક્ષણ એ પવિત્ર અને સદ્‌ગુણી સુલસાએ સારી રીતે સંપાદન કર્યું હતું. એ શિક્ષણના પ્રભાવથીજ એ મહાવીર બાળા સુલસામાં આવી અસાધારણ હિંમત આવી હતી. આવડી હિંમત દર્શાવી સુલસાએ ફરી વિનયથી જણાવ્યું, હે દેવ! મારા ઉપર પડેલી આ આપત્તિનું કારણ હું પોતેજ છું. વગર વિચાર્યે કરેલું કામ પીડાકારી થાય છે, એ લોકનીતિ ખરેખરી થઇ છે. જો હવે મારૂં આયુષ્ય હોય, અને તમારામાં શક્તિ હોય તો આર્ત તથા રૌદ્ર ધ્યાનને કરે તેવી આ મારી ઉદરની પીડા મટાડો. નહીં તો હું મારા કુકર્મના ફળ ભોગવીશ, અને પંચ પરમેષ્ઠીના સ્મરણનો પવિત્ર માર્ગ લઇ મારા આત્માને ધર્મના શરણમાં લેઇ દઇશ. વળી જો તમે આ મારૂં ઉદર-

રની પીડા સમાવી દેશો તો, તમારી દિવ્ય ગુટિકાનો પ્રભાવ જગતમાં પ્રસરશે અને જૈન શાસનની ઉન્નતિ થશે.

મહાસતીના આવા સુવિચાર સાંભળી તે હરિણૈગમેષી ખુશી થઈ ગયો, અને તરત તેણીના ઉદરની પીડા દૂર કરી તે પોતાને સ્થાને ચાલ્યો ગયો.

યોગ્ય કેળવણી પામેલી સુલસાએ પોતાની ગર્ભાવસ્થામાં જોઈએ તેવી રીત ધારણ કરી હતી. ગર્ભાવસ્થામાં સ્ત્રીએ કેમ વર્તવું જોઈએ, અને ગર્ભનું પોષણ શી રીતે કરવું જોઈએ? એ બધું જ્ઞાન સુલસાએ સારી રીતે સંપાદન કર્યું હતું, તેથી તે વિદ્વાન્ અને પવિત્ર શ્રાવિકા પોતાના ગર્ભનું રક્ષણ યથાર્થપણે કરી શકી હતી.

જ્યારે યોગ્ય સમય થયો, એટલે સુલસાએ એકીસાથે બત્રીશ પુત્રોને જન્મ આપ્યો. એ વધામણી સાંભળી નાગસારથિના હૃદયમાં ઘણો આનંદ ઉભરાઇ આવ્યો. આજસુધી તદન નિઃસંતાન રહેલો નાગસારથિ એકીસાથે બત્રીશ પુત્રોનો પિતા થવાને ભાગ્યશાળી બન્યો; એથી તેને આનંદ કેમ ન થાય? તેણે પુત્રોની વધામણી સાંભળતાંજ અઢળક દાન દેવા માંડ્યા, તેના આંગણામાં યાચકો ઉપરાઉપર ઉભરાઈ ગયા. નોબત અને વાજીંત્રોના નાદથી તેના ભુવનની ભૂમી ગાજી રહી. સૌભાગ્યવતી સ્ત્રીઓ નવીન વસ્ત્રાભરણ પહેરી માંગળિક ગીત ગાતી ગાતી તેના આંગણામાં આવવા લાગી. તેણે ચૈત્યોમાં જિનપૂજા ભણાવી મોટા મોટા ઉત્સવો કરાવ્યા. દીન અને દુઃખી જનોને ભાવતા ભોજન આપી તૃપ્ત કર્યા.

સતી સુલસાના ઉદરથી અવતરેલા તે બાળકો જાણે વ્યંતર દેવતાના ઈંદ્રો હોય, અને બત્રીશ લક્ષણના અધિષ્ઠાયક દેવતા હોય, તેવા તેજસ્વી અને દેદીપ્યમાન દેખાતા

હતા. મહાસતીના પવિત્ર ગર્ભાશયનું તેજ તે બત્રીશ બાળકોના લલાટ ઉપર ઝળકતું હતું. સૂતક નિવૃત્ત થયા પછી પ્રસન્ન હૃદયવાળા નાગસારથિએ તે બધાઓનું નામ દેવદત્ત એવું પાડ્યું. પુત્રોને ઉછેરવાને માટે જે યોજના જોઈએ તે બધી નાગસારથીએ કરી દીધી. સતી સુલસા બાળકોને કેમ ઉછેરવા, એ રીતિને જાણનારી હોવાથી તેણીએ પોતાના બાળપુત્રોને ઘણી સંભાળથી ઊછેરવા માંડ્યા. સુજ્ઞ માતા સુલસાએ બત્રીશ બાળકોની માવજત પોતે એકલાથી કરી શકાશે નહીં તેવું ધારી બીજી કેટલીએક ધાવમાતાએ રાખી. બીજી ધાવમાતાઓ રાખ્યા છતાં પણ પોતે તેની સારી કાળજી રાખતી હતી. પોતે નિયમ પ્રમાણે બાળકને ધવરાવતી અને એવી રીતે બાળકની તંદુરસ્તીમાં બગાડો ન થાય તેવી રીતે તેમની સંભાળ રાખતી હતી. તાજો, હલકો થોડો ઉનો, માફક આવે એવો પ્રાસુક અને પૌષ્ટિક ખોરાક આપતી, ખુલ્લી અને સ્વચ્છ હવામાં રાખતી અને શરીરના બધા અવયવોને સંભાળતી, એવી રીતે સુલસાએ પોતાના બત્રીશ બાળકોને ઉછેરી મોટા કર્યા.

બાળકો જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે તેમને યોગ્ય શિક્ષકને સોંપી દીધા. માતાના ગૃહશિક્ષણથી અને શિક્ષકના આપેલા શિક્ષણથી તે દેવદત્તોએ અલ્પ સમયમાં સારું શિક્ષણ સંપાદન કર્યું, જેમ હંસોની પંક્તિ ગંગાના તટને વરે અને ભ્રમરોની પંક્તિ કમળને વરે તેમ સર્વ કળાઓ તે કુમારોને વરી એટલે તેઓ પુરૂષની બહોંતેર કળામાં પ્રવીણ થઈ ગયા.

વિદ્યાભ્યાસ પૂર્ણ થયો એટલે તેઓ યૌવનવયને પ્રાપ્ત થયા. નવીન વયમાં આવેલા પુત્રોને જોઈ તેમના માતાપિતા સુલસા

અને નાગસારથિ તેમને યોગ્ય એવી બત્રીશ બત્રીશ કુલીન કન્યાઓ દરેકને પરણાવી. વિવાહિત થયેલા એ વિદ્વાન નાગસારથિના કુમારોને રાજા શ્રેણિકે પોતાની હજુરમાં બોલાવ્યા.

અશ્વોને ખેલાવવાની, દંડ ખેલવાની, અને બીજી બધી જાતની કસરતોની ક્રીડામાં પ્રવીણ થયેલા તેમજ કાવ્ય, નાટક અને નીતિશાસ્ત્રના સાહિત્યમાં કુશળ બનેલા તે સારથિના સત્પુત્રોને જોઈ રાજા શ્રેણિક તેમની ઉપર ઘણો પ્રસન્ન થઈ ગયો, અને તેમને પોતાની પાસે હજુરમાં રાખ્યા.

રાજા શ્રેણિક વિદ્વાન, વિવેકી અને કૃતજ્ઞ હતો; તેથી તે સુલસાના કુમારોના કેટલાએક ઉત્તમ ગુણો જેમ જેમ તેના જોવામાં આવતા ગયા, તેમ તેમ તે તેમની ઉપર વધારે પ્રીતિ કરવા લાગ્યો. આખરે રાજા શ્રેણિકની તેમની ઉપર એટલીબધી પ્રીતિ વધી કે, તે તેમને સેવકો તરીકે નહીં ગણતાં એક મિત્રો તરીકે ગણવા લાગ્યો.

કાળની અને કર્મની ગતિ વિચિત્ર છે. આવા વિદ્વાન અને પરાક્રમી સતીના પુત્રો પણ કાળ ધર્મના મહાન પંજામાં આવી ગયા હતા. તેમનું એ ચરિત્ર દર્શાવતાં હૃદય કંપે છે, પણ તેને અંગે મહાસતી સુલસાના સતી ધર્મનો અને વીર ધર્મની એક વીરબાળાનું ધર્મધૈર્ય, ધાર્મિક દઢ છતાં અને સંપાદન કરેલી કેળવણીરૂપ કલ્પલતાનો પ્રભાવ દર્શાવવા માટેજ એ અનુચિતચરિત્રદર્શાવવાની બાબતકારે ફરજ પડે છે.

આ ભરતખંડ ઉપર વિશાલા નામે સુંદર નગરી છે. જૈન ગ્રંથોમાં ઘણે સ્થળે એ નગરીનું અલૌકિક વર્ણન કરેલું છે. એ નગરીમાં ચેટક નામે એક શૂરવીર રાજા હતો. તેને

સુજ્યેષ્ટા અને ચેલ્લણા નામે બે પુત્રીઓ થઇ હતી. એ ધાર્મિક અને સાંસારિક જ્ઞાનમાં પ્રવીણતા મેળવ્યા પછી તેઓ બન્ને સર્વ જાતની સ્ત્રી કળાઓમાં નિપુણ થઈ હતી. એક વખતે કોઇ એક સન્યાસણ ભગવાં વસ્ત્ર પહેરી ફરતી ફરતી ચેટક રાજાના અંતઃપુરમાં આવી ચડી. ત્યાં રાજપુત્રી સુજ્યેષ્ટા અને ચેલ્લણા તેના જોવામાં આવી. તે પરિવ્રાજિકા તેમની પાસે ગઈ અને પોતાનો અને પોતાના ધર્મનો પ્રભાવ પ્રસરાવવાને તે બન્ને રાજપુત્રીઓને પ્રતિબોધ આપવા લાગી. સુજ્યેષ્ટા અને ચેલ્લણા બન્ને ખરેખરા શ્રાવિકા ધર્મને જાણનારી હતી તેથી તેમને આ મલિન મિથ્યાત્વ વાળી જોગણનો ઉપદેશ પસંદ પડયો નહીં. તે વખતે અરિહંત પ્રભુની ભક્તા એવી રાજકુમારી સુજ્યેષ્ટા ઘણો ગુસ્સો કરી બોલી ઉઠી—અરે સન્યાસિની! તારા વચનો ઘણાંજ ધર્મ વિરૂદ્ધ છે. તારામાં જીવ દયાનો એક અંશ પણ નથી. તું જીવ દયાનો ત્યાગ કરી જે પવિત્રતાનો આડંબર કરે છે, તે વૃથા છે. તારામાં અપવિત્રતાજ ભરેલી છે. કારણકે, જીવ દયા વિના કોઈ ઠેકાણે પવિત્રતા છેજ નહીં. દેવપૂજા, ગુરૂસેવા, તપ, ક્ષમા, સ્નાન, જપ, અને દાન તે બધા જીવ દયા વિના જળ વિનાની ખેતીની જેમ નિષ્ફળ છે. દયા એ ધર્મરૂપ વૃક્ષનું મૂળ છે. દયારૂપ મૂળ વિના ધર્મરૂપ વૃક્ષના ફળો મળતાંજ નથી. અરે! કપટી જોગણ! તમારો ધર્મ કદિપણ સમકિત ધારી શ્રાવક અને શ્રાવિકાને રૂચિકર થતો નથી. ગળ્યા વિનાના અને જંતુઓથી વ્યાપી રહેલા નદી તથા તળાવના કાચા પાણીમાં નિરંતર સ્નાન કરનારા, ગેરૂથી રંગેલા વસ્ત્રોને ધારણ કરનારા અને કપટ ભરેલો ઉપદેશ કરનારા તમારા લોકોના હૃદયમાં દયા કયાંથી હોય? અરે! ધૂતારી! તારા

મલિન ઉપદેશની અસર અમારા શ્રાવિકા હૃદયમાં કદિપણ થવાની નથી. તારો મિથ્યાત્વ ભરેલો બોધ શ્રાવક ધર્મથી પવિત્ર એવી આ રાજકુળની બાળિકાઓને કદિપણ અસર કરે તેમ નથી. તું અહિંથી ચાલી જા. તારા ચરણના સ્પર્શથી અમારા પવિત્ર પિતા ચેટક રાજાનું આ અંતઃપુર અપવિત્ર થાય છે. આ પ્રમાણે કહી સુજ્યેષ્ટાએ પોતાની સખીઓની સમક્ષ તે સંન્યાસણને બોલતી બંધ કરી દીધી અને પછી તરતજ તેની દાસીઓએ હાસ્ય કરી તેને ગળે પકડી અંતઃપુરના આંગણામાંથી કાઢી મુકી.

તે પરિવ્રાજિકા ચિત્રકળામાં ઘણી પ્રવીણ હતી. રાજકુમારી સુજ્યેષ્ટાએ આ પ્રમાણે પોતાનું અપમાન કર્યું, તેથી તેણીએ મનમાં નિશ્ચય કર્યો કે, કોઈપણ યુક્તિથી આ સુજ્યેષ્ટાને હું શોક્યના મહા દુઃખમાં નાખું. આવા વિચારથી તે ચિત્રમાં ચતુર એવી જોગણે એક ચિત્રપટ કરી તેમાં સુજ્યેષ્ટાનું આબેહુબ સ્વરૂપ ચિતર્યું. સુજ્યેષ્ટામાં જે સ્વાભાવિક સૌંદર્ય હતું, તેમાં પણ વધારો કરી તે ચિત્રપટ લઇ પરિવ્રાજિકા રાજગૃહ નગરમાં આવી. ત્યાં યુક્તિથી રાજા શ્રેણિકને મળી તે ચિત્રપટ બતાવ્યું. ચિત્રપટમાં આળેખેલું અદ્ભુત સ્વરૂપ જોઇ રાજા શ્રેણિક વિચારમાં પડી ગયો. શું આ તિલોત્તમા હશે? અથવા નાગકન્યા કે વનદેવતા હશે? વા શિવપ્રિયા પાર્વતી, હરિપ્રિયા લક્ષ્મી, રતિ વલ્લભા, કે સાક્ષાત્ સરસ્વતી હશે? માનુષી સ્ત્રી આવી હોય નહીં. આ પ્રમાણે રાજા શ્રેણિક વિચાર કરતો હતો, તેને પરિવ્રાજિકાએ વિનયથી જણાવ્યું. રાજા! આટલો બધો વિસ્મય કેમ પામો છો? આ સુંદરી માનુષી છે. તેનું જે યથાર્થ રૂપ છે, તે તો હજુ મેં આળેખ્યું નથી. વિશાલા નગરીના મહારાજા ચેટકની આ નાની પુત્રી છે. સુવર્ણ અને મણીની

ક તેણીની સાથે તમારો યોગ થાય તો વિધાતાનો પરિશ્રમ
ફળ થાય. આટલું કહી તે પરિવ્રાજિકા ત્યાંથી ચાલતી થઈ.

રાજા શ્રેણિક ત્યારથી તેણીના મોહમાં મગ્ન થઈ ગયો.
ત્રિ દિવસ તે સુજ્યેષ્ટાનુંજ ચિંતવન કરતો હતો. શયન,
ગમન, ભોજન અને પાન વિગેરે બધી ક્રિયામાં સુજ્યેષ્ટાની
દર મૂર્ત્તિ તેની દૃષ્ટિ આગળ ખડી થતી હતી, તે સિવાય
જકાજમાં પણ તેની વૃત્તિ તદ્દન ઉદાસીન રહેતી હતી. એક
અને તેનો પુત્ર અભયકુમાર કે જે રાજગૃહ નગરના પ્રધાન
દ ઉપર હતો તેણે આવી પોતાના પિતાને પ્રણામ કર્યો,
પણ રાજા શ્રેણિકે તે કાંઈ જાણ્યું નહીં ને બેભાન અવસ્થામાં
સાયો. પિતાની આવી સ્થિતિ જોઈ અભયકુમારે વિનયથી
ણાવ્યું. પૂજ્ય પિતા! તમારૂં મન સદા ચિંતાથી વ્યાકુલ
મ છે? શું કોઈ પુરૂષે તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે?
થવા કોઈ સુંદર રાજકન્યાએ તમારા ચપળ ચિત્તને ચોરી
યું છે,? અને તે રાજકન્યાને મારી માતા કરવાને ઇચ્છો છો?
જ્ય પિતા! પ્રસન્ન થાઓ અને તમારા ચિંતવેલા કાર્યની
દ્ધિ કરવાની મને આજ્ઞા આપો. પોતાના મનની ધારેલી
રણા સિદ્ધ કરવાની વાત સાંભળી શ્રેણિક બોલ્યો-વત્સ! તું
રા આ વિશાલ રાજ્યનો એક દૃઢ સ્તંભ છે. તારા અગાધ
દ્ધિ બળથી ગમે તે મુશ્કેલી ભરેલા કાર્ય સિદ્ધ થઈ શકે છે.
ગ જેવો પરાક્રમી પુત્ર છતા મારે ચિંતા રહે, તે સર્વ રીતે
યોગ્ય કહેવાય. આટલું કહી રાજા શ્રેણિકે પેલી પરિવ્રાજિકાની
ધી વાત કહી સંભળાવી. પછી બુદ્ધિના બળથી ગર્વને
લય કરનાર અભયકુમારે જણાવ્યું કે,- પિતાજી! પહેલા
ઈ ચતુર દૂતને ચેટક રાજાની પાસે મોકલો અને તેની નાની
ત્રીની માગણી કરાવો. જો કદિ તે માંગણીનો સ્વીકાર ન
દ તો પછી હું યુક્તિથી તે કાર્ય સિદ્ધ કરીશ.

આ પ્રમાણે અભયકુમારના કહેવાથી રાજા શ્રેણિકે એક વાચાલ અને ચતુર દૂતને ચેટક રાજાની પાસે મોકલ્યો. તે દૂતે પોતાની વાણીની છટાથી શ્રેણિકના ગુણનું વર્ણન કરી ચેટક રાજાની પાસે તેની નાની પુત્રી સુજ્યેષ્ટાની માગણી કરી. તે સાંભળતાંજ ચેટક રાજાને રીસ ચડી અને તે બોલી ઉઠ્યો. અરે! અવિચારી દૂત! મારી આગળ આવા અનુચિત વચન બોલીશ નહીં. હું હૈહય વંશનો કુલીન રાજા છું. અને શ્રેણિક વાહિક નામના હલકા વંશનો રાજા છે. હૈહય કુળની કુલીન કન્યા વાહિક કુળમાં કદિપણ જતી નથી. આટલું કહી ચેટક રાજાએ તે દૂતને અપમાન કરી કાઢી મુકયો. દૂત નિસ્તેજ થઇ પાછો આવ્યો અને તેણે તે બધી વાત રાજા શ્રેણિક અને અભયકુમારને જણાવી. તે સાંભળતાંજ મોહિત થયેલો શ્રેણિક રાજા નિરાશ થઇ ગયો અને તેના મુખ ઉપર ખેદની છાયા પ્રસરી ગઈ. તે જોઈ અભયકુમારે જણાવ્યું કે, પિતાજી! નિરાશ થશો નહીં. કોઇપણ યુક્તિ કરી હું તે કાર્ય અવશ્ય સિદ્ધ કરી આપીશ. પુત્રના આવા દિલાસાથી શ્રેણિકના મનમાં જરા શાંતિ થઈ.

અભયકુમારે પોતાના પિતા શ્રેણિકની સુંદર છબી એક ચિત્રપટ ઉપર આલેખી અને તેમાં પોતાની બધી ચિત્રકળા દર્શાવી. પછી તે ચિત્રપટ લઇ અભયકુમાર વિશાલા નગરીમાં આવ્યો અને ચેટક રાજાના દરબાર પાસે અત્તર ગુલાબ વેચવાની એક દુકાન માંડી. કેટલોક સમય થતાં રાજપુત્રી સુજ્યેષ્ટાની દાસીઓ સુગન્ધિ પદાર્થો લેવા તેની દુકાને આવવા લાગી. અભયકુમાર તેમને ઊંચી જાતનું અત્તર, ગુલાબ આપવા લાગ્યો. એક વખતે રાજકન્યાની દાસીઓને આવવાનો વખત થયો, એટલે અભયકુમાર શ્રેણિક રાજાનું ચિત્રપટ ઉઘાડી તેની આગળ આ-

દરથી પૂજન કરવા બેઠો. અને પૂજન કરી તેને વંદન કરવા માંડયું. અંતઃપુરની દાસીઓ તે જોઈ વિસ્મય પામી ગઈ અને તે શ્રેણિકનું મનોહર ચિત્ર હાથમાં લઈ અભયકુમારને પુછ્યું કે, શેઠજી! આ સુંદર ચિત્ર કોનું છે? અને તમે તેને પૂજન વંદન શામાટે કરો છો? અભયકુમાર બોલ્યો–બાઈઓ! જગતમાં અપ્રતિમ રૂપવાળો આ મારો દેવ છે. તે મને હમેશાં મન-વાંછિત પદાર્થ આપે છે, માટે હમેશાં હું તેની ત્રિકાલ પૂજા કરૂં છું. તે વાત જાણી લઈ મનમાં મકલાતી તે દાસીઓએ આવી રાજપુત્રી સુજ્યેષ્ટાને કહ્યું, બાઈ સાહેબ! આપણા ગામમાં જે પેલો અત્તરનો વેપારી આવ્યો છે. તેની દુકાનમાં અમોએ આજે એક સુંદર ચિત્ર જોયું છે. એવું સુંદર ચિત્ર અમોએ કોઈવાર જોયેલું નથી. તે સાંભળી સુજ્યેષ્ટાએ કહ્યું કે, જાઓ, તમે જલદી એ ચિત્ર લઈ આવો. તે જોવાનું મને પણ ઘણુંજ કૌતુક થયેલું છે. રાજકુમારીની આજ્ઞાથી દાસીઓએ આવી અભયકુમારની પાસે તે વાત જણાવી ચિત્રની માગણી કરી એટલે તેણે કહ્યું કે, હું તમોને તે ચિત્ર નહીં આપી શકું, કારણકે, તમે તમારા ઘરમાં એ મારા દેવની આશાતના કરો. પછી દાસીઓએ તેની આશાતના ન કરવાના સોગન ખાધા અને ઘણો આગ્રહ કર્યો, એટલે અભયકુમારે તે ચિત્રપટ તેમને આપ્યું. પછી દાસીઓએ આવી રાજકુમારી સુજ્યેષ્ટાના કરકમલમાં તે ચિત્ર સોંપી દીધું. તે ચિત્ર જોતાંજ તેના સૌંદર્યથી સુજ્યેષ્ટાને મોહ ઉત્પન્ન થઈ ગયો. શું આ ઈંદ્ર છે? શું ચંદ્ર છે? સૂર્ય છે? કે કામદેવ છે? ના ના તે નહીં આતો તેઓનાથી પણ કોઈ અધિક સ્વરૂપવાન્ પુરૂષ છે. પછી તેણીએ પોતાની દાસી-ઓને આજ્ઞા કરી કે, જાઓ, તમે તે વ્યાપારીને આ ચિત્રનો વૃત્તાંત પુછી આવો. સુજ્યેષ્ટાની આજ્ઞાથી દાસીઓ તે અભય-કુમારની પાસે આવી અને તે ચિત્રની હકીકત પુછી. સમયને

જાણનારા અભયકુમારે જણાવ્યું કે, બાઇઓ! તમારા રાજકુમારીને કહો કે, તે ચિત્ર શ્રેણિક રાજાનું છે, જેણે તમારા પિતા પાસે તમારી માગણી કરી હતી. દાસીઓએ આવી રાજકુમારી સુજ્યેષ્ઠાને જણાવ્યુંકે, બા સાહેબ! એ દેવ નથી, પણ માનવ છે, જેણે પોતાને માટે તમારી યાચના કરી હતી. તે સુજ્યેષ્ઠાએ કહ્યું, જો તમે મારા જીવિતની ઇચ્છા રાખતી હો તો સત્વર જાઓ અને તે વેપારીને જણાવો કે, કોઇ પ્રકારે આ તમારો દેવ મારો પતિ થાય તેવી ગોઠવણ કરો. દાસીઓએ આવી તે વાત અભયકુમાર વેપારીને જણાવી. અભયકુમારે વિચાર કરી કહ્યું, હે સુલોચના! તમે રાજકુમારીને કહો કે, તેમની ઇચ્છા પ્રમાણે હું તેવી ગોઠવણ કરી આપીશ. તેમના મેહેલ સુધી એક સુરંગ કરાવી વિશાલાનગરીની બાહેર એક દ્વાર ખુલ્લું રખાવીશ. રાજા શ્રેણિકને અમુક દિવસે અમુક વખતે તે સુરંગના મુખ આગળ હાજર રાખીશ. તે વખતે તમારા રાજકુમારીએ મેહેલમાંથી સુરંગદ્વારે પ્રવેશ કરવો. અને હું ત્યાં શ્રેણિક રાજાને લઇને આવું છું. આવો સંકેત કરી તે દાસીઓને મોકલી પછી ગુપ્ત રીતે સુરંગ કરવાને માણસોને કામે લગાડી ચતુરમંત્રી અભયકુમાર રાજગૃહ નગરમાં આવ્યો અને તે બધી વાત પોતાના પિતા શ્રેણિક રાજાને કહી. રાજા શ્રેણિક તે સાંભળી હૃદયમાં પ્રસન્ન થઇ ગયો. જ્યારે સુરંગ તૈયાર થઇ અને સંકેતનો દિવસ આવ્યો એટલે રાજા શ્રેણિકે વિવિધ જાતના શસ્ત્રોથી ભરેલો એક રથ તૈયાર કરાવ્યો.

આ મહાકાર્ય સિદ્ધ કરવા પ્રયાણ કરતી વખતે રાજા શ્રેણિકે પોતાના વિશ્વાસપાત્ર અને શુરવીર એવા મહાત્મની સુલસાના બત્રીસ પુત્રોને સાથે લીધા. વીર પુરૂષોમાં માન પામેલા અને મિત્રના કાર્યમાં આત્મભોગ આપનારા મહાત્મી સુલસાના પુત્રો અગ્રેસર તરીકે રાજાના રથની પાછળ ચાલતા થયા.

રાજા શ્રેણિક સુરંગની દ્વાર આગળ ઉભો રહ્યો અને પોતાનો એક ખાસ માણસ મોકલી સુજ્યેષ્ઠાને પોતાનું આગમન જણાવ્યું. તે ખબર સાંભળતાં આનંદમાં મગ્ન બનેલી સુજ્યેષ્ઠાએ પોતાની વ્હેન ચિલ્લણાને વિનયથી જણાવ્યું. પ્રિય વ્હેન! તારી આજ્ઞા લઇને આજે હું જાઉં છું. ચિત્રમાં જોયેલા શ્રેણિક રાજા મને લેવાને અહિં આવ્યા છે. ચિલ્લણા બોલી—ભગિની! તારા વિના મને એકલા ગમશે નહીં. માટે હું પણ તારી સાથે આવીશ. તારો પતિ એજ મારો પતિ થાઓ. પછી કેટલોએક પરસ્પર વિચાર કરી બન્ને વ્હેનો જે સ્થાને પોતાના બત્રીશ મિત્રો દેવદત્તાઓની સાથે શ્રેણિક રાજા વાટ જોઈ રહ્યા હતો ત્યાં આવી. જાણે લક્ષ્મી અને સરસ્વતી સ્વયં વરવાને આવી હોય, તેવી રીતે બન્ને રમણીઓને જોઇ શ્રેણિક બોલ્યો—સુંદરીઓ! હું તમારે માટે અહિં આવ્યો છું, વરવા ઇચ્છતી હો તો આ રથમાં ચડી જાઓ. રાજાની આજ્ઞા થતાંજ તે બન્ને વ્હેનો રથમાં બેઠી ત્યાં સુજ્યેષ્ઠાએ રાજાને કહ્યું, સ્વામી! હું મારો રત્નમય આભૂષણનો એક કરંડીઓ ભુલી ગઇ છું, માટે જ્યાંસુધી તે લઇને હું આવું ત્યાંસુધી તમે અહિંજ ઉભા રહેજો. આ પ્રમાણે કહી સુજ્યેષ્ઠા સુરંગદ્વારે પોતાના મહેલમાં આવી. તેને પાછી આવતાં વાર થઇ, એટલે સુલસાના બીત્રપુત્રોએ શ્રેણિકને જણાવ્યું, મહારાજા! રાજકુમારીને વાર થઇ છે અને આ શત્રુના ઘરમાં વધારે વાર રહેવું તે નહીં લાભકારક નથી, માટે હવે અહીંથી જલદી ચાલવું જોઇએ. મિત્રોના એવાં વચનથી રાજા ભય પામ્યો અને ફક્ત એક ચિલ્લણાને લઈ મુખ્ય રથમાં બેસી આગળ ચાલ્યો. પછી સત્વરે સુજ્યેષ્ઠા આવી ત્યાં સુરંગના દ્વાર આગળ તેણે રાજા કે રથ કોઈ જોયું નહીં એટલે તે 'મને રાજાએ છેતરી' એવું માની અંદરથી ઉંચે સ્વરે પોકાર કરવા લાગી—"અરે સુભટો! કોઇ છે કે નહીં,

રાજગૃહ નગરીનો રાજા શ્રેણિક સર્વેનું અપમાન કરી મારી બ્હેન ચેલ્લણાને હરી જાય છે." આ પોકાર સાંભળતાંજ સુભટો દોડી આવ્યા અને રાજા ચેટકને ખબર પહોંચાડ્યા. રાજા ચેટક બખ્તર પહેરી તૈયાર થયો એટલે વીરાંગદ નામના તેના સેનાપતિએ હાજર થઇ જણાવ્યું—મહારાજ, આપ શાંત થાઓ. આ કાર્ય કરવાની મને આજ્ઞા આપો. સેવકથી સાધ્ય એવા કાર્યમાં સ્વામીએ પોતાની જાતે તૈયારી કરવી તે યોગ્ય ન કહેવાય. પછી ચેટકે વીરાંગદને આજ્ઞા આપી એટલે તે તૈયાર થઇ સુરંગને માર્ગે પાછળ ચાલ્યો. આગળ જતાં તેણે શ્રેણિકનો રથ અને તેની પાછળ બત્રીશ દેવદત્તાને ઉતાવળા જતાં જોયાં. વીરાંગદને આવતો જોઈ સુલસાના વીર પુત્રો સામા ઉભા રહ્યા. વીરાંગદ તેમને ઉલ્લંઘન કરી આગળ જવા સમર્થ ન થયો એટલે તેણે એક તીવ્ર બાણનો ઘા કર્યો. જે બાણે કરી સતીના બત્રીશ પુત્રો એકીસાથે મૃત્યુ પામી ગયા. પછી વીરાંગદે તેની આગળ ચાલી જોયું, ત્યાં દૂર નીકળી ગયેલો શ્રેણિકનો રથ તેના જોવામાં આવ્યો નહીં, એટલે તે પાછો ફર્યો અને તે બનાવની વાત રાજાની આગળ નિવેદન કરી. પોતાના એક સુભટે બત્રીશ વીરોને માર્યા તેથી ચેટક રાજા ખુશી થયો પણ પોતાની કુલીન પુત્રીને શ્રેણિક હરી ગયો તેને માટે તેને ઘણો અફસોસ થયો.

રાજપુત્રી સુજ્યેષ્ઠા પોતાના ધારેલા પતિને પોતાની બ્હેન ચિલ્લણા છેતરીને પરણી ગઈ, તેથી તેણીના મનમાં ઘણુંજ લાગી આવ્યું. ઘણીવાર વિચાર કરતાં પૂર્વના પુણ્ય યોગે તેણીના હૃદયમાં વૈરાગ્યભાવના જાગ્રત થઈ આવી—તે પોતાના મનને સંબોધી કહેવા લાગી, અરે ચપળ મન, હવે

તું મોહના વિચાર લાવીશ નહીં. આ સંસારના ભોગને ધિક્કાર છે.

જે ભોગને માટે પોતાની સગી બ્હેનો પણ પોતાની બીજી બ્હેનોને છેતરે છે. સ્વાર્થથી ભરેલા, ઝેરી વૃક્ષના ફળ જેવા, શરૂઆતમાં સારા લાગતા અને પરિણામે ભયંકર એવા ગુણરૂપી વૃક્ષને બાળવામાં અગ્નિ જેવા અને દેહના બળને ક્ષય કરનારા એ કામભોગને ધિક્કાર છે. હવે મારે આ સ્ત્રી જીવનને સન્માર્ગે જોડી સુધારવું જોઇએ. જ્યારે ધારેલા પતિનો લાભ ન મળ્યો તો પછી હવે બીજા પતિ સાથે પરણવું, તે ક્ષત્રિય શ્રાવિકાને ઘટિત નથી. મેં મારા પિતાના ઘરમાં રહી સાંસારિક અને ધાર્મિક બન્ને કેળવણી મેળવી છે. તેમાંથી હવે હું ધાર્મિક કેળવણીનો ઉપયોગ કરૂં.

આવું વિચારી તે મુગ્ધ સુજ્યેષ્ઠાએ પોતાના વિચારે માતાપિતાને જણાવ્યા અને તેમની સંમતિ લઇ તે રાજબાળાએ ચંદનબાળા સાધ્વી પાસે દીક્ષા લઇ પોતાના શ્રાવિ જીવનને સુધારી દીધું હતું.

આ તરફ રાજા શ્રેણિક ચિલ્લણાને રથમાં લઈ રાજ ગૃહ નગરીમાં આવ્યો. ત્યાં તેના જાણવામાં આવ્યું કે પોતાના બત્રીશ વીર મિત્રો સુરંગાના માર્ગમાં મૃત્યુ પામ ગયા, તેથી તેના મનમાં ભારે અપસોસ થયો. વળી રાજ શ્રેણિક પોતે રથમાં સુજ્યેષ્ઠાને લાવેલો છે, એવું ધારતો હતો, તે તપાસ કરતાં તેને માલુમ પડયું કે, તે પોતાન મનોવાંછિત સુજ્યેષ્ઠા નથી પણ તેની બ્હેન ચિલ્લણા છે, આશ્ચ

પોતાના મનમાં જરા ખેદ તો થયો, પણ ચિલ્લણાનું સૌંદર્ય સુજ્યેષ્ઠાનાજ જેવું જોઈ તેણે તેની સાથે પોતાનો પવિત્ર પ્રેમ જોડી દીધો હતો.

પોતાને માટે જીવિતનો ભોગ આપનારા બત્રીશ દેવદત્તાના મરણની ખબર નાગસારથિ અને સુલસાને કેવી રીતે આપવી ? એ વિચારનું ચિંતવન કરતાં શ્રેણિક રાજાએ પોતાના મંત્રી અભયકુમારને બોલાવ્યો પછી બન્ને પિતા પુત્ર તે વિષે મસલત કરી સુલસાને ઘેર જાતે ગયા. શ્રેણિક રાજાને મંત્રિ સહિત આવેલા જાણી નાગસારથિ ઘણોજ ખુશી થઇ ગયો. તેમને યોગ્ય આસન આપી બેસાર્યા. તે વખતે શ્રેણિકના નેત્રમાંથી આંસુની ધારા ચાલવા માંડી. તે જોઇ નાગસારથિએ તેનું કારણ પુછ્યું. એટલે રાજાએ જણાવ્યું કે, તમારા બત્રીશ પુત્રો એકીસાથે મૃત્યુ પામી ગયા છે. આ ખબર સાંભળતાંજ જાણે વજ્રપાત થયો હોય, તેમ નાગસારથિ અને સુલસા મૂર્છિત થઈ પૃથ્વી ઉપર પડી ગયાં. અને તેના ઘરમાં હાહાકાર વર્ત્તી ગયો. ક્ષણવાર પછી સાવધાન થઇ તે સારથિ આક્રંદ કરી બોલ્યો—અરે! પુત્રો, તમે આ શું કર્યું ? મારા જેવા વૃદ્ધને સેવાને વખતે છોડી દઇ તમે કયાં ચાલ્યા ગયા ? મેં મારી ઘણી આશાઓને તમારા ઉપર અવલંબન કરી રાખેલી હતી, તેનું હવે શું થશે ? અરે દૈવ, તેં આ વૃદ્ધ ડોસાને વિપત્તિના મોટા ખાડામાં હડસેલી મુકયો. આ વખતે સાવચેત થયેલી સુલસા કે જેણે સારી કેળવણી લીધી હતી, તેણીએ જંગલી રીતે રડાફૂટ કરી નહીં. પણ તેણે પોતાના પુત્રોના ગુણોને માટે અને તેમની સ્ત્રીઓના વૈધવ્યને માટે પોતાના હૃદયનો

શોક પ્રદર્શિત કર્યો. સતી સુલસા રૂદન કરતી બોલી કે, વ્હાલા પુત્રો, મને વધારે ખેદ તો એજ થાય છે કે, તમારા જેવા સત્પુત્રો શ્રાવક કુળમાં થોડા હશે. તમારા મુખમાંથી ક્યારે પણ કઠોર ભાષણ નીકળ્યું જ નથી, ક્યારે પણ તમે વિનયનું ઉલ્લંઘન કર્યું નથી અને કદિ પણ માતાપિતાને નમન કર્યા વગર રહ્યા નથી. આ પ્રમાણે કેટલાએક પુત્રોના ગુણનું સ્મરણ કરી સુલસા રૂદન કરતી હતી અને તેને જોઈ ગૃહની અંદર દેવદત્તાની બત્રીશ સ્ત્રીઓ પણ પોતાના સ્વામીના ગુણોનું સ્મરણ કરી અતિ વિલાપ કરતી હતી.

આ વખતે ધાર્મિક અને સાંસારિક વિદ્યામાં કુશળ એવો અભયકુમાર તેમને સાંત્વન કરવા બોલ્યો—અરે બાઈ, આ શું કરો છો ? જૈન મતના સ્વરૂપને જાણનારા તમારા જેવા શ્રાવક કુટુંબને આમ શોક કરવો ઘટતો નથી. આ સંસાર ઇંદ્રજાળ, ઇંદ્ર ધનુષ્ય અને વિજળીના જેવો ચપળ છે. મરવું એ દેહધારી પ્રાણીની પ્રકૃતિ છે અને જીવવું એ વિકૃતિ છે. જે વસ્તુ સવારે દેખાય છે, તે મધ્યાન્હે દેખાતી નથી. એ ઉપરથી નિશ્ચય થાય છે કે, આ જગત્‌માં અનિત્યતારૂપી રાક્ષસી સર્વ પદાર્થોને ગળી જાય છે. આ અનિત્યતાની ભાવના ભાવી તમારા મનમાંથી શોકને દૂર કરી દ્યો. જગતમાં પુત્રાદિ વિયોગનાં દુઃખ મોટા લોકોને પણ પડ્યાં છે. જુઓને તમારી જેમ સગર જેવા સમર્થ ચક્રવર્તીના સાઠ હજાર પુત્રો એકીસાથેજ નાશ પામ્યા હતા. જ્યારે પ્રાણી ઉપર મૃત્યુ આવે છે, ત્યારે કોઈનાથી ઘડી પણ જીવી શકાતું નથી. આ લોકમાં કોઈપણ અવસ્થા, કોઈપણ કાળ, કોઈપણ દેશ, કોઈ

પણ જીવ કે કોઇ વસ્તુ એવી નથી કે જેને કાળરૂપી શત્રુ જીતી શકે નહીં. વળી તે કાળ કોઇનાથી વારી શકાય તેવો નથી. તે ગર્ભમાં રહેલાને, જન્મેલાને, શય્યામાં સુતેલાને, માતાના ખોળામાં રહેલાને, બાળકને, વૃદ્ધને, જુવાનને, આધિરને, ગરીબને, તવંગરને, ખળને, સજ્જનને ગમે ત્યાં હોય, ત્યાંથી હરી લે છે. માટે હે સતી સુલસા, તમે સુજ્ઞ છો, આ સંસારને અસાર અને અસ્થિર જાણી શોકનો ત્યાગ કરો અને તમારા આ વૃદ્ધ અને દુઃખી પતિને સમજાવી શાંત કરો.

અભયકુમારનાં આવાં વચન સાંભળી નાગસારથિ, સુલસા અને મરનાર દેવદત્તાની સ્ત્રીઓ કાંઇક શોક રહિત થયાં અને તેમણે મરણ પામેલા દેવદત્તાની ઉત્તરક્રિયા કરી. પછી તેઓ જિન પૂજા વગેરે ધર્મારાધનમાં વિશેષ તત્પર થયા.

આ અરસામાં ભરત ક્ષેત્ર ઉપર મહાવીરસ્વામી વિચરતા હતા. તેઓ ફરતા ફરતા ચંપાનગરીના **કુસુમાકર** નામના ઉદ્યાનમાં સમોસર્યા હતા. દેવતાઓએ આવી ત્યાં સમવસરણની રચના કરી. તે સુંદર અને દિવ્ય સમવસરણમાં શ્રીવીર પ્રભુએ વૈરાગ્ય ભાવને પુષ્ટ કરનારી ધર્મદેશના આપી. આ વખતે અંબડ નામનો એક પરિવ્રાજક ત્યાં આવી ચડ્યો. તેણે ત્રણ દંડ અને કમંડળ ધારણ કર્યાં હતાં. શિખા, બ્રહ્મસૂત્ર અને દર્ભાસન પાસે રાખ્યાં હતાં. તપસ્યાના પ્રભાવથી તે મહાશયે આકાશગામિની વગેરે ઘણી સિદ્ધિઓ સંપાદન કરી હતી. તે વેષથી મિથ્યાત્વી

શોક પ્રદર્શિત કર્યો. સતી સુલસા રૂદન કરતી બોલી કે, વ્હાલા પુત્રો, મને વધારે ખેદ તો એજ થાય છે કે, તમારા જેવા સત્પુત્રો શ્રાવક કુળમાં થોડા હશે. તમારા મુખમાંથી ક્યારે પણ કઠોર ભાષણ નીકળ્યુંજ નથી, ક્યારે પણ તમે વિનયનું ઉલ્લંઘન કર્યું નથી અને કદિ પણ માતાપિતાને નમન કર્યાં વગર રહ્યા નથી. આ પ્રમાણે કેટલાએક પુત્રોના ગુણનું સ્મરણ કરી સુલસા રૂદન કરતી હતી અને તેને જોઇ ગૃહની અંદર દેવદત્તાની બત્રીશ સ્ત્રીઓ પણ પોતાના સ્વામીના ગુણોનું સ્મરણ કરી અતિ વિલાપ કરતી હતી.

આ વખતે ધાર્મિક અને સાંસારિક વિદ્યામાં કુશળ એવો અભયકુમાર તેમને સાંત્વન કરવા બોલ્યો—અરે ભાઈ, આ શું કરો છો ? જૈન મતના સ્વરૂપને જાણનારા તમારા જેવા શ્રાવક કુટુંબને આમ શોક કરવો ઘટતો નથી. આ સંસાર ઇંદ્રજાળ, ઇંદ્ર ધનુષ્ય અને વિજળીના જેવો ચપળ છે. મરવું એ દેહધારી પ્રાણીની પ્રકૃતિ છે અને જીવવું એ વિકૃતિ છે. જે વસ્તુ સવારે દેખાય છે, તે મધ્યાન્હે દેખાતી નથી. એ ઉપરથી નિશ્ચય થાય છે કે, આ જગત્માં અનિત્યતારૂપી રાક્ષસી સર્વ પદાર્થોને ગળી જાય છે. આ અનિત્યતાની ભાવના ભાવી તમારા મનમાંથી શોકને દૂર કરી દ્યો. જગત્માં પુત્રોના વિયોગનાં દુઃખ મોટા લોકોને પણ પડ્યાં છે. જુવોને તમારી જેમ સગર જેવા સમર્થ ચક્રવર્ત્તીના સાઠ હજાર પુત્રો એકીસાથેજ નાશ પામ્યા હતા. જ્યારે પ્રાણી ઉપર મૃત્યુ આવે છે, ત્યારે કોઇનાથી ઘડી પણ જીવી શકાતું નથી. આ લોકમાં કોઇપણ અવસ્થા, કોઇપણ કાળ, કોઇપણ દેશ, કોઇ-

પણ જીવ કે કોઇ વસ્તુ એવી નથી કે જેને કાળરૂપી શત્રુ જીતી શકે નહીં. વળી તે કાળ કોઇનાથી વારી શકાય તેવો નથી. તે ગર્ભમાં રહેલાને, જન્મેલાને, શય્યામાં સુતેલાને, માતાના ખોળામાં રહેલાને, બાળકને, વૃદ્ધને, જુવાનને, શ્રીમંતને, ગરીબને, તવંગરને, ખળને, સજ્જનને ગમે ત્યાં હોય, ત્યાંથી હરી લે છે. માટે હે સતી સુલસા, તમે સુજ્ઞ છો, આ સંસારને અસાર અને અસ્થિર જાણી શોકનો ત્યાગ કરો અને તમારા આ વૃદ્ધ અને દુઃખી પતિને સમજાવી શાંત કરો.

અભયકુમારનાં આવાં વચન સાંભળી નાગસારથિ, સુલસા અને મરનાર દેવદત્તાની સ્ત્રીઓ કાંઇક શોક રહિત થયાં અને તેમણે મરણ પામેલા દેવદત્તાની ઉત્તરક્રિયા કરી. પછી તેઓ જિન પૂજા વગેરે ધર્મારાધનમાં વિશેષ તત્પર થયા.

આ અરસામાં ભરત ક્ષેત્ર ઉપર મહાવીરસ્વામી વિચરતા હતા. તેઓ ફરતા ફરતા ચંપાનગરીના કુસુમાકર નામના ઉદ્યાનમાં સમોસર્યા હતા. દેવતાઓએ આવી ત્યાં સમવસરણની રચના કરી. તે સુંદર અને દિવ્ય સમવસરણમાં બીરાજી પ્રભુએ વૈરાગ્ય ભાવને પુષ્ટ કરનારી ધર્મદેશના આપી. આ વખતે અંબડ નામનો એક પરિવ્રાજક ત્યાં આવી ચડ્યો. તેણે ત્રણ દંડ અને કમંડળ ધારણ કર્યાં હતાં. શિખા, બ્રહ્મસૂત્ર અને દર્ભાસન પાસે રાખ્યાં હતાં. તપસ્યાના પ્રભાવથી તે મહાશયે આકાશગામિની વગેરે ઘણી સિદ્ધિઓ સંપાદન કરી હતી. તે વેષથી મિથ્યાત્વી

દેખાતો પણ તેણે શ્રાવક ધર્મને અંગીકાર કર્યો હતો. આર્હત ધર્મની વાસનાએ તેના પવિત્ર હૃદયમાં વાસ કર્યો હતો. સર્વજ્ઞ પ્રભુની ઉત્તમ આજ્ઞાને તે શ્રદ્ધાથી નિરૂપણ કરતો હતો. તે અંબડ વીર પ્રભુના સમવસરણમાં આવી પ્રભુને હર્ષથી વંદના અને પ્રદક્ષિણા કરી બે હાથ જોડી આ પ્રમાણે બોલ્યો—"હે પ્રભુ, તમે આ સંસારની વિવિધ જાતની આધિ તથા વ્યાધિને નાશ કરનારા ઔષધરૂપ છો. હે કલ્યાણના કુંભરૂપ સ્વામી, ગણધર પ્રમુખ સાધુરૂપ શ્રમણોએ જેમનાં ચરણકમળ સેવેલાં છે, એવા તમોને હું હર્ષથી સ્તવું છું. હે અનંતગુણ, મારા જેવો અજ્ઞાની આપના મહાન્ ગુણોની શી રીતે સ્તુતિ કરી શકે ?" આટલું કહી તેણે પ્રભુના મુખની ધર્મદેશના સાંભળી.

દેશના સમાપ્ત થયા પછી તે પ્રભુને નમસ્કાર કરી મનમા રાજગૃહ નગર જવાની ધારણા કરી ઉઠ્યો. ત્યાં ત્રિકાળ જ્ઞાની વીર પ્રભુ બોલ્યા—ધર્મશીળ, અંબડ, તું રાજગૃહ નગરીમા જાય છે, તો ત્યાં સતી સુલસા રહે છે, તેને મળજે અને તેણીને મારા ધર્મ લાભ કહેજે.

સતી સુલસા, તારા જીવિતને ધન્ય છે. મહાવીર જેવા જગત્પતિએ તારૂં સ્મરણ કર્યું અને હૃદયથી તને ધર્મ લાભની આશીષ કહેવરાવી. નિર્દોષ, નિરંજન અને નિષ્કામ પ્રભુના હૃદયમાં એક સાધારણ શ્રાવિકાનું સ્મરણ થવું, એ અતિ આશ્ચર્યની વાર્તા છે. સતીઓના પુણ્યનો પ્રભાવ દિવ્ય છે. તેવીજ મહર્દ્ધિઓ શ્રાવિકાના સતી ધર્મવાળા જીવનને ધન્યવાદ આપે છે.

અંબર મુનિ પ્રભુનો આદેશ અંગીકાર કરી આકાશ માર્ગે થઇ રાજગૃહ નગરીમાં આવ્યો. ત્યાં આવતાં તે મહાશયના મનમાં વિચાર થયો કે, અહા! આ સુલસાને ધન્ય છે કે, જેણીએ ત્રણ જગત્ના પતિ વીર ભગવંતને આનંદ પમાડ્યા. એ સુલસાના કયા ગુણથી વીર પ્રભુ આનંદ પામ્યા હશે? કોઇ યુક્તિથી પરીક્ષા કરી મારે તે ગુણ જાણવો જોઇએ. આવું વિચારી તે અંબડ તાપસ પોતાનો વેષ ફેરવી સુલસાને ઘેર આવ્યો. અને પોતે સત્પાત્ર છે, એવું જણાવી તેણે તેણીની પાસે ભોજન માગ્યું. દયાદાનના ધર્મને જાણનારી સતી સુલસાએ દાસીદ્વારા તેને ભોજન આપવા જણાવ્યું ત્યારે અંબડે તેવી ભિક્ષા લેવાની ના પાડી અને કહ્યું કે, હે શ્રાવિકા, જો તારે અમને ભોજન કરાવવું હોય તો પહેલાં તારે હાથે અમારા પગ ધોઇ પછી અમને જમાડ. સતી સુલસાને એ અધર્મની રીતી પસંદ પડી નહીં. તેણીએ તેમ કરવાને ના કહી એટલે અંબડ વિલખો થઇને ત્યાંથી પાછો ફરી ગામની બાહેર આવ્યો. ત્યાં તે ચાર મુખ, પદ્માસન, હંસનું વાહન, હાથમાં કમંડળ, રૂદ્રાક્ષની માળા, અને જટાજૂટ, વગેરે ધારણ કરી બ્રહ્માનું રૂપ લઇ બેઠો. અને પોતાને મુખે લોકોને વેદમાર્ગનો ઉપદેશ કરવા લાગ્યો. હજારો લોકો તેને વંદના કરવા આવવા લાગ્યા. આ ખબર સખીઓની મારફત સુલસાના જાણવામાં આવ્યા, તથાપિ એ આર્હત ધર્મ ઉપર દૃઢતાવાળી શ્રાવિકા જરા પણ ડગી નહીં. સમ્યક્ત્વથી સુશોભિત એવા તેણીના હૃદયમાં એ મોહકારી મિથ્યાત્વનો જરા પણ પ્રવેશ થઈ શકયો નહીં. "બ્રહ્મલોકમાંથી બ્રહ્મા પ્રત્યક્ષ આવ્યા છે અને લોકોના મનવાંછિત પૂરે છે." આવા સમાચાર સાંભ-

ળતાં પણ સતી સુલસાનું સમકિતવાળું હૃદય જરા પણ ચળાયમાન થયું નહીં. એ મહાનુભાવા કૌતુકથી પણ તે બનાવટી બ્રહ્માની પાસે ગઈ નહીં. સુલસા પોતાની પાસે આવી નથી, એ વાત લક્ષમાં રાખી તે અંબડ તાપસે બીજે દિવસે પીતાંબર, નાભિમાં કમળ, ગરૂડનું વાહન, ચાર ભુજા, તે ભુજામાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ તથા પરિવાર સહિત લક્ષ્મી તથા હૃદયમાં કૌસ્તુભમણિ ધારણ કરી વિષ્ણુનું રૂપ લઈ રાજગૃહ નગરને દરવાજે બેઠો. તે ખબર સાંભળતાંજ રાજગૃહ નગરના ચંચળ હૃદયવાળા લોકો પોતાની કામના પૂર્ણ કરવાને ત્યાં શ્રેણીબંધ દોડતા આવવા લાગ્યા. "વૈકુંઠમાંથી વિષ્ણુ દર્શન આપવાને પ્રત્યક્ષ આવ્યા છે." આવી લોકવાણી સુલસાના કર્ણમાર્ગમાં આવી અને તેની સખીઓએ તેણીને લલચાવા પણ માંડી તથાપિ વીરધર્મના વીર્યને ધારણ કરનારી સુલસા તેમાં પણ ઠગી નહીં. જ્યારે સુલસા આવી નહીં એટલે અંબડે તે વેષ ગોપવી દીધો. પછી ત્રીજે દિવસે રાજગૃહ નગરના પશ્ચિમ દરવાજા પાસે શંકરનું રૂપ લઈને બેઠો. તે રૂપમાં અંગે ભસ્મ, માથે જટા, જટામાં ગંગા, અર્ધાંગે પાર્વતી, માથે ચંદ્ર, કંઠમાં મુંડમાળા, કપાળમાં ત્રીજું લોચન, હાથમાં ખડ્ગ, ત્રિશૂળ, અને ડમરૂં તથા ચારે બાજુ નંદી, ચંડી વગેરે ગણ અને અંગપર હાથીનું ચર્મ—વગેરે બધી સામગ્રી રહેલી હતી. આ દેખાવ જોવાને અને તેની ભક્તિ કરવાને રાજગૃહના કેટલાએક લોકો દોડાદોડ કરવા લાગ્યાં અને "કૈલાસમાંથી શંકર આવ્યા છે" એમ ઊંચે સ્વરે બોલવા લાગ્યા. એ

[illegible]

[illegible] "[illegible]" [illegible] ([illegible]) [illegible]

[illegible]

જ્યારે સુલસા કોઈ રીતે વંચિત (ઠગાણી) થઇ નહીં પછી અંબડ લાંબો વિચાર કરી રાજગૃહ નગરની ઉત્તરમાં આવેલા વૈભાર પર્વત ઉપર ગયો. તે સુંદર પર્વત ઉપર અંબડે કપટ વિદ્યાના પ્રભાવથી એક રમણીય સમવસરણની રચના કરી અને તેમાં પોતે ધર્મ દેશના આપવા બેઠો. તે ખબર જાણી રાજગૃહ નગરીના ઘણા લોકો તેની દેશના સાંભળવાને ગયા પણ ત્યાં એક સતી સુલસા ગઇ નહીં. સુલસાને ત્યાં નહીં આવેલી જાણી અંબડે લોકોની સાથે કહેવરાવ્યું કે, સુલસા તું શ્રાવિકા છે, આ વૈભાર પર્વત ઉપર સમોસરેલા પ્રભુને વંદના કરવાને અને તેમની દેશના સાંભળવા હર્ષથી આવ. પ્રભુને વંદના કરવાથી તારા પાપનો નાશ થશે. સતી સુલાસાએ લોકોને જવાબ આપ્યો કે, ચાલતા સમયમાં ચોવીશમા તીર્થંકર વીર ભગવાન્ વિચરે છે. તે આ વખતે વૈભાર પર્વત ઉપર નથી. લોકોએ કહ્યું કે, આ તો કોઈ પચ્ચીશમા તીર્થંકર છે. સુલસા બોલી મૂર્ખો, આ વિશ્વમાં પચ્ચીશમા તીર્થંકર ક્યારે પણ થતા નથી. આ કોઈ કપટી અને ચતુર પુરૂષ લોકોને છેતરવા માટે નિર્મળ ધર્મ કહેવા બેઠો છે. સુલસાનો આવો ઉત્તર સાંભળી લોકોએ તે વાત પેલા અંબડને જણાવી, અંબડ તે સાંભળી હૃદયમાં વિચાર કરવા લાગ્યો, સભાની અંદર વીર ભગવાને કરેલી સુલસાની પ્રશંસા ખરેખર યોગ્ય જ છે. સુલસાની આવી દૃઢતા જોઇ અંબડે તે ગુણ પોતામાં ધારણ કરવાની ભાવના કરી અને પોતે પછી જૈન ધર્મમાં નિશ્ચળ થયો.

પાંચમે દિવસે તે અંબડે વિદ્યાથી બનાવેલી બધી ક્રિયાનો ત્યાગ કરી શ્રાવકરૂપ ગ્રહણ કર્યું. બે ધોએલાં વસ્ત્રો ધારણ

રી અને હાથમાં પુજાનું પાત્ર [illegible]
જા કરવાની ઈચ્છા કરી આવ્યો. [illegible]
ભુની સેવા કરનારી સુલસા તેનો [illegible]
ભી થઇ અને તેણે તેને બહુ માન [illegible]
તે અતિથિનાં ચરણ ધોઈ દાસીઓ [illegible]
તૈયારી કરાવી. અંબડે દેરાસરમાં [illegible]
કરી અને પછી પ્રભુની સ્તુતિ કરી [illegible]
સુલસાની પાસે બેઠો અને હૃદયમાં [illegible]
પ્રશંસા કરવા લાગ્યો. મહાસતી [illegible]
જન્મને સફળ કર્યો છે. તમારા હૃદયમાં [illegible]
અને ધર્મની નિર્મળ બુદ્ધિ છે. [illegible]
ધારણ કરતી હશો. મેં તમારી [illegible]
તોપણ તમો સઘાથી જરાપણ [illegible]
ક્ષેત્રમાં સતી સ્ત્રીઓને વિષે [illegible]
ઓમાં મુગટ મણિરૂપ શ્રી મહાવીર [illegible]
હામાં આદરથી તમારી વાર્તા કરે [illegible]
મુખે તમને શાતા પુછી છે અને [illegible]
દના આવાં વચન સાંભળી [illegible]
થઈ ગયું. તેને રોમેરોમ [illegible]
મહાસતીએ ખમાસમણ પૂર્વક [illegible]
હે સ્તુતિમાં એ સતીએ [illegible]
સારો ભાવ દર્શાવ્યો [illegible]
બધુની જેમ તે અંબડને [illegible]
તે સતીને ધન્યવાદ [illegible]
ત્યાંથી ચાલ્યો ગયો. [illegible]

યિની સાથે ગૃહાવાસમાં રહી જિન પ્રતિમાની ત્રિકાળ
કરતી હતી. ઉભય કાળ પ્રતિક્રમણ કરતી, સત્પાત્રને
આપતી અને છઠ્ઠ અઠ્ઠમ તપસ્યા કરતી આ સંસારના પ
માર્ગે ચાલતી હતી. સત્કૃત્યોથી તેણીનો આત્મા પાપ
થઇ ગયો હતો. વળી કોઇ પ્રસંગે પતિ સાથે તીર્થયાત્રા
અતિશય પુણ્ય ઉપાર્જન કરતી હતી.

એક વખતે સુલસા ધર્મ ધ્યાન કરતી હતી, ત્યાં તે
જાણવામાં આવ્યું કે, હવે પોતાનો કાળ નજીક આવે
તે જાણી મહાસતી સુલસા ગુરૂની પાસે આવી અને અં
જોડી બોલી કે, 'ભગવન્ મને આરાધન કરાવો.' મ
આવી પવિત્ર પ્રાર્થના સાંભળી દયાળુ ગુરૂએ તેને આરા
કરાવી એ આરાધના પ્રાપ્ત કરી એજ માર્ગે ભારતવર્ષની
સતીસુલસા શ્રીવીર પ્રભુને હૃદયમાં ધારણ કરી સ્વર્ગે ચાલી
એ સતી છેવટ સ્વર્ગમાંથી ચ્યવીને આવતી ચોવીશીમાં નિ
નામના પંદરમા તીર્થંકર થશે અને એ ભવમાં એ ભાર
જૈન સતી મુક્તિને પામશે.

આ મુખ્ય સતી સુલસા શ્રાવિકાના ચરિત્ર ઉપરથી
બાળાઓને અનેક પ્રકારનો બોધ લેવાનો છે. સુલ
પોતાના પતિને પુત્રની ઇચ્છા પૂરી કરવા જે નિર્દોષ પ્ર
કર્યો હતો ને તેણીનો અનુપમ પતિપ્રેમ દેખાતો
તેણીના હૃદયમાં ધર્મ ઉપર દૃઢ આસ્તા હતી. સત્પા
સાધર્મી બંધુ આવે તેને પ્રસન્ન કરવા સર્વસ્વ આપી
એ તેનામાં ઉત્તમ પ્રકારની સખાવત ભરેલી ઉદારતા
અંબડે ગમે તેટલો પ્રપંચ કર્યો તોપણ એ મહાસતી પો

સમકિતથી ચલિત થઇ ન હતી. પોતાના બત્રીશ પુત્રોનો એકી સાથે નાશ થઇ ગયો, તોપણ તેણીની ધીરજ અખંડિત રહી હતી. એ બધો તેણીના ચરિત્રમાં કાણેકાણે કેળવણીનો મોટો પ્રભાવ જોવામાં આવે છે. ધાર્મિક અને સાંસારિક અનેક જાતનાં દુઃખ પડયાં; તોપણ પોતાના ધર્મ ઉપર તેવોને તેવો પ્રેમ રાખી શીયળ સાચવી પોતાનું સતીત્વ બતાવી આપ્યું, તેથી-કરી તે મહાસતીની જગતમાં અમરકીર્તિ રહી ગઇ છે. ધન્ય છે આવી ઉત્તમ સતીને.



ચંદનબાળા.

આ સતી ચંદનબાળા ક્ષત્રિયકુળમાં જન્મ્યાં હતા. તેમનો જન્મ ચંપાપુરીના રાજા દધિવાહનને ઘેર થયો હતો. તેમની માતાનું નામ ધારણી હતું. ધારણીનું બીજું નામ પદ્માવતી હતું, તે ચેટક રાજાની પુત્રી થતી હતી. ચંદનબાળાનું બીજું નામ વસુમતી હતું. વસુમતી ચતુર, હુશીયાર અને બુદ્ધિવાન હતાં.

અર્વાચીનકાળમાં જેમ કેટલાક માબાપો પોતાની પુત્રીમાં ઉત્તમ બુદ્ધિ વગેરે સારાં લક્ષણ જણાતાં છતાં તેમને કેળવણી આપી સદ્‌ગુણી બનાવવામાં બેદરકાર રહે છે, તેમ પ્રાચીનકાળમાં નહોતું. પ્રાચીનકાળમાં તો માબાપો પોતાનાં બાળકોને ધર્મ તથા નીતિની કેળવણી આપી ઉત્તમ લક્ષણવાળા બનાવવાને ઘણી કાળજી રાખતા હતા. તેવા નિયમને અનુસરી રાજા દધિવાહને પોતાની પુત્રી વસુમતીને ધાર્મિક અને નીતિની કેળવણી આપી સ્ત્રી ધર્મના જ્ઞાતા અને સદ્‌ગુણ કર્યાં હતાં. આ રાજસુતા જેવા જ્ઞાનમાં પ્રવીણ હતાં તેવાંજ તે સદ્‌ગુણી સ્વરૂપે સુંદર તેજસ્વી અને મનોહર હતાં. વસુમતી

શીળધર્મ સાચવવામાં એક્કા હતાં. તે સાથે તેમનામાં ઉદારતાનો ગુણ પ્રશંસનીય હતો.

એક વખતે રાજા દધિવાહનને કોઇ કારણથી કૌશાંબી નગરીના રાજા શતાનિકની સાથે વૈર બંધાતાં તે બળવાન્ રાજાએ ગુપ્ત રીતે પોતાનું સૈન્ય લઇ ચંપા નગરીને ઘેરો ઘાલ્યો. તે વાત જાણી દધિવાહને પોતાનો બચાવ કરતાં સૈન્ય તૈયાર કર્યું. બન્નેની વચ્ચે ઘોર યુદ્ધ થયું; હજારો મનુષ્યો તેમાં મરાયાં અને આખરે બળ રહિત થયેલો દધિવાહન રાજા રાજ્ય મુકીને નાશી ગયો. પછી શતાનિક રાજાએ અંદર પેશી ચંપાપુરીને લુંટી લીધી અને અહિં પોતાની આજ્ઞા પ્રવર્ત્તાવી પાછો તે કૌશાંબી નગરીમાં ચાલ્યો ગયો.

વિષયી અને ક્રૂર હૃદયનો શતાનિક રાજાનો એક સુભટ દધિવાહન રાજાની રાણી ધારિણીને અને તેની પુત્રી વસુમતીને પકડી ત્યાંથી બાહેર નીકળી પડયો. કોઈ ઘોર અરણ્યમાં આવી તે ઘાતકી સુભટે રાણીને કહ્યું કે, "ધારિણી, તું મારી સ્ત્રી થા." ધારિણી શુદ્ધ ક્ષત્રિય શ્રાવિકા હતી. ધાર્મિક કેળવણી લઈ તેણીએ શીળવ્રતનું માહાત્મ્ય સારી રીતે જાણ્યું હતું. શ્રાવિકાઓ મરણ સમય આવે તોપણ પોતાનું શીળ ગુમાવતી નથી એ વાત ધારિણીના હૃદયમાં નિશ્ચિત થઈ હતી. સુભટના અનુચિત વચન સાંભળી ધારિણી રોષાવેશમાં બોલી "—અરે અધમ પાપિષ્ટ, તું આ શું કહે છે? હું પરસ્ત્રી છું. જે પુરૂષ પરસ્ત્રીલંપટ હોય તે નરકે જાય છે. અરે દુષ્ટ આવી વિપરીત બુદ્ધિ ન કરવી જોઇએ. પોતાને આધીન રહેનારી વિવાહિત સ્ત્રીને મુકી જે પુરૂષ પરદારનું સેવન કરે છે, તે પુરૂષ નિર્મળ જળથી ભરેલા સરોવરને મુકીને ઘડામાંથી જળ પીનારા કાકપક્ષીના જેવો છે. આખા વિશ્વનો વિજય કરનાર

રાવણ પણ પરસ્ત્રીની વાંછા કરવાથી કુળક્ષય કરીને નરકે ગયો છે. ધારિણીએ આવાં ઘણાં વચનો કહ્યાં પણ તે વિષયી સુભટ સમજ્યો નહીં. તે કામાંધ થઇને ધારિણીની ઉપર બળાત્કાર ગુજારવા તૈયાર થયો.

સતી સ્ત્રી પ્રાણુની આહૂતિ આપીને પણ શીળનું રક્ષણ કરે છે, તે શીળનેજ પોતાનું જીવિત ગણે છે. પ્રાણનો ભંગ ભલે થાઓ પણ શીળનો ભંગ ન થાઓ, એ નિશ્ચય સતીના મનોમંદિરમાંથી કદિ પણ જતો નથી—તે દુષ્ટ સુભટના અપવિત્ર શરીરનો સ્પર્શ થયા પહેલાં કુળદીપકા ધારિણીએ પોતાના જીવિતનો પોતાની મેળેજ ત્યાગ કરી દીધો. માતાનાં મૃત્યુથી વસુમતીને ભારે દુઃખ લાગ્યું. ક્ષણવાર તે મૂર્છા પામી ભૂમી ઉપર પડી ગઇ. મૂર્છા ઉતર્યા પછી રાજબાળા માતાના શબને ઉત્સંગમાં લઇ વિલાપ કરવા લાગી—હે માયાળુ માતા, આ તમે શું કર્યું ? વ્હાલી માતા આ પુત્રીને દુઃખના દરિયામાં ઝંપલાવી ક્યાં ચાલ્યાં? આ પુત્રી વસુમતીનો વ્હાલ કયાં ચાલ્યો ગયો ? અરે માડી, તને મારી ઉપર દયા પણ ન આવી. મારે હવે પારકે હાથ જવું પડશે. હે જનની, તારી જેમ આ તારી પુત્રી પણ જીવિતને છોડી દેશે. જેની માતા શીળવતી હોય તેની પુત્રી શીળવતી હોવીજ જોઇએ. એ પ્રમાણે વિલાપ કરતી વસુમતી માતાના શબને પગે પડી અને કહેવા લાગી માતા, તને નહીં જવા દઉં. જો તારે જવુંજ હોય તો મને પણ સાથેજ લઇ જા.

વસુમતીનો આવો વિલાપ જોઇ તે સુભટના મનમાં દયા આવી. તેણે પોતાના પાપનો પશ્ચાત્તાપ કરવા માંડયો. તે વિનયથી બોલ્યો—રાજપુત્રી, ભવિતવ્યતાની આગળ રાય કે

રંક કોઈ છુટી શકતું નથી. બાળા, હવે તું મારો ભય રાખીશ નહીં. તું મારી બ્હેન અથવા પુત્રી છે. આવાં કોમળ વચનોથી વસુમતીને સમજાવી અને મૃત્યુ પામી પડેલી ધારિણીના શરીર ઉપરથી અલંકાર ઉતારી લઇ તે શબને ત્યાં મુકી સુભટ પોતાને ઘેર આવ્યો. સુંદર રૂપવની વસુમતીને જોઇ સુભટની સ્રી તેને સહન કરી શકી નહીં. તત્કાળ તે આવેશથી બોલી સ્વામી, આ પારકી સ્રીને અહિં કેમ લાવ્યા છો? તેને જોઇ મને ઘણોજ પરિતાપ થાય છે. તેને આપણા ઘરમાંથી કાઢી મુકો. તેને માટે મને શોક્યની બારે શંકા રહે છે. કદિ તે દાસી સરખી હોય પણ જો શોક્ય થઇને આવે તો હું તેણીને પાસે ન રાખું. અરે વિષયી, આ પરસ્રીને જલદી બાહેર મુકી આવ. નહીં તો આ વાત હું રાજાને જણાવીશ. સ્રીનાં આવાં વચન સાંભળી તે સુભટ કંપવા લાગ્યો. જો આ વાત રાજાના જાણવામાં આવે તો તેમાંથી વિપરીત થાય. આવું ધારી લોભી સુભટ વસુમતીને લઈ ચૌટામાં વેચવા નીકળ્યો. તે રૂપવની રમણીને ખરીદ કરવાને હજારો લોકો એકઠાં થયાં.

તે વખતે એક વેશ્યાએ આવી સુભટને કહ્યું, આ સુંદરી બીજાને આપશો નહીં. તમે જેટલું ધન માગશો તેટલું આપવાને હું તૈયાર છું. લુબ્ધ સુભટે તેણીની પાંચસો સોના મોહોર માગી. વેશ્યા ખુશી થઈ તે આપવા કબુલ થઈ. સુભટને પાંચસો સોના મોહોર આપી વેશ્યાએ વસુમતીનો હાથ પકડયો. રાજકુમારી બોલી—બાઈ, તમે કેવા છો? તમારૂં કેવું કુળ છે? તમે શું કરો છો? તમે બ્રાહ્મણ છો કે વણિક છો? વેશ્યા આક્ષેપ કરી બોલી—તારે મારૂં કુળ જાણીને શું કરવું છે? મારૂં ગમે તેવું કુળ હોય પણ તારી ઉપર મારી માલિકી થઇ

ચુકી છે. તે છતાં તારે જો અમારૂં કુળ જાણવું હોય તો સાંભળ. અમારા કુળમાં ઉંચી જાતનાં પોશાકો અને અમૂલ્ય આભૂષણો પેહેરવાનાં મળશે. તાંબૂળ ખાવાને મળશે. અમારાં જેવાં ભોજન તો રાજાના અંતઃપુરમાં રાણીઓને પણ મળતાં નથી. વેશ્યાનાં એવાં વચન સાંભળી વસુમતી બોલી–હવે મને ખબર પડી કે તમે વેશ્યા છો. માટે હું તમારી સાથે નહીં આવું.

અહા! કર્મની ગતિ કેવી વિચિત્ર છે. એક રાજપુત્રી ભરબજારે વેશ્યાને ત્યાં વેચાય છે. શીળવતી આર્ય શ્રાવિકાને ખરીદ કરવા એક અધમ વેશ્યા આવી છે.

વસુમતિ શીળવતિ ક્ષત્રિયકુળની શ્રાવિકા હતી. તેણે શીળનું દિવ્ય માહાત્મ્ય સંપાદન કર્યું હતું. એ શીળાલંકૃત સતીએ જ્યારે વેશ્યાની સાથે જવા ના પાડી એટલે અધમ વેશ્યા તેને બળાત્કાર કરી પકડવા લાગી. વસુમતીનો પવિત્ર કર અપવિત્ર વેશ્યાએ પોતાના કર સાથે મેળવ્યો અને તેણીને બળાત્કારથી ખેંચી તે વખતે શીળવતિ વસુમતીનાં મનમાં ભારે ખેદ થઈ આવ્યો. તે મહાત્માની આત્મઘાત કરવાનો વિપરીત વિચાર કરવા લાગી. તે કાળે શીળધર્મનો રક્ષક દેવ આકાશમાં પ્રગટ થયો અને તેણે શીળવતિ સતીના શીળની રક્ષા કરવા માટે તે અધમ વેશ્યાની નાસિકા છેદી નાખી. અને તેની કાયાને કૃષ્ણવર્ણી અને કુરૂપાજ કરી દીધી. ત્યાં એકઠા થયેલાં લોકો વેશ્યાને હસવા લાગ્યાં. તે જોઈ બીજી વેશ્યાઓ અને બીજા ખરીદ કરવા આવેલા લોકો નાશી ગયાં. એ છોકરીને ભુંડી જાણી કોઈએ લીધી નહીં.

શીળનો પ્રભાવ અલૌકિક છે. શીળરૂપ રત્નની રક્ષા કરવાને દેવતાઓ પણ ગગનમાં ફર્યા કરે છે. વસુમતી શ્રાવિકાનું શીળ તેવું હતું. એ બાહાદૂર બાળાએ શ્રીકેળવણી લીધેલી હતી. શ્રાવિકાએ શીળની રક્ષા કરવી જોઇએ. એ સ્ત્રી શિક્ષણનો સિદ્ધાંત તે બાળાએ પોતાના હૃદયમાં નિશ્ચય કરી સ્થાપિત કર્યો હતો.

જ્યારે વેશ્યાની નાસિકા છેદાણી તે જોઈ તે બજારના લોકો ચાલ્યાં ગયાં. પછી સુભટ તે રાજરમણીને ત્યાંથી બીજી બજારમાં લઈ ગયો. ત્યાં ધનાવહ નામનો એક વેપારી આવી ચડ્યો. આ ધનાવહ કૌશાંબી નગરીનો પ્રખ્યાત શેઠીઓ હતો. તેને મૂળા નામે સ્ત્રી હતી. ધનાવહ તે આર્યબાળાને વેચાતી જોઇ ઉભો રહ્યો. વસુમતીની મુખમુદ્રા તેની કુલીનતાને સૂચવતી હતી અને તેણીના સુંદર મુખ ઉપર આર્હત ધર્મનું મહાન તેજ ચળકતું હતું. એવાં શુભ લક્ષણવાળી આર્ય બાળાને જોઇ તેને પોતાની સ્ત્રી મૂળાની પાસે દાસી તરીકે રાખવાને તેની માગણી કરી વસુમતી બોલી—શેઠ, તમારા ઘરમાં શું કામ કરવું પડે છે? શેઠે કહ્યું, અમારા કુળમાં જિન દેવની પૂજા, સાધુઓની સેવા, ધર્મનું શ્રવણ, અને જીવ દયાનું પાલન થાય છે. એ શિવાય અમારા કુટુંબમાં નવકાર મંત્રનું ધ્યાન ધરાય છે, પ્રભુ વચન પાળી ગવાય છે અને પાત્રને દાન અપાય છે, તેમજ શીળની રક્ષા કરવી, તપસ્યા આચરવી, ભાવના ભાવવી અને સાત ક્ષેત્રમાં ધન વાવવું એ અમારો કુળાચાર છે. શેઠનાં એવાં વચન સાંભળી વસુમતી પ્રસન્ન થઇ બોલી—ભાઇ સુભટ, જો તમારે મને વેચવી હોય તો આ શેઠને ત્યાં વેચો. પછી સુભટે તે આર્યબાળાને ને ધનાવહને ઘેર વેચી ધનાવહ શેઠ વસુમતિને લઈ ઘેર

આવ્યો. પોતાની સ્ત્રી મૂળાને બોલાવી તે વસુમતિને બતાવી કહ્યું કે, પ્રિયા, આ કોઈ કુળવાન્ સ્ત્રી છે, તેને હું તારે માટે દાસી તરીકે લાવ્યો છું. તેનું તું યત્નથી પાલન કરજે. આપણે આજથી તેને ચંદનબાળા કહીને બોલાવીશું. મૂળા તે રાજબાળાનું સ્વરૂપ જોઈ આશ્ચર્ય પામી ગઈ. તેણીના મનમાં અનેક જાતની શંકાઓ થવા લાગી. સ્ત્રીની બુદ્ધિ અલ્પ હોય છે, તેમજ હમેશાં વહેમીલી હોય છે. મૂળાએ પોતાના મનમાં ઉંડું જ વિચાર્યું. આ રૂપવતી રમણી દાસી થવાને લાયક નથી. મારા પતિ પોતાની સ્ત્રી તરીકે રાખવાનેજ આણેલ જણાય છે. અત્યારે તેઓ મારી આગળ શુદ્ધ ભાવ લાવી તેને દીકરી, બહેન કહી બોલાવે છે, પણ તેમનું મન મલિન છે. વળી હું વૃદ્ધ થઈ છું અને આ તરૂણી છે માટે વૃદ્ધાવસ્થામાં શેઠનું મારા આવવું, તે ઠીક ન કહેવાય. પણ અત્યારે મારે બોલવું ન જોઈએ. કારણકે, શેઠનું હૃદય એ નવી નારીના મોહમાં તલ્લીન થયેલું છે, પણ લાગ આવે ત્યારે હું શેઠનું મારા ભુવનથી કાઢી નાખીશ. આવું ચિંતવી બુદ્ધિના મૂળ વગરની મૂળા તે વખતે કાંઈ બોલી નહીં.

ધનાવહ શેઠ શ્રાવક ધર્મનો પાળક અને આર્હત તત્ત્વનો જાણ હતો. ચંદનબાળા બરાબર ધર્મી શ્રાવિકા હતી. જેમ જેમ શેઠનો તે પ્રતિદિન પરિચય થતો ગયો તેમ તેમ તેની આગળ એ બાળાના સદ્ગુણની સુગંધ વધારે વધારે પ્રસરવા લાગી. શેઠનો સ્નેહ પ્રતિદિન તેણીની ઉપર વધારે વધારે થવા લાગ્યો. એ બાળ સતીએ પોતાના ગુણોથી ધનાવહ શેઠના મનને એવું આકર્ષ્યું કે તેણી તે શેઠને આનંદદાયક લાગ, મન વચનથી સદ્ભાવ રાખ્યો. ચંદનબાળા તેણી શીતળ

ચંદનબાળા પોતાનો શ્રાવિકા ધર્મ જાળવી ધનાવહ શેઠના ઘરમાં રહેતી હતી. દાસીને અર્થે લાવવામાં આવેલી ચંદન-બાળા શેઠને પુત્રીવત્ થઇપડી. ધનાવહ તેણીની ઉપર પુત્રીનો પ્રેમ રાખતો અને તે બાળા તેને પિતા સમાન ગણતી હતી.

એક વખતે મૂળા કોઈ પાડોશણને ઘેર ગયેલી હશે, તેવામાં ધનાવહ શેઠ ઘેર આવ્યા, તે વખતે ચંદનબાળા પિતાની જેમ તેનાં ચરણ ધોવા લાગી. ચરણ ધોતી વખતે તે રમણીની કેશવેણી ભૂમિ ઉપર પડવા લાગી, એટલે શેઠે તે પોતાના ઉત્સંગમાં લીધી હતી. આ વખતે મલિન હૃદયની મૂળા ત્યાં આવી ચડી. તે દેખાવ તેના જોવામાં આવતાં તેઅલ્પમતિ મૂળા વિચારવા લાગી કે, "અહા! શેઠ કેવા મોહિત થયા છે; કે એની વેણી સમારે છે. આ ઉપરથી મને ખાત્રી થાય છે કે, "આ વિષયાંધ પતિ મને કાઢી મુકી અથવા ઝેરથી મારીને એનું પાણિગ્રહણ કરશે." હવે આ કાર્યમાં પ્રમાદ કરવો યોગ્ય નથી. જે માણસ વિષની વેલીને ઉગતાંજ મૂળમાંથી નખવડે છેદી નાખે નહીં, તેને મૂર્ખ જાણવો. આવો વિપરીત વિચાર કરી મૂળાએ ચંદનબાળાનો ઘાત કરવા નિશ્ચય કર્યો.

બીજે દિવસે પ્રભાતકાળે ધનાવહ શેઠ પોતાના ઉદ્યોગને માટે દુકાને ગયો તે વખતે મલિન બુદ્ધિવાળી મૂળાએ એક નાપિ-તને બોલાવ્યો. નાપિતની પાસે ચંદનબાળાના મસ્તકનું મુંડન કરાવી તેના કેશની સુંદર શોભાનો તદન નાશ કરી દીધો. પછી તેના પગમાં બેડી નાંખી તે ઘરના ભૂમિગૃહમાં (ભોંયરામાં) પૂરીને તાળું દીધું. મલિન હૃદયની મૂળાને કાંઇ પણ દયા આવી નહીં. તેણીએ પોતાના મનમાં એવો વિ-ચાર કર્યો કે શોક્યને મારવામાં કાંઈ પાપજ લાગતું નથી.

કોઈ ચતુર સ્ત્રીએ પુછયું હતું કે, હે મુનિજન, શોકય સારી કે શુળી? તેના ઉતરમાં કહ્યું કે "શુળી સારી કારણકે, શુળીનું કષ્ટ તો એકજવાર સહન કરવું પડે છે અને શોકયનું કષ્ટ તો હમેશાં જીંદગી સુધી સહન કરવું પડે છે.

અહિં ભોંયરામાં પુરેલી સતી ચંદનબાળા તેના પવિત્ર હૃદયમાં વિચાર કરવા લાગી કે, "મારે તો વીતરાગનુંજ શરણ છે. મારાં પૂર્વ કર્મ વિપરીત છે. નગરમાંથી દુષ્ટ સુભટે પકડી, માર્ગમાં માતાનું મૃત્યુ થયું; વળી મારે ચૌટામાં પશુની જેમ વેચાવું પડ્યું: ત્યાં વેશ્યા ખરીદવા આવી. એક વાતે સારૂં થયું કે, તેણીને હાથ હું ન ગઈ, અહિં જો કે છે તો દુઃખ પણ તે ગણકારવા જેવું નથી. તેમાં આજે તો ભાગ્યયોગે બહુ સારૂં થયું કે મને આવું એકાંત સ્થાન મળ્યું. કારણકે, હું શાંતિથી ધર્મધ્યાન કરીશ. મારા મલિન આત્માને પ્રભુના ધ્યાનમાં યોજી પવિત્ર કરીશ. આ દુઃખી જીવનનો અંત આ શુભ ધ્યાનમાં આવશે તો આત્માનો ઉદ્ધાર થશે."

આવું ચિંતવન કરતી ચંદનબાળા પંચપરમેષ્ટીનમસ્કારરૂપ નવકાર મંત્રનો જાપ કરવા લાગી. શુભધ્યાનમાં તલ્લીન થયેલી ચંદનબાળા અંધકારવાળા ઓરડામાં રાત્રિ દિવસ જાણતી નહતી. તે મહાસતીને ત્રણ ઉપવાસ થયા. ધ્યાન અને તપસ્યાના પ્રભાવથી તેણીનાં કર્મ જાણે તુટી ગયાં હતાં.

આ અરસામાં વીરપ્રભુ આ ભારત ઉપર છદ્મસ્થપણે વિચરતા હતા. તેઓ પોષ વદી પડવેને દિવસે કૌશાંબી નગરીની બાહેર સમોસર્યા. ત્યાં પ્રભુએ એવો અભિગ્રહ કર્યો કે, "પગમાં લોઢાની બેડી હોય, મસ્તક મુંડેલું હોય, ત્રણ ઉપવાસ કર્યા હોય, રૂદન કરતી હોય, રાજાની પુત્રી હોય છતાં તે

શ્રીની પેઠે રહેલી હોય, અને ઊંબરા વચ્ચે બેઠી હોય
વી કોઈ સ્ત્રી કે જે મને ભિક્ષા વેળા મટી ગઇ હોય તે
મને સૂપડાના ખૂણામાંથી અડદના બાકળા વહોરાવે તો
રે પારણું કરવું, તે શિવાય કરવું નહીં " એવો અભિગ્રહ
કરીને પ્રભુને મધ્યાન્હ કાળે ગોચરી કરતા ચાર
માસ વીતી ગયાં હતાં કોઈ ઠેકાણે એ કઠિન અભિગ્રહ પૂરો
તો ન હતો.

કૌશાંબી પતિ શતાનિક રાજાને સુગોપ્ત નામે એક
મંત્રી હતો. તેને નંદા નામની સ્ત્રી હતી. આ બન્ને સ્ત્રી
પુરૂષ જૈન ધર્મનાં પૂર્ણ રાગી હતાં. ઉપરના અભિગ્રહને
ધારણ કરી વિચરતા વીરપ્રભુ તેમને ઘેર ભિક્ષા લેવાને
આવ્યા. પોતાનો ધારેલો અભિગ્રહ પૂર્ણ નહીં થવાથી પ્રભુ
ઘણાં દિવસ થયાં નિરાહાર રહેલા, તેથી તેમનું શરીર
દુર્બળ થઈ ગયું હતું. વીરપ્રભુને આવેલા જાણી સુગોપ્ત
મંત્રીની સ્ત્રી નંદા હૃદયમાં આનંદ પામી પ્રાસુક પદાર્થો લઈ
પ્રભુને વોહોરાવા આવી. પોતાના અભિગ્રહ પ્રમાણે ત્યાં યોગ
જોવામાં ન આવ્યો એટલે તેઓ ભિક્ષા લીધા વીના ત્યાંથી ચાલી
નીકળ્યા. શ્રાવકરત્ની નંદા મનમાં ખેદ પામી અને તેણીએ
પોતાના સ્વામી સુગોપ્તને કહ્યું, પ્રિયપતિ, પ્રભુ કેમ ભિક્ષા
વોહોરતાં નહીં હોય? સુગોપ્ત શોકાતુર થઈ બોલ્યો-પ્રિયા,
એ ધર્મવીર મહાનુભાવે કાંઇક ભારે અભિગ્રહ કરેલો જણાય
છે. તેમનું શરીર આહાર વિના ગ્લાનિ પામેલું દેખાય છે.
જો લાંબો કાળ તેમનો અભિગ્રહ પૂરાશે નહીં તો પ્રભુ
અન્ન વિના કાળધર્મને પામી જશે. પતિનાં એવાં વચન સાંભળી
નંદા ચિંતાતુર થઇ ગઈ. નંદા એક પરમપવિત્ર શ્રાવિકા
હતી. કૌશાંબીપતિ શતાનિક રાજાની રાણી મૃગાવતીની સાથે

રડે. સતી શ્રાવિકાનો પ્રભાવ અદ્ભુત હોય છે. સતીના મનોરથ સફળ થયા વિના રહેતા નથી. આ અરસામાંજ ભારે અભિગ્રહ ધારણ કરી ભિક્ષા અર્થે ફરતા ફરતા વીર ભગવાન્ ત્યાં આવી ચડ્યા. જગત્‌ના મહાયોગી વીર પ્રભુને જોઇ ચંદનબાળા હૃદયમાં અત્યંત હર્ષ પામી. તે પવિત્ર સતી ઉમંગથી બેડી થઈ ધર્મવીર મહાવીરની પાસે આવી ઉભી રહી આ પ્રમાણે બોલી : -

હે પ્રભુ જગતને વંદનીય પ્રભુ, હે સ્વર્ગ મોક્ષના આપનારા અને હે સર્વ ભાવ શત્રુઓ પર વિજય મેળવનાર વીર પ્રભુ, તમે જયવંતા વર્તો. હે પ્રભુ, મારી ઉપર પ્રસન્ન થઈ આ શુદ્ધ અન્ન વ્હોરી મને કૃતાર્થ કરો. સતી ચંદનબાળાની આ પ્રાર્થના સાંભળી અને પોતાના ધારેલા અભિગ્રહમાં ફક્ત રૂદન એક બાકી રહેલું જોઈ ભગવાન્ પાછા ફર્યા તે જોઈ ચંદનબાળાને ઘણું રડવું આવ્યું જેથી ભગવાને પાછા ફરી તપાસ કરતાં રૂદન જોયું, તેથી પોતાના ધારેલા અભિગ્રહ પ્રમાણે બરાબર જોગ જોઇ વીર પ્રભુએ તે બાકળાનો શુદ્ધ આહાર ગ્રહણ કર્યો. પ્રભુનો આ ભારે અભિગ્રહ પૂર્ણ થવાથી અને સતી ચંદનબાળાની દૃઢતા અને ભાવનાથી ગગન માર્ગે દેવતાઓએ બાર કોટી સુવર્ણની ત્યાં વૃષ્ટિ કરી. અને તે વખતે સતીના ચરણમાં રહેલી લોઢાની બેડી સુવર્ણના આભૂષણ રૂપે થઇ ગઇ. માથામાં નવીન કેશ આવી ગયા, આકાશમાં "અહો દાન અહો દાન" ઇતિ જય ધ્વનિ થયો અને દિવ્ય દુંદુભિના નાદ થઇ રહ્યા.

આ ચમત્કારીક ખબર કૌશાંબી નગરીમાં પ્રસરી ગયા. રાજા શતાનીક પોતે ત્યાં આવ્યો અને વૃષ્ટિ થઇ પડેલા બાર

કોટી સુવર્ણ મહોર દરના દેવતાઓએ તે સુવર્ણનું સ્વામિત્વ તેણે ચંદનબાળાને આપ્યું. અને દેવતાઓએ જણાવ્યું કે આ ચંદનબાળા વીર ભગવાનની પ્રથમ સાધ્વી થશે તે વખતે આ દ્રવ્ય દાનમાં ઉપયોગ આવશે. જગતના ધર્મવીર મહાવીરને પારણું કરાવી એ સતી પોતાના મોં જીવનનું સાફલ્ય ગણવા લાગી. અને પોતાને પૂર્ણ ભાગ્યવતી માનવા લાગી. રાજા શતાનીક, ધનાવહ અને બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થોની સમક્ષ એમ મહાસતી બોલ્યાં કે, જગત્પતિ વીર પ્રભુને પારણું કરાવવાનો આ મહાન્ લાભ મેળવવામાં મારા ગુરુની સાથે બીજા ઓની પણ હું આભારી છું. પહેલાં તો હું મૂળા દેવીનો ઉપકાર માનું છું. માતા ધારિણીથી જે કાર્ય સર્યાં નથી, તેવાં કાર્ય એ મૂળા દેવીથી સિદ્ધ થયાં છે. હે રાજા શતાનીક, આ કાર્યમાં આપનો પણ પસાય છે. તે પછી પેલા સુભટનો પસાય છે, કારણકે, જો તેણે મને વેશ્યાને ત્યાં વેચી હોત તો હું આવો લાભ કયાંથી મેળવી શકત? પછી તેણીએ ધનાવહને કહ્યું, પિતાજી, તમે મારા પૂર્વભવના પિતા છો. કારણકે, તમારા પસાયથી મારા સર્વ પાપ દૂર થયાં છે.

આ ભારતવર્ષની જૈન સતી ચંદનબાળાએ પોતાના પિતાની રાજ્યધાની ચંપાપુરીમાં રહી સારી કેળવણી લીધી હતી. તે કેળવણીના પ્રભાવથી તેનામાં ધીરજ, દક્ષતા અને ધાર્મિકતા પ્રાપ્ત થઇ હતી. તે કેળવણીના પ્રતાપથી "અપકાર કરનારનો પણ ઉપકાર કરવો." એ પવીત્ર નીતિનો પાઠ તે મહાસતી શીખ્યાં હતાં. પેલા સુભટે અને મૂળાએ તેણીના ભારે અપકારો કરેલા તોપણ આખરે તેણીએ તેમનો ઉપકાર માન્યો. છેવટે તે મહાશયાએ ધનાવહ શેઠને વિનંતિ કરી જણાવ્યું કે, ધર્મ પિતા, મારી માતા મૂળા દેવીને કાંઇ પણ કહેશો નહીં.

જે વાત તે શેઠે સ્વીકારી હતી. હવે વીર પ્રભુ છ માસમાં પાંચ દિવસ ઓછે પારણું કરી ત્યાંથી બીજે ચાલ્યા ગયા હતા. સતી ચંદનબાળા કેટલાક દિવસ સુધી ધનાવહ શેઠને ઘેર રહી હતી. તેણી મૂળા દેવીને માન આપી તેની સાથે સારી રીતે વર્તતી હતી. સતીનો ઉત્તમ સ્વભાવ જોઈ મૂળા પાછળથી તેની ઉપર પ્રસન્ન થઇ હતી અને તેની પાસે ક્ષમા માગી પોતે શુદ્ધ શ્રાવિકા બની હતી.

એક વખતે ચંદનબાળાના સાંભળવામાં આવ્યું કે, મહાવીર પ્રભુને કેવળ જ્ઞાન ઉપજ્યું છે. આ ખબર જાણી તે સતી ધનાવહ શેઠ અને મૂળા દેવીની આજ્ઞા લઇ પ્રભુને વાંદવાને ગયા હતા. કેવળી પ્રભુને વંદના કરી ચંદનબાળાએ ચારિત્ર લેવાની યાચના કરી, પ્રભુએ 'આ સતી સર્વ રીતે યોગ્ય છે,' એમ ધારી તેને ચારિત્ર આપવાની હા પાડી. એટલે ચંદનબાળા કૌશાંબી નગરીમાં પાછી આવી હતી અને ત્યાં દેવતાઓ આપેલ બાર કોટી દ્રવ્ય સાત ક્ષેત્રોમાં ખર્ચી ધર્મ પિતા ધનાવહ અને મૂળા દેવીની આજ્ઞા લઇ પાછી ફરીવાર પ્રભુ પાસે આવી, તેણીએ આનંદપૂર્વક દીક્ષા ગ્રહણ કરી હતી. સતી ચંદનબાળાની દીક્ષાના ખબર જાણી શતાનીક રાજાની રાણી મૃગાવતીએ પણ દીક્ષા લીધી હતી.

એક વખતે વીર પ્રભુ તે બન્ને સાધ્વીઓની સાથે કૌશાંબી નગરીમાં સમોસર્યા. ત્યાં અનેક દેવતાઓ અને અનેક સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ પ્રભુના મુખથી ધર્મ સાંભળવા આવ્યાં હતાં. ત્યાં ધર્મવીર મહાવીરે ઉત્તમ પ્રકારે ધર્મોપદેશ આપ્યો હતો. તે જ્યારે છેલ્લી પોરસીનું વ્યાખ્યાન શરૂ થયું, ત્યારે સૂર્ય અને ચંદ્ર વિમાનમાં બેસીને પ્રત્યક્ષ ત્યાં

આવ્યા. તે મને જોઇ સાધ્વી ચંદનબાળાએ જાણ્યું કે, સંધ્યાકાળનો સમય થઈ ગયો લાગે છે પછી પોતે ત્યાંથી ઉઠીને નગરમાં ઉપાશ્રયે ગયાં. અને મૃગાવતી સાધ્વી વખત ન જાણવાથી ત્યાંજ બેસી રહ્યાં. પછી જ્યારે સૂર્ય ચંદ્ર પોતપોતાને સ્થાને ગયા, ત્યારે સર્વ ઠેકાણે અંધકાર વ્યાપી ગયું, એટલે મૃગાવતી સાધ્વી ઉતાવળા ઉપાશ્રયે આવ્યાં. ત્યાં સતી ચંદનબાળાએ તેમને શીખામણ આપી, હે મહાનુભાવા, ઉચ્ચ કુળના એવા તમારે રાત્રિએ બાહીર રહેવું કલ્પે નહીં, એમ કહી પોરશી ભણી સંથારો કરી સુતા. તેમને સુતા જોઈ મૃગાવતી પશ્ચાત્તાપ કરતાં ચંદનબાળાના પગ ચાંપવા લાગી અને હૃદયમાં પોતે કરેલા અતિચારથી આત્માને નિંદવા લાગી અને 'હવે પછી હું આવું નહીં કરૂં' એમ કહી મિથ્યા દુષ્કૃત આપવા લાગી. સંથારા ઉપર સુતેલી ચંદનબાળાને મૃગાવતીએ ખમાવી પુછવા માંડયું, પણ તેણીને કાંઇ પણ પ્રત્યુત્તર મળ્યો નહીં. એવામાં તેણીને ઉંચી ભાવના ભાવતાં અકસ્માત્ કેવળ જ્ઞાન ઉત્પન્ન થઈ આવ્યું. સાધ્વી મૃગાવતી પોતાની જ્ઞાનમય દૃષ્ટિથી વિશ્વને પ્રત્યક્ષવત્ જોવા લાગ્યાં. આ વખતે અંધકારમાં આવતો કૃષ્ણસર્પ જ્ઞાનદૃષ્ટિથી દેખી મૃગાવતીએ સંથારાપર સુતેલી ચંદનબાળાનો હાથ ઉપાડી એક તરફ કર્યો. કૃષ્ણસર્પ ત્યાંથી પ્રસાર થઈ ચાલ્યો ગયો. ચંદનબાળા જાગ્રત થઈ બોલી—સાધ્વી, તેં મારો હાથ કેમ ઉપાડયો? કેવળજ્ઞાની મૃગાવતીએ ઉત્તર આપ્યો—સાધ્વીજી, તમારા હાથ પાસે કૃષ્ણસર્પ આવતો હતો, તેથી મેં તમારા હાથને દૂર ખસેડયો હતો. ચંદનબાળા આશ્ચર્ય પામીને બોલી—સાધ્વી, આવા ગાઢ અંધકારમાં તમે કૃષ્ણસર્પને શી રીતે જોયો? મૃગાવતીએ કહ્યું, 'જ્ઞાનથી' ચંદનબાળાએ સાનંદાશ્ચર્ય થઇ પુછ્યું, તે પ્રતિપાતિ જ્ઞાન કે અપ્રતિપાતિ? મૃગાવતી મંદસ્વરે બોલ્યાં.

"અપ્રતિપાતિ જ્ઞાન" અહા ! એ તો કેવળજ્ઞાન, એમ કહી પવિત્ર સાધ્વી ચંદનબાળા સત્વર સંથારા પરથી બેઠાં થયાં અને તેમણે કેવળી સાધ્વી મૃગાવતીને મિથ્યા દુષ્કૃત આપ્યું. તેજ વખતે હૃદયની નિર્મળતા પ્રગટ થતાં મહાસતી ચંદનબાળાને પણ કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. બન્ને સાધ્વીઓ કેવળ જ્ઞાનના અપૂર્વ આનંદને અનુભવવા લાગ્યાં. છેવટે તેઓ આ પવિત્ર ભારત વર્ષ ઉપર પોતાનું પ્રભાવિક નામ ચિરકાળ સ્થાપન કરી મુક્તિ માર્ગને પ્રાપ્ત થયાં હતાં. આ પ્રમાણે આ ભારત વર્ષની જૈન મહાસતી ચંદનબાળાનું ચરિત્ર જૈન શાસનમાં પ્રખ્યાત છે. એ મહાસતીના પવિત્ર નામને પ્રતિદિવસ આવશ્યક ક્રિયામાં જૈન પ્રજા અદ્યાપિ પ્રેમપૂર્વક સંભારે છે. આ સતીનાં ચમત્કારી ચરિત્ર ઉપરથી જણાયછે કે, ચંદનબાળાની ઉપર પેલો સુભટ અને મૂળા તરફથી અનેક દુઃખો પડ્યાં તોપણ તે મહાસતી પોતાના ધર્મથી ચલાયમાન થયાં ન હતાં. તેમને પતિગૃહનો આનંદ તો મળ્યો નથી પણ જો તેઓ કોઇ સુશિક્ષિત પતિના ગૃહસંસારમાં જોડાયા હોત તો તેઓનો ધાર્મિક સંસાર એક નમુનાદાર થઇ બીજાઓને અનુકરણ કરવા યોગ્ય થઇ પડત. જ્યારે એ સતીને પેલા દુરાચારી સુભટે ભરબજારમાં વેચવા કાઢી તે વખતે તેણી વેશ્યાને ત્યાં ગઈ નહીં, એ તેમના શીળમતની ખરેખરી દૃઢતા હતી. તેની એ મોટી દૃઢતાને લઇનેજ દેવતાએ વેશ્યાનું નાક કાપી તેણીના શીળની રક્ષા કરી હતી. આ જૈન સતીના ચમત્કારી ચરિત્રને વાંચી તથા સાંભળી દરેક શ્રાવિકાએ તેમાંથી એવો ઉત્તમ બોધ લેવાનો છે કે, કેળવણીથી સ્ત્રી જીવન કેવી ઉન્નતિમાં આવી શકે છે.?



મનોરમા.

. ... . .

૧ આ પવિત્ર સતી રત્ન ધર્મવીરોમાં પ્રખ્યાત થઈ ગયેલા ... . . સુદર્શન શેઠની પત્ની હતી. તે રૂપમાં અને ગુણમાં અનુપમ હતી. જ્યારે તેણીનો જન્મ થયો ત્યારે એક નિમિત્તિઆએ કહ્યું કે, આ બાલિકા નવી કરીઆણે અને સમકિતધારી વિદ્વાનોના મનને રમાડનારી આનંદ આપનારી થશે. એ ઉપરથી તેણીના પાલક પિતાએ તેનું નામ મનોરમા પાડ્યું હતું. તેણીનો પતિ સુદર્શન શેઠ ભરતખંડમાં આવેલ ચંપાપુરીમાં રહેતો હતો. તેના પિતાનું નામ અર્હદ્દાસ હતું. અર્હદ્દાસ તે નગરીના રાજા દધિવાહનનો માનેતો હતો. રાજા દધિવાહન રાધાવેધ કરી અભયાદેવી નામે એક સુંદર રાણીને પરણ્યો હતો. અર્હદ્દાસ ઘણો ધર્મવાન અને દ્રવ્યવાન, કદરનો હતો. ધર્મના સાત ક્ષેત્રોમાં તેની સખાવત મોટી હતી. તેના પિતાને પગલે ચાલી સુદર્શન શેઠે પણ જગતમાં સારી ખ્યાતિ મેળવી હતી.

તેની સ્ત્રી મનોરમાએ ધાર્મિક અને સાંસારિક કેળવણી સંપાદન કરી સુદર્શનના આવકસંભારને દીપાવ્યો હતો. તે બન્ને દંપતી પરસ્પર પવિત્ર પ્રેમમાં મગ્ન થઈ સુખે કાળનિર્ગ-

મિત્ર ઘરમાં નથી. હું કપટ કરીને તમને બોલાવી લાવી છું. તમારા મિત્રના મુખે તમારી પ્રશંસા સાંભળી આજ ઘણા દિવસથી હું આપનો સંગમ કરવા ઈચ્છું છું, તો હવે આ શરીર અને શય્યા આપને સ્વાધીન છે ઇચ્છા હોય તેમ કરો." કપિલાના આવાં વિકારી વચન સાંભળી સુદર્શન વિચારમાં પડ્યો. સુદર્શનને વિચાર કરતો જોઈ કપિલા તેના અંગનો સ્પર્શ કરવા ધસી આવી એટલે ધર્મમૂર્ત્તિ સુદર્શન બોલ્યો—મિત્રપત્ની મારાથી દૂર રહો. તમે પોતે પાપી થઈ બીજાને પાપી શામાટે કરો છો? તમે મારે માતા તુલ્ય અથવા બ્હેન તુલ્ય છો. સુદર્શનનાં આવાં વચનો તે વિષયી સ્ત્રીએ ગણ્યા નહીં અને તે સુદર્શનને ભેટી પડી. તથાપિ સમકિત ધારી સુદર્શનના મનમાં કાંઈ પણ વિકાર થયો નહીં. માતા કે બ્હેન આવી ભેટી પડે અને જે લાગણી હૃદયમાં થાય, તેવી લાગણી સુદર્શનના પવિત્ર હૃદયમાં ઉત્પન્ન થઈ. કપિલાનો આવો વિકાર ભરેલો આવેશ જોઈ સુદર્શન બોલ્યો બ્હેન, શામાટે આવી ચેષ્ટા કરો છો? હું તો નપુંસક છું. આ છુપી વાત તમે કોઈને કહેશો નહીં. સુદર્શનનાં આવાં વચન સાંભળી કપિલા નિરાશ થઈ બોલી—ત્યારે તમે પણ આ મારૂં નઠારૂં આચરણ તમારા મિત્રને કે કોઈને કહેશો નહીં. એમ કહી તેણીએ સુદર્શનને છોડી દીધો. પછી સમકિત ધારી સુદર્શન પોતાનું શીયળરત્ન બચાવી ઘેર આવ્યો. તેણે તે વાત પોતાની સ્ત્રી મનોરમાને પણ જણાવી નહીં. તેણે તરતજ એવો અભિગ્રહ કર્યો કે, "હવે મારે કદિ પણ કોઈને ત્યાં જેમ તેમ જવું નહીં."

હવે શુદ્ધ હૃદયનો કપિલ બહાર ગામથી આવ્યો. તે પૂર્વની જેમ સુદર્શનને ઘેર આવવા લાગ્યો. સુદર્શનને તેને

તે વાત કયારે પણ જણાવી નહીં. પણ સ્ત્રીઓના દુર્ગુણો વિષે બીજાં દૃષ્ટાંતો આપી તે તેને બીજી રીતે સમજાવતો હતો.

તે ચંપા નગરીના રાજા દધિવાહનને જે **અભયાદેવી** નામે રાણી હતી. તેને કપિલાની સાથે ઘણો સ્નેહ થયો હતો. કપિલા પોતાના પુરોહિતની પત્ની છે, એવું ધારી અભયાદેવી તેને સારૂં માન આપતી અને તેણીની સાથે સારો વિનોદ કરતી હતી. આથીકરીને તેણીના હમેશાં સહવાસને લઇને કપિલામાં જે દુર્ગુણો હતા, તે બધા અભયાદેવીમાં આવ્યા હતા. સદ્ગુણ અને દુર્ગુણ સહવાસને લઇને આવે એ નીતિની કહેવત અભયાદેવીએ કપિલાના સહવાસથી ખરેખર સાચી પાડી હતી.

પ્રિય બ્હેનો તમારે હમેશાં યાદ રાખવું કે, "જેવી સંગત તેવી અસર" એ મહા વાકય ખરેખરૂં સત્ય છે. વિદ્યા અને કુળથી સુશોભિત થયેલી સુંદરીઓ પણ કુસંગના યોગથી વિદ્યા તથા કુળથી ભ્રષ્ટ થઇ જાય છે. સારા કુળની, સારા સ્વભાવની અને સારી કેળવણી પામેલી સ્ત્રીઓનેજ પોતાની સહીયર કે સખી બનાવવી એ વાત બધી લલનાઓને (સ્ત્રીઓને) હમેશાં લક્ષમાં રાખવાની છે.

એક વખતે વસંતઋતુ આવતાં રાજા દધિવાહન ઉદ્યાનમાં ક્રીડા કરવાને નીકળ્યો. તે વખતે રાણી અભયાદેવી પોતાની સખી કપિલાને સાથે લઈ વાહનમાં બેસી ત્યાં આવી. સુદર્શન પણ પોતાની પવિત્ર સતી સ્ત્રી મનોરમા અને છ પુત્રો સાથે લઇને તેજ ઉદ્યાનમાં ફરવા આવ્યો. એક તરફ સુદર્શન ફરતો હતો અને બીજી તરફ મનોરમા પોતાના છ પુત્રોને લઈ ફરતી હતી. મનોરમા વિવિધ જાતનાં વૃક્ષો, લતાઓ

અને બીજા કુદરતી દેખાવો પોતાના પુત્રોને ઓળખાવી સૃષ્ટિ જન્ય પદાર્થોનું ઉત્તમ જ્ઞાન આપતી હતી. સુશિક્ષિત માતાના સહવાસથી તે પુત્રો પોતપોતાની વયના પ્રમાણમાં ધર્મિ જ્ઞાનની સાથે પદાર્થજ્ઞાન પણ સારી રીતે મેળવતા હતા. અહા! સુશિક્ષિત માતાથી સંતતિને કેવો લાભ થાય છે!

જ્યાં સતી શ્રાવિકા મનોરમા પોતાના છ પુત્રોને લઈ ફરતી હતી, ત્યાં અભયા દેવી અને કપિલાનું વાહન આવી ચડ્યું. કપિલા મનોરમાને જોઈ પુછવા લાગી, દેવિ, આ સ્ત્રી કોણ છે? અને આ પુત્રો કોના છે? અભયાએ કહ્યું, કપિલા, એ સુદર્શન શેઠની સ્ત્રી મનોરમા છે અને તે પુત્રો પણ તેનાજ છે. તે સાંભળી કપિલાએ અભયાને કહ્યું, સખી, સુદર્શનને પુત્રો શી રીતે હોય? તે નપુંસક છે. અભયા આશ્ચર્ય પામી બોલી—"કપિલા નપુંસક છે, એમ તેં શી રીતે જાણ્યું? પછી કપિલાએ પોતાનો બધો વૃત્તાંત તેણીને કહી સંભળાવ્યો. તે સાંભળી અભયા હસીને બોલી—અરે મૂર્ખી, તને સુદર્શને ખરેખરી છેતરી. કપિલા બોલી. "તું કહે તે ખરૂં પણ એ સુદર્શન કોઈ રીતે ચળાયમાન થાય તેવો નથી. જો તારામાં ખરેખરી ચતુરાઈ હોય તો તું એની સાથે ક્રીડા કર. અભયા ગર્વથી બોલી—"ત્યારેજ હું અભયા ખરી કે. જ્યારે હું તેની સાથે ક્રીડા કરૂં એટલુંજ નહીં પણ એને વશ કરૂં." આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી અભયા રાજભુવનમાં પાછી આવી અને ત્યારથી સુદર્શન શેઠને મેળવવાના અનેક ઉપાયો હૃદયમાં ચિંતવવા લાગી.

અભયા દેવીને કપિલાના જેવી **પંડિતા** નામે એક બીજી સખી હતી. પંડિતામાં તેના નામ પ્રમાણે ગુણ હતા. બુદ્ધિના ચાતુર્યથીજ લોકોમાં તેનું નામ પંડિતા કહેવાતું હતું.

રૂપ ધામને અભયા સુદર્શનને કેવી રીતે મેળવવો? એવા વિચારમાં ચિંતાતુર થઈ બેઠી હતી. ત્યાં પંડિતા આવી ચડી. પંડિતાએ પૂછ્યું સખી, શી ચિંતા કરો છો? પછી રાણીએ તે વિશ્વાસુ પંડિતાની આગળ પોતાનો બધો વૃત્તાંત જણાવ્યો. પંડિતા સુદર્શન શેઠની દઢતા ને સારી રીતે જાણતી હતી. તેથી તે બોલી. પ્રિય સખી, સુદર્શન શેઠને ચલિત કરવો ઘણો મુશ્કેલ છે. તેનાજ જેવી તેની સ્ત્રી મનોરમા છે. એ બન્ને દંપતી શ્રાવક ધર્મ ઉપર દઢ આસ્થા રાખનારાં કહેવાય છે. કદિ મેરૂ પર્વત ચલાયમાન થાય, પણ સુદર્શન શેઠ ચલાયમાન થાય તેવો નથી. એ મહાનુભાવ સ્વદારા-સંતોષ મનને ધારણ કરનારા છે. તેથી તેઓ આ વિશ્વની પર વનિતાને માતા અને બહેન સમાન ગણે છે. પંડિતાનાં આવાં વચન સાંભળી અભયા મનમાં ક્ષોભ પામી પણ તે પાછી હિંમત ધરીને બોલી— સખી પંડિતા, ગમે તેમ કરીને મારે સુદર્શનને ચલાયમાન કરવો છે. જો આ કાર્ય નિષ્ફળ થાય તો પછી મારા ચાતુર્ય ઉપર પાણી ફરે. "અહા! કેવો દુષ્ટ વિચાર? કેવો કામાંધપણાનો દુરાગ્રહ? જ્યારે આર્ય સ્ત્રી આવા કુવિચારો લાવે અને અંગીકરીને તેના જીવિત ઉપર પાણી ફરે, ત્યારે આ અધમ ક્ષત્રિયાણીને પર પુરૂષનો યોગ નહીં થાય તેને માટે પોતાના જીવિત ઉપર પાણી ફેરવવાનું હોય છે, એ તેણીનો કેવો મોહ! ખરેખર પાણી તો તેવી દુરાચારી સ્ત્રીઓના જીવિત ઉપર ફરેલુંજ છે." અરે સખી પંડિતા, આ કાર્યમાં તારે મને સહાય કરવી પડશે. કદિ તારાથી સીધું કાર્ય ન બને તો છેવટે ગમે તે યુક્તિ કરીને પણ તારે સુદર્શનને મારા મહેલમાં લાવવો પડશે. પંડિતાએ તે વાતની હા કહી અને કહ્યું- સખી, નિશ્ચિંત રહો. પર્વને દિવસે હું કપટ કરીને સુદર્શનને અહિં લાવીશ."

એક વખતે ચંપાપુરીમાં કૌમુદીમહોત્સવ આવ્યો,

રાજાએ પડહ વગડાવી નગરના સર્વ લોકોને નગરની બાં
ઉત્સવ કરવા બોલાવ્યા. તે વખતે એકલી અભયા રા
માથું દુઃખવાનું બહાનું બતાવી પંડિતાની સાથે મેહેલમાં ર
તે દિવસે સુદર્શન શેઠ રાજાની આજ્ઞા મેળવી દેવમંદિર
કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા હતો. પેલી ચતુર પંડિતા સુદર્શન
શોધ માટે નીકળતા તેના જાણવામાં આવ્યું કે, સુદ
શેઠ દેવાલયમા કાઉસ્સગ્ગ ધ્યાને રહેલ છે. તે વાત જાણી
પંડિતાએ યુક્તિ કરી. એક યક્ષની પ્રતિમાને વાહન ઉ
બેસારી દેવમંદિરમાં લઈ ગઈ અને પાછી વળતી વખતે
વાહનમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા સુદર્શનને લઈ રાણીના મે
લમાં દાખલ થઇ ગઈ. સુદર્શન શેઠે કાઉસ્સગ્ગ પારી જો
ત્યાં સામી રહેલી અભયા જોવામાં આવી. અભયા જરા મુસ
ખાવી બોલી સુદર્શન, તું મારી ઇચ્છા પ્રમાણે વર્ત. શ
થઈ ગયેલા સુદર્શન કાંઇ પણ બોલ્યો નહીં. અભયા ક્રોધ ક
બોલી "સુદર્શન, જો તું મારી ઇચ્છા પ્રમાણે નહીં ચાલ
તારા આત્માનો ઘાત કરીશ." છતાં તે દૃઢ મનધારી સુદર્શને
વાત માન્ય કરી નહીં, કારણકે, 'કદિ પ્રાણનો અંત થાય તોપ
પોતાના શીયળનો ભંગ ન કરવો.' એ મહાવ્રત તે ધર્મ
વ્રતઅખંડિત પાળ્યું હતું. જ્યારે દૃઢ મનધારી સુદર્શને મા
નહીં, એટલે કપટી અભયાએ મોટે સ્વરે બુમ પાડી કે, " અ
કોઈ આવો, આ દુષ્ટ મારૂં શીયળ ભંગ કરવા આવ્યો છે!" એટ
અંતઃપુરના રક્ષકો દોડી આવ્યા અને તેને બાંધી રાજા દધિવાહ
ની પાસે લઈ ગયા. રાજા સુદર્શનનું આ ચરિત્ર જાણી મનમ
આશ્ચર્ય પામી ગયો. તેણે સુદર્શનને પુછવા માંડ્યું, પણ પોતાન
પ્રિય મનોરથ ભંગ થશે એવું ધારી તેણે કાંઇપણ ઉત્તર આપ્યો
નહીં. જ્યારે સુદર્શન તરફથી કાંઈ પણ જવાબ મળ્યો નહીં

એટલે રાજાને તેનીપર ખરેખર શક આવ્યો, તેથી ક્રોધાતુર થઈ રાજાએ તેને શૂળી ઉપર લઈ જવાની આજ્ઞા કરી.

સતી મનોરમાએ આ ખબર સાંભળ્યા. તેણીએ હૃદયમાં વિચાર્યું કે, મારા સ્વામી કદિ પણ એવું કુકર્મ કરે નહીં. સ્વદારસંતોષના મહાવ્રતને ધારણ કરનારા મારા સ્વામી ઉપર કોઈએ ખોટું કલંક આરોપિત કર્યું છે. આવું વિચારી એ મહાસતી કાયોત્સર્ગે રહી. તેણીએ પોતાના સતીધર્મના પ્રભાવને ચિંતવી હૃદયમાં સંકલ્પ કર્યો કે, "જ્યારે મારા પૂજ્ય પતિનું વિઘ્ન નાશ થશે ત્યારે હું કાયોત્સર્ગ પારીશ." સતીનાં આવાં સંકલ્પથી શાસનપતિ પ્રસન્ન થઈ ગયા.

પેલા રાજ સેવકો સુદર્શનને ગામમાં ફેરવી સ્મશાન ભૂમિમાં લઈ ગયા. તેને શૂળી ઉપર આરોપ્યા કે તરતજ શાસન દેવતાએ શૂળીને સ્થાને સુવર્ણનું સિંહાસન કરી નાખ્યું. આ ચમત્કારી ખબર સાંભળી રાજા દધિવાહન ત્યાં આવ્યો. સુદર્શનને સિંહાસન પર બેઠેલા જોઈ તે આનંદાશ્ચર્ય થઈ ગયો. આ વખતે શાસનદેવતાએ ઊંચે સ્વરે કહ્યું, "જે કોઈ આ પવિત્ર પુરૂષ સુદર્શન શેઠનું અશુભ ચિંતવશે તેના પ્રાણ લેવામાં આવશે." પછી રાજા દધિવાહન સુદર્શન શેઠને ખમાવી મોટા ઉત્સવ સાથે તેને ઘેર લઈ ગયો. રાજાએ નિશ્ચય કર્યો કે, આ મારી રાણીએ આ મહાન નરને ખોટું કલંક લગાડ્યું છે. મહાસતી મનોરમાના સતીધર્મની ભારે પ્રશંસા થઈ. પછી પરમ વૈરાગ્યવાન સુદર્શન શેઠ સંયમ લઈ કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ સુખને પામ્યા હતા. સતી મનોરમા પણ અનુક્રમે સાધ્વી થઈ મુક્તિપુરીએ પહોંચી હતી.

એ રીતે એ પવિત્ર પતિ પત્ની ઐહિક અને આમુષ્મિક

કેળવણીના પ્રભાવથી ગૃહસ્થાવાસનું અમૂલ્ય સુખ ઘણું કાળ ભોગવી આ ભારતવર્ષ ઉપર પોતાનું નામ અમર રાખી ગય છે. તેમનું યશોગાન જૈન પ્રજા અદ્યાપિ કરે છે, અહા! ધન્ય છે, પવિત્ર દંપતી તમારી મહત્ત્વતાને!!! આ દંપતીના ચમત્કારી ચરિત્ર ઉપરથી શ્રાવિકાઓએ ખાસ સમજી રાખવું કે દુરાચાર અને દુરાચારીના સંગથી સર્વદા દૂર રહેવું. અભય અને કપિલા જેવી અધમ અબળાનો સંગ કદિ પણ કરવો નહીં





મદનરેખા.

સતી મદનરેખા જંબુદ્વીપના ભરતખંડમાં આવેલા સુદર્શનપુરના રાજા મણીરથના ભાઈ યુગબાહુની સ્ત્રી હતી. તે યુગબાહુ યુવરાજ પદે હતો. મદનરેખા ખરેખર મદનનીજ રેખા હતી. તેણીનું સૌંદર્ય અનુપમ હતું. જેવું તેનામાં સૌંદર્ય હતું, તેવાંજ તેણીનામાં ગુણ હતા. મદનરેખાએ પોતાના પિતાને ઘેર રહી બાળપણમાં ધાર્મિક અને વ્યવહારીક કેળવણી સારી રીતે લીધી હતી. તેણીની મનોવૃત્તિ ધાર્મિક સંસ્કારોથી ઘણીજ પવિત્ર થઈ હતી. હમેશાં સામાયિક, પ્રતિક્રમણ વગેરે આવશ્યક ક્રિયા કરીને ઉચિતસમયે પોતાનો કાળ નિર્ગમન કરતી. તેનો પતિ યુગબાહુ પણ ઘણોજ ધાર્મિક વૃત્તિનો હતો. બન્ને દંપતી હમેશાં આર્હત ધર્મના પવિત્ર પુસ્તકો વાંચી આત્માને અતિશય આનંદ પમાડતા હતા.

કોઈ વખતે મદનરેખાના સૌંદર્યનું સ્વરૂપ જોતાં જેઠ મણિરથ રાજાના લોભાયેલ મનમાં તે વિષયી બનીને મદનરેખાને વશ કરવાનો દૃઢ સંકલ્પ થયો હતો. મણિરથ અને યુગબાહુ બન્ને સહોદર બંધુ હતા, પણ તેઓની વૃત્તિમાં ઘણો તફાવત હતો. ન્હાનાની ધાર્મિક વૃત્તિ હતી ત્યારે મોટાભાઈમાં વિષયોથી મલિન થયેલી વૃત્તિ હતી. મદનરેખામાં

મોહ પામેલા મણિરથે એક વખતે મદનરેખાને લોભાવવાને પોતાની એક વિશ્વાસુ દાસીની સાથે સારાં સારાં આભૂષણો વસ્ત્રો, સુગંધી પુષ્પો અને તાંબુલ વગેરે વસ્તુઓની ભેટ મોકલી. નિર્મળ હૃદયની મદનરેખાએ 'રાજાનો આ પ્રસાદ છે,' એમ જાણી તેનો અંગીકાર કર્યો. પછી મણિરથની પ્રેરણાથી તે દાસી ફરીવાર મદનરેખાની પાસે આવી આ પ્રમાણે કહેવા લાગી બાઈ સાહેબ. તમારા પૂજ્ય જેઠ મણિરથ રાજા તમારા ગુણોથી તમારી ઉપર આસક્ત થયા છે, અને તેઓ તમને મળવાની ઈચ્છા રાખે છે. સતી મદનરેખા શીયળવતીનો મહાપ્રભાવ તેમજ શીળધર્મનું માહાત્મ્ય સારી રીતે જાણતી હતી. તે દાસીના આવા વજ્ર જેવાં વચન સાંભળી મનમાં ઘણું ક્ષોભ પામી ગઈ. તેણીએ શાંત વચને દાસીને કહ્યું. દાસી, મારા પૂજ્ય જેઠ મને શામાટે મળવા ઈચ્છે છે? દાસી સ્પષ્ટ રીતે બોલી- બા, એમાં શું પુછો છો? ચતુર સ્ત્રીએ તો પુરૂષની ઈચ્છા જાણી લેવી જોઈએ. દાસીનાં આવાં વચન સાંભળી મદનરેખાના હૃદયમાં તે વાત વધારે સ્ફુટ થઈ. પછી તેણે કહ્યું કે, દાસી, રાજા મણિરથ તે મારા વડિલ જેઠ થાય છે, તેઓ મારે પૂજ્ય પિતાને ઠેકાણે છે. હું તેમના લઘુ ભ્રાતાની પત્ની પુત્રીવત છું. કુલિકા જેવી સ્ત્રીઓના પણ અંગુજન તેની સાથે ભોગ ભોગવવાની ઈચ્છા કરતા નથી આપણા ધર્મ ગુરૂ અને પરમેશ્વર મહાવીરે સિદ્ધાંતમાં કહ્યું છે કે, "પાપ કર્મની અનંત રાશિઓ એકઠી થાય છે ત્યારે જીવ સ્ત્રીવેદપણું પામે છે." દાસી, એવા સ્ત્રીવેદમાંથી મુક્ત થવાનો ઉપાય શીળ વ્રત છે. વળી મહારાજા મણિરથને આવું ઉત્તમ પ્રકારનું અંતઃપુર છતાં તે શામાટે નરકે જવાને પરસ્ત્રીને ભોગવવાની ઈચ્છા કરે છે? દાસી, મારા

રાજાને કહે જે કે, એવી પાપ બુદ્ધિ છોડી દે. હું શીલ વ્રતને પાળનારી શ્રાવિકા છું. મારા પ્રાણનાથ હયાત છતાં જે માણસ મારા ઉપર કુદૃષ્ટિ કરશે, તે જરૂર મૃત્યુજ પામશે. અને જો કદિ ને બળાત્કાર કરશે, તો હું શરીર આપવાને બદલે તેને મારા પ્રાણુજ આપીશ.

જીવહિંસા, અસત્ય વચન, પરદ્રવ્યહરણ અને પરસ્ત્રી સેવન—એ ચાર વાના માણસને નરકના દ્વાર આગળ લઇ જાય છે. તેમાં પણ રાજાએ તો એવી પાપ બુદ્ધિ કરવીજ ન જોઇએ, કારણકે, વિશ્વમાં સર્વ લોકો તેનુંજ અનુકરણ કરે છે. સતીનાં આવાં વચનો સાંભળી દાસીએ કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહીં અને તેણીએ રાજાની આગળ આવી મદનરેખાના તે બધાં વચનો કહી સંભળાવ્યાં. તે સાંભળી વિષયી રાજા મણિરથે વિચાર કર્યો કે, "જ્યાંસુધી મારો ભાઈ યુગબાહુ હૈયાત છે, ત્યાંસુધી મદનરેખા મારે વશ થશે નહીં; માટે કોઈ પણ ઉપાયથી યુગબાહુને મારી નાખવો જોઇએ." **કામાંધ પુરૂષો શું નથી કરતા?** મદનરેખાએ વીચાર કર્યો કે આ વાત મારા સ્વામીનાથને જો હુ કહીશ તો બેઉ ભાઇને આપ સમાં જગડો થશે તેમ સમજી તે મનમાં સમજી બેશી રહી. હવે કર્મયોગે મદનરેખા સગર્ભા થઇ. એક વખતે રાત્રે સુખે સુતેલી તે સતીએ સ્વપ્નામાં પૂર્ણ ચંદ્ર જોયો. તે વાત તેણીએ પોતાના પતિ યુગબાહુને કહી એટલે યુગબાહુએ આનંદપૂર્વક જણાવ્યું કે, પ્રિયા, થોડા વખતમાં તને ચંદ્રના જેવો તેજસ્વી પુત્ર થશે. પતિનાં આવાં વચન સાંભળી સતી હૃદયમાં સાનંદા થઇ. ત્યારે ગર્ભને ત્રીજો માસ થયો એટલે સતી શ્રાવિકાને દોહદ થયો કે, "હુ જિનેંદ્રની પૂજા કરૂં, ગુરૂને પ્રતિલાભું અને ધર્મકથાનું શ્રવણ કરૂં," આવો ઉત્તમ

દોહદ થયેલો જાણી યુગબાહુ ઘણોજ ખુશી થયો, કારણકે તે વિદ્વાન્ યુવરાજ જાણતો હતો કે, "ગર્ભને વિષે પુણ્યવાન જીવ આવ્યો હોય તો માતાના ચિત્તને વિષે સારો મનોરથ ઉત્પન્ન થાય છે." એક વખતે વસંતઋતુમાં યુવરાજ યુગબાહુ મદનરેખાની સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવાને ગયો. ત્યાં આખો દિવસ જળ વગેરેમાં ક્રીડા કરી રાત્રે યુગબાહુ શાંત થઈ નવકાર મંત્રનો જપ કરતો એક કદલીગૃહમાં જઈને સુતો. આ વખતે દુષ્ટ હૃદયવાળા રાજા મણિરથે વિચાર કર્યો કે, "યુગબાહુ એકલો ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો છે, માટે ત્યાં જઈને તેને મારી નાખવાનો આ લાગ છે." આવું વિચારી મણિરથ જ્યાં યુગબાહુ અને મદનરેખા સુતાં હતાં, ત્યાં હાથમાં ખડ્ગ લઈને આવ્યો. મણિરથ આવતાંજ યુગબાહુ જાગી ઉઠયો. સતી મદનરેખા એક તરફ દૂર લજ્જા કરી ઉભી રહી. પોતાના બંધુને ખડ્ગ સાથે આવેલો જોઈ શુદ્ધહૃદયના યુગબાહુએ કહ્યું, બંધુ, અચાનક અહિં કયાંથી? કપટી મણિરથ માયા કરી બોલ્યો—"મારો ભાઈ એકલો ઉપવનને વિષે રહે તે ઠીક નહીં" એમ ધારીને હું આવ્યો છું. યુગબાહુએ જ્યેષ્ઠ બંધુને નમસ્કાર કરી ઉપકાર માન્યો. પછી મણિરથે યુગબાહુની સાથે કલ્પિત વાર્ત્તા કરવા માંડી. ક્ષણવાર યુગબાહુને વાતે ચડાવ્યા પછી અચાનક ખડ્ગનો ઘા કરી તેને મારી નાખ્યો. તે વખતે પોતે કપટ કરી બુમો પાડી કે "પ્રમાદથી મારા હાથથી ખડ્ગ પડી જવાથી મારો બંધુ ઘાયલ થયો" એમ તે કપટ રૂદન કરવા લાગ્યો. આ વખતે સતી મદનરેખા તરતજ મનમાં સમજી ગઈ કે "આ દુષ્ટે મારા માટે કામાંધથી મારા પતિને માર્યા છે હવે અવસર ઉચિત કરવું ઠીક છે રૂદન કરે કાંઈ વળશે નહીં." આ વખતે યુગબાહુના અંગ

...રાક સુભટો ત્યાં દોડતા આવ્યા. પોતાના સ્વામીને ઘાયલ
...ઈ ભૂમિપર પડેલા જોઈ તે સુભટો મણિરથને મારવા તૈયાર
...ઈ ગયા. તે વખતે ઘાયલ થઈ પડેલ યુગબાહુએ પોતાના
સુભટોને બોધ આપીને કહ્યું કે અરે! ભાઈઓ, એ મારા વડિલ
...ઈને મારશો નહીં. એને મારવામાં તેનો દોષ નથી. પણ
મારા પૂર્વ કર્મનો દોષ છે. અહા! કેવો દિવ્ય બંધુપ્રેમ!
...ની મહત્તા! અને કેવી હૃદયની પવિત્રતા! યુગબાહુ. ધન્ય
છે. તારા જીવિતને!

દુષ્ટ મણિરથ ત્યાંથી બની પોતાને ધારેલું કાર્ય સિદ્ધ થયેલું
જાણી મનમાં હરખાતો ઘેર ચાલ્યો ગયો. ઘેર જતાં તેને
અચાનક સર્પે ડસ્યો અને તેથી તે દુરાત્મા મરણ શરણ
થઈ ગયો. શીલધર્મનો કેવો અદ્ભુત પ્રભાવ છે? પવિત્ર
સતીની ઉપર કુદૃષ્ટિ કરનાર પાપી પુરૂષનું શ્રેય ક્યાંથી થાય?
અતિ પાપ અને અતિ પુણ્યનું ફળ આ લોકમાંજ નજરે જોવાય છે

યુગબાહુને ચંદ્રયશા નામે એક પુત્ર હતો, તેના જાણવામાં આવ્યું
કે, મારા પિતાને મારા કાકા મણિરથે ઘાયલ કરેલ છે. આ ખબર
સાંભળી તે કુમાર પોતાના પિતાને લાગેલા ઘા રૂઝાવાના ઔષધો
લઈ ત્યાં દોડી આવ્યો. સતી મદનરેખા પોતાના પતિનો અવ
સાન કાળ જાણી ચંદ્રયશાની ચિકિત્સા નહીં કરતાં તે મદનરે
ખાએ છેલ્લા શ્વાસ લેતા એવા પતિને કહ્યું. પ્રાણનાથ, તમે હૃદ-
યમાં જરા પણ ખેદ કરશો નહીં. તમારા હૃદયને ધર્મ ધ્યાનની
સાથે જોડી દ્યો. આ જીવ કરેલા કર્મથી છુટી શકતો નથી. પ્રાણી
આ ભવમાં કે પરભવમાં જે કર્મ કરે છે, તે તેણે અન્ય ભવમાં
કરેલાં કર્મોનાં નિમિત્તરૂપ થાય છે. આપે મન, વચન કે કાયાથી
જે કાંઈ દુષ્કૃત કર્યું હોય તે સર્વને આપ નિંદજો. સત્પુરૂષો શત્રુ
કે મિત્ર, મણિ કે પાષાણને વિષે કદિ પણ ભેદ કરતા નથી;

તેમજ પોતાની સ્ત્રી, પુત્ર કે વૈભવને વિષે જરા પણ મોહિત થ
નથી, કારણકે, એ બધા આ અનંત સંસારનું કારણ છે એમ
તે જાણ્યું છે. પ્રાણનાથ, જે આપના મિત્ર હોય કે શત્રુ હોય
સ્વજન હોય કે પરજન હોય તેની સાથે આપ ક્ષમા કરો, અને
તેમની પ્રગટપણે ક્ષમા માગો... વળી આપે કોઈ વખતે જે
કોઈ તિર્યંચને, નારકીના જીવોને દેવતાઓને કે મનુષ્યોને
દુભાવ્યા હોય, તેમની આપ ક્ષમા માગો; અને તેમની સાથે
મૈત્રી ભાવ લ્યો અને તેમને પણ આપ ક્ષમા આપો. હે હૃદયેશ્વર
આ જીવિત, યૌવન, લક્ષ્મી, રૂપ અને પ્રિય સમાગમ એ સર્વ
પવને ચળાયમાન કરેલા સમુદ્રના તરંગના જેવા અસ્થિર છે
વ્યાધિ, જન્મ, જરા અને મૃત્યુ વગેરેથી ગ્રસ્ત થયેલા પ્રાણીઓને
આ લોકમાં એક જિનભાષિત ધર્મજ શરણ થાય છે; એ ધર્મનું
આપ શરણ લ્યો. પ્રિયનાથ, આ જગત્‌માં સર્વ જન સ્વજન
થયા છે. સર્વ જન દુર્જન પણ થયા છે; એક જીવ ઉત્પન્ન
થાય છે, એક જીવ મૃત્યુ પામે છે, એક સુખ અનુભવે છે,
તેનેજ દુઃખ પણ અનુભવવું પડે છે. પ્રાણપતિ, આપ
સિદ્ધાંતના જાણ છો. માટે આ વખતે આપે તે જિનના તત્ત્વોનું
મનન કરવું. આ અવસર આપણા પવિત્ર જીવનને મહત્
કસોટીનો છે, તેથી આપે ધૈર્ય રાખવું ને કાયરપણું ત્યજી દેવું
કારણકે, એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું
કોઈ સ્થાન નથી, કે એવું કોઈ કુળ નથી કે જ્યાં સર્વ જીવ
અનંત વાર જન્મ્યા કે મૃત્યુ પામ્યા નહીં હોય. 'હું' એકાકી
છું, મારું કોઈ નથી, અને હું પણ કોઈનો [illegible], એવું
અદીનમન વાળી બનાવ આત્માને શિખામણ [illegible]
[illegible] સ્વામી [illegible]
[illegible] મૃત્યુ [illegible]

આવી પવિત્ર સતીઓને સહસ્ત્ર વાર ધન્ય છે. ધાર્મિક કેળવણી મેળવી સુશિક્ષિત થયેલી સતી શ્રાવિકાઓ પોતાનો અને પોતાના પતિનો ઉદ્ધાર કરી શકે છે, એ દાખલો સતી મદનરેખાએ પોતાના જીવનમાં પ્રત્યક્ષ બતાવી આપ્યો છે.

યુગબાહુ મૃત્યુ પામ્યો ત્યારે ચંદ્રયશા અને મદનરેખાએ ઘણો શોક કર્યો હતો. પછી સતીએ પોતાના પુત્ર ચંદ્રયશાને સમજાવી ઘેર મોકલી પોતે વિચાર કર્યો કે, "દુષ્ટ મણિરથ મારા શીળનો ભંગ કરવા આવશે. હવે મારો કોઈ રક્ષક નથી, તેથી મારે હવે સ્વર્ગ અને મોક્ષના સુખને આપનારા શીળવ્રતની રક્ષા કરવી પડશે" એવું ધારી તે સતી ત્યાંથી ગુપ્ત રીતે નીકળી ગઈ. જેનો પત્તો રાજા મણિરથ અને ચંદ્રયશા પણ મેળવી શકયા ન હતા.

સતી ત્યાંથી આગળ ચાલતાં એક મોટા જંગલમાં આવી ચઢી. ત્યાં કોઇ જળાશય પાસે આવેલા કદલીગૃહમાં સાત દિવસ રહી, તે વખતે તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. જે પુત્ર ગર્ભમાં હતો ત્યારે તેણીએ સ્વપ્નામાં પૂર્ણ ચંદ્રને જોયો હતો. આવા ભયંકર જંગલમાં શીળના પ્રભાવથી તે કુશળ ક્ષેમ રહી શકી હતી. એક દિવસે પોતાના બાળપુત્રના હાથમાં પોતાના સ્વામી યુગબાહુના નામની મુદ્રિકા પહેરાવી તેને રત્નકંબળમાં વીંટાળી એક વૃક્ષની છાયામાં મુકી પોતે સરોવરના તીર ઉપર વસ્ત્ર ધોવા ગઇ. જેવામાં તે વસ્ત્ર ધોવા કાંઠા ઉપર જળમાં પેઠી ત્યાં એક જળહસ્તીએ આવી તેને પકડી જોરથી આકાશમાં ઉછાળી. તે વખતે કોઇ વિદ્યાધર નંદીશ્વર દ્વીપની યાત્રા કરવા આકાશ માર્ગે જતો હતો. તેણે આકાશમાંથી નીચે પડતાં તેણીને ઝીલી લીધી. તેણીના રૂપથી મોહિત થઇને તે વિદ્યાધર તેને વૈતાઢ્ય પર્વત ઉપર લઈ ગયો ત્યાં મદનરેખાને અતિ રૂદન કરતી જોઇ

વિદ્યાધરે તેનું કારણ પુછ્યું, ત્યારે તેણીએ પોતાનો બધો વૃત્
જણાવી કહ્યું કે, હે દયાળુ પુરૂષ, તમે મને જે ઠેકાણેથી લા
છો, ત્યાં મારો બાળપુત્ર પડ્યો રહ્યો છે, તે મને કૃપા કરી લા
આપો. પછી કામી વિદ્યાધરે કહ્યું કે, સુંદરી, જો તું મને પ
તરીકે અંગીકાર કર તો હું તારા પુત્રને લાવી આપું, અને વ
તારો દાસ થઇને રહું. ચતુર મદનરેખાએ પોતાના મનમાં વિચ
કર્યો કે, "આ વખતે હું સમય પ્રમાણે વર્તું નહીં તો પુત્ર
નાશ અને મારા શીળનો ભંગ થશે." આવું વિચારી સતી વિ
થકી બોલી—'એક વાર મારા પુત્રને અહીં લાવો.' વિદ્યાધ
મોઢેથી જણાવ્યું, સુંદરી, હું વૈતાઢ્ય પર્વત ઉપર આવેલા રત્ના
નગરના રાજા મણિચૂડ વિદ્યાધરનો પુત્ર છું. મારૂં નામ મણિ
પ્રભ છે. મારા પિતાએ મને રાજ્ય સોંપી ચારણ મુનિ
પાસે દીક્ષા લીધી છે; ગઇ કાલે મારા પિતા વિહાર કરતાં કરતાં નં
શ્વર દ્વીપના દેવતાને વંદન કરવા ગયા છે. તેમની પાછળ
આજે જતો હતો ત્યાં તું મને મળી. હે રમણી, તું
વરીશ તો વિદ્યાધરોના મોટા રાજ્યની રાણી થઇશ. મેં પ્ર
પ્તિ વિદ્યાથી તારા બાળપુત્રની હકીકત જાણી લીધી
મિથિલા નગરીના રાજા પદ્મરથને ત્યાં તારો પુત્ર હતો
વનમાં તેનો તોફાની અશ્વ ખેંચી લાવ્યો, ત્યાં તે તા
પુત્રને જોઈ તેને પોતાના નગરમાં લાવ્યો છે, અને તે
પોતાની પ્રિયા પુષ્પમાળાને સોંપ્યો છે. તે તેને પોતા
પુત્રની માફક ઉછેરે છે. તે સર્વ રીતે સુખી છે, તું તે
ચિંતા કરીશ નહીં. હવે પ્રસન્ન થઇને મારો અંગીકાર કર
વિદ્યાધરનાં આવાં વચન સાંભળી તે સતી ચિંતામાં પડી—અરે
હવે શું કરવું? મારે શીળની રક્ષા શી રીતે કરવી? આ પ્રમા
ચિંતા કરતાં તેણીને પોતાના બચાવનો ઉપાય સ્ફુરી આવ્યો

ણીએ વિદ્યાધરને કહ્યું, "હે ખેચર, તમે મને પહેલા નંદીશ્વર દ્વીપમાં લઈ જાઓ. ત્યાં સર્વ દેવને નમસ્કાર કર્યા પછી જેમ તું કહીશ, તેમ હું કરીશ." તે સાંભળી પ્રસન્ન થયેલો વિદ્યાધર એક ક્ષણવારમાં તેણીને નંદીશ્વર દ્વીપમાં લઇ ગયો. ત્યાં તેઓએ પ્રત્યેક જિનેશ્વરોને વંદના કરી, પછી તેઓ મણિચૂડ મુનીશ્વર પાસે આવ્યા, ત્યાં તેમને વંદના કરી તેઓ ધર્મ સાંભળવા બેઠા. તે વખતે મણિચૂડમુનિ પોતાના જ્ઞાનથી જાણી ગયા કે, આ પુત્ર આ પવિત્ર સતીની સાથે અકાર્ય કરવા ધારે છે. તેથી તેમણે પુત્રને અસર થાય તેવી રીતે ઉપદેશ આપ્યો, જે સાંભળી મણિપ્રભના હૃદય ઉપર સારી અસર થઈ ગઇ. પછી તે ઉભો થઇ મદનરેખાને કહેવા લાગ્યો: કે, સતી, હવેથી તું મારી બ્હેન છે. કહે તારો શો ઉપકાર કરૂં? સતીએ સવિનય જણાવ્યું, ભાઇ, તેં મને આ તીર્થવંદન કરાવ્યું. તે મારો મોટો ઉપકાર કર્યો છે; માટે તું મારો ભાઇ છું. પછી સતીએ પોતાના પુત્રનું વૃત્તાંત જાણવાને મુનિને વિનંતિ કરી, મુનિએ કહ્યું, સતી, પૂર્વે પરસ્પર પ્રીતિવાળા બે રાજપુત્રો હતા. તેઓ પુણ્યના પ્રભાવથી દેવતા થયા હતા. તે માંહેલો એક ત્યાંથી ચ્યવીને પદ્મરથ રાજા થયો અને બીજો તારો પુત્ર થયો. રાજા પદ્મરથને તેનો અશ્વ જંગલમાં ખેંચી ગયો ત્યાં તેણે તારા પુત્રને જોયો. તેને લઈ પોતાની રાણી પુષ્પમાળાને સોંપ્યો છે, રાજા પદ્મરથ પૂર્વભવના સંબંધને લઇને તેની ઉપર ઘણો સ્નેહ રાખે છે અને તે હાલ સુખી છે.

આ પ્રમાણે મુનિવર મણિચૂડ વાર્તા કરતા હતા, ત્યાં આકાશમાંથી એક તેજસ્વી વિમાન ઉતર્યું, તેમાંથી એક દિવ્ય સ્વરૂપવાળો દેવ ઉતરી મદનરેખાની પાસે આવ્યો અને તેને ત્રણ પ્રદક્ષિણા કરી ચરણમાં નમ્યો. તે પછી મુનીશ્વરને નમસ્કાર

કરી ધર્મ સાંભળવા બેઠા. આ દેખાવ જોઈ વિદ્યાધર મણિપ્રભ આશ્ચર્ય પામી બોલ્યો—"દેવતાઓ પણ અનીતિને માર્ગે ચાલે છે, ત્યારે અમારો શો દોષ? આ દેવે આ જ્ઞાનધારી મુનિને મુકી આ સ્ત્રીને પેહેલી વંદના કેમ કરી?" તે વખતે જ્ઞાની મુનિ બોલ્યા—અરે વિદ્યાધર! તું એમ બોલ નહીં. આ દેવ નિર્દોષ છે. આ મદનરેખાના સ્વામી યુગબાહુને તેના ભાઈ મણિરથે માર્યો હતો. યુગબાહુનાં મરણ વખતે આ સતી સ્ત્રીએ પોતાના પતિને ધર્મની આરાધના કરવાનો ઉત્તમ બોધ આપી તેને શુભ ધ્યાન કરાવ્યું હતું. તે ધ્યાનના પ્રભાવથી યુગબાહુ મૃત્યુ પામીને પાંચમે દેવલોકે ગયો છે અને ત્યાં તે ઇંદ્રનો સામાનિક દેવતા થયો છે, તે અવધિજ્ઞાને કરી મદનરેખાને પોતાની ગુરૂ તરીકે ઓળખી અહિં આવ્યો છે, અને તેથી તેણે પોતાની ઉપકારિણી સતીને પહેલો નમસ્કાર કર્યો છે. સતી મદનરેખાએ એને ધર્મ પમાડ્યો. માટે તે તેની ધર્માચાર્યા થઇ, તેથી તે તેને સર્વ રીતે વંદન કરવા યોગ્ય છે. મુનિનાં આવાં વચન સાંભળી, તે બુદ્ધિમાન્ વિદ્યાધરે દેવતાની ક્ષમા માગી, પેલા દેવતાએ સતીને પુછ્યું, કે, 'હું તારૂં શું પ્રિય કરૂં?' સતીએ નમ્રતાથી જણાવ્યું કે, દેવ, મને તો જન્મ, જરા, મૃત્યુ, રોગને શોકથી રહિત એવું મોક્ષસુખ પ્રિય છે, પણ તમે તે આપવાને સમર્થ નથી. તથાપિ મને મિથિલા નગરીમાં લઈ આવો ત્યાં હું મારા પુત્રનું મુખ જોઇ સંયમધર્મ અંગીકાર કરીશ. એ ઉપરથી દેવતા તેને મિથિલા નગરીમાં લઈ ગયો. જે નગરીમાં મલ્લિનાથ પ્રભુના જન્મ, દીક્ષા અને જ્ઞાનના ઉત્સવો થયા હતા. તે નગરીમાં ચૈત્યની અંદર પ્રભુનાં દર્શન કરી તેઓ એક સાધ્વીની પાસે આવ્યા. સતી મદનરેખા સાધ્વીને પ્રણામ કરી આગળ બેઠી એટલે તે સાધ્વીએ તેને ધર્મોપદેશ આપ્યો. તે ધર્મ-

પદેશથી સતીનાં પવિત્ર હૃદયમાં ભારે અસર થઈ આવી. તે વખત દેવતાએ કહ્યું, ભદ્રે, ચાલો હવે તમને રાજપુત્રનાં દર્શન કરાવું. તે સાંભળી જ્ઞાનવતી મદનરેખાએ વિચાર કર્યો કે, "પુત્ર સ્નેહ તે પણ આ સંસારના ભ્રમણનો હેતુ છે, માટે હવે પુત્રના મોહમાં પડવું યોગ્ય નથી"—આવું વિચારી મદન રેખા બોલી—ભદ્ર, હવે મારે મોહકારી પદાર્થનો સંગ કરવો નથી. મારે તો જૈન સાધ્વીઓના ચરણનુંજ શરણ છે. મદન-રેખાનાં આવાં વચન સાંભળી દેવતા તેની રજા લઇ સ્વર્ગે ગયો. પછી મદનરેખાએ તે સાધ્વીની પાસે દીક્ષા લીધી અને તેણીએ સુવ્રતા એવું નામ ધારણ કર્યું.

હવે મદનરેખાના બાળપુત્રને વનમાંથી લઈ જનાર પદ્મરથ રાજાને તે ભાગ્યવાન્ બાળકના પ્રભાવથી તેના રાજ્યવૈભવમાં મોટો વધારો થયો હતો. સર્વ શત્રુઓ તેને નમતા હતા અને ભારતભૂમિમાં તેની કીર્ત્તિ ચંદ્રના જેવી પ્રકાશતી હતી. તે પુત્રનું નામ તેણે નમિ પાડયું હતું. તેને ધર્મની, નીતિની અને કળાની સારી કેળવણી અપાવી ઘણો બાહોશ કર્યો હતો. જ્યારે તે તરૂણ થયો ત્યારે તેણે એક હજાર ને આઠ સુંદર રાજકન્યાઓની સાથે તેને પાણિગ્રહણ કરાવ્યું હતું. પછી રાજા પદ્મરથ પુત્રને રાજ્ય સોંપી જ્ઞાનસાગર સૂરિની પાસે દીક્ષા લઈ તીવ્ર તપસ્યા કરી કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયો હતો.

મણિરથરાજા સર્પ ડશવાથી મૃત્યુ પામ્યા પછી તે રાજ્યના અધિકારીઓએ વિચાર કરી મદનરેખાના પુત્ર ચંદ્રયશાને રાજ્યા-સન ઉપર બેસાર્યો હતો અને ચંદ્રયશા પોતાના પિતાની જેમ ધાર્મિક વૃત્તિનો હોવાથી તે રાજ્યનું નીતિથી સારી રીતે પાળન કરતો હતો.

એક વખતે મિથિલાપતિ નમિરાજાની હસ્તિશાળામાંથી એક હાથી ગાંડો થઈ છુટો થઈ નાઠો, તે વિંધ્યાટવીમાં આવ્યો, ત્યાં સુદર્શનપુરના રાજા ચંદ્રયશાના હાથમાં તે પકડાયો. તેણે તે હાથીને બળથી બંધનમાં નાખી પોતાને નગરે આણ્યો. બાતમીદારોએ આ ખબર નમિરાજાને આપ્યા એટલે તેણે એક દૂત મોકલી ચંદ્રયશાને કહેવરાવ્યું કે, "તે હાથી પાછો આપો નહીં તો યુદ્ધ થશે." દૂતનાં એવાં વચન સાંભળી ચંદ્રયશાને ક્રોધ ચડ્યો અને તેણે દૂતને અપમાન કરી કાઢી મુકયો. દૂતે તે બધી વાત નમિરાજાને કહી એટલે તે નમિરાજા ભયંકર કોપ કરી ચંદ્રયશા ઉપર ચડી આવ્યો.

સતી મદનરેખા કે જે સુવ્રતા સાધ્વી થઈ વિશ્વમાં વિચરતાં હતાં, તેના જાણવામાં આવ્યું કે, "પોતાના પૂર્વના સંસારના બન્ને પુત્રો પરસ્પર યુદ્ધ કરવા તૈયાર થયા છે. તે બન્ને સહોદર બંધુ છે, તેમના કલહમાં હજારો જીવોનો ઘાત થઈ જશે, માટે તે અટકાવવાનો કાંઈ ઉપાય કરવો જોઈએ." આવું વિચારી તે સતી પોતાના ગુરૂણીજીની આજ્ઞા લઈ સાધ્વીઓના પરિવાર સાથે જ્યાં પોતાના પુત્રો યુદ્ધની તૈયારી કરતા હતા, ત્યાં આવી, પ્રથમ તેણી નમિરાજા પાસે આવી અને તેણીએ મધુર અને સત્ય વચનોથી તેને ઉપદેશ આપ્યો, કે, જે ઉપદેશે નમિના નિર્મળ હૃદયમાં સારી અસર કરી. પછી સાધ્વીએ તેને એકાંતમાં જઈ કહ્યુ કે, "રાજા, જેની સામે તું યુદ્ધ કરવા આવ્યો છું, તે તારો મોટો ભાઈ છે." નમિ વિચારમાં પડી ગયો અને તેણે સાધ્વીને પુછ્યું, સાધ્વીજી, ચંદ્રયશા મારો ભાઈ શી રીતે થાય? પછી સાધ્વીએ તેનો સંબંધ કહી સંભળાવ્યો. હૃદયમાં ચકિત થઈ ગયેલા નમિને તે વાત ઉપર વિશ્વાસ આવ્યો નહીં, પછી તેણે પોતાની માતા પુષ્પમાળાને

પુછાવ્યું, ત્યારે તેણીએ પણ કહ્યું કે, એ સત્ય વાત છે. તું સાધ્વીનો પુત્ર છું. એમ કહી તેણીએ નમિને મુદ્રાસહિત રત્નકંબળ બતાવી. આવી સાબીતી આપવાથી નિશ્ચય થયો છતાં તે દુરાગ્રહી નમિ પોતાના માનની ખાતર યુદ્ધથી વિરામ પામ્યો નહીં, એટલે સતી સુવ્રતા ચંદ્રયશાની પાસે ગઇ ને ત્યાં એને પણ તેણીએ ધર્મોપદેશ આપ્યો. ચંદ્રયશાએ ઇંતેજારીથી પુછયું કે, સાધ્વી. તમે આવા યુદ્ધના પ્રસંગે કેમ આવ્યા? એટલે સતીએ તેના બીજા ભાઇનો બધો વૃત્તાંત કહ્યો. તે ઉપરથી ચંદ્રયશાએ પુછયું, "તે મારો ભાઇ કયાં છે?" સાધ્વીએ કહ્યું. "આ તારા નગરને વીંટાઇને પડયો છે, તેજ તારો એ ભાઇ." આવી ખબર જાણીને ચંદ્રયશા તો તત્કાળ ભાઇને મળવા ચાલ્યો. ભાઇ મળવા આવે છે, એમ જાણી નમિરાજા પણ સંગ્રામ તજી દઇને સન્મુખ આવી પોતાના જ્યેષ્ઠ ભ્રાતાના ચરણમાં પડયો; એટલે મોટો ભાઈ તેને ઉભો કરી હૃદયથી ભેટી પડયો. બન્ને ભાઇઓના નેત્રમાંથી હર્ષના આંસુની ધારા ચાલી.

આમ બન્ને ભાઇઓ હર્ષનર્દિત મળ્યા પછી ચંદ્રયશાએ મહાન્ ઉત્સવ સાથે તેને પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો. બન્ને એ પોતાની પૂર્વ જનની સાધ્વીને પ્રેમથી વંદન કર્યું. પછી ચંદ્રયશાએ આનંદ કરી પોતાના બંધુ નમિને પોતાનું રાજ્ય આપી દીક્ષા લીધી.

સાધ્વીપુત્ર નમિ ન્યાયથી રાજ્યનું પાળન કરવા લાગ્યો. રાજ્ય કરતાં છ માસ થયા, તેવામાં તેના શરીરમાં અકસ્માત્ દાહજ્વર ઉત્પન્ન થયો. વૈદ્યોએ ઘણા ઉપચાર કર્યાં પણ તેમાં કાંઇ પણ ફેર પડયો નહીં. એવામાં દાહજ્વરની શાંતિ માટે

તેની રાણીઓ ચંદન ઘસતી હતી, તે વખતે તેમના કંકણના ઝણકારના શબ્દથી નમિને અતિ વેદના થવા લાગી. ત્યારે રાજાએ કહ્યું, "આ કાનને કઠોર લાગે તેવો દારૂણ શબ્દ શેનો સંભળાય છે?"

સેવકોએ ચંદન ઘસાવાની વાત કરી. પછી રાજાએ કહ્યું, "તેમના હાથમાંથી એક એક કંકણ ઉતરાવી નાખો." એમ કર્યું એટલે રાજાને શાન્તિ વળી એમ કરતાં તેણે તેમના બધા કંકણ ઉતરાવી નાખ્યાં ફક્ત સૌભાગ્યને માટે એક એક કંકણ રહેવા દીધું. એટલે અવાજ થતો બંધ રહ્યો; એટલે રાજાએ પુછાવ્યું કે, "હવે રાણીઓ ચંદન ઘસે છે કે નહીં?" મંત્રીએ તે વાત જણાવી. તે ઉપરથી નમિએ વિચાર્યું કે "અહો! આ સંસારમાં જેમ ઓછો પરિગ્રહ હોય તેમ શાંતિ મળે છે સંક્ષેપ એજ સુખનું કારણ છે. વળી બે હોય ત્યાં ખટખટાટ થાય છે અને એકાકીપણામાં આનંદ રહે છે." આવો વિચાર કરતાં તેના હૃદયમાં વૈરાગ્યભાવ ઉત્પન્ન થઇ આવ્યો. તેણે નિશ્ચય કર્યો કે, "જો આ મારો દાહજ્વર તદ્દન શાંત થશે તો હું ચારિત્ર અંગીકાર કરીશ." આમ વિચારી જેવો તે સુઇ ગયો તેવામાં તેનો દાહજ્વર શાંત થઇ ગયો. તેણે સ્વપ્નામાં ઐરાવણ હાથી અને મેરૂ પર્વત જોયો. જે સ્વપ્નાએ તેના રોગનો અભાવ સૂચવ્યો હતો. પ્રાતઃકાળે જાગૃત થયેલા નમિરાજાને જાતિસ્મરણ જ્ઞાન થઇ આવ્યું. "મેં પૂર્વે ચારિત્ર પાળ્યું હતું, ત્યાંથી મૃત્યુ પામી હું પ્રાણત દેવલોકમાં દેવતા થયો હતો." આમ જાતિસ્મરણ થવાથી તેણે પોતાના પુત્રને રાજ્ય આપી દીક્ષાગ્રહણ કરી હતી. નમિ રાજર્ષિની પરીક્ષા કરવાને ઇંદ્ર બ્રાહ્મણને રૂપે આવ્યો હતો, અને તેને ચળાયમાન કરવાને કેટલાએક પ્રશ્નો પુછ્યાં હતાં, તથાપિ

એ સતીપુત્ર ચળાયમાન થયો ન હતો. અને છેવટે ઇંદ્ર તેને ધન્યવાદ આપી ચાલ્યો ગયો. પવિત્ર સંયમને ધારણ કરનાર નમિમહર્ષિ અંતે કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયા હતા.

"પોતાના બન્ને પુત્રો ચારિત્ર લઇ સન્માર્ગે પ્રવર્ત્યા છે," એ વાર્ત્તા સાંભળી સતી મદનરેખા સાધ્વીને હૃદયમાં ઘણો આનંદ થયો હતો. તેણીએ પોતાના જીવનમાં સ્ત્રી કેળવણીનો સારો ચળકાટ બતાવ્યો હતો. પોતાનો જેઠ મણિરથરાજા અને વિદ્યાધર તેની ઉપર કુબુદ્ધિ કરી આવ્યા હતા, તોપણ તે સતી પોતાના શીળનું રક્ષણ કરી શકી હતી. પોતાના પતિ યુગબાહુનો અવસાન કાળ જાણી તેણીએ દઢતા રાખી તેને ધર્મનો બોધ આપ્યો હતો. એ કેળવણીનોજ પ્રભાવ હતો. દરેક જૈન બાળાઓએ આ સતીના જીવનમાંથી શીળના સંરક્ષણની અને આપત્તિ વખતે ધૈર્ય રાખવાની ઉત્તમ શિક્ષા શીખવાની છે. મરણની પથારીએ પડેલા પતિ વા પુત્રને ધાર્મિક બોધ આપવાનું અથવા પંચપરમેષ્ટીના મહામંત્રનું સ્મરણ કરાવવાનું ખરૂં કર્ત્તવ્ય ભુલી જઇ મોટે સાદે રૂદન કરનારી, બેઅદબી રીતે માથું અને છાતી કુટનારી અબળાઓએ આ વાત સર્વદા લક્ષમાં રાખવાની છે. આ મહાસતી અનુક્રમે ચારિત્ર પાળી સદ્ગતિને પ્રાપ્ત થયાં હતાં.





દમયંતી.

આ પતિભક્તા અને પવિત્ર સ્ત્રી કોશલ દેશના ધર્મવીર રાજા નળની સ્ત્રી થાય છે, અને તે વિદર્ભ દેશમાં આવેલા કુંડિનપુરના ભીમક રાજાની પુત્રી થાય છે. ભીમક રાજાની પત્ની પુષ્પવતીના ઉદરમાંથી તેણીનો જન્મ થયો હતો. જ્યારે તે ગર્ભમાં હતી ત્યારે તેની માતા પુષ્પવતીને સારાં સ્વપ્નો દેખાયાં હતાં. તેણીને જન્મથીજ કોઇ પૂર્વના શુભ કર્મના ઉદયને લઇ લલાટ ઉપર સૂર્યના જેવું તિલક હતું. રાજા ભીમકને તે તિલકવની પુત્રીને જોઇ ઘણો હર્ષ થયો હતો અને તેનું નામ **દમયંતી** પાડ્યું હતું. માતા પુષ્પવતીએ પુત્રીની બુદ્ધિનું ચાતુર્ય જોઈ તેને સારી કેળવણી આપી હતી. ધર્મશાસ્ત્ર અને વ્યવહારશાસ્ત્રમાં તે ઘણી પ્રવીણ થઇ હતી. વિવેક, વિનય, નમ્રતા અને સુશીલ વગેરે ઉત્તમ ગુણોએ તેણીનામાં આવી વાસ કર્યો હતો. જેવું તેણીએ શિક્ષણ લીધું હતું, તેવુંજ તે વર્ત્તન કરતી હતી.

દમયંતી જ્યારે સાત વર્ષની થઇ ત્યારે શ્રાવિકાને કરવા યોગ્ય એવી આવશ્યક ક્રિયા કરતા શીખી ગઇ હતી અને હમેશાં તે એક નિષ્ઠાથી કરતી હતી. એક વખતે નિર્વૃતી દેવીએ શ્રી શાંતિનાથ ભગવાનની સુવર્ણપ્રતિમા દમયંતીને આપી કહ્યું

હતું કે, "રાજપુત્રી, કલ્યાણને કરનારી આ પ્રતિમાનું તારે હમેશાં પૂજન કરવું. એનાથી તારો આ લોક તથા પરલોકમાં ઉદય થશે." એ ઉપરથી દમયંતીએ એ પ્રતિમા લઈ ઘર દેરાસરમાં રાખી હતી અને તે રાજબાળા હમેશાં તેની ત્રિકાળ પૂજા કરતી હતી. સતી દમયંતી જ્યારે યૌવન વયને પ્રાપ્ત થઈ, ત્યારે તેના માતાપિતાને તેણીને યોગ્ય પતિ શોધી કાઢવાની ચિંતા થઈ. તેની માતા પુષ્પવતીએ પોતાના પતિ ભીમકને કહ્યું કે, "સ્વામી, હવે દમયંતી લાયક થઈ છે, માટે તેણીના રૂપ ગુણને યોગ્ય એવો કોઈ રાજકુમાર શોધી કાઢો. આ સુંદર પુત્રી કેળવણી પામેલી છે અને જૈનધર્મના સદાચારને જાણનારી છે, માટે તેણીને કોઈ યોગ્ય વરને આપજો. નિર્ગુણ, મૂર્ખ અને દુરાચારી પતિને આપશો નહીં. જેવા તેવા પતિની સાથે આવી સદ્ગુણી પુત્રીનો વિવાહ કરશો તો તેણીનું બધું જીવન નિષ્ફળ જશે." પુષ્પવતીનાં આવાં વચન સાંભળી રાજા બોલ્યો—પ્રિયા, તમારૂં કહેવું યોગ્ય છે. સદ્ગુણી સુતાને જ્યાં ત્યાં ફેંકી દેવી એ તેની હત્યા કરવા બરાબર છે. આજકાલ ભારતવર્ષ ઉપર તેને યોગ્ય એવો કોઈ કુમાર દૃષ્ટિએ પડતો નથી. કદિ કોઈ હશે તો તે જાણવામાં આવતો નથી, માટે આપણી વિદ્વાન્ પુત્રીનો સ્વયંવર કરવો મને યોગ્ય લાગે છે. કારણકે, એ સદ્બુદ્ધિવાળી અને સારા નરસા ગુણની પરીક્ષક છે, માટે તે પોતેજ પોતાને યોગ્ય એવા પતિને શોધી લે.

ભીમક રાજાના આ વચનને પુષ્પવતીએ અનુમોદન આપ્યું, પછી રાજાએ સ્વયંવરનો મોટો મંડપ રચવાની આજ્ઞા કરી અને ભારતના રાજપુત્રોને આમંત્રણ કર્યું.

આ વખતે કોશલ દેશમાં નિષધ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને લાવણ્યસુંદરી નામે સ્ત્રી હતી. તેને નળ

અને કુબેર નામે બે પુત્રો થયા હતા. તેમાં નળ મ્હે
તેજસ્વી અને પરાક્રમી હતો. એ સમયે ભીમક રાજાના દૂ
વિજ્ઞપ્તિ કરવાથી નિષધ રાજા પોતાના બે પુત્ર નળ અને કુબે
રને લઈ સ્વયંવર ઉપર આવી પહોંચ્યો. બીજા પણ અને
રાજાઓ તે સ્વયંવર મંડપમાં આવી હાજર થયા. ભીમક રાજાએ
સર્વ રાજાઓને સામા જઈ તેડી લાવી આસન વિગેરેથી તેમને
સત્કાર કર્યો. જ્યારે સ્વયંવરનો દિવસ આવ્યો એટલે પ્રભાતે
સર્વ રાજાઓ ઉંચા પોશાકો પહેરી સ્વયંવર મંડપમાં દાખલ થયા
અને પોતપોતાને યોગ્ય એવા સુંદર આસનો ઉપર આવીને બેઠા
જ્યારે સર્વ સમાજ ભરાઈ ગયો એટલે રાજાની આજ્ઞાથી રાજકુ
મારી દમયંતી સુખાસનપર બેસી પોતાની સખીઓની સાથે
મંડપમાં આવી. તે વખતે રાજબાળાએ ઉત્તમ અલંકારો ધારણ
કર્યા હતા. તેણીના લલાટ ઉપર સૂર્યના જેવું તેજસ્વી તિલક
ચળકતું હતું રાજબાળા રાજાઓના સમાજમાં ફરવા લાગી,
પ્રતિહારિણીએ પ્રત્યેક રાજાઓને તેમના દેશ, વંશ અને ગુણોનું
વ્યાન કરી ઓળખાવવા માંડ્યા. જ્યારે તેણી નિષધ પુત્ર નળ
રાજાની પાસે આવી ત્યારે પ્રતિહારિણીએ તેના ઉત્તમ ગુણોનું
વર્ણન કરી બતાવ્યું જે સાંભળી તેણીના હૃદયમાં અતિશય આનંદ
થઈ આવ્યો અને તરતજ તેણીએ રાજકુમાર નળના કંઠમાં વર
માળા આરોપણ કરી. દમયંતી નળને વરી, એટલે જયજયકાર
થઈ ગયો. પછી નિષધ રાજાએ અને ભીમક રાજાએ તેમનો
વિવાહ કર્યો.

વિવાહ થયા પછી દમયંતીને સાસરે વળાવતાં તેની માતા
પુષ્પવતીએ બહુ સારો બોધ આપ્યો હતો. જે બોધ વાંચવાથી
તે વખતે કુલીન કાંતાઓને કેવી ઉંચી કેળવણી આપતી તેનો
[illegible] વાચકોના હૃદયમાં ખ્યાલ થાય છે. માતા પુષ્પવતીએ

પોતાની પુત્રીને અમૂલ્ય બોધ આપ્યો હતો. કે જે દમયંતીના હૃદયમાં કોતરાઈને રહ્યો હતો. તે બધા બોધમાંથી "પુત્રી, તારે પતિને ઘેર જઈ સાસુ, સસરા વિગેરે વડિલ વર્ગનો વિનય કરવો અને પતિને અનુકૂળ વર્તન કરવું." આ મહાવાક્ય દમયંતીએ દેવ મંત્રના જેવું ગણી હૃદય મંદિરમાં સ્થાપી રાખ્યું. નિષધ રાજા દમયંતીને લઈ પોતાની રાજધાની તરફ ચાલ્યા. આગળ જતાં માર્ગને વિષે ઘણું અંધકાર થઈ ગયું, એટલે નિષધ રાજાને ત્યાં થોભવું પડ્યું. આ વખતે નિદ્રાવશ થયેલી પોતાની પ્રિયાને નળે કહ્યું, પ્રિયે, નિદ્રાનો ત્યાગ કરી તારા તિલકને પ્રગટ કર. કે જેથી આ અંધકાર નાશ પામે અને પ્રકાશ થઈ જાય. પતિની આજ્ઞાને અનુસરી દમયંતીએ પોતાના લલાટના તિલકને પ્રગટ કર્યું એટલે સૂર્યસમાન તેજથી સર્વ સ્થળ પ્રકાશમય થઈ રહ્યું; ત્યાં કાયોત્સર્ગે રહેલા એક મુનિ તેમના જોવામાં આવ્યા. મુનિના શરીરની સાથે એક હાથી પોતાના શરીરને ઘસતો હતો, તોપણ તે મુનિ પોતાના ધ્યાનમાં અચળ ઉભા હતા. તે જોઈ રાજા નિષધ, નળ અને દમયંતી વિગેરે આશ્ચર્ય પામી તેમની પાસે ગયા. મુનિને વંદના કરી આજ્ઞા લેઈ પછી મુનિએ ધ્યાનમુક્ત થઈ તેમને ધર્મ ઉપદેશ આપ્યો. ઉપદેશ તમામ થઈ રહ્યા પછી નળકુમારે વિનયથી પુછ્યું કે, "આ રાજપુત્રીના લલાટ ઉપર જન્મથી આવું પ્રકાશમાન તિલક શાથી હશે?" મુનિવર બોલ્યા—રાજપુત્ર, આ બાળાએ પૂર્વભવને વિષે ચોવીસ જિનેશ્વર દેવ ચોવીસ આંબેલ કર્યા હતાં. અને તે તપના ઉદ્યાપનમાં ચોવીસ પ્રભુઓને અર્પવા ચોવીસ તિલક કર્યાં હતાં, તે પુણ્યના પ્રભાવથી તેઓના લલાટમાં આ સૂર્યસમાન તેજસ્વી તિલક થયેલું છે. વળી આ રાજબાળા આગળ જતાં દુઃખનું પાત્ર થશે, અને ગતીવર મોજન કરશે. મુનિના મુખથી આવાં વચન

સાંભળી તેમણે આંબીલ તપની પ્રશંસા કરી તે તપ કરવાનો નિશ્ચય કર્યો. નિષધ રાજા પુત્ર અને પુત્રવધૂને લઈ પોતાની રાજધાનીમાં આવ્યો. ત્યાં તેણે મોટા ઉત્સવથી નગર પ્રવેશ કર્યો હતો.

જ્યારે નળકુમાર યોગ્ય થયો એટલે ધર્મિષ્ઠ નિષધ રાજા નળને કોશલ દેશનું રાજ્ય સોંપી અને કૂબરને યુવરાજ પદે સ્થાપી સંયમ લઈ ચાલી નીકળ્યો હતો. અને ચારિત્ર ધર્મ પાળી તે સ્વર્ગે ગયો હતો.

ધાર્મિક અને સાંસારિક કેળવણી પામેલો નળ રાજા નીતિથી પ્રજા પાળન કરતો હતો. તેણે ચિરકાળ રાજ્ય કરી પોતાના બાહુબળથી ઘણા દેશોને સાધ્યા હતા. એક વખતે નળનું રાજ્ય વૃદ્ધિ પામેલું જાણી તેના અનુજ ભાઈ કૂબરને કપટથી તેનું રાજ્ય લેવાનું મન થયું. નળ નિર્મળ હૃદયનો હતો તેથી ભાઈના કપટને સમજી શક્યો નહીં અને તેથી કપટી કૂબરે નળની સાથે જુગાર રમવાનો ઠરાવ કર્યો અને તે વાત નળે માન્ય કરી. સાંસારિક કેળવણી પામેલી દમયંતી જુગારને દુર્વ્યસન જાણતી હતી, તેથી તેણીએ અને બીજા નળના હિતકારી મંત્રીઓએ વાર્યા છતાં પણ ભવિતવ્યતાને આધીન થયેલા નળ રાજાએ કૂબરની સાથે જુગાર રમવા માંડયો. આખરે તે પોતાનું બધું રાજ્ય જુગારમાં હારી બેઠો. જ્યારે નળ સર્વસ્વ હાર્યો ત્યારે કપટી કૂબરે કહ્યું કે, ભાઈ, હવે તું મારો દેશ તજી ચાલ્યો જા. કારણકે, પારકું ધન કે ભૂમિ ભોગવવાથી પ્રાણી નરકે જાય છે.

ન્યાયી અને ધર્મિષ્ટ નળ રાજા પોતાના ભાઈ કૂબરને રાજ્ય સોંપી વનમાં જવા તૈયાર થયો, તે વખતે સતી દમયંતી તેની સાથે આવવા તત્પર થઈ. નળે પ્રિયાને સમજાવી કહ્યું કે, "તમે

નહિ દીયરના તાબામાં રહો. તમારાથી વનવાસનાં કષ્ટ ભોગવાશે નહીં. દમયંતી ગ્લાનિ પામીને બોલી—"પ્રાણનાથ, આ શું બોલો છો? હું આપની અર્ધાંગના દાસી છું. આપ વનમાં દુઃખ ભોગવો અને હું મહેલમાં મોજ કરૂં, એ કેમ બને? પતિપ્રાણા પત્નીએ પોતાના પતિને સુખમાં અને દુઃખમા અનુસરવું જોઈએ. શરીર અને છાયાનો જેવો સંબંધ છે, તેવો પત્ની અને પતિનો સંબંધ છે. છાયા શરીરથી જુદી પડી શકતી નથી. તેમ આ દાસી તમારાથી જુદી પડી શકશે નહીં. 'દમયંતી રાજમહેલમાં રહી અને નળરાજા વનમાં ગયા.' આવાં વિપરીત કલંકને આ કુલીન રાજકન્યા કેમ ધારણ કરે? જ્યારે હું તમારાથી જુદી રહું તો મારા માતાપિતાને અપવાદ લાગે. સ્વામી, હું ભીમક જેવા ધર્મિષ્ઠ પિતા અને પુષ્પવતી જેવી કેળવાયેલી માતાની પુત્રી છું, માટે આપના વિના મારાથી એકલા રાજમહેલમાં રહી શકાશે નહીં. દમયંતીના આવા આગ્રહથી નળરાજાએ તેને સાથે લીધી હતી. બન્ને ધર્મી રાજદંપતી રાજધાનીને છોડી વનમાં ચાલી નીકળ્યાં. અને કપટી કુબેર રાજ્યનો સ્વામી થયો. મહાનુભાવ નળરાજા ભયંકર અરણ્યમાં પોતાની પ્રિયાની સાથે ચાલતો હતો. તેના પગમાં કાંટાઓ પેસી જતા, તેથી તેને ભારે વેદના થતી હતી. કોમળ ચરણમાં ખોસાતા કાંટા. તે પણ બન્ને સ્ત્રી પુરૂષ સહન કરતાં હતાં. જ્યારે તે માર્ગે શ્રમિત થઈ જતો ત્યારે દમયંતી કોઈ વૃક્ષની શીતળ છાયામાં પતિના ચરણ ચાંપતી અને પવન નાખતી હતી. નળ પણ પોતાની પ્રિયા તૃષિત થતી ત્યારે જળ લાવી આપતો અને ક્ષુધા લાગે ત્યારે ફળફૂલ લાવી તેને સંતોષ આપતો હતો. એમ કરતાં કરતાં ચાલતાં [illegible] ત્યારે તે દંપતી કોઈ જલાશયના [illegible] નહિ નિર્જન [illegible]

આ પ્રમાણે તેમણે ભયંકર જંગલમાં કેટલાએક દિવસો નિર્ગમન કર્યા હતાં.

એક વખતે દમયંતી સરોવરના જળથી પોતાના પ્રિય પતિના ચરણનું પ્રક્ષાલન કરતી હતી, તે વખતે તે સતીની-સ્વામિભક્તિ જોઇ નળરાજા મનમાં પ્રસન્ન થઈ વિચારવા લાગ્યો કે, અહા! કેવી પતિભક્તિ! કોશલ દેશની મહારાણી અને વિદર્ભ દેશની રાજકુમારી આવા ઘોર જંગલમાં મારી સાથે ભટકે છે અને મહા કષ્ટ વેઠે છે, તે હું કઠોર પુરૂષ નજરે જોઉં છું. અહો! ક્યાં આ પ્રવાળાના જેવી કોમળ પ્રિયા! અને ક્યાં આ વિકટ માર્ગ! ક્યાં મારૂં સમૃદ્ધિવાન્ રાજ્ય! અને ક્યાં આ દુઃખદાયક વનવાસ! પછી નળરાજાએ વિશ્રામ લેવા માટે કોઇ સુંદર શિલાતળ ઉપર કેળના પત્રોની શય્યા રચી પછી બન્ને દંપતી તે ઉપર પંચપરમેષ્ટીનું સ્મરણ કરી સુઈ ગયાં. દમયંતી નિદ્રાવશ થઈ ગઈ અને નળને દુઃખના વિચારમાંજ નિદ્રા આવી નહીં.

ભવિતવ્યતા બળવાન્ છે. અને કર્મની શક્તિ અનિવાર્ય છે. વિચક્ષણ અને પ્રિયાના પ્રેમને જાણનારા નળરાજાના હૃદયમાં આ પ્રમાણે વિચાર થયો. "અહા! આ પ્રિયા બીચારી મારી પરમભક્ત છે, પણ તેણીને મારી સાથે વનવાસનું દુઃખ ભોગવવું પડે છે. અને મારે પણ તેની સાથે રહી વધારે દુઃખ ભોગવવું પડે છે, એક તો વનવાસ, તેમાં વળી દરિદ્રતા અને તેમાં પણ આ પ્રિયા સાથે છે, તે પગબંધન છે, માટે એણીને અહિં સુતી મુકી ચાલ્યો જાઉં." અહા! પુરૂષોની કેવી કઠોરતા અને કેવી સ્વાર્થ બુદ્ધિ! દમયંતી જેવી પ્રેમવતી પત્નીને નિર્જન વનમાં મુકી ચાલ્યા જવું, તે કેવું અનુચિત કહેવાય? નળ જેવા ધર્માધર્મી રાજાને તે કામ કલંક આપનારૂં છે. પણ તેમાં નળનો

નળે ધ્યાન દઇ અવલોકન કર્યું, ત્યાં એક સર્પને બળતો જોયો, એટલે ધીર નળરાજા બોલ્યો—અરે નાગ, તેં મારૂં નામ શી રીતે જાણ્યું? અને સર્પ છતાં તું મનુષ્ય વાણી કેમ બોલી શકે છે? સર્પે ઉત્તર આપ્યો, મહારાજા, હું પૂર્વ ભવે મનુષ્ય હતો, તેના સંસ્કારથી હું મનુષ્યવાણી જાણું છું. વળી મને અવધિ જ્ઞાન પણ છે, તેથી આ બધું જગત્ હાથમાં રહેલું હોય, તેમ સ્ફુટ રીતે જોઇ શકું છું. વળી હું તમારો ઉપકાર કરનારો છું. નળ બોલ્યો—"ત્યારે તું આ મારા વસ્ત્રના પલ્લવને અવલંબીને બહાર નીકળ્ય." તે પ્રમાણે કરી સર્પ બહાર નીકળ્યો ને તરતજ તેણે ઉદ્ધાર કરનાર નળરાજાને કરડ્યો. જેથી નળનું રૂપ કુબડું થઇ ગયું. પછી નળ પોતાનું શરીર કુબડું જોઇ વૈરાગ્ય પામી દીક્ષા લેવાને તૈયાર થયો, એટલે પેલો સર્પ દિવ્યરૂપ ધારણ કરી કહેવા લાગ્યો. "હે વત્સ, હું તારો પિતા નિષધ છું. ખેદ કરીશ નહીં. હું દીક્ષાના પ્રભાવથી બ્રહ્મ દેવલોકમાં દેવતા થયો છું. તારૂં દુઃખ જોઇ ઉપકાર કરવાને ત્યાંથી અહીં આવ્યો છું. મેં તને વિરૂપ કરેલો છે, એટલામાટે કે, તું એકલો હોવાથી શત્રુઓ તને ઉપદ્રવ કરે નહીં. તારા પૂર્વભવના કર્મને યોગે તને કેટલોક કાળ આપત્તિ રહેશે, પણ અંતે તને ત્રણ ખંડનું રાજ્ય પ્રાપ્ત થશે. યોગ્ય સમય આવશે ત્યારે તને દીક્ષા લેવાની હું સૂચના કરીશ હમણાં તો તું આ શ્રીફળ અને કંડીઓ લે. તે તું તારી પાસે રાખજે. જ્યારે તને તારૂં મૂળરૂપ પ્રગટ કરવાની ઇચ્છા થાય, ત્યારે આ શ્રીફળમાંથી વસ્ત્ર કાઢીને અને આ કંડીયામાંથી આભૂષણ કાઢીને શરીર ઉપર ધારણ કરજે, એટલે તારૂં મૂળ સ્વરૂપ પ્રગટ થઇ જશે. "આ પ્રમાણે કહી તે દેવતાએ ફરીથી જણાવ્યું કે, વત્સ, તું અહીંથી સુસુમાર નગરમાં જજે. નળે કહ્યું, મહાનુભાવ, એ નગરના રસ્તાની મને ખબર નથી, પછી દેવતાએ

પોતાની દિવ્ય શક્તિથી નળને સુસુમાર નગરના શ્રીમાશ ઉપર મુકી દીધો, અને દેવ પોતાને સ્થાને ચાલ્યો ગયો હતો.

આ વખતે સુસુમાર નગરના રાજા દધિપર્ણનો હાથી બંધન તોડી તોફાન કરતો હતો, લોકો તેનાથી ત્રાસ પામી કોલાહલ કરતા હતા, તે વખતે નળે પોતાના પરાક્રમથી તે હાથીને વશ કરી લીધો હતો. તેથી રાજા દધિપર્ણ તેની ઉપર ખુશી થઈ ગયો હતો અને તેણે કુબડા રૂપવાળા નળને પુછયું કે, તું કોણ છે? તેણે કહ્યું, હું કોશલાનગરીનો રહેવાસી છું. તે નગરના રાજા નળનો હુંડિક નામે રસોયો છું. તે ઉદાર મહારાજાની પ્રીતિને લીધે હું સર્વ કળામાં પ્રવીણ થયો છું. વળી એ નળરાજા સૂર્યની કૃપાથી સૂર્યપાક રસોઈ કરી જાણે છે, તે હું પણ જાણું છું. હમણુ દુર્દૈવને લીધે પોતાના ભાઈ કૂબરની સાથે જુગાર રમવાથી પોતાનું રાજ્ય ખોઈ પ્રિયા દમયંતીને સાથે લઈને એણે વનવાસ અંગીકાર કર્યો છે, એ કોણ જાણે ક્યાંય મૃત્યુ પામ્યા હશે?

રાજા દધિપર્ણ નળના ગુણો સાંભળી તેની ઉપર રાગી બન્યો હતો, તેથી તે નળની આવી વાત સાંભળી ઘણો ખેદાતુર થઇ ગયો હતો. એક વખતે દધિપર્ણ રાજાએ ઘણો આગ્રહ કરી કુબડા-રૂપે રહેલા નળની પાસે સૂર્યપાક રંધાઇ કરાવી. તે રસોઇ જમી દધિપર્ણ તેની ઉપર ઘણો ખુશી થઇ ગયો અને તેને પાંચસો ગામ બક્ષીસ આપ્યાં. પણ તે તેણે લીધાં નહીં. ત્યારે દધિપર્ણે તેને ફરીથી કહ્યું કે, "તને જે પ્રિય હોય તે માગી લે." દયાધર્મી નળ-રાજા બોલ્યો—"રાજન, જો તમે મારી ઉપર પ્રસન્ન થયા હો તો જેટલી પૃથ્વીમાં આપનું રાજ્ય છે, તેટલી પૃથ્વીમા જીવહિંસા, માંસ અને મદિરાનો અટકાવ કરો; કારણકે, એ બહુ પાપનાં મૂળ છે." રાજાએ તે વાત કબુલ કરી અને પોતાના રાજ્યમાં બધા વ્યસનોનો નિષેધ કરાવ્યો. પછી નળરાજા કુબડારૂપે રાજાનો માનીતો રસોઇયો થઈ ત્યાં સુખે રહ્યો હતો.

એક વખતે નળરાજા એક સરોવરને તીરે બેઠો હતો તેવામાં કોઇ દેશાંતરથી આવેલો મુસાફર ગીત ગાતો ગાતો ત્યાં આવી ચડયો. તેણે કુબ્જને કહ્યું, "આ જગત્‌માં અનાર્ય, નિર્લજ, દુર્બુદ્ધિ. અને આત્મઘાતી માણસોની પંક્તિમાં હું નળરાજાને પહેલો મુકું છું," જે કઠોર નળ પોતાની વિશ્વાસુ, પ્રેમવાળી અને સતી સ્ત્રીને વનમાં એકલી સુતી મુકીને જતો રહ્યો છે. કુબડે કહ્યું, ભાઇ, તેં વાત તો સારી કાઢી. ભાઇ, તું ક્યાંથી આવે છે? અને નળરાજાનો વૃત્તાંત ક્યાંથી જાણે છે? તેણે કહ્યું, "હું કુંડિલપુરથી આવું છું અને તે નળની સ્ત્રી દમયંતીની પાસેથી એ વૃત્તાંત મેં સાંભળ્યો છે. કુબડો બોલ્યો—નળે દમયંતીનો ત્યાગ કર્યો—એટલે સુધીની વાત તો મેં સાંભળી છે, પણ નળરાજાએ તેણીને તજી દીધા પછી શું થયું? તે વાતની મને ખબર નથી. મુસાફરે કહ્યું, "નળરાજા દમયંતીને તજીને જતો રહ્યો, તે રાત્રિએ તે નિર્દોષ બાળાએ એવું સ્વપ્ન દીઠું. કે, 'હું આમ્રફળ ખાવાની ઇચ્છાથી તેના વૃક્ષ ઉપર ચડી, પણ એટલામાં તો એક હસ્તીએ આવી તે વૃક્ષ ઉખેડી નાખ્યું, એટલે હું ભૂમિ ઉપર પડી.' આ સ્વપ્ન જોતાંજ તે પ્રભાતે જાગી ગઇ. ત્યાં તેણીએ પોતાના પતિ નળને જોયો નહીં, એટલે તેણીએ ભારે વિલાપ કર્યો હતો. "અરે મારા પ્રિય પતિને કોઇ દેવ કે દાનવ હરી ગયું હશે?" આમ ચિંતા કરતી તે બાળાએ એવું રૂદન કર્યું કે, તેણીને જોઇને પાસે રહેલા પક્ષીઓ પણ રૂદન કરવા લાગ્યા. એમ કરતાં તેણીને મૂર્છા આવી ગઇ, તે થવી વારે વળી. જ્યારે તે રાજરમણી સચેતના થઇ એટલે પોતે જોયેલાં સ્વપ્નાનો અર્થ વિચારવા લાગી— "મેં જે આંબાનું વૃક્ષ જોયું, તે મારા પ્રાણપતિ, ફળ તે રાજ્ય લક્ષ્મી, વૃક્ષને ઉખેડનાર હસ્તી જોયો તે મારો કપટી દીયર કુબર તેણે ફરી મને પછાડી ને એમ સૂચવે છે કે, મને

મારા પતિનો વિયોગ થયો." આવું વિચારી તે જ્ઞાનવતી
સતી પોતાના પૂર્વભવના કર્મનો દોષ કાઢતી હતી, તેવામાં
તેણીએ પોતાના વસ્ત્રના છેડા ઉપર લખેલા અક્ષરો જોયા. તેની
નીચે એમ પણ લખેલું હતું કે, "પ્રિયા, હું તને કોઈ કાર-
ણસર વનમાં એકલી મુકીને જાઉં છું, તેમાં તું મારૂં દૂષણ
ગણીશ નહીં." આ વાક્ય વાંચતાંજ તે પતિવ્રતા સતીએ
વિચાર્યું કે, 'હું હજુ મારા પ્રાણેશના હૃદયમાંજ છું.' કોઇ
કારણે મને અહીં મુકીને તેને જવું પડયું છે. માટે હવે હું
તેણે સૂચવેલ રસ્તે પિતાને ત્યાંજ જાઉં. કારણકે, પતિના
શરણ વગરની સુંદરીને પિતાનું ઘરજ શરણ છે." આવું વિ-
ચારી એ પવિત્ર શ્રાવિકા હૃદયમાં નવકારનુંજ સ્મરણ કરતી કું-
ડિનપુર ભણી ચાલતી થઇ. પવિત્ર સતી દમયંતી એકલી વન-
માં ચાલી જતી હતી. તેણીના સતી ધર્મના પ્રભાવથી તેણીને
કોઇ પણ પ્રાણી અંતરાયરૂપ થઈશક્યું નહતું. પારધિ લોકો
તેને માતા સમાન ગણતા હતા, સર્પો તેને જાંગુલી મંત્રની
વિદ્યા સમાન જાણતા હતા, હાથીઓની નજરે તે સિંહણ જેવી
દેખાતી હતી. સિંહ વિગેરે શીકારી પશુઓ તેને સહાયભૂત
થતા હતા. સતી ધર્મનો પ્રભાવ દિવ્ય છે. એક શીળરૂપ સદ્-
ગુણને ધારણ કરનારી સુંદરીઓ ત્રણે લોકમાં કદિ પણ પરાભ-
વને પામતી નથી. શીળવતીની આગળ કુદરતના બધા સ્થાવર
જંગમ પદાર્થો દાસ થઈને રહે છે.

સતી દમયંતી વનમાં આગળ ચાલી ત્યાં એક મોટો સાથ
તેણીના જોવામાં આવ્યો. થોડીવાર થઇ ત્યાં તો લુંટારાઓનું
મોટું ટોળું તે સાથને લુંટવા આવ્યું. જ્યારે તેઓએ સાથને
અટકાવ્યો ત્યાં સતી દમયંતી તેને નજીક આવી અને તેણીએ
હૃદયમાંથી હુંકારાનો નાદ કર્યો, એટલે લુંટારાઓ સાથને પડતો

એક વખતે નળરાજા એક સરોવરને તીરે બેઠો હતો. તેવામાં કોઈ દેશાંતરથી આવેલો મુસાફર ગીત ગાતો ગાતો ત્યાં આવી ચડયો. તેણે કુબજને કહ્યું, "આ જગત્‌માં અનાર્ય, નિર્લજ દુર્બુદ્ધિ અને અધમમાં અધમ માણસોની પંક્તિમાં હું નળરાજાને પહેલો મુકું છું." જે કઠોર નળ પોતાની વિશ્વાસુ, પ્રેમવાળી અને સતી સ્ત્રીને વનમાં એકલી સુતી મુકીને જતો રહ્યો છે. કુબડે કહ્યું, ભાઈ, તે વાત તો સારી કાઢી. ભાઈ, તું ક્યાંથી આવે છે? અને નળરાજાનો વૃત્તાન્ત કયાંથી જાણે છે? તેણે કહ્યું. "હું કુંડિનપુરથી આવું છું અને તે નળની સ્ત્રી દમયંતીની પાસેથી એ વૃત્તાન્ત મેં સાંભળ્યો છે. કુબડો બોલ્યો—નળે દમયંતીનો ત્યાગ કર્યો એટલે સુધીની વાત તો મેં સાંભળી છે, પણ નળરાજાએ તેણીને તજી દીધા પછી શું થયું? તે વાતની મને ખબર નથી. મુસાફરે કહ્યું, "નળરાજા દમયંતીને તજીને જતો રહ્યો, તે રાત્રિએ તે નિદ્રાવસ્થામાં એવું સ્વપ્ન દીઠું કે, 'હું આમ્રફળ ખાવાની ઇચ્છાથી તેના વૃક્ષ ઉપર ચડી, પણ એટલામાં તો એક હસ્તીએ આવી તે વૃક્ષ ઉખેડી નાખ્યું, એટલે હું ભૂમિ ઉપર પડી.' આ સ્વપ્ન જોતાંજ તે પ્રભાતે જાગી ગઈ. ત્યાં તેણીએ પોતાના પતિ નળને જોયો નહીં, એટલે તેણીએ આરે વિચાર કર્યો હતો. "અરે! મારા ચિત્ત પતિને કોઈ દેવ કે દાનવ હરી ગયું હશે?" આમ ચિંતા કરતી તે આક્રંદ એવું રુદન કર્યું કે, તેણીને જોઈને પાસે રહેલા પક્ષીઓ પણ રુદન કરવા લાગ્યા. એમ કરતાં તેણીને મૂર્છા આવી ગઈ, ને પછી જાગૃત થઈ. [illegible] તે રાજકુમારી [illegible] સ્વપ્નનો અર્થ વિચારવા લાગી— "[illegible] આંબાનું વૃક્ષ [illegible] [illegible] [illegible]

મારા પતિનો વિયોગ થયો." આવું વિચારી તે જ્ઞાનવતી બાળા પોતાના પૂર્વભવના કર્મનો દોષ કાઢતી હતી, તેવામાં તેણીએ પોતાના વસ્ત્રના છેડા ઉપર લખેલા અક્ષરો જોયા. તેની નીચે એમ પણ લખેલું હતું કે. "પ્રિયા, હું તને કોઈ કારણસર વનમાં એકલી મુકીને જાઉં છું, તેમાં તું મારૂં દૂષણ જાણીશ નહીં." આ વાકય વાંચતાંજ તે પતિભક્તા સતીએ વિચાર્યું કે, 'હું હજુ મારા પ્રાણેશના હૃદયમાંજ છું,' કોઇ કારણે મને અહીં મુકીને તેને જવું પડયું છે. માટે હવે હું તેમણે સૂચવેલે રસ્તે પિતાને ત્યાંજ જાઉં, કારણકે, પતિના શરણ વગરની સુંદરીને પિતાનું ઘરજ શરણ છે." આવું વિચારી એ પવિત્ર બાલિકા હૃદયમાં નળનુંજ સ્મરણ કરતી કુંડિનપુર ભણી ચાલતી થઇ. પવિત્ર સતી દમયંતી એકલી વનમાં ચાલી જતી હતી. તેણીના સતી ધર્મના પ્રભાવથી તેણીને કોઇ પણ પ્રાણી અંતરાયરૂપ થઈશકયું નહતું. પારધિ લોકો તેને માતા સમાન ગણતા હતા, સર્પો તેને જાંગુલી મંત્રની વિદ્યા સમાન જાણતા હતા, હાથીઓની નજરે તે સિંહણ જેવી દેખાતી હતી. સિંહ વિગેરે શીકારી પશુઓ તેને સહાયભૂત થતા હતા. સતી ધર્મનો પ્રભાવ દિવ્ય છે. એક શીળરૂપ સદ્ગુણને ધારણ કરનારી સુંદરીઓ ત્રણે લોકમાં કદિ પણ પરાભવને પામતી નથી. શીળવતીની આગળ કુદરતના બધા સ્થાવર જંગમ પદાર્થો દાસ થઇને રહે છે.

સતી દમયંતી વનમાં આગળ ચાલી ત્યાં એક મોટો સાથ તેણીના જોવામાં આવ્યો. થોડીવાર થઇ ત્યાં તો લુંટારાઓનું મોટું ટોળું તે સાથને લુંટવા આવ્યું. જ્યારે તેઓએ સાથને અટકાવ્યો ત્યાં સતી દમયંતી તેને નજીક આવી અને તેણીએ હૃદયમાંથી હુંકારાનો નાદ કર્યો, એટલે લુંટારાઓ સાથને પડતો

મુકી ત્રાસ પામીને નાશી ગયા. 'શીળનો પ્રભાવ કેવો અદ્ભુત છે'? સતીનો ચમત્કાર જોઈ તે સાર્થનો સ્વામી વસંત ચકિત થઈ ગયો, પછી તે પરિવારસહિત તેણીની પાસે આવ્યો, અને તેણીને કુળદેવી તરીકે જાણી વારંવાર નમન કરવા લાગ્યો. સાર્થપતિ બે હાથ જોડી બોલ્યો—કલ્યાણી, આપ કોણ છો આવા નિર્જન વનમાં અમારા પુણ્ય યોગે આપ ક્યાંથી આવી ચડયા? સતીએ ઉત્તર આપ્યો, "સાર્થપતિ, હું વિદેશ ગયેલ નળ રાજાની દાસી છું." તે સાંભળી સાર્થપતિએ તેને આગ્રહ કરી પોતાની બ્હેન ગણી સાથે રાખી હતી. તે સાર્થ આગળ ચાલ્યો ત્યાં વર્ષાઋતુ આવી એટલે ચાર માસ સુધી સાર્થ જઈ શકે તેવું ન હતું. તેને બહુ દિવસ વિલંબ થશે, એમ જાણીને સાર્થપતિને કહ્યા વિનાજ દમયંતી એકલી આગળ ચાલી નીકળી હતી.

તે સિવાય આ પ્રભાવક સતીને એક ભયંકર રાક્ષસ મળ્યો હતો. રાક્ષસ દુષ્ટ બુદ્ધિથી તેણીને વિઘ્ન કરવા આવતો હતો, પણ તે સતીએ તેને કહ્યું કે, "દૂર રહેજે. જો તું મારી ઉપર ધસારો કરીશ તો બળીને ભસ્મ થઈ જઈશ. કારણકે, જૈન ધર્મના પ્રતાપી દેવતા મારી રક્ષા કરે છે." સતીની પવિત્ર વૃત્તિ અને સાહસ જોઈ તે રાક્ષસ નમ્ર થઈ બોલ્યો—સતી, તારી ઉપર હું પ્રસન્ન છું, કહે, તારી શી ઇચ્છા છે? દમયંતી બોલી, "મારા પતિનો મારે ક્યારે મેળાપ થશે?" રાક્ષસે કહ્યું, "બાર વર્ષ પછી તારે તારા પતિનો સમાગમ થશે, અને તું સુખી થઈશ." આ પ્રમાણે કહી તે રાક્ષસ પોતાને સ્થાને ચાલ્યો ગયો. પછી સતીએ તે વખતે અભિગ્રહ કર્યો કે, "જ્યાંસુધી પતિનો મેળાપ થાય નહીં, ત્યાંસુધી મારે તાંબૂળ, રાતું વસ્ત્ર, પુષ્પ, આભૂષણ અને વિલેપન—એ સર્વનો ત્યાગ છે." સતિ દમયંતી,

ધન્ય છે તારી પતિભક્તિને, તારા જેવી પતિવ્રતા સ્ત્રીઓથીજ આ જગત્ શોભિત છે.

સતી દમયંતી ત્યાંથી આગળ ચાલી ત્યાં એક ગુફા આવી. તે ગુફાને જોઈ તેણીએ તેમાં પ્રવેશ કર્યો. ત્યાં શાંતિથી બેઠી સતીએ મૃત્તિકા વડે એક શાંતિનાથની સુંદર પ્રતિમા બનાવી અને પુષ્પ વગેરેથી તેની પૂજા કરવા માંડી, અને તીવ્ર તપસ્યા કરી પ્રાસુક ફળ વગેરેથી પારણું કરતી તે પવિત્ર રમણી પંચપરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરતી કેટલોક સમય ત્યાં રહી. એવામાં પેલો સાર્થપતિ વસંત અનુક્રમે પ્રયાણ કરતો ત્યાં આવી ચડ્યો. તેણે દમયંતીને જિનપૂજામાં લીન થયેલી દીઠી પૂર્વની ઉપકારી તે સતીને એકાગ્રથી પ્રણામ કરી તેણે પુછયું. "આ કોની પ્રતિમા છે"? સતીએ ઉત્તર આપ્યો. "શ્રી શાંતિનાથ ભગવાનની આ પ્રતિમા છે." તેમનો કોળાહલ સાંભળી 'અહિં કોઈ માણસો છે' એવું ધારી તે વનની આસપાસ રહેનારા કેટલાએક તાપસો ત્યાં આવી એકઠા થયા. સમકિતને ધારણ કરનારી અને ઉંચી કેળવણી પામેલી એ ક્ષત્રિય બાળાએ જૈનધર્મ વિષે એક વ્યાખ્યાન આપ્યું, જે વ્યાખ્યાન સાંભળી સાર્થપતિ વસંત અને બીજા તાપસોના હૃદયમાં સારી અસર થવાથી તેમણે જૈનધર્મનો અંગીકાર કર્યો અને સતી દમયંતીની તેઓ ભારે પ્રશંસા કરવા લાગ્યા. તેવામાં અચાનક વર્ષાદ ચડી આવ્યો અને જોસબંધ વૃષ્ટિ થવા લાગી. વૃષ્ટિના ઉપદ્રવથી બધા સાર્થ, સાર્થપતિ વસંત અને બીજા તાપસો કંટાળી ગયા. તેમને દુઃખી થતાં જોઈ સતી દમયંતીએ પોતાનું સુવર્ણકુંડળ હાથમાં લઈને કહ્યું. "જો હું જૈનધર્મની પાળનારી સતી શ્રાવિકા હોઉં તો જિનશાસનની અધિષ્ઠાયિકા દેવી આ વૃષ્ટિને બંધ કરો." તત્કાળ તે વૃષ્ટિ બંધ થઈ ગઈ અને બધાઓ ક્ષણમાં સ્વસ્થ થઈ ગયા.

તેઓ પરસ્પર વિચાર કરવા લાગ્યા કે, "આ કોઈ સ્ત્રી રૂપે વનદેવી આવી છે ધન્ય છે તેના સતીત્વને." આવું વિચારી તેમણે બોધ પામી જૈનધર્મ સ્વીકાર્યો હતો.

આ સ્થળે સાર્થપતિ વસંતે એક સુંદર નગર વસાવી તેનું નામ તાપસપુર પાડ્યું હતું. તે નવીન નગરમાં શાંતિનાથ ભગવાનનું એક મનોહર મંદિર બંધાવ્યું હતું તે પવિત્ર નગરમાં **વિમળમતી** નામના કુળપતિએ યશોભદ્રસૂરિની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું હતું.

આ અરસામાં કૂબરનો પુત્ર **સિંહકેસરી** ગુરૂ પાસેથી પોતાનું આયુષ્ય કેટલું બાકી છે, એ જાણી દીક્ષા લઇને ગિરિશિખર ઉપર રહ્યો હતો. ત્યાં શુભ ધ્યાન કરતાં તેને કેવળ જ્ઞાન ઉપજ્યું હતું. તે ખબર જાણી સતી દમયંતી, સાર્થપતિ વસંત અને તાપસો તે કેવળીને વંદન કરવા ગયા હતા. ત્યાં કેવળીના મુખથી તેમણે ધર્મોપદેશ સાંભળ્યો હતો. તે પ્રસંગે કેવળી ભગવાને વસંત સાર્થપતિ અને પેલા તાપસોને જણાવ્યું હતું કે, "આ દમયંતી મહાસતી છે અને અર્હંત પ્રભુની પરમ ભક્તા છે." આટલું કહ્યા પછી તે કેવળી ત્યાંજ મુક્તિ પામ્યા હતા.

પછી સિંહકેસરીના ગુરૂ યશોભદ્રસૂરિ કે જે ચારણ મુનિ હતા, તેને દમયંતીએ પોતાના પૂર્વભવનો સંબંધ પુછ્યો, એટલે તે મહાનુભાવે ઉત્તર આપ્યો કે, "એક **મંમણ** નામે રાજા હતો, તેને **વીરમતી** નામે સ્ત્રી હતી. એક વખતે તેઓ પરગામ જતાં હતાં, ત્યાં તેમને એક જૈનમુની સામા મળ્યા. મુનિ સામા મળ્યા એ અપશુકન થયાં, એવું જાણી તેમણે મુનિને બાર ઘડી સુધી ત્યાં રોકાવ્યા. મુનિને ઘણી વાર રોકવાથી કોપ ચડયો. પછી પાછળથી જ્યારે તેમનો કોપ શમ્યો એટલે તેમણે

તેની પાસે જઇને ક્ષમા માગી. મુનિએ તેમને ઉપદેશ આપ્યો.
ઉપદેશ સાંભળી તેમણે જૈનધર્મ અંગીકાર કર્યો અને દયા
ર્મ પાળવા માંડ્યો. મંમણરાજા અનુક્રમે મૃત્યુ પામીને નાગ-
જ થયો અને તેની રાણી જે વીરમતી હતી, તે અષ્ટાપદ પર્વત
ાર યાત્રા કરવા ગઈ હતી. ત્યાં તેણીએ ચોવીશ પ્રભુને ઉદ્દેશી
ચમો આંબેલની તપસ્યા કરી અને સુવર્ણનાં તિલકનાં દાન કરી
તપનું ઉદ્યાપન કર્યું. આથી પણ પુણ્ય ઉપાર્જન કરી મૃત્યુ
મી; તું દમયંતી થઈ છું. તમે પૂર્વે મુનિને બાર ઘડી રોકયા
ા, તેથી તમારા બન્નેની વચ્ચે બાર વર્ષનો વિયોગ રહેશે.
વું સાંભળી સતી દમયંતીએ ત્યાં પ્રભુની પૂજા કરતાં સાત
ર્ષ નિર્ગમન કર્યાં હતાં. એક વખતે સતી દમયંતી પ્રભુની
જા કરી ધ્યાન કરતી હતી, ત્યાં કોઇએ ગુફાના દ્વાર આગળ
ાવી કહ્યું કે' "હે સ્ત્રી, મેં તારા પતિને અહિં પાસેજ જોયો
, હું હવે જલદી જાઉં છું, કારણકે, મારા માટે બધા સાર્થ
ોભશે નહીં." આ સાંભળી પતિપ્રેમી દમયંતી આરંભેલું
ાન છોડી ત્યાંથી ચાલતી થઇ. પતિનાં દર્શનની આકાંક્ષાવાળી
બાજા વનમાં એકલી પડી ગઈ; પણ સતીધર્મના પ્રભા-
વથી તેણીને કોઇ વિઘ્ન કરી શકતું ન હતું. આગળ જતાં
તે એક રાક્ષસી મળી, ને તેણીના શીલના પ્રભાવથી સ્તંભા
ઈ. પછી તેની ક્ષમા માગી ચાલી ગઈ; ત્યાંથી આગળ ચાલતાં
ા મહાસતીને ઘણીજ તૃષા લાગી. તેણીએ ત્યાં તૃષાની પીડાથી
જ પગ પછાડ્યો; ત્યાં તે સ્થળે નદી પ્રગટ થઈ. અહા! શીલનું
માહાત્મ્ય કેવું ચમત્કારી છે? ને સ્થળની આસપાસ રહેનાર
ાપસો તે નદીના જળનું પાન કરવાને આવ્યા અને સતીની
પ્રશંસા કરવા લાગ્યા. એમ કરતાં તેણીને ધનદેવ નામના એક
સાર્થવાહનો સાથ મળ્યો. તેની સાથે સતી અચળપુરમાં આવી.

લઇ તે બોલી—"અરે! મને ધિક્કાર છે કે મેં મારી ભાણેજ
ઓળખી નહીં. પુત્રી, તેં પણ આત્માને ગોપવી રાખી શા મા
મને છેતરી?" આ પ્રમાણે કહી ચંદ્રયશા સતીને પોતાના મહે
લમાં લાવી, ત્યાં સુગંધી જળથી સ્નાન કરાવી અને રેશમી વ
પહેરાવી તેણીને પોતાની પાસે બેસાડી. પછી તેણીના માસ
ઋતુપર્ણે અને ચંદ્રયશાએ તેણીને બધો વૃત્તાંત પુછ્યો, જે તેણીએ
વિસ્તારથી કહી સંભળાવ્યો; અને જે કહેતાં કહેતાં તેણીના
નેત્રમાંથી પતિ પ્રેમને સૂચવતી આંસુની ધારા છુટી હતી. તેણીના
મુખ ઉપરથી આંસુ લુછતાં લુછતાં રાજાએ કહ્યું કે, "બ્હેન,
શોક કરીશ નહીં. કર્મની ગતિ વિચિત્ર છે."

આ પ્રમાણે ચંદ્રયશા, ઋતુપર્ણ અને દમયંતી વાત કરતાં
બેઠા હતાં, ત્યાં આકાશમાંથી એક દિવ્ય તેજથી પ્રકાશમાન થતો દે
આવ્યો. તેણે દમયંતીને વંદન કરી કહ્યું, "હે ઉપકારી સતી, હું
તમારો આભારી પિંગળ ચોર છું. તમારા કહેવાથી દીક્ષા લઇ હું
સ્મશાનમાં કાયોત્સર્ગે રહ્યો હતો. ત્યાંથી મૃત્યુ પામી સ્વર્ગ
લોકમાં દેવતા થયો છું. આ બધો તમારોજ પ્રભાવ છે. તમે
ચિરકાળ જય પામો." આ પ્રમાણે કહી તેણે ત્યાં સાત ક્રોડ
સુવર્ણની વૃષ્ટિ કરી. આવો પ્રત્યક્ષ પ્રભાવ જોઇ, રાજા ઋતુપર્ણે,
ચંદ્રયશાએ અને બીજા લોકોએ એ મહાસતીની સ્તુતિ કરી
જૈનધર્મ અંગીકાર કર્યો હતો. પછી બ્રાહ્મણ હરિમિત્રે ઋતુ-
પર્ણ અને ચંદ્રયશાને વિનંતિ કરી કહ્યું કે, "દમયંતી અહિ
ઘણું રહ્યા છે, હવે તેમને તેમના દર્શનાતુર માતાપિતાને મળવા
મોકલો." તે ઉપરથી રાજા ઋતુપર્ણે સતીને એક મોટી સેના સાથે
કુંડિનપુર મોકલી હતી. અગાઉથી હરિમિત્રે વધામણી આપ
વાથી હર્ષ પામેલા ભીમરાજા અને પુષ્પવતી પ્રેમપૂર્વક પુત્રીની
સામે આવ્યાં. સતી માતાપિતાના ચરણમાં પડી. પવિત્ર પિતા

માથાનુ માના હર્ષનાં આંસુ લાવી પોતાની વ્હાલી દીકરીને
પત્યાં. પુત્રીને ઘેર લઈ જઈ, ત્યાં તેમણે સાત દિવસ
વ કર્યો. દમયંતીએ પોતાના વનવાસનો વૃત્તાંત મર્યાદાથી
પિતાની આગળ કહી સંભળાવ્યો. પછી પુત્રીને આશ્વા-
આપી ભીમરાજાએ તે હરિમિત્ર બ્રાહ્મણને પાંચસો ગામ
સ આપ્યાં, અને વળી કહ્યું કે. "જ્યારે નળરાજા આવશે
: તને અર્ધ રાજ્ય આપીશ."

એક વખતે દધિપર્ણ રાજાએ ભીમરાજાને પોતાનો
ત્ર કરવા માટે એક દૂત મોકલ્યો. તે દૂતનો ભીમરાજાએ
રો સત્કાર કર્યો. દૂતે પ્રસંગને લઈને વાત કરી કે,
દેવ, અમારા રાજા દધિપર્ણ રાજા પાસે નળરાજાનો એક
સોઈઓ છે, તે સૂર્યપાક રસોઈ જાણે છે, વળી હાથી ઘોડાને
મ કરવા વગેરેની ઘણી કળાઓમાં તે ઘણોજ પ્રવીણ છે."
મા સાંભળી ભીમરાજાએ દમયંતીને પુછ્યું, ત્યારે દમયં
તીએ કહ્યું કે. "સૂર્યપાક રસોઈ તેમના વિના બીજું કોઈ
ણતું નથી; માટે એ કોઈ યુક્તિથી અથવા દેવતાઈ મંત્ર
વેદ્યાથી પોતાની આકૃતિ ગોપવીને રહેલા તમારા જમાઈજ
હશે." પુત્રીનાં આવાં વચન સાંભળી ભીમરાજાએ એક કુશળ
બ્રાહ્મણને શિખામણ આપી દધિપર્ણ રાજા પાસે મોકલ્યો. તેણે
કુબડા નામને જોયો ત્યારે તેના મનમાં ખેદ થયો કે. "કમ-
ળમુખીની કાંતિ કરાવનારી દમયંતી! ને ક્યાં દેવકુમાર
સ્વામીના મુખ જેવો સુંદર નળરાજા! ક્યાં આ કદરૂપો
કુબડો! હા! દમયંતીના સર્વ મનોરથ વ્યર્થ છે!" તેને ખેદ
કરતો જોઈ કુબડે પુછ્યું—કેમ તમે આટલા બધા મનમાં ખેદ
કરો છો? બ્રાહ્મણે કહ્યું." "હું નળરાજાનો બ્રાહ્મણ છું. માટે મને
ખેદ થાય છે." પછી કુબડે કહ્યું. અરે બ્રાહ્મણ ખેદ કર્ય નહીં.

લઈ તે બોલી—"અરે! મને ધિક્કાર છે કે મેં મારી ભાણેજને ઓળખી નહીં. પુત્રી, તેં પણ આત્માને ગોપવી રાખી શા સારૂ મને છેતરી?" આ પ્રમાણે કહી ચંદ્રયશા સતીને પોતાના મેહેલમાં લાવી, ત્યાં સુગંધી જળથી સ્નાન કરાવી અને રેશમી વસ્ત્ર પેહેરાવી તેણીને પોતાની પાસે બેસાડી. પછી તેણીના માસા ઋતુપર્ણ અને ચંદ્રયશાએ તેણીને બધો વૃત્તાંત પુછયો, જે તેણીએ વિસ્તારથી કહી સંભળાવ્યો; અને જે કહેતાં કહેતાં તેણીના નેત્રમાંથી પતિ પ્રેમને સૂચવતી આંસુની ધારા છુટી હતી. તેણીના મુખ ઉપરથી આંસુ લુછતાં લુછતાં રાણીએ કહ્યું કે, "બ્હેન, શોક કરીશ નહીં. કર્મની ગતિ વિચિત્ર છે."

આ પ્રમાણે ચંદ્રયશા, ઋતુપર્ણ અને દમયંતી વાત કરતાં બેઠાં હતાં, ત્યાં આકાશમાંથી એક દિવ્ય તેજથી પ્રકાશમાન થતો દે આવ્યો. તેણે દમયંતીને વંદન કરી કહ્યું, "હે ઉપકારી સતી, હું તમારો આભારી પિંગળ ચોર છું. તમારા કહેવાથી દીક્ષા લઈ હું શ્મશાનમાં કાર્યોત્સર્ગે રહ્યો હતો. ત્યાંથી મૃત્યુ પામી સ્વર્ગ લોકમાં દેવતા થયો છું. આ બધો તમારોજ પ્રસાદ છે. તમે ચિરકાળ જય પામો." આ પ્રમાણે કહી તેણે ત્યાં સાત કોડી સુવર્ણની વૃષ્ટિ કરી. આવો પ્રત્યક્ષ પ્રભાવ જોઈ, રાજા ઋતુપર્ણે ચંદ્રયશાએ અને બીજા લોકોએ એ મહાસતીની સ્તુતિ કરી જૈનધર્મ અંગીકાર કર્યો હતો. પછી બ્રાહ્મણ હરિમિત્રે ઋતુપર્ણ અને ચંદ્રયશાને વિનંતિ કરી કહ્યું કે, "દમયંતી અહિં ઘણું રહ્યાં છે, હવે તેમને તેમના દર્શનાતુર માતાપિતાને મળવા મોકલો." તે ઉપરથી રાજા ઋતુપર્ણે સતીને એક મોટી સેના સાથે કુંડિનપુર મોકલી હતી. અગાડીથી હરિમિત્રે વધામણી આપવાથી હર્ષ પામેલા ભીમરાજા અને પુષ્પવતી પ્રેમભર્યાં પુત્રીને સામે આવ્યાં. સતી માતાપિતાના ચરણમાં પડી. પવિત્ર પિતા

ને માબાપુ માતા હર્ષનાં આંસુ લાવી પોતાની વ્હાલી દીકરીને
ળી પડ્યાં. પુત્રીને ઘેર લઈ જઈ, ત્યાં તેમણે સાત દિવસ
ત્સવ કર્યો. દમયંતીએ પોતાના વનવાસના વૃત્તાંત મર્યાદાથી
માતાપિતાની આગળ કહી સંભળાવ્યો. પછી પુત્રીને આશ્વા-
સન આપી ભીમરાજાએ તે હરિમિત્ર બ્રાહ્મણને પાંચસો ગામ
જાગીર આપ્યાં, અને વળી કહ્યું કે, "જ્યારે નળરાજા આવશે
ત્યારે તને અર્ધ રાજ્ય આપીશ."

એક વખતે દધિપર્ણ રાજાએ ભીમરાજાને પોતાનો
મિત્ર કરવા માટે એક દૂત મોકલ્યો. તે દૂતનો ભીમરાજાએ
મોટો સત્કાર કર્યો. દૂતે પ્રસંગને લઇને વાત કરી કે,
"દેવ, અમારા રાજા દધિપર્ણ રાજા પાસે નળરાજાનો એક
રસોઇઓ છે, તે સૂર્યપાક રસોઇ જાણે છે, વળી હાથી ઘોડાને
વશ કરવા વગેરેની ઘણી કળાઓમાં તે ઘણોજ પ્રવીણ છે."
આ સાંભળી ભીમરાજાએ દમયંતીને પુછ્યું, ત્યારે દમયં
તીએ કહ્યું કે, "સૂર્યપાક રસોઇ તેમના વિના બીજું કોઈ
જાણતું નથી; માટે એ કોઇ ગુટિકાથી અથવા દેવતાઇ મંત્ર
વિદ્યાથી પોતાની આકૃતિ ગોપવીને રહેલા તમારા જમાઇજ
હશે." પુત્રીનાં આવાં વચન સાંભળી ભીમરાજાએ એક કુશળ
બ્રાહ્મણને શિક્ષણ આપી દધિપર્ણ રાજા પાસે મોકલ્યો. તેણે
કુબડા નળને જોયો ત્યારે તેના મનમાં ખેદ થયો કે, "ક્યાં
કુસુમાવલીની કાંતિ હરનારી દમયંતી! ને ક્યાં દેહધારી
કામીના પુંજ જેવો સુંદર નળરાજા! ક્યાં આ કદરૂપો
કુબડો! હા! દમયંતીનાં સર્વ મનોરથ વ્યર્થ છે! તેને ખેદ
કરતો જોઇ કુબડે પુછ્યું—કેમ તમે આકસ્મિક મનમાં ખેદ
કરો છો? કહો." "હું નળરાજાનો બ્રાહ્મણ છું, માટે મને
ખેદ થાય છે." પછી કુબડે કહ્યું, અરે બ્રાહ્મણ ખેદ કર નહીં.

ભાઇ, હું તારો સત્કાર કરૂં એમ કહી નળ તેને પોતાના આ વાસમાં લઇ ગયો અને સૂર્યપાક રસોઇ કરી તેને જમાડયો. અને પોતાને પૂર્વે મળેલું આભૂષણ વગેરે તેને ભેટ આપ્યું.

તે બ્રાહ્મણ ત્યાંથી ચાલી વિદર્ભદેશની રાજધાનીમાં આવ્યો અને તેણે ભીમરાજાને અને દમયંતીને તે કુબડાની વાત કરી અને કહ્યું કે, મને તેણે સૂર્યપાક રસોઇ જમાડી અને તે સાથે આભૂષણો અને કેટલુંક દ્રવ્ય આપ્યું છે. તે કુબડો મારી સાથે વાત કરતાં રૂદન કરી જતો હતો. તે સાંભળી સતી દમયંતીએ લજ્જા છોડી પિતાને કહ્યું કે "પૂજ્ય પિતા, એ કુબડોજ તમારો જમાઇ છે. હવે તમારે વિચાર કરવાનો નથી. જો એક વાર તે અહિં આવે તો હું તેને બીજા કેટલાએક શરીરના આકારો ઉપરથી ઓળખી શકીશ." પછી રાજા ભીમે વિચાર કરી દમયંતીનો મિથ્યા સ્વયવર કરવાનો વિચાર કર્યો. એક સાધારણ સ્વયંવર મંડપ રચાવી તેણે દેશદેશના રાજાઓને આમંત્રણ પત્રિકાઓ મોકલાવી. એક દૂતને કુંકુમપત્રિકા આપી દધિપર્ણ રાજાની પાસે પણ મોકલ્યો તેમાં ચૈત્ર શુદી પંચમીનો દિવસ લખી જણાવ્યો હતો. રાજા દધિપર્ણ તે લગ્નપત્રિકા વાંચી વિચાર કરી બોલ્યો કે, "મુહૂર્તનો દિવસ નજીક છે અને ઘણું દૂર જવાનું છે, તેથી પોહોંચવું મુશ્કેલ છે." તે સાંભળી કુબડાએ કહ્યું, "સ્વામી, ચિંતા કરો નહીં. જો તમારી ત્યાં જવાની ઇચ્છા હોય તો બે ઘોડાનો રથ જોડી મંગાવો. હું સારથિ થઇશ ને મારી મંત્રશક્તિના પ્રભાવથી હું તમને ત્યાં જલદી પોહોંચાડીશ." કુબડાની વિનતિથી દધિપર્ણ કેટલીએક સામગ્રી સાથે રથ મંગાવ્યો. કુબડો સારથિ થયો. તેણે અશ્વના કાનમાં મંત્ર કહીને વેગથી આકાશ માર્ગે ચલાવી મુકયા. માર્ગમાં એક ફળેલું વૃક્ષ આવ્યું, તેને જોઇ રાજાએ પુછયું કે, " આ વૃક્ષને કેટલાં

ફળ હશે? કુબડે કહ્યું," તે આપજ ગણો." પછી દધિપર્ણે તે ઝાડનાં ફળ ગણી લીધાં અને કહ્યું કે તેનાં હજાર ફળ છે, તે જોઈ નળ ખુશી થઈ ગયો. પછી તે કુબડે દધિપર્ણને અશ્વવિદ્યા શીખવી, અને દધિપર્ણે તેને ફળ ગણવાની વિદ્યા શીખવી હતી.

અહીં સતી દમયંતીને તે રાત્રે સ્વપ્ન આવ્યું. તેણીએ સવારે પોતાના પિતાને કહ્યું કે, પિતાજી, ગઈ રાત્રે મેં સ્વપ્નમાં એવું જોયું છે, "નિવૃતિ દેવીએ મને લઈ જઈને કોશલાપુરીના વનમાં મુકી; ત્યાં મેં એક રસાળ અને પાકેલા ફળવાળું ઝાડ જોયું. તે ઝાડને કોઈ કમળ ઉપર બેઠેલા પક્ષીએ પૃથ્વી ઉપર પાડી નાખ્યું." સ્વપ્નનો વૃત્તાંત સાંભળી ભીમરાજાએ કહ્યું, વત્સે, તેં ઉત્તમ સ્વપ્ન જોયું છે. એ સ્વપ્ન તને એમ સૂચવે છે કે, તને તારા ભર્તારનો જલદી મેળાપ થશે.

પિતા અને પુત્રી આમ વાત કરે છે. તેવામાં તો દધિપર્ણ રાજાનો રથ નગરીની બાહેર આવી પોહોંચ્યો. સર્વ રાજા એની સાથે એને પણ ઉતારો આપ્યો. અને તેનું યોગ્ય સન્માન કર્યું. દધિપર્ણ રાજાને રસોડે સૂર્યપાક રસોઇ થાય છે, એ વાત સાંભળી સતી દમયંતીએ કોઈ દાસીની મારફત ભિક્ષાને બહાને તે મંગાવી. તે સ્વાદ લઈ સતીને નિશ્ચય થયો કે, "આ કુબડોજ નળરાજા છે, ને પોતાની વિદ્યાના જોરથી રૂપ ફેરવીને છાની રીતે રહેલ છે." હવે સ્વયંવરનો દિવસ આવ્યો અને સમય થયો, એટલે દમયંતી સુખાસન ઉપર બેસી સર્વ રાજાઓના સમાજમાં ગઈ. તેણીએ દરેક રાજા જોવા માંડ્યા, પણ તેણીના હૃદયને કોઈ રૂચિકર લાગ્યો નહીં. છેવટે જ્યારે તે દધિપર્ણની પાસે રહેલા કુબડાની નજીક આવી એટલે તેણીએ રોમાંચિત શરીરે તે કુબડાના કંઠમાં વરમાળા આરોપિત કરી દીધી. તે જાણે કોઈને કૌતુક

થઇ રહ્યો કે, "રાજપુત્રી આવા સુંદર રાજાઓને છોડી કુબડાને વરી, એ ઘણું અયોગ્ય કર્યું." પોતાના પ્રાણપતિને વર્યા પછી સતી વિનયથી તે કુબડાને કહેવા લાગી. "નેત્રમણિ હૃદયનાથ, મેં આપને ઓળખ્યા છે. આપનું સ્વરૂપ હવે પ્રગટ કરો. આપ તો આશ્રિતોનાં કલ્પવૃક્ષ છો." પ્યારીનાં આવાં પ્રેમભરેલાં વચન સાંભળી દયાળુ નળરાજાએ પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. પ્રિયતમની મનોહર મૂર્તિ જોઈ પતિપ્રાણા સાધ્વીએ લજ્જાથી નીચું જોયું. બધા લોકો ચકિત થઈ ગયા. તે વખતે ભીમરાજાએ આવી પોતાના જમાઇને આસન આપ્યું. અને અંજળિ જોડી કહ્યું, "રાજા, આ મારૂં રાજ્ય તમારૂં છે. તેનો રૂચિ પ્રમાણે ઉપભોગ કરો, અમે તો તમારા આદેશને માનનારા છીએ." રાજા દધિપર્ણ પણ આ વખતે નમન કરી બોલ્યો—"રાજેંદ્ર, મેં અજ્ઞાનતાથી તમારી પાસે રસોઈનું નીચ કામ કરાવ્યું છે, તે મારો અપરાધ ક્ષમા કરો." પછી ભીમરાજાએ મોટા આડંબરથી નળરાજાને મળવાની ખુશાલીનો મોટો ઉત્સવ કરાવ્યો. જે ઉત્સવ એક માસ સુધી ચાલ્યો હતો. આ અરસામાં સાર્થવાહ ધનદેવ અને તાપસપુરનો સ્વામી ઋતુપર્ણ રાજા દમયંતીને મળવા આવ્યા હતા, તેઓને પોતાના ઉપકારી જાણી સતીએ તેમનું સારૂં સન્માન કરાવ્યું હતું.

આર્હતધર્મના ઉપાસક નળ અને દમયંતીના મેળાપની વાત વિશ્વમાં પ્રસરી ગઇ હતી. એક વખતે સતી સ્વામીની સમક્ષ ધર્મ તથા નીતિની વાર્ત્તા કરતી હતી, ત્યાં આકાશમાંથી એક દેવ આવ્યો. તેણે સતીને નમન કરી કહ્યું, ભદ્રે, તમને યાદ છે? હું તમારો પૂર્વનો આભારી છું, હું તાપસવનમાં તાપસ હતો. ત્યાં તમે મને પ્રતિબોધ આપી સમકિત વગેરે બાર વ્રત ગ્રહણ કરાવ્યાં હતાં. પછી અનુક્રમે ચારિત્ર લઈ, મૃત્યુ પામી



હતો. પુષ્કરકુમાર જ્યારે યોગ્ય વયનો થયો ત્યારે સતીની સલાહ લઈ નળરાજાએ તેને એક ગુણવાન્ રાજકુમારીની સાથે પરણાવ્યો હતો. પતિપ્રાણા દમયંતી બાળકને કેમ ઉછેરવા અને કેવી રીતે શિક્ષણ આપવું? એ વાત સારી રીતે જાણતી હોવાથી તેણીએ તેવું શિક્ષણ આપવાને કેટલીએક શ્રાવિકાશાળાઓ સ્થાપી હતી.

નળરાજાના પિતા નિષધ જે મૃત્યુ પામીને સ્વર્ગમાં દેવતા થયો હતો, તેણે સ્વર્ગમાંથી આવી પોતાના પુત્ર નળને કહ્યું, "વત્સ, રાજ્યને અંતે નરક ગતિ છે, માટે હવે સંયમ ગ્રહણ કર." પિતાની તેવી વાણીથી નળે દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો તે વખતે સતી દમયંતીએ વિનતિ કરી કે, "સ્વામી, મને પણ સંયમ લેવા દો. આપના પછી સંસાર અને ધર્મ સાથેજ સારે છે." તે નળરાજાએ તે વાત માન્ય કરી, પછી પુષ્કરને પોતાનું સમૃદ્ધિવાળું રાજ્ય સોંપી નળે દમયંતીની સાથે દીક્ષા લીધી હતી. નળરાજાએ પોતાના શ્રુતસાગર નામના ગુરૂ પાસે જૈનશાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો હતો.

કોઈ વખત નળને માટે એવો પણ લેખ છે કે, ન... સતીને ગુરુના કહેવાથી પાળવાથી સંયમને વિષે શિથિલ થયો હતો. વળી નિષધદેવે આવીને તેને દઢ કર્યો હતો, પણ તે ઉપરાંત દમયંતીના આસક્તિ ભાવનો હતો.

નળમુનિ અને સાધ્વી દમયંતીએ પોતાની ચારિત્રધર્મ સારી રીતે દીપાવી હતી. પવિત્ર નળરાજા છેવટે અનશન કરી સ્વર્ગે કેટલે વિષે કુબેર નામનો દેવતા થયો હતો, અને દમયંતી પૂર્વ પતિભક્તિના પ્રભાવથી અને પતિ ... તે કુબેરની સ્ત્રી થઈ હતી. ત્યાંથી ચ્યવીને વસુદેવની પુત્રી કનકવતી થઈને તે મહાસતી મોક્ષપુરીમાં

[illegible]

[illegible]





નર્મદાસુંદરી.



આ સતી વણિક જાતિમાં થઈ હતી. તેણીના પિતાનું નામ [illegible] સહદેવ હતું. સહદેવ પોતાનો વર્ધમાન નગરના [illegible] હતા, પણ જ્યારે તેની સ્ત્રી સગર્ભા થઈ ત્યારે તેણીને [illegible] દોહદ થયો કે ઉપરથી નર્મદા નદીમાં [illegible] કરવા જાઉં. [illegible], અને ત્યાં નર્મદા નામે એક નગરી [illegible] ત્યાં રહ્યા હતા તે નગરીમાં આ સતીનો જન્મ થયો હતો. સહદેવના [illegible] નામ ઋષભસેન હતું. અને [illegible] નામ વીરમતી હતું તેને વીરદાસ નામે એક ભાઈ હતો અને ઋષિદત્તા નામે એક બહેન હતી.

જ્યારે નર્મદાસુંદરીનો જન્મ થયો, ત્યારે સહદેવે નર્મદાપુરીમાં [illegible] મોટો ઉત્સવ કર્યો હતો. સહદેવના કુળમાં પરંપરાથી જૈન ધર્મ [illegible] હતો. જૈનધર્મની પવિત્ર [illegible] પ્રમાણે તેનું કુટુંબ [illegible] હતું. સહદેવે નર્મદાપુરીના મધ્ય ભાગે એક સુંદર જૈન [illegible] કરાવ્યું હતું અને બીજું જૈન [illegible] નર્મદા નદીના તીર [illegible] હતું. [illegible] [illegible] હતી. [illegible]
[illegible]

છે. મારા જેવી ધર્મભ્રષ્ટ સ્ત્રીના પુત્રને મારો શ્રાવકબંધુ પોતાની પુત્રી શી રીતે આપે? આ પ્રમાણે પોતાની માતાને વિલાપ કરતી જોઇને મહેશ્વરદત્તે તેનું કારણ પુછયું–ઋષિદત્તાએ તેને પોતાના મનમાં હતું, તે કહી બતાવ્યું, તે સાંભળી મહેશ્વરદત્ત બોલ્યો—માતા, તું શામાટે અપશોષ કરે છે? તું મને મારા મામાને ઘેર મોકલ. હું ત્યાં જઇને મારા મોશાળીઆને વશ કરીને મારા મામાની પુત્રી નર્મદાસુંદરીને પરણી લાવીને તને હર્ષ પમાડીશ."

પુત્રનાં આવાં વચન સાંભળી ઋષિદત્તાએ તેને નર્મદાપુરીમાં મોકલ્યો. જે થોડા રોજમાં નર્મદાપુરીમાં આવી પોહોચ્યો હતો. તે વખતે તેના માતામહ (નાના) ઋષભસેન શેઠ પોતાના પુત્રને મળવાને નર્મદાપુરીમાં આવ્યો હતો. તેઓએ પોતાના મિથ્યાત્વી ભાણેજ મહેશ્વરદત્તને જોયો, તે મિથ્યાત્વી હોવાથી તેના મોશાળીઆને ગમ્યો નહીં, પણ લોકલજ્જાને લઇને તેનો જરા સત્કાર કર્યો હતો. કારણકે, જૈનશાસ્ત્રકારો લખે છે કે, "સર્વની સાથે ઉચિતાચાર કરવો જોઇએ. ઉચિતાચારમાં મિથ્યાત્વ કે સમ્યકત્વ જોવાનું નથી."

મહેશ્વરદત્ત માન અપમાન ગણ્યા વગર કેટલોક વખત પોતાના મોશાળમાં રહ્યો હતો. ત્યાં તેણે પોતાના કેટલાએક ગુણોથી સર્વના મનને વશ કરી લીધા હતા. તેનો મામો સહદેવ, તેની મામી, અને મામાની પુત્રી નર્મદાસુંદરી—એ બધાની તેની ઉપર ઘણી સારી પ્રીતિ થઇ હતી.

એક વખતે મહેશ્વરદત્ત પોતાના માતામહ ઋષભસેન શેઠના ઉત્સંગમાં બેઠો હતો, વૃદ્ધ શેઠ પોતાના ભાણેજને પવિત્ર પ્રેમની દૃષ્ટિથી નિરખતા હતા. ક્ષણવાર પછી તે વૃદ્ધે આનંદપૂર્વક જણાવ્યું કે "વત્સ, તારા માબાપ તો મિથ્યાત્વી છે,

ત્તને તેના મિથ્યાત્વના શાસ્ત્રનો અને જૈનશાસ્ત્રનો સંબંધ કહી બતાવી પોતાના જૈનધર્મમાં ઘણો કુશળ કરી દીધો. સતી નર્મદાના પ્રભાવથી મહેશ્વરદત્ત ખરેખરો શુદ્ધ શ્રાવક બની ગયો. સતીના પવિત્ર પ્રસંગે તેનું બધું જીવન નિર્મળ થઇ ગયું.

એક વખતે મહેશ્વરદત્તે શ્રીસહિન પોતાના વતનમાં જવાની સાસરાની પાસે આજ્ઞા માગી, ઋષભસેન અને સહદેવે ખુશીથી આજ્ઞા આપી એટલે મહેશ્વરદત્ત નર્મદાસુંદરીને લઇ પોતાના વતનમાં આવ્યો. વિનયવતી નર્મદાસુંદરી પોતાના પૂજ્ય સાસૂ ઋષિદત્તાને નમન કરવા પગે પડી. સુશીલા નર્મદાસુંદરીને જોઈ ઋષિદત્તા ઘણીજ ખુશી થઇ. પોતાની ધારણા પ્રમાણે મળેલી પુત્રવધૂને અવલોકી ઋષિદત્તાને અપાર આનંદ થયો હતો.

કેળવણી પામેલી શ્રાવિકાઓના પ્રસંગથી કુટુંબમાં કેટલો બધો લાભ થાય છે, એ વાતને સતી નર્મદાએ સાબીત કરી બતાવી હતી. તેણીએ થોડા દિવસમાં તો પોતાના સાસરાના મિથ્યાત્વી કુટુંબને જૈનધર્મમાં પૂરેપુરૂં આસ્તિક બનાવી દીધું હતું. તેણીની સાસૂ ઋષિદત્તાના હૃદયમાંથી જૈનધર્મની પવિત્ર ભાવના તદ્દન દૂર થઈ ન હતી, પણ આ પ્રભાવિક સતીએ તેને પાછી ઘણી સતેજ કરી હતી. સાસરીઆના બધાં માણસો સતીના પ્રભાવથી શ્રાવકધર્મને અંગીકાર કરી પોતાના જન્મને કૃતાર્થ માનતા હતા.

એક વખતે સતી શ્રાવિકા પોતાના ઘરના ગોખ ઉપર બેસી તાંબૂલ ચાવતી હતી. અને પોતાનું મુખ દર્પણમાં જોતી હતી, અચિંત્યતાના યોગે તેણીના મુખમાંથી તાંબૂલ પડી ગયું, તેજ વખતે કોઈ જૈનયતિ નીચે જતો હતો, તેની ઉપર તે તાંબૂલ પડ્યું. શુદ્ધ જૈનમુનિ શાંતિના ધારક હોય છે, પણ

પૂર્વ કર્મના યોગથી તે યતિના હૃદયમાં રોષ ઉત્પન્ન થઈ આવ્યો. તેણે ઉંચે જોયું. ત્યાં ગોખમાં નર્મદાસુંદરીને બેઠેલી જોઈ. તે ાની યતિ કોપ કરીને બોલ્યો, "અમારા જેવા સાધુની આશાતના કરવાથી તું તારા પતિનો વિયોગ પામીશ." સતી, મુનિનાં વચન સાંભળી મનમાં ખેદ પામી અને તરતજ હેઠે ઉતરી સાધુના ચરણમાં પડીને બોલી—"મહારાજ, ક્ષમા કરો. હું પૂર્ણ શ્રાવિકા છું." અર્હંત પ્રભુની ઉપાસિકા છું, તે છતાં મેં પ્રમાદથી આ અવિનીત કાર્ય કર્યું છે. હે ક્ષમા નિધાન, હે કૃપાસિંધુ, આપ મહાત્મા છો. માટે મારો અપરાધ ક્ષમા કરો. મુનિઓ શત્રુ ઉપર પણ કોપાયમાન થતા નથી, પોતાની ઉપર સ્નેહ રાખતા નથી, અને સર્વની ઉપર સમદષ્ટિ રાખે છે, માટે આપ મને આપેલો શાપ પાછો ખેંચી લ્યો. મહારાજ, આપ મહાનુભાવ જાણો છો કે, સ્ત્રીઓનું જીવન પતિ છે. તેના જીવિતનો આધાર અને સુખદુઃખનો સમભાગી સ્વામી છે. સતી શ્રાવિકાઓ જ્યાંસુધી સંસાર સાગરના મોજા સાથે અથડાય છે, ત્યાંસુધી તેમના જીવનરૂપ નાવનો નેતા અને નાયક પતિજ છે. વનિતાઓએ પોતાના જીવનમાં જે કાંઈ પણ સુખ મેળવવું હોય તો પતિની સેવા ભક્તિમાંજ છે. મહારાજ, કદિ આપને આ શાપ પાછો ખેંચવો ન હોય તો પતિના વિયોગ શિવાયનો બીજો શાપ આપો. આપ જાણો છો કે, સતી શ્રાવિકા પતિપ્રાણા હોય છે. સતીનાં આવાં મધુર વચન સાંભળી તે યતિએ પ્રસન્ન થઈ કહ્યું, હે મહગુણી શ્રાવિકા, તારા પતિવ્રતને ધન્ય છે. પુત્રી, તું ખેદ કરીશ નહીં. જૈનમુનિઓ કદિપણ શાપ દેતા નથી. જૈનશાસ્ત્ર કહે છે કે—"રાગદ્વેષને નાશ કરનારા મુનિઓ વંદન કરવાથી ખુશી થતા નથી, અને હીલના કરવાથી ખેદ પામતા નથીઃ પરંતુ તેઓ ચિત્તને દમી-

નેજ વિચરે છે." મેં જે કહ્યું તે શાપ નથી, પણ તારૂં ભવિષ્ય કહ્યું છે. કોઈના કહેવાથી કોઈને સુખદુઃખ થતું નથી એ તો સારાં નરસાં કર્મને ઉદયે સંયોગ વિયોગ થયા કરે છે. કયો સુજ્ઞ પુરૂષ પોતાના ઉપાર્જન કરેલા કર્મ ભોગવતાં ખેદ પામે? આ પ્રમાણે ઉપદેશ આપી નર્મદાસુંદરીએ કરેલા વંદનને સ્વીકારતો સાધુ પોતાને માર્ગે ચાલ્યો ગયો.

સતી નર્મદાસુંદરીએ આ વાત પોતાના પતિ મહેશ્વરદત્તને જણાવી—એટલે મહેશ્વરદત્તે કહ્યું કે, પ્રિયા એવો ખેદ કરીશ નહીં. તારા જેવી વિદ્વાન્ અને ધાર્મિક રમણીએ ભવિતવ્યતાનો ખેદ ન કરવો જોઈએ. પતિનાં આવાં ધીરજ ભરેલાં વચન સાંભળી તે વિનયી નર્મદાસુંદરી એક નિષ્ઠાથી જૈનધર્મ પાળી સુખે રહેવા લાગી.

એક વખતે મહેશ્વરદત્ત વ્યાપાર કરવાને અર્થે દૂર આવેલા યવનદ્વીપમાં જવાને તૈયાર થયો. તે વખતે સતી નર્મદા અતિ આગ્રહ કરી તેની સાથે તૈયાર થઈ. મહેશ્વરદત્ત પોતાની પ્રિયાને સાથે લઈ ઘણો માલ ભરી વાહાણમાં બેસી સમુદ્ર માર્ગે ચાલ્યો. બન્ને દંપતી ધર્મની ઉત્તમ ભાવના ભાવતાં અને જળમાર્ગની કુદરતી શોભા જોતાં સમુદ્રમાં ચાલ્યાં. આગળ જતાં કોઈ પુરૂષનું મધુર સંગીત નર્મદાસુંદરીના સાંભળવામાં આવ્યું. તે વખતે સતીએ કહ્યું કે, સ્વામી, સાંભળો, આ મધુર ગીત કેવું મજેનું [illegible] ગીત ઉપરથી ગાનાર પુરૂષની બધી હકીકત જાણી છે. પતિએ કહ્યું, તે કેવી રીતે? સતી બોલી—પ્રિયપતિ, સ્વરના સ્વભાવથી એમ જણાય છે કે, જે પુરૂષ મધુર સ્વરથી આ ગીત ગાય છે, તેનું શરીર શ્યામ છે, તેના હાથ, અને વાળ સ્થૂલ છે અને તે પુરૂષ મોટા સત્ત્વવાળો છે. તે પુરૂષને [illegible]નમાં મસાનું ચિન્હ છે, છાતીમાં લાંછન છે, અને

તેનું વય બત્રીશ વર્ષનું છે. પ્રિયાનાં આવાં વચન સાંભળી મહેશ્વરદત્તના મનમાં શંકા ઉત્પન્ન થઈ આવી. તેની ઉજ્વળ બુદ્ધિ શંકાથી મલિન થઇ ગઇ. તેણે વિચાર્યુ કે, આ સ્ત્રી તે પુરૂષ સાથે મૈથુન રમેલ છે. જો એમ ન હોય તો એ અદ્રશ્ય પુરૂષના શરીરની સ્થિતિ શી રીતે જાણી શકે? આટલો સમય હું એણીને મહાસતી જાણતો હતો, પણ આ તો કુળને કલંક લગાડે તેવી નીકળી. આવી કુભાર્યાને જીવતી રાખવી તે યોગ્ય નથી. "કર્મની વિચિત્રતા કેવી છે? મહેશ્વરદત્ત જેવો દીર્ઘ વિચારી પુરૂષ ક્ષણમાં બદલાઈ ગયો." પછી તે વિચાર કરવા લાગ્યો કે, આ કુબુદ્ધિવાળી કામિનીને આ સમુદ્રમાં ફેંકી દઉં કે કદલીની જેમ તેણીનું મસ્તક છેદી નાખું? તે આવો વિચાર કરતો હતો, ત્યાં વાહાણનો ખારવો શઢ ઉપર ઉભો રહી ઉંચે સ્વરે કહેવા લાગ્યો કે, "વાહાણ ઉભું રાખો અને શઢ ઉતારી લ્યો. આ રાક્ષસદ્વીપ આવ્યો છે, ત્યાંથી અન્ન જળ વગેરે જે કાંઇ સામગ્રી લેવી હોય તે લઇ લ્યો." પછી વાહાણ ઉભું રાખ્યું એટલે મહેશ્વરદત્ત કપટથી નર્મદાસુંદરીને ઉતારી બંદરને કાંઠે આવેલા કોઇ જંગલમાં તેણીને લઇ ગયો. ત્યાં એક સરોવર આવ્યું, તેના કાંઠા ઉપર બન્ને બેઠા, તેવામાં નર્મદાસુંદરીને નિદ્રા આવી. તે જોઈ મહેશ્વરે વિચાર્યુ કે, આ વિશ્વાસ કરી સુતેલી સુંદરીને મારી નાખવાથી સ્ત્રી હત્યાનું મહા પાપ લાગશે, માટે તેણીને અહિં છોડીને ચાલ્યા જવું, તે વધારે સારૂં છે, આવું વિચારી સતીને ત્યાંજ સુતી મુકી મહેશ્વર પાછો બંદર ઉપર આવ્યો, બીજા લોકો તેને તેની સ્ત્રીના ખબર પુછવા લાગ્યા, એટલે તેણે કહ્યું કે, આ વનમાં અમે ક્રીડા કરવા ગયા હતા, ત્યાં મારી સ્ત્રીને કોઇ વાઘ આવી ખાઈ ગયો. આમ કહી તેણે વૃથા રૂદન કરવા માંડયું. લોકોએ તેને સમજાવી શાંત કર્યો. કપટી લોકો દર્પ અને

ગોરખનો દેખાવ કરી ગયો છે. હવે તે વાણારસીથી આગળ ચાલી કેટલેક દિવસે તે યવનદ્વીપમાં આવી પોહોંચ્યું. ત્યાં રહી તેણે પુણ્યના પ્રભાવથી ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું. તે દ્રવ્યથી મોટું વ[illegible] પ્રાપ્ત કરીને પાછો પોતાને વતન આવ્યો. ત્યાં તેણે પોતાના માતાપિતાને જણાવ્યું કે [illegible] નર્મદાસુંદરીને કોઈ રાક્ષસ [illegible] કરી [illegible] આ વાત સાંભળી તેના પિતા રૂદ્રદત્ત અને માતા અતિશય [illegible] કર્યો. અને [illegible] નર્મદાસુંદરીના [illegible] વારંવાર સ્મરણ કરી [illegible] કરવા [illegible] કરી તે નર્મદાસુંદરીની ઉત્તરક્રિયા કરી [illegible] [illegible] કોઈ [illegible] [illegible] હતી.

[illegible]

રહ્યા. તે શરણરહિત સુંદરી પોતાની ચતુરાઇ ભુલી ગઈ. પોતાના રૂદનના પ્રતિધ્વનિ ગુફાઓમાં પડતાં સાંભળી તે શ્રાંતિ પામી ને નરફ દોડવા લાગી. એવો કોઈ વનનો પ્રદેશ, કોઈ વૃક્ષની પડ્ય કે ગુફા ન હતી કે જ્યાં તે ફર્યા વિના રહી ન હોય.! તેમ કરતાં રાત્રિ પડી. આકાશમાં ચંદ્ર ઉગ્યો. તે ચંદ્રને જોઈ તે બાળા બોલી કે,—"હે પ્રેમરૂપી અમૃતથી પૂર્ણ એવા ચંદ્રરૂપ સ્વામી, આ પ્રિયાને મુકી કયાં ચાલ્યા ગયા? ગયા તો ભલે પણ એકવાર દર્શન આપી આ અધીરી અબળાને શાંત તો કરો." આ પ્રમાણે વિલાપ કરતી તે સતીએ તે વનમાં પાંચ દિવસ નિર્ગમન કર્યા હતા. તેવા નિર્જન વનમાં શીળધર્મના પ્રભાવથીજ તેની રક્ષા થઈ હતી.

સતી નર્મદાસુંદરીને વીરદાસ નામે એક કાકો હતો, તે વ્યાપાર કરવાને ફરવા નીકળ્યો હતો. તે રાક્ષસ દ્વીપના અંદર ઉપર ઉતર્યો હતો. તે વખતે ત્યાં ફરતી નર્મદાસુંદરી તેની નજરે પડી. પોતાની ભત્રીજીને જોઈ વીરદાસ તેણીની પાસે આવ્યો. પોતાના કાકાને જોઈ સતીએ ગાઢ રૂદન કરવા માંડયું. જ્યારે વીરદાસે તેણીને પુછયું કે, આવા અજાણ્યા પ્રદેશમાં તું કયાંથી આવી ચડી? ત્યારે સતીએ પોતાના કર્મનો દોષ કાઢી પોતાની બધી હકીકત જણાવી હતી. પછી વીરદાસે તેણીને પોતાની સાથે લીધી. વીરદાસ બર્બર દેશમાં આવ્યો. અને નગરની બાહેર એક તંબૂ નાંખી પડયો. બર્બર દેશના રાજાને સારી ભેટ કરી તે મળવા ગયો. રાજાએ તેનાથી પ્રસન્ન થઈ તેની જગાત માફ કરી ત્યાં વેપાર કરતાં તેણે ઘણું દ્રવ્ય પેદા કર્યું.

તે દેશમાં હરિણી નામે એક વેશ્યા હતી. તેની ઉપર રાજાની ઘણી મેહેરબાની હતી. તેથી રાજાએ તેણીને માટે એવી વ્યવસ્થા કરી હતી કે, "જે વ્યાપારી ત્યાં વેપાર કરવા આવે, તેની પાસેથી દર વર્ષે એકસો ને આઠ સોના મ્હોરો તેણીએ

શોકનો દેખાવ કરી શ [illegible]
કેટલેક દિવસે તે યવ- [illegible]
પુણ્યના પ્રભાવથી ઘણું [illegible]
લાભ ભરી તે પાછો પે [illegible]
માતાપિતાને જણાવ્યું [illegible]
ભક્ષણ કરી ગયો હતો [illegible]
અને માતા ઋષિદત્તાએ [illegible]
નર્મદાસુંદરીના સદ્ગુણો [illegible]
કર્યું હતું. પછી તે ન [illegible]
કહેવાથી રૂદ્રદત્તે મ [illegible]
પરણાવી હતી.

અહિં [illegible] [illegible]
જેવામાં [illegible] નર્મદાસુંદરીનું [illegible]
પોતાના પતિને જોયો [illegible]
ત્યારે [illegible]
"શું [illegible]
જરૂર [illegible]
બોલી "સ્વામીનાથ [illegible]
વાર હોય નહીં [illegible]
કાંઈ પણ [illegible]
તે સતી [illegible]
પતિને શોધવા લાગી, [illegible]
તેણી. જ્યારે ઘણીવાર થઈ [illegible]
ને પતિ [illegible] લાગી અને [illegible]
પછી [illegible] પત્નીએ એવું [illegible]
[illegible] પણ [illegible]

નહીં એટલે તેના મનમાં ઘણો પરિતાપ થયો. તેણે સેવકોને પુછયું, ત્યારે સેવકોએ કહ્યું કે–"અમોને તેની ક્યાંઈ ખબર નથી." આ ઉપરથી વીરદાસે વિચાર્યું કે—"જે પુરૂષ નર્મદાને પહેલાં હરી ગયો હતો, તેજ પાછો હરી ગયો હશે. હું અહિં હોઇશ ત્યાં સુધી તે તેણીને કદાપિ પ્રગટ કરશે નહીં." આવું વિચારી વિરદાસ રાજાની આજ્ઞા માગી પોતાના નગર તરફ ચાલ્યો, અનુક્રમે તે ભૃગુપુર (ભરૂચ) પોહોંચ્યો. ત્યાં તેણે જિનદાસ નામના માણસને નર્મદાની શોધ માટે બર્બરકુલ તરફ મોકલ્યો હતો.

વીરદાસ ગયા પછી પેલી વેશ્યાએ નર્મદાને ભોંયરામાંથી બાહેર કાઢી અને કહ્યું કે. "સુંદરી. તું અહીં સુખેથી રહે અને અમારો ધંધો શીખી પરપુરૂષના મન રંજન કરી પુષ્કળ દ્રવ્યની માલિક થા. આ જગતમાં સર્વ પ્રકારનું સુખ સંપાદન કરવાને માટે આપણો જન્મ છે. જે સર્વ નારીજાતિમાં સર્વથી શ્રેષ્ઠ ગણાય છે." વેશ્યાનાં આવાં વચન સાંભળી શીળરૂપ રત્નને રક્ષણ કરનારી નર્મદા બોલી—"તું વિચારીને બોલ. હું વેશ્યા કુળની બાળિકા નથી, પણ શ્રાવક કુળની બાળિકા છું. જ્યાંસુધી મારા દેહમાં પ્રાણ છે, ત્યાંસુધી મારૂં શીળરૂપ રત્નને હરવાને કોણ સમર્થ છે?" આ જગત શીળના પ્રભાવને વશ છે. શીળના તીવ્ર પ્રકાશની આગળ તારા જેવી દુષ્ટ સ્ત્રીઓ ક્ષણમાં ઝાંખી પડી જાય છે. "નર્મદાનાં આવાં વચન સાંભળી વેશ્યાને કોપ ચડયો. તરત તે સતીનાં કોમળ શરીર ઉપર પ્રહાર કરવા લાગી. આ વખતે તે પવિત્ર શ્રાવકરમણી પંચપરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરવા લાગી. શીળ અને મંત્રના પ્રભાવથી વેશ્યાનું આયુષ્ય પૂર્ણ થઇ ગયું, અને તે તરત મૃત્યુ પામી ગઇ. આ ખબર રાજાને પડતાં તેણે નર્મદાને હરિણી વેશ્યાનું પદ લેવાનું કહેવા મંત્રીઓને મોકલ્યા.

લેવી.” તે ઉપરથી હરિણીએ વીરદાસ પાસેથી પોતાનો કર લેવા એક દાસીને તેને બોલાવા મોકલી. વીરદાસ સ્વદારસંતોષ મતને ધારણ કરનાર હતો, તેથી પોતે ત્યાં ગયો નહીં અને તેના કરનું જેટલું દ્રવ્ય હતું. તે દાસીની સાથે મોકલાવી આપ્યું. વેશ્યાની દાસી જ્યારે વીરદાસ પાસે આવેલ ત્યારે તેણીએ તેના તંબૂમાં નર્મદાસુંદરીને જોઈ હતી, તેથી તેણીએ આવી વેશ્યાને કહ્યું કે—“તે શેઠ પોતે આવ્યા નહીં અને આપણાં કરનું દ્રવ્ય મારી સાથે મોકલાવ્યું છે. વળી તેમની સાથે કોઈ સ્ત્રી છે, તે ઘણીજ સુંદર છે.” તે સાંભળી વેશ્યાએ દાસીને કહ્યું કે—“મારે દ્રવ્યનું કામ નથી, એ વીરદાસને અહિં બોલાવી લાવ.” પછી દાસી જઈને ગમે તે યુક્તિ કરીને તે વીરદાસને લાવી. ચતુર વેશ્યા વીરદાસને જોઈ તેને મોહિત કરવાને અનેક જાતના હાવભાવ કરવા લાગી, પણ તેથી દ્રઢ વ્રતવાળા વીરદાસના મનમાં કાંઈ પણ વિકારી અસર થઈ નહીં. પછી છેવટ કાંઈ કપટ કરવાને નિમિત્તે વેશ્યાએ વીરદાસના હાથમાંથી તેના નામવાળી મુદ્રિકા કાઢી લીધી. તે ગુપ્ત રીતે તેણીએ પોતાની દાસીને આપીને કહ્યું કે—“દાસી, તું આ વીરદાસ શેઠને ઉતારે જા. તેની સાથે આવેલી સ્ત્રીને આ મુદ્રિકાની નીશાની બતાવી તેણીને અહિં લાવ.” તે સાંભળી કપટમાં કુશળ એવી તે દાસીએ ત્યાં જઈને નર્મદાસુંદરીને કહ્યું—“શેઠ અમારે ઘેર બેઠેલા છે, ત્યાં તમને જલદી બોલાવે છે, નીશાની તરીકે તેમણે આ મુદ્રિકા મોકલાવી છે.” નર્મદાસુંદરી પોતાના કાકાના નામની મુદ્રિકા જોઈ નિઃશંકપણે દાસીની સાથે વેશ્યાને ઘેર આવી. વેશ્યાએ પોતાના ઘરમાં આવેલા ભૂમિગૃહ—ભોંયરામાં તેને સંતાડી દીધી. આ પ્રમાણે ગણિકાએ પોતાનું ધાર્યું કરી પછી તે મુદ્રિકા વીરદાસને આપી. વીરદાસ પોતાનું સ્વદારસંતોષ વ્રત અખંડિત રાખી હર્ષ પામતો બાહેર આવી પોતાને ઉતારે આવ્યો. ત્યાં નર્મદાસુંદરીને જોઈ

નહીં એટલે તેના મનમાં ઘણો પરિતાપ થયો. તેણે સેવકોને પુછ્યું, ત્યારે સેવકોએ કહ્યું કે—“ અમોને તેની ક્યાંઈ ખબર નથી.” આ ઉપરથી વીરદાસે વિચાર્યું કે—“જે પુરૂષ નર્મદાને પહેલાં હરી ગયો હતો, તેજ પાછો હરી ગયો હશે. હું અહિં હોઇશ ત્યાં સુધી તે તેણીને કદાપિ પ્રગટ કરશે નહીં.” આવું વિચારી વિરદાસ રાજાની આજ્ઞા માગી પોતાના નગર તરફ ચાલ્યો, અનુક્રમે તે ભૃગુપુર (ભરૂચ) પોહોંચ્યો. ત્યાં તેણે જિનદાસ નામના માણસને નર્મદાની શોધ માટે બર્બરકુલ તરફ મોકલ્યો હતો.

વીરદાસ ગયા પછી પેલી વેશ્યાએ નર્મદાને ભોંયરામાંથી બાહેર કાઢી અને કહ્યું કે, “સુંદરી. તું અહીં સુખેથી રહે અને અમારો ધંધો શીખી પરપુરૂષના મન રંજન કરી પુષ્કળ દ્રવ્યની માલિક થા. આ જગતમાં સર્વ પ્રકારનું સુખ સંપાદન કરવાને માટે આપણો જન્મ છે. જે સર્વ નારીજાતિમાં સર્વથી શ્રેષ્ઠ ગણાય છે.” વેશ્યાનાં આવાં વચન સાંભળી શીલરૂપ રત્નને રક્ષણ કરનારી નર્મદા બોલી—“ તું વિચારીને બોલ. હું વેશ્યા કુળની બાળિકા નથી. પણ શ્રાવક કુળની બાળિકા છું. જ્યાંસુધી મારા દેહમાં પ્રાણ છે. ત્યાંસુધી મારૂં શીલરૂપ રત્નને હરવાને કોણ સમર્થ છે?” આ જગત શીલના પ્રભાવને વશ છે. શીલના તીવ્ર પ્રકાશની આગળ તારા જેવી દુષ્ટ સ્ત્રીઓ ક્ષણમાં ઝાંખી પડી જાય છે . નર્મદાનાં આવા વચન સાંભળી વેશ્યાને ક્રોધ ચડ્યો તરત તે સતીનાં કોમળ શરીર ઉપર પ્રહાર કરવા લાગી. આ વખતે તે પવિત્ર શ્રાવકરમણી પંચપરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરવા લાગી. શીલ અને મંત્રના પ્રભાવથી વેશ્યાનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું. અને તે મરણ પામી ગઈ. આ [illegible] નર્મદાને [illegible]

મંત્રીઓએ આવી તેણીને વેશ્યાનું પદ લેવા પ્રાર્થના કરી. તે વખતે ચતુર શ્રાવિકાએ મનમાં વિચાર્યું કે, "જો હું આ મંત્રીઓને ના કહીશ તો રાજા મારી પાસે આવશે અને મારું રૂપ જોઈ મોહિત થઈ મારા શીળનો ભંગ કરવા પ્રયત્ન કરશે તેથી આ વખતે કબુલ કરી પછી યુક્તિથી શીળરૂપ રત્નની રક્ષા કરવી." આવું વિચારી તેણીએ તે વાત માન્ય કરી. પછી મંત્રીઓએ તે વાત રાજાને જણાવી. એટલે રાજાએ તેણીને બોલાવાને સુખાસન મોકલ્યું. ભોઈ લોકો નર્મદાને સુખાસન પર બેસારી દરબાર તરફ ચાલ્યા. સતીએ રસ્તામાં વિચાર કર્યો કે, "હવે શીળના રક્ષણ માટે કોઈ યુક્તિ કરવી જોઈએ." આવું વિચારી જ્યારે તેણીનું સુખાસન નગરની ગટર પાસે આવ્યું, ત્યાં તેણીએ સુખાસન ઉપરથી પડતું મુક્યું. અને તે ગટરની અશુચિથી પોતાના બધા શરીર ઉપર લેપન કરી તે બાહેર નીકળી અને પોતાના વસ્ત્રો ફાડવા લાગી તથા માથા ઉપર વારંવાર ધુળ નાંખવા લાગી. પછી થોડી વારે તેણીએ વ્યંતરીની જેમ દોડી હોકારા કરવા માંડ્યા. તેથી લોકો ભય પામી તેણીની પાસેથી નાશી ગયા. આવા ખબર મંત્રીઓએ રાજાને કહી. તે ઉપરથી રાજાએ તેણીને વશ કરવા મંત્રવાદીઓને મોકલ્યા, તેઓએ તેણીને બહુ મારવા માંડી. પણ શીળરત્નના રક્ષણ માટે તેણીએ તેપણ સહન કર્યું.

વીરદાસે તેણીની શોધ માટે મોકલેલો પેલો જિનદાસ અહીં આવી ચડ્યો. તે સતી નર્મદાને ગાંડી થયેલી જોઈ તેની પાસે આવી પુછવા લાગ્યો. સતીએ તેની સૌમ્ય આકૃતિ ઉપરથી જાણ્યું કે, આ 'શુદ્ધ શ્રાવક છે,' તેથી તેણીએ તેની સાથે એક તરફ જઈ વાત કરવા માંડી. જ્યારે સતીએ પોતાની સત્ય હકીકત કહી એટલે જિનદાસ તેણીના ચરણમાં પડી બોલ્યો—"બહેન, તમારા કાકા વીરદાસે મને ભૃગુપુરમાંથી તમારીજ શોધને માટે

મોકલ્યો છે. આજે અચાનક તમારો મેળાપ થઇ ગયો, તે સારું થયું. હવે તમે આવીજ સ્થિતિમાં રહેશો એટલે રાજા તમને નગરની બાહેર કાઢી મુકશે. પછી હું તમને બાહેરથી બંદર ઉપર લઇ જાઇશ. પછી આપણે સ્વદેશ તરફ ચાલ્યા જાઇશું." જિનદાસના કહેવા પ્રમાણે તેણીએ કર્યું પછી આ સ્ત્રીને વ્યંતરીનો વળગાડ છે, એવું ધારી રાજાએ તેને નગરની બાહેર કાઢી મુકી, ત્યાં પેલો જિનદાસ તેણીને મળી બંદર ઉપર લઇ ગયો. માર્ગમાં તે સતીને સ્નાન કરાવી અને ઉત્તમ વસ્ત્ર પેહેરાવ્યાં પછી તેણીને વાહાણમાં બેસારી નર્મદાપુર લાવ્યો હતો.

નર્મદાપુરીમાં સતીનાં માબાપોએ સાંભળ્યું હતું કે, "નર્મદાને કોઇએ મારી નાખી છે અને તે પછી મહેશ્વરદત્ત કોઈ બીજી સ્ત્રીને પરણ્યો છે," તેઓએ જ્યારે પોતાની પુત્રી જિનદાસની સાથે છુટવી જોઈ ત્યારે તેમના હૃદયમાં ઘણો હર્ષ થયો. તેણીના જન્મોત્સવના જેવો મોટો ઉત્સવ કરાવ્યો અને જિનમંદિરોમાં સ્નાત્ર પુજા અને સાધર્મિવાત્સલ્યનો મહોત્સવ કર્યો. જિનદાસ પણ મોટા માન સાથે કેટલોક વખત નર્મદાપુરમાં રહી પછી વીરદાસની આજ્ઞા માગી પોતાને વતન ભૃગુપુરમાં ગયો હતો.

નર્મદાસુંદરી પિતાને ઘેર રહી સંસાર ઉપર વિરક્ત થઈ વૈરાગ્યના કામ કરતી હતી. હમેશાં સવારે અને સાંઝે સામાયિક લઈ પોતાની સાધર્મી બ્હેનોને પ્રતિબોધ આપતી અને જ્ઞાનની આરાધના કરાવતી હતી. આગ અવિરતિઓને બોધ થાય તેવી શુદ્ધાચાર, ધર્મ તથા નીતિની વાતો કરતી પોતાનો વખત નિર્ગમન કરતી હતી. નિર્મળ બુદ્ધિવાળી નર્મદા સતીના સદ્‌ભાવથી નર્મદાપુરીની આસ પાસ ઘેર ઘેર અને ઘર ઘર શ્રાવિકાઓને ઘણો લાભ મળ્યો હતો. શ્રી કેવળજ્ઞાનીએ મધુર સ્વરથી નર્મદાપુ-

રની શ્રાવક નારીઓએ પોતાનું જીવન સુધાર્યું હતું. આથી ત્યાંના તીર્થરૂપ ચતુર્વિધ સંઘને ખાત્રી થઈ હતી કે—"સતી નર્મદાસુંદરીએ જે શીળનું ભારે માહાત્મ્ય જાણ્યું હતું, તે તેણીની ઉત્તમ કેળવણીનો પ્રતાપ હતો."

એક વખતે સતીના પ્રભાવથી વિશ્વમાં તીર્થ તરીકે પ્રખ્યાત થયેલી નર્મદાપુરીમાં આર્યસુહસ્તિ નામે આચાર્ય આવી ચડ્યા. તેમને વંદન કરવાને નર્મદાસુંદરી પોતાના પિતાનું કુટુંબ સાથે લઈને ગઈ હતી. આચાર્યે સર્વને ઉત્તમ પ્રકારનો ધર્મોપદેશ આપ્યો. ઉપદેશ સમાપ્ત થયા પછી સતીના ઉપકારી કાકા વીરદાસે તે આચાર્યને વિનયથી પુછ્યું—"ભગવન્! આ નર્મદાએ પૂર્વે એવાં શા કર્મ કર્યા હશે? કે જેથી તેણીના પતિએ તે નિષ્કલંક છતાં તેની ઉપર કલંક ચડાવ્યું? ને વળી તે દુઃખી થઈ!" તે સાંભળી જ્ઞાની આચાર્ય બોલ્યા— "વિંધ્યાચળ નામે મોટો પર્વત છે, તેના એક દેશમાંથી આ નગરની પાસે આવેલી નર્મદા નદી નીકળે છે. એ નદીની નર્મદા નામે એક મિથ્યાત્વી અધિષ્ઠાયિકા દેવી હતી. એક વખતે કોઈ મુનિ તે નર્મદા નદીને કાંઠે કાયોત્સર્ગ કરી રહ્યાં હતાં, તેને એ મિથ્યાત્વી દેવીએ ઘણાં ઉપસર્ગો કર્યા પણ તે શાંત મુનિએ તેણીની ઉપર જરાપણ દ્વેષ કર્યો નહીં. છેવટે એ નર્મદાદેવી ત્યાંથી ચવીને આ નર્મદાસુંદરી થઈ છે. જ્યારે આ નર્મદા ગર્ભમાં હતી, ત્યારે તેણીના પૂર્વના અભ્યાસને લીધેજ તેણીની માતાને નર્મદા નદીમાં ન્હાવાનો દોહદ થયો હતો. પૂર્વે તેણીએ સાધુને ઉપસર્ગ કર્યો હતો, તેને લીધે આ સતીને મિથ્યા કલંક લાગ્યું હતું અને તે દુઃખી થઈ હતી."

ધર્માચાર્ય આર્યસુહસ્તિના મુખથી પોતાનો પૂર્વભવ સાંભળતાંજ નર્મદા સતીને જાતિસ્મરણ જ્ઞાન થઈ આવ્યું અને તે સાથેજ તીવ્ર વૈરાગ્ય થવાથી તે મહાસતીએ આચાર્યની

પાસે દીક્ષા અંગીકાર કરી. પવિત્ર નર્મદા કેળવણી પામેલી હોવાથી આચાર્યે તેણીને સર્વ સાધ્વીઓમાં પ્રવર્ત્તિનીનું પદ આપ્યું હતું. જે પદ મેળવી તે મહાસતીએ ઘણી શ્રાવિકાઓનો અને સાધ્વીઓનો ઉદ્ધાર કર્યો હતો. છેવટે ઉગ્ર તપસ્યા કરતાં તે નર્મદા સાધ્વીને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું હતું, જે જ્ઞાનનો સારો ઉપયોગ કરી તે સતીએ ચારિત્ર ધર્મની સત્કીર્તિને આ ભારતવર્ષ ઉપર ફેલાવી હતી.

એક વખતે સાધ્વી **નર્મદા** વિહાર કરતાં ચંદ્રનગરમાં આવ્યાં હતાં. ત્યાં તેમણે શ્રાવિકાઓના સમાજ વચ્ચે એવી ઉપદેશ વાર્ત્તા કરી કે, જેથી તેમની ધર્મકીર્ત્તિ ચારે તરફ પ્રસરવા લાગી. તેમની સત્કીર્ત્તિ સાંભળી તે સતીનો પૂર્વ પતિ મહેશ્વરદત્ત જે કે ત્યાં રહેલો હતો, તે સાધ્વીને નમન કરવા આવ્યો. તે સાધ્વીના મુખથી ધર્મવાર્ત્તા સાંભળી ખુશી થયો. પછી તેણે વિનયથી સાધ્વીને પુછ્યું કે—"મેં મારી સ્ત્રીને કલંકિત જાણીને તજી દીધી, તો તે કલંકિત હતી કે નહીં?" સાધ્વીએ કહ્યું, તે તો નિષ્કલંક અને સતી હતી. આ સાંભળતાંજ મહેશ્વરદત્ત પોતાના આત્માને ધિક્કારવા લાગ્યો. "અરે! મેં મેં એ નિર્દોષ સતીને ઘણી દુઃખી કરી, તે બીચારીનું જંગલમાં શું થયું હશે?" મહેશ્વરદત્તને આમ દુઃખી થતો જોઇ સાધ્વીએ કહ્યું, "તે નારી સતી પ્રિયા હું પોતેજ હતી." તે સાંભળી મહેશ્વરદત્ત સાનંદાશ્ચર્ય થઇ ગયો અને પોતાના મનમાં ઘણોજ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. "ધિક્કાર છે મને! કે મેં તમને ભયંકર જંગલમાં એકલા તજી દીધા!! મારા જેવો બીજો કોઈ પાપિષ્ટ નહીં હોય?" સાધ્વી બોલ્યા—"શાંત થાઓ, વૃથા ખેદ કરો નહીં, તેમાં તમારો દોષ નથી. સર્વ પ્રાણી પોતાનાં કર્મને અનુસારે સુખદુઃખ ભોગવે છે." આ-

જૈન શાસ્ત્રમાં કહ્યું છે કે, "સર્વ પ્રાણીઓ પૂર્વ કર્મની પ્રેરણાથી પ્રવર્ત્તે છે તેમાં કોઇનો દોષ નથી, દોષ તો ફક્ત તેઓના આત્માનોજ છે." પછી તેણે નર્મદાસુંદરીની ક્ષમા માગી, તેણીના ગુરૂ આર્યસુહસ્તિની પાસે દીક્ષા લીધી. પાછળથી ઋષિદત્તાએ પણ દીક્ષા લીધી હતી. મહેશ્વરદત્ત અને ઋષિદત્તા સર્વ કર્મનો ક્ષય કરી તે નર્મદા નદીના પવિત્ર તીર ઉપર મુક્તિ પામ્યાં હતાં. ત્યાં દેવતાઓએ આવી નર્મદા સતી વિગેરે બધાનો મહોત્સવ કર્યો હતો. ત્યારથી લોકોમાં એ **નર્મદાનું** પવિત્ર તીર્થ વિખ્યાત થયું છે.

સાંપ્રતકાળે નર્મદાનુ તીર્થ મિથ્યાત્વીઓને હસ્તગત થયું છે, પણ તે પ્રાચીનકાળે જૈનતીર્થ હતું. જૈનસતી નર્મદાસુંદરીના પવિત્ર જીવનનો કીર્તિસ્તંભ એ તીર્થમાં સ્થાપિત થયો હતો. તે મહાસતીએ પોતાના જીવનમાં ઘણું ગ્રહણ કરવા યોગ્ય બતાવી આપ્યું છે. ઉત્તમ કેળવણી, સદાચરણ, પતિવ્રત, સ્વામીપર દૃઢ પ્રીતિ અને અત્યંત શીળવ્રત એ વિગેરે સદ્ગુણો નર્મદાસુંદરીના જીવનમાંથી દરેક શ્રાવિકાને શીખવાનાં છે. તે સાથે શીળવ્રત પાળવામાં તે મહાસતીએ જે હીંમત દર્શાવી હતી, તે અલૌકિક હતી; તેમજ તેણીના પતિએ નઠારી શંકા લાવી તેણીનો ત્યાગ કર્યો, તથાપિ અખંડિત પતિભક્તિ રાખી પતિની નિંદા કરી નહીં—એ મહાગુણો સન્નારીને અવશ્ય અનુકરણ કરવા યોગ્ય છે. ધન્ય છે, નર્મદા સતી તને કે તેં શીળરૂપ રત્નને સાચવવા કુટ્ટિની વેશ્યાના તથા રાજાના વૈભવ સુખને પણ ધિક્કારી કાઢ્યું!! કોઈ પણ પ્રકારના લોભમાં લપટાઈ નહીં. અંતે સાધર્મી બંધુઓના અને સાધર્મી બહેનોના ઉપદેશથી ઉદ્ધાર કરી ને આ જગતમાં અમર નામના કરી ગઈ છે, ધન્ય છે આવી શ્રાવિકા સતીને!!!

રહેલો હોવાથી તે પોતાનો સંબંધ જાણતો ન હતો. તેથી સીતાની સુંદર છબી જોઇ તે કામદેવથી વિહ્વળ થઇ ગયો.

પોતાનો પુત્ર જનકરાજાની પુત્રી સીતા ઉપર મોહિત થઇ દુ:ખી થય છે, એ ખબર જાણી તેના પિતા ચંદ્રગતિએ ચપળ-ગતિ નામના એક દૂતને મોકલી જનકની પાસે સીતાનું માગું કર્યું. જનકે ચંદ્રગતિની માગણી આવી એટલે તેણે સ્વયંવર કરવાનો વિચાર કરી તે દૂતને કહ્યું કે, "મેં આ મ્હારી પુત્રી સીતાને દશરથરાજાના કુમાર રામને આપવી ધારેલી છે, તોપણ હવે હું પ્રતિજ્ઞા કરૂં છું કે, જે પુરૂષ મારી પાસે રહેલા વજ્ર-વર્ત્ત નામના બે ધનુષ્યને ઉપાડી એના ઉપર પણછ ચઢાવશે તેને સીતા વરશે."

એમ કહી તેણે સ્વયંવર મંડપ રચાવ્યો અને તે બન્ને ધનુ-ષ્યને સ્વયંવર મંડપમાં મુકી અનેક રાજાઓને આમંત્રણ કર્યું.

ચપળગતિ દૂતે જઈ ચંદ્રગતિને એ વાત જણાવી એટલે ચંદ્રગતિ ભામંડળને લઇ જનકપુર આવ્યો. રાજા દશરથ પણ પોતાના પુત્રોને તેડી સ્વયંવર ઉપર આવી પોહોંચ્યો. બીજા અનેક રાજાઓ અને વિદ્યાધરોએ પણ એ મહોત્સવમાં ઉમં-ગથી ભાગ લીધો હતો. સ્વયંવરનો દિવસ આવ્યો એટલે સીતા ઉત્તમ વસ્ત્રાલંકાર પેહેરી મંડપમાં આવી ઉભી રહી. પછી જનકની આજ્ઞાથી જુદા જુદા દેશના રાજાઓએ ધનુષ્યને પણછ ચઢાવવાનો પ્રયાસ કર્યો, પણ તે બધો વૃથા થયો. તેઓ ધનુષ્યને તેના સ્થાનમાંથી ચળાયમાન પણ કરી શક્યા નહીં. પછી દશરથના પુત્ર રામે ઉભા થઇ એક લીલા માત્રમાં એક ધનુષ્ય ઉપાડયું, ને તેના ઉપર પણછ ચઢાવી કે, તુરત સીતાએ તેના કંઠમાં વરમાળા આરોપણ કરી, એજ પ્રમાણે રામના નાના ભાઈ લક્ષ્મણે બીજા ધનુષ્યને ઉપાડીને તેના ઉપર પણછ ચઢાવી,

એટલે ત્યાં રહેલા વિદ્યાધરોએ પ્રસન્ન થઇને પોતાની અઢાર કન્યાઓ તેને આપી. આ વખતે રામના ભાઈ ભરતને પણ કનકરાજાએ પોતાની ભદ્રા નામની પુત્રી આપી હતી. પછી દશરથરાજા પોતાના પુત્રોને પરણાવી પોતાને નગર આવ્યો. ત્યાં સર્વ પ્રજા તરફથી આનંદ ઉત્સવ સાથે તેમનો પ્રવેશોત્સવ કરવામાં આવ્યો હતો.

જ્યારે રામ સીતાને પરણી ગયો, ત્યારે ભામંડળને ભારે અપશોષ થયો હતો. તે પોતાની ઇચ્છા પુરી ન થવાથી મનમાં પરિતાપ પામતો ભામંડળ પિતાની સાથે આવતો હતો, ત્યાં આકાશવાણી થઈ કે, " હે ભામંડળ, ખેદ કરીશ નહીં, તે સીતા તારી બ્હેન છે, અને જનક તારા પિતા છે, કોઇ દેવે તારૂં હરણ કર્યું હતું, તેથી ચંદ્રગતિના હાથમા તું આવી પડ્યો છે." એ સાંભળી ભામંડળ સીતાને બ્હેન જાણી અને જનકને પિતા જાણી પાછો વળ્યો અને હર્ષથી તેમને મળ્યો હતો. પછી પોતાની બ્હેન સીતાની ક્ષમા માગી અને પોતાના પિતા જનકરાજાની રજા લઈ ચંદ્રગતિની સાથે પાછો પોતાને નગરે ગયો હતો.

રામ પોતાની રાજધાનીમાં આવી સીતાની સાથે ગૃહસંસારનું ઉત્તમ સુખ લેતા હતા. સીતાએ સ્ત્રી ધર્મનું ઉત્તમ શિક્ષણ મેળવ્યું હતું, તેથી દશરથના રાજકુટુંબમાંતે ઘણી માનેતી થઇ પડી હતી. અનેક દાસ અને દાસીઓ છતાં સીતા પોતાના પતિ રામની જાતે સેવા કરતી, તેથી તે પતિના પ્રેમનું પૂર્ણ પાત્ર બની હતી. ધાર્મિક અને સાંસારિક કેળવણી પામેલી સતી સીતા દશરથરાજાના રાજ્યની સર્વ પ્રજામાં સારી કીર્તિ પામી હતી. તે જૈનપર્વને દિવસે દરેક જિનાલયોમાં અને ધર્માલયોમાં પોતાની જાતે જતી અને ત્યાં અનેક જાતનાં ધાર્મિક કાર્યો કરતી હતી. કોઇ પણ શ્રાવક દુઃખી જણાય તો તેના ઉદ્ધાર કરવાને

તે પોતાનો ઉદાર હાથ લંબાવતી હતી. આથી સતી સીતાના મહેલ આગળ અનેક દુઃખી જનો આશ્રય લેવાને આવતાં હતાં.

રામને કૈકેયી નામે એક ઓરમાન માતા હતી. તેણીના ઉદરથી ભરત નામે એક કુમાર થયો હતો. કપટી કૈકેયીએ પૂર્વે રાજા દશરથ પાસેથી એવું વચન લીધેલું કે, "તેણીના પુત્ર ભરતને રાજ્ય આપવું અને રામને વનવાસ આપવો." આથી દશરથને ભરતને રાજ્ય આપવુ પડ્યું અને રામને વનવાસ ગ્રહણ કરવાની આજ્ઞા કરવી પડી. પછી સત્ય પ્રતિજ્ઞાવાળા દશરથ રાજાએ ભરતને રાજ્ય આપી સત્યભૂતિ આચાર્યની પાસે દીક્ષા લીધી હતી. પિતાનાં વચનને પાળનાર રામ જ્યારે વનમાં જવાને તૈયાર થયા તે વખતે પતિભક્તિમાં પ્રેમવાળી સતી સીતા આગ્રહ કરી તેમની સાથે જવાને તૈયાર થયા. પોતાના બંધુ રામ જ્યારે વનમાં જવા તત્પર થયા એટલે ભ્રાતૃભક્તિવાળા તેના નાના ભાઈ લક્ષ્મણે પણ સાથે આવવા આગ્રહ કર્યો. રામે સીતા અને લક્ષ્મણને સાથે લઈ જવાને અંગીકાર કર્યું.

રામ, લક્ષ્મણ અને સીતાને સાથે લઈ વનમાં ગયા તેમણે દંડકારણ્યમાં આવી વાસ કર્યો, ત્યાં રાવણે કપટથી સીતાનું હરણ કર્યું. તે ઉપરથી રામે યુદ્ધ કરી, તેમાં રાવણને મારી સીતાને પાછી આણી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું. પછી રાજ્ય ઉપર બેસી રામે પોતાના ભાઈઓને જુદા જુદા દેશ વ્હેંચી આપ્યા હતા. કેટલોક સમય રાજ્ય કર્યા પછી સીતાને ગર્ભ રહ્યો અને તેથી તેણીને અનેક પ્રકારના દોહદ ઉત્પન્ન થયા, જે તેણીના પ્રિય પતિ રામે પૂરા કર્યા હતા. એક વખતે સતી સીતાનું જમણું નેત્ર અચાનક ફરકવાથી તેણીએ પોતાના પતિને તે વાત જણાવી, એટલે રામે પોતાની પ્રિયાને શાંત કરવા મધુર વચનો કહ્યાં—"પ્રિયે, તમારૂં જમણું નેત્ર

ફરક્યું, એ અપશુકન થયાં છે, તથાપિ તમે શોક નહીં કરતા સાવધાન રહેજો. જિનાલયોમાં દીપમાળા રચાવજો અને દીન લોકોને વધારે દાન આપજો. કારણકે, દેવભક્તિ અને પાત્ર દાનનો પ્રભાવ મોટો છે." પતિનાં આવાં આશ્વાસન ભરેલાં વચન સાંભળી સીતાએ કહ્યું. પ્રાણનાથ, હું આપના કહેવા પ્રમાણે કરીશ. આ અપશુકનથી મારા શરીરને અનિષ્ટ થાય, તેને માટે મને અપશોષ નથી, પણ તમારાથી વિયોગ થવાનો મને ભય રહે છે. કારણકે, પતિના સહવાસમાં રહેનારી શ્રાવિકાઓજ પૂર્ણ સુખી ગણાય છે. પતિની ભક્તિમાં તલ્લીન રહેનારી સ્ત્રી કદિ જંગલમાં હોય, નાની ઝુંપડીમાં હોય કે બીજાં ગમે તેવાં કષ્ટ ભરેલાં સ્થાનમાં હોય, તોપણ તે સર્વ કરતાં સુખી ગણાય છે." પ્રિયાનાં આવાં પ્રેમી વચન સાંભળી રામ પોતાના હૃદયમાં ઘણો આનંદ પામ્યા હતા.

એક વખતે રામ ન્યાયાસન આગળ બેઠા હતા, ત્યાં કેટલાએક લોકો આવી કહેવા લાગ્યા કે, "હે દેવ, માણસો એમ કહે છે કે, કામી રાવણે જેણીને પોતાના આવાસમાં છ છ માસ સુધી રાખી એવી સીતા સતી કેમ કહેવાય? હે રાજા, જેમ તેલનું બિંદુ પાણીમાં પ્રસરી જાય, તેવી રીતે આ લોકાપવાદ નગરમાં બધે પ્રસરી ગયો છે; માટે તે અસત્ય હોય નહીં." તે સાંભળી રામ ક્ષણવાર બોલ્યો નહીં. પછી તેણે વિચારીને કહ્યું કે, "તમે કહો છો, તે ખરી વાત છે, એવો લોકાપવાદ ચાલે તે મારો નહીં. હું કોઈ પણ સ્ત્રીનું આવું અકાર્ય સહન કરી શકતો નથી." એમ કહી તેણે લોકોને વિદાય કરી દીધા.

લોકોના મુખથી આવી વાત સાંભળ્યા પછી રામ રાત્રે નગર ચર્ચા જોવાને ફરવા નીકળ્યા. એક મોચીના ઘર પાસે

આવી તે ઉભા રહ્યા, તે વખતે બાહિર જઈ પાછી વારે આવેલી પોતાની સ્ત્રીને મોચીએ પાટુ મારીને કહ્યું, "તું અત્યારસુધી ક્યાં ગઈ હતી?" પેલીએ ઉત્તર આપ્યો, "તમે તો રામ જેવાથી પણ બહુ વધારે જણાઓ છો.' રામે તો રાવણના ઘરમાં રહી આવેલી સીતાને શુદ્ધ માની. અને તમે તો હું ઘડીવાર બીજે રહું. તે ખમી શકતા નથી; તેનું શું કારણ?" મોચીએ કહ્યું, "હું રામના જેવો સ્ત્રીને આધીન નથી કે તે સહન કરૂં." આ વચન સાંભળી રામને હાડોહાડ લાગી ગયું. તેના મનમાં પ્રેમનું જે દૃઢ બંધન હતું, તે શિથિલ થઇ ગયું. સતી સીતાની પવિત્રતાનો તેને વિચાર આવ્યો નહીં. પતિપત્નીનો વિયોગ કરનાર કર્મ ઉદય આવ્યું. સતીના પ્રેમથી અદિન થયેલા રામે વિચાર્યું કે, "સ્ત્રીને આધીન એવા મને ધિક્કાર છે!" પછી રામે ઘેર આવી પોતાના ભાઈ લક્ષ્મણને એકાંતે બોલાવી કહ્યું, "લોકો સીતાને અસતી ગણે છે, માટે મારે તેણીનો ત્યાગ કરવો પડશે." ભાઈના આવા વિચાર જાણી લક્ષ્મણ બોલ્યો—"બંધુ, એ વાત સંભવિત નથી. મારા પૂજ્ય ભાભી સીતા સતી છે. લોકોના કહેવા માત્રથી આપ સીતાનો ત્યાગ કરશો નહીં, કારણકે, લોકો પારકા દોષ કહેવામાં બહુ રસીલા હોય છે. તેવા લોકોને રાજાએ શિક્ષા કરવી જોઈએ. લક્ષ્મણનાં આવાં વચન સાંભળી રામે ન્યાય વિચારી કહ્યું, "ભાઈ લક્ષ્મણ, તું કહે છે, તે સત્ય છે, તારાં ભાભી સતી છે ખરેખરી શુદ્ધ ક્ષત્રિય ધાર્મિકા છે. તેણીએ વનવાસમાં સાથે રહી આપણને પોતાનો સતીધર્મ બતાવી આપ્યો છે, તથાપિ નીતિ શાસ્ત્ર લખે છે કે, જો કદિ શુદ્ધ કાર્ય હોય, પણ જો તે લોક વિરૂદ્ધ હોય તો તેને તજી દેવું" રામનો આવો દૃઢ નિશ્ચય લક્ષ્મણથી ફેરવાઈ શક્યો નહીં. છેવટે રામે પોતાના સેનાપતિને બોલાવીને કહ્યું કે, "સેનાપતિ, તું સીતાને વનમાં મુકી આવ.

તેથી મારા કર્મયોગે આ બનાવ બન્યો છે. એવો મને નિશ્ચય થયો છે. રામ અને લક્ષ્મણ ચિરકાળ વિજયવંત વર્તો." આ પ્રમાણે કહેતાં સતીના નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી. પછી તેણીએ સેનાપતિને કહ્યું કે, "ઉપરના મારાં વચનો તમારા રાજાને સંદેશારૂપે કહેજો."

સતીનાં આવાં વચન સાંભળી સેનાપતિ ગળગળો થઇ ગયો. તે સતીના ચરણમાં નમન કરી પોતાના આત્માને નિંદતો ત્યાંથી પાછો ફર્યો.

સેનાપતિના જવા પછી જાનકી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતી જંગલમાં રહી હતી. વિપત્તિ વખતે કુલીન વનિતાએ કેવી રીતે વર્તવું જોઇએ ? એ વિષે સતી સારૂં જ્ઞાન ધરાવતી હોવાથી તેણીના હૃદયમાં હિંમતનો પ્રકાશ પડતો હતો. અને તેથી તે શીળ સાચવવાના ઉત્તમ ઉપાય હૃદયમાં શોધતી હતી. અને પોતાના કર્મનો દોષ કાઢતી એ વીરરમણી જંગલમા આમ તેમ ફરતી હતી.

જગતમાં સતીધર્મનો પ્રભાવ અદ્ભુત છે. શીળને સંરક્ષણ કરવાનું મહાવ્રત ચમત્કારી છે. તે મહાવ્રતની આગળ કોઇ દિવ્ય કે માનુષી શક્તિ ચાલતી નથી. સતી સીતા એ મહાવ્રતના પ્રભાવથી જંગલમાં નિર્ભય થઇ ફરતી હતી. તેવામાં **પુંડરીકપુરનો** વજ્રજંઘ નામે રાજા ત્યાં આવી ચડ્યો. વજ્રજંઘ પવિત્ર હૃદયનો હતો. સતીને જોતાંજ તેના હૃદયમાં દયા ઉત્પન્ન થઇ, પછી તે સીતાને પોતાની બ્હેન સમાન ગણી પોતાના નગરમાં લઇ ગયો. અને પોતાના એક જુદા મ્હેલમાં તેણીને મર્યાદાથી રાખી હતી.

આ તરફ સેનાપતિ સીતાને વનમાં મુકી રામની પાસે

વળી હાલમાં તેણી સગર્ભા છે, તેથી એણીને સમ્મેતશિખર જવાનો દોહદ ઉત્પન્ન થયેલ છે, માટે ત્યાં જવાનું બ્હાનું કરી તેણીને લઈ જજે અને તેણીને ગંગાને સામે તીરે મુકીને આવજે." 'જેવી આજ્ઞા' એમ કહી સેનાપતિ રથ લઈ સીતા પાસે આવ્યો. અને કહેવા લાગ્યો કે. "સ્વામિનિ, મહારાજા રામની આજ્ઞાથી હું આપને સમ્મેતશિખર તીર્થે લઈ જવાને આવ્યો છું, માટે આપ રથમાં વિરાજમાન થાઓ." સીતા દોહદને વશ થઈ એ વાત સ્વીકારી તરત તૈયાર થઈને રથમાં બેઠાં. સેનાપતિ સીતાને રથમાં બેસારી એક ભયાનક અરણ્યમાં લઈ ગયો, ત્યાં તેણે સતીને વિનયથી જણાવ્યું. "હે સ્વામિનિ. તમારા પતિ મહારાજા રામે તમને અહિં તજી દેવાનું મને કહેલું છે, આવું કામ કરનાર મને ધિક્કાર છે. પણ હું કિંકરજન શું કરૂં? ધણીની આજ્ઞા દુષ્કર હોય તોપણ સેવકને કરવી પડે છે." સેનાપતિનાં આવાં વચન સાંભળી સતી સીતાને મૂર્છા આવી ગઈ. અને તે રથમાંથી બાહેર પડી ગઈ. ક્ષણવારે મૂર્છા ઉતરી એટલે સતી વિલાપ કરતી બોલી—"સ્વામી, આપના પવિત્ર હૃદયના પ્રેમરૂપ અમૃતનો ઝરો શું એકદમ સુકાઈ ગયો! અથવા શું આ પાપિણી સ્ત્રીએ આપનો કાંઈ ભારે અપરાધ કર્યો? અચાનક આવું આમ કરવાનું શું કારણ છે? કદિ જો આપને લોકાપવાદનો ભય હતો તો, આપે ત્યાં લોકોની સમક્ષ મારી પરીક્ષા કેમ ન કરાવી? એમ કર્યું હોત તો તે તમારા ક્ષત્રિયકુળને ઉચિત હતું; આ તો તમે દયાધર્મી થઈ નિર્દય લોકોના અગ્રણી ગણાયા. કારણકે, તમે તમારી સગર્ભા પ્રિયાને વનમાં એકલી મુકવાની આજ્ઞા કરી છે. તોપણ હું આપને લેશ માત્ર તિરસ્કારી નહીં થાઉં; કારણકે, આર્હતશાસ્ત્રના અભ્યાસથી હું જાણું છું કે, શુભ અશુભ કર્મ ઉદય આવ્યા વગર સુખદુઃખ થતાં નથી.

કલ્પવાસમાં રહી સારી કેળવણી પામ્યા હતા. રાજા વજ્રજંઘે પણ તેમને કળાશાળામાં મુકી સારા પ્રવીણ બનાવ્યા હતા. શાસ્ત્ર અને કળાઓનો અભ્યાસ કરી તે બન્ને ભાઈ બળવાન અને શૂરવીર થયા હતા. રાજા વજ્રજંઘે પોતાની પુત્રી શશિકળા કે જે સારી કેળવણી પામી હતી તેણીને લવની સાથે પરણાવી. તે શિવાય બીજી પણ બત્રીશ રાજકુમારીઓ રામના જ્યેષ્ઠ પુત્ર લવને વરી હતી. તેના બીજા ભાઈ કુશને માટે વજ્રજંઘે ભારતવર્ષમાં પ્રખ્યાતિ પામેલા પૃથુરાજાની સુંદરી પુત્રીનું માગું કર્યું, પણ પૃથુરાજાએ કુશના કુળ વંશ જાણ્યા વિના પોતાની પુત્રી આપવાની ના કહી એટલે તેણે લવ તથા કુશને સાથે લઈ પૃથુરાજાની ઉપર ચડાઈ કરી. તે યુદ્ધમાં લવ કુશે પૃથુરાજાને સૈન્ય સહિત હરાવી દીધો. સૈન્ય સાથે પૃથુરાજાને નાશી જતો જોઈ બન્ને ભાઈઓ કહેવા લાગ્યા કે, "પૃથુરાજા, અમારા જેવા વંશજોને જોઈને તમારા જેવા ઉત્તમ વંશજો કેમ નાશી જાય છે? જરા ઉભા રહો. અને અમારૂં શૌર્ય જુવો." એ પછી તેમનું એવું અસાધારણ વીર્ય જોઈ પૃથુરાજા ખુશી થયો, અને તેણે વજ્રજંઘને મળીને કહ્યું કે, "આ કુમારોના બળ-પરાક્રમ જોઈ મેં એમનું કુળ જાણ્યું છે." આ વખતે અકસ્માત્ આકાશમાંથી નારદમુનિ આવી ચડ્યા. નારદને પ્રણામ કરી વજ્રજંઘ રાજાએ પુછ્યું, "આ બન્ને કોના બાળકો છે?"

નારદ બોલ્યા—રાજેંદ્ર, લોકોના અપવાદથી ભય પામી રામે પોતાની સગર્ભા સ્ત્રી સીતાને વનમાં તજી દીધી હતી. એ સતી સીતાના આ બે પુત્રો છે. તે સાંભળી કુશ બોલ્યો હે મુનિ, રામે તે સારૂં કર્યું નથી. પછી લવે પુછ્યું, મુનિરાજ, એ રામની નગરી અહીંથી કેટલી દૂર છે? તેના ઉત્ત-

રમાં નારદ મુનિ બોલ્યા "તે નગરી અહીંથી છસો યોજન દૂર છે." એટલું કહી નારદમુનિ ચાલ્યા ગયા. પછી કુશનું ઉત્તમ કુળ જાણી પૃથુરાજાએ પોતાની કનકમાળા નામની કન્યાને કુશની સાથે પરણાવી. પછી વજ્રજંઘ તે બન્ને ભાઈઓને લઈને પોતાને નગરે આવ્યો.

લવ અને શશિકળા. તથા કુશ અને કનકમાળા—એ બન્ને જોડીને જોઈ સતી સીતા ખુશી થઇ ગયાં. તેમના ઓવારણા લઇ સતીએ તેમને હૃદયની આશીષ આપી. પછી પોતાના મામા વજ્રજંઘની આજ્ઞા લઈ બન્ને ભાઈ કેટલુંએક સૈન્ય લઇ સીતા માતાની આજ્ઞા લઇ અયોધ્યા નગરીએ આવ્યા. તેમને સૈન્ય સાથે આવેલા જોઈ રામ અને લક્ષ્મણ કોપાયમાન થઈ તેમની સામે યુદ્ધ કરવા સામા આવ્યા. અને અયોધ્યા નગરીના સીમાડા ઉપર તેઓની વચ્ચે ભારે યુદ્ધ થયું. પરાક્રમી લવ કુશે રામની સેનાને દીનદશાએ પોહોચાડી દીધી, એટલે લક્ષ્મણે ક્રોધાતુર થઈ કુશની ઉપર ચક્ર મુક્યું. પણ ચક્ર તો સતીના કુમાર કુશને પ્રદક્ષણા કરી પાછું લક્ષ્મણ પાસે આવ્યું, એટલે રામ તથા લક્ષ્મણ ખેદ પામી વિચારમાં પડ્યા કે, "શું આ નવા બળદેવ અને નારાયણ ઉત્પન્ન થયા હશે?" એટલામાં તો નારદમુનિ આકાશમાંથી આવ્યા અને રામ અને લક્ષ્મણ પ્રત્યે હસીને બોલ્યા—"અહો! તમને હર્ષને બદલે ખેદ શેનો થાય છે? પોતાના પુત્રથી પરાજય પામવો એ શું હર્ષદાયક નથી? એ વિચિત્ર છે. આ બન્ને સતી સીતાના ઉદરથી ઉત્પન્ન થયેલા આપનાજ પુત્ર છે તેઓ યુદ્ધનું બ્હાનું કરી તમને મળવા આવ્યા છે. તમારું ચક્ર તેને કાંઈ કરી શક્યું નહીં, એ [illegible] નિશાની છે; કારણકે એ ચક્ર એક ગોત્રના પુરૂષો ઉપર ચાલી શકતું નથી." નારદના આવાં વચન સાંભળી

રામ અને લક્ષ્મણે શુદ્ધ પગનું મુકયું. એટલે વિનયવાન એવા બન્ને કુમારોએ આવી પિતાને અને કાકાને પ્રણામ કર્યા. પિતાએ અને કાકાએ તેમને સ્નેહથી આલિંગન આપ્યું. રામના રોમેરોમ વાત્સલ્ય રસ વ્યાપી ગયો. આ વખતે બન્ને સૈન્યમાં આનંદ વર્ત્તાઈ રહ્યો હતો.

પછી રામની આજ્ઞાથી સુગ્રીવ અને વિભીષણે આવી વજ્રજંઘને કહ્યું કે, 'સતી સીતાને અયોધ્યામાં લાવો.' પછી લક્ષ્મણ પણ પોતાની પૂજ્ય ભાભીની પાસે આવ્યા અને પ્રણામ કરી બોલ્યા—'પૂજ્ય માતા, તમે આવી નગરને પવિત્ર કરો.' સીતા હર્ષનાં આંસુ લાવી બોલ્યા "ભાઈ લક્ષ્મણ, હું શુદ્ધ થયા વિના નગરમાં પ્રવેશ નહીં કરૂં. મેં પાંચ દિવ્ય કરવાની પ્રતિજ્ઞા કરી છે. પહેલા દિવ્યમાં હું બળતા અગ્નિમાં પ્રવેશ કરીશ; બીજા દિવ્યમાં અગ્નિનું પાન કરીશ; ત્રીજા દિવ્યમાં તપાવેલા તેલમાંથી કોડી કાઢી લઈશ; ચોથા દિવ્યમાં હું તોળાઈશ અને પાંચમા દિવ્યમાં એકલી જીહ્વાથી ફળ ગ્રહણ કરીશ. આ પ્રમાણે પાંચ દિવ્ય કરી, મારૂં સતીત્વ પ્રગટ કરી અને લોકાપવાદને દૂર કરી હું મારા પતિની સત્કીર્તિ ફેલાવીશ." આ વખતે રામ પોતાની પ્રિયા પાસે આવી ઉભા રહ્યા. સતીએ પ્રેમપૂર્વક પતિને પ્રણામ કર્યો. સતીનાં દર્શનથી અંતરમાં આનંદ પામતા રામ બોલ્યા—"પ્રિયા, તમે શુદ્ધ સતી છો, ભારતવર્ષની સતીઓમાં મુખ્ય છો; તમારે પાંચ દિવ્ય કરી શુદ્ધ થવાની જરૂર નથી. ચાલો નગરમાં પ્રવેશ કરો." પણ સીતાએ તો એ પાંચ દિવ્ય કરી બતાવ્યા પછીજ નગરમાં પ્રવેશ કરવાની હા પાડી. સતીનો આગ્રહ જોઈ રામે એક યોજન પ્રમાણ ખાઈ ખોદાવીને તેમાં ખેરના અંગારા પૂરાવ્યા. પછી સીતા તે ખાઈની પાસે આવી અને સર્વ લોકોની સમક્ષ ઊંચે સ્વરે

બોલ્યાં- "જો મેં મારૂં શીળ લેશ પણ ખંડિત કર્યું હોય તો આ અગ્નિની ઝાળ મને સળગાવી દેજો નહીં તો તે મને જળ સમાન થઇ પડજો." એમ કહી નવકાર મંત્રનું ધ્યાન ધરતી સતી સીતા સર્વની સમક્ષ પોતાને પગે ચાલી તે ખાઇની પેલે તીર ગઇ. સર્વ પ્રેક્ષકે. સાનંદાશ્ચર્ય થઇ ગયા. સતીએ સર્વને પોતાના સતીધર્મનો ભારે ચમત્કાર દર્શાવી આપ્યો. જૈન શાસનના પ્રભાવિક દેવે તેની રક્ષા કરી. 'ધન્ય છે સતી શ્રાવિકા સીતાને' એમ અયોધ્યાનો પ્રજાવર્ગ ઊંચે સ્વરે કહેવા લાગ્યો. સતીની આવી અદ્દભુત શુદ્ધિ જોઈ રામના મનમાં ભારે પશ્ચાત્તાપ થયો.. રામે વિચાર્યું. "અહા! મેં આવી પવિત્ર સતીને વૃથા સંકટમાં નાખી." પછી સીતા શુદ્ધ થઈ પતિની પાસે આવી પ્રણામ કરી ઉભી રહી. રામના નેત્રમાંથી અશ્રુની ધારા ચાલતી જોઈ સતીએ કહ્યું, "હે જગદ્વીર સ્વામી, તમે 'મેં આને કારણ વગર દુઃખ દીધું' એમ વિચારી દુઃખી થશો નહીં. મારા કર્મયોગે જ હું દુઃખી થઇ છું. આ અગ્નિમાં પણ તેવાજ યોગે રહી હતી. પણ તેનાથી મારા હૃદયમાં રહેલા આપેજ મને ઉગારી છે. અહો.' કેવી પતિભક્તિ! કેવો શુદ્ધ પ્રેમ' સીતા, ધન્ય છે તને! તારા જેવી શ્રાવિકા સતીથીજ આ ભારતભૂમિ વિભૂષિત છે. પછી બીજા લોકો કહેવા લાગ્યા કે "અનન્ય આરાધના બળથી સીતાએ અગ્નિને પોતાના આત્માની આગળ ઝાંખો પાડી તો અગ્નિ પણ તેના શીળના પ્રભાવથી શીતળ થઈ ગયો. એજ આ સીતાનું સતીપણું બતાવી આપે છે."

પછી સીતાને બીજા દિવ્ય કરવાની જરૂર રહી ન હતી, તે સમયે ત્યાં ચતુર્જ્ઞાની શ્રી શીળચંદ્રસૂરિ આવી ચડ્યા. તે વખતે રામ સીતા વગેરે બધા તેમને વંદન કરવા તથા ધર્મ સાંભળવા

જનના દેખતાં આવું ખોટું આળ આપે છે, એ કેવી વાત કહેવાય? જો કે મારા મનમાં તો કાંઇ નથી, પણ આથી જિનશાસનની મોટી હીલણા થઈ છે." આવું વિચારી તે સાધુએ પ્રતિજ્ઞા કરી કે, "જ્યારે મારે માથેથી એ કલંક ઉતરશે, ત્યારે હું આહારપાણી ગ્રહણ કરીશ." એમ કહીને તે સાધુ કાયોત્સર્ગે રહ્યા. તે વખતે તે મુનિના ચારિત્રના પ્રભાવથી શાસનદેવીએ વેગવતીના શરીરમાં તેણીને શિક્ષા કરવાને માટે તીવ્ર વેદના મુકી. તેથી તેણીને એવી ભારે વેદના થવા લાગી કે તે મુખથી પણ બોલી શકી નહીં. પછી શાસનદેવી અદૃશ્ય રહી બોલ્યાં કે, "આ વેગવતીએ તીવ્ર તપસ્યા કરનારા એવા શુદ્ધ મુનિને વૃથા કલંક દીધું છે, એ સાધુ તદ્દન નિર્દોષ છે. અને આ વેગવતી દુષ્ટ છે; તેણીને હું મારી નાખીશ." આ પ્રમાણે શાસનદેવીની વાણીથી ભય પામી વેગવતી સર્વ લોકોની સમક્ષ બોલી કે, "હે મુનિ, હું તમને વંદન કરૂં છું; મેં પાપીણીએ તમારી ઉપર વૃથા દોષ મુકયો હતો." આ પ્રમાણે વેગવતી બોલી એટલે શાસનદેવીએ તેણીને સ્વસ્થ કરી. પછી તેણીએ તે સાધુની વારંવાર ક્ષમા માગી તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા લીધા પછી તેણી તીવ્ર તપસ્યા કરી પોતે કરેલા કર્મને માટે ગુરૂ સમક્ષ પોતાની નિંદા કરતી મૃત્યુ પામી સ્વર્ગે ગઇ. ત્યાંથી ચ્યવીને જનકરાજાને ઘેર તું સીતા થઇને અવતરી છું. તું તારા પાપને સમ્યક્ રીતે આલોયા વિના મૃત્યુ પામી તેથી તને આવું કલંક પ્રાપ્ત થયું હતું. મુનિનાં આવાં વચન સાંભળી રામ, સીતા વગેરે સર્વ રાજકુટુંબમાં ધર્મની ભાવના વિશેષ વૃદ્ધિ પામી. અનુક્રમે સીતા સતીએ વૈરાગ્યથી દીક્ષા લીધી હતી. સીતા સાધ્વીએ સારી રીતે ચારિત્ર પાળી ભારતની શ્રાવિકાઓને સારો બોધ આપ્યો હતો. સીતા સારી રીતે સંયમ પાળી મૃત્યુ પામી બારમા

અચ્યુત દેવલોકમાં ઇંદ્ર થઈ હતી. જ્યારે રામ સંસારના મોહમાં લીન હતા, ત્યારે પોતાના ઉપકારી પતિનો પૂર્વોપકાર યાદ કરી સીતાએ દેવલોકમાંથી આવીને રામને પ્રતિબોધ આપ્યો હતો. એ સતી સીતા અનુક્રમે મોક્ષમાર્ગની અધિકારી થવાની છે.

સાધર્મિ બ્હેનો, આ જૈનશાસનની મહાસતી સીતાનાં ચારિત્ર ઉપરથી તમારે ઘણો બોધ લેવાનો છે. પતિની શુદ્ધ ભક્તિ અને શીળની રક્ષા—એ બે તત્વો ઉપરજ સીતાનો સતીધર્મ ટકી રહ્યો હતો. રામે લોકાપવાદથી ભય પામી સગર્ભાવસ્થામાં તેણીનો ત્યાગ કર્યો હતો, તથાપિ મહાનુભાવા સીતાએ પતિ તરફ પોતાનો તેવો ને તેવો પ્રેમ જારી રાખ્યો હતો. એ તેની પતિભક્તિ કેવી ઉત્તમ હતી? અહા! કેવો પતિપ્રેમ? કેવું સીતાનું સતીત્વ કે પોતાને અનેક દુઃખો આવી પડ્યાં, પતિનો વિયોગ થયો, અનાદર થયો વગેરે અનેક આપત્તિઓ આવી પડતાં છતાં પોતાના શુદ્ધ પ્રેમને મલિન થવા દીધું નહીં; તેમજ શીળવ્રત કદિ પણ ભંગ થવા દીધું નહીં. ધન્ય છે ક્ષત્રિય શ્રાવિકા તારા સતીધર્મને!! આવી સતી શ્રાવિકાઓ જે દેશમાં ઉત્પન્ન થઈ શ્રાવક સંસારને દીપાવે છે, તે દેશને અને તે સંઘને હજાર વાર ધન્ય છે. વળી આખરે તેણીએ શ્રાવિકામાંથી સાધ્વી થઈ ચારિત્રધર્મને દીપાવી ભારતવર્ષમાં જૈનશાસનને દીપાવ્યું છે. એ સતી શ્રાવિકાથીજ રઘુવંશના તિલકરૂપ રામ વિખ્યાત થયા છે અને તે રામરાજ્યની મોટી કીર્ત્તિ મેળવવાને આ ભારતભૂમિપર ભાગ્યશાળી થયા છે. અહો શાસનદેવ! આ ભારતભૂમિ ઉપર રામ અને સીતાના જેવા પવિત્ર મનનાં જોડાં ફરીવાર પ્રગટ કરવા કૃપા કરો; એજ અમારી નમ્ર પ્રાર્થના છે.



સુનંદા-(નંદા)

આ પવિત્ર સતી મગધદેશમાં આવેલા રાજગૃહનગરના પ્રખ્યાત રાજા શ્રેણિકની સ્ત્રી થાય છે અને બુદ્ધિવાનોમાં પ્રખ્યાત થયેલા અભયકુમાર મંત્રીની માતા થાય છે. શ્રેણિક રાજા તેના પિતા પ્રસેનજિત્ રાજાના સો પુત્રોમાંહે મોટો પુત્ર હતો. તે ઘણો પુણ્યવાન, ભાગ્યવાન્ અને આર્હતધર્મમાં આસ્તિક હતો. એક વખતે રાજા પ્રસેનજિતે પોતાના સો પુત્રોમાં રાજ્યને લાયક કયો પુત્ર છે? એમ જાણવાને પુત્રોની પરીક્ષા કરી તેમાં શ્રેણિક પસાર થયો હતો, તથાપિ શ્રેણિકને તેના પિતાએ આદર આપ્યો નહીં. તેથી તે એકલો હાથમાં ખડ્ગ લઈને રાત્રે ચાલી નીકળ્યો હતો. તે વખતે ચતુર શ્રેણિકે ધર્મનુંજ શરણ લીધું હતું. નવકાર મંત્રનું સ્મરણ કરી ચાલતાં શ્રેણિકને માર્ગમાં સર્વ પ્રકારના અંતરાય દૂર થઈ જતા હતા. એક વખતે ફરતો ફરતો શ્રેણિક બેન્નાતટ નામના બંદરમાં આવી ચડ્યો. તે વખતે તેણે કેટલાએક ચમત્કારી રત્નો મેળવી પોતાનાં વસ્ત્રની ગાંઠે બાંધ્યાં હતાં.

આ બેન્નાતટ નગરમાં સતી સુનંદાનો જન્મ થયો હતો. તેના પિતાનું નામ ધનાવહ શેઠ હતું. સુનંદા બાળપણથી

પણ ધાર્મિક, પવિત્ર અને બુદ્ધિવાળી હતી. તેણીએ માતપિતાની ઇચ્છાથી સારી કેળવણી લીધી હતી. ધનાવહ શેઠ ભોળા દીલનો અને આસ્તિક હતો. તેના નામથી જાતજાતના કરીયાણાની એક સારી દુકાન ચાલતી હતી. તે નીતિમાન્ અને પ્રમાણિક હતો. ધર્મ અને પ્રમાણિકતાને બાધ ન આવે તેવી રીતે વેપાર કરવાથી જે કાંઇ મળે તેમાં તે સંતોષ માની રહેતો હતો. તે છતાં તે હમેશાં ઉદ્યોગી હતો.

એલિક પોતાના વસ્ત્રના છેડા સાથે રત્નોની ગાંઠવાળી તે ધનાવહ શેઠની દુકાને જઇ ચડ્યો. ત્યાં તેણે ક્ષણવાર વિશ્રામ કર્યો. ત્યાં તો તે દુકાને ઘણાં ગ્રાહકો આવવાથી ધનાવહને મોટો લાભ થવા માંડ્યો. તે જોઈ ધનાવહે મનમાં વિચાર્યું કે, " આ કોઈ નવો માણસ પુણ્યવાન લાગે છે. તેના બેસવાથી મને દુકાનમાં ઘણો વિક્રય થાય છે. માટે હું તેનો કાંઈ સત્કાર કરૂં." આવું વિચારી ધનાવહે એલિકને કહ્યું, ભદ્ર, આ દુકાનમાં જાતજાતની ચીજો છે, તેમાંથી તમારી ઇચ્છા હોય તે ચીજ લઇ જ્યો. આ દુકાન તમારીજ છે. આ પ્રમાણે કહેતાં ધનાવહને બીજી વાત યાદ આવી—"આજ રાત્રે કોઈ દેવતાએ મને સ્વપ્નામાં આવી કહ્યું હતું કે, સવારે ચાર ઘડી દિવસ ચડ્યા પછી આઠમી ઘડીએ પૂર્વ દિશામાંથી કોઇ વીશ વર્ષની વયનો શ્વેત વસ્ત્રવાળો પુરૂષ તારી દુકાને આવશે. તે તારી સર્વ આપત્તિને દૂર કરશે. એ સ્વપ્ન પ્રમાણે બરાબર તે વખતે અને તેવોજ આ પુરૂષ આવ્યો છે, માટે જરૂર આ કોઇ ચમત્કારી પુરૂષ લાગે છે."

ધનાવહ શેઠનાં આવાં વચન સાંભળી એલિક બોલ્યો—"શેઠ, તમે મારી ઉપર આટલો બધો સ્નેહ કેમ કરો છો? એ તો તમારો સ્વભાવજ એવો હશે." શેઠ હસીને બોલ્યો—"આ સંસારમાં સર્વને પોતાનો અર્થ પ્રિય હોય છે, પારકો

અર્થ કાંઈ પ્રિય હોતો નથી." ત્યારે શ્રેણિકકુમાર બોલ્યો— "તમારે પોતાનો શો અર્થ છે? ત્યારે શેઠે પોતાના સ્વપ્નની વાત કહી અને પછી કહ્યું કે, ને દેવ એવું સ્વપ્ન આપી વિજળીની પેઠે અંતર્ધાન થઈ ગયો. પછી પ્રભાતે ઉઠીને મે વિચાર્યું કે. (આ સ્વપ્ન તો ઉત્તમ છે.) પછી જેવો સમય થયો તેવાજ મેં આપને તેવાજ લક્ષણ ગુણવાળા જોયા."

ધનાવહ શેઠનાં આવાં વચન સાંભળી શ્રેણિકકુમાર વિચારવા લાગ્યો કે. "આ શેઠ ભોળો લાગે છે. તે કાંઈ પણ છાનું રાખતો નથી. પછી જેમ જેમ તે સ્વપ્નાનું સ્વરૂપ કહેતો ગયો, તેમ તેમ કુમાર મનમાં કૌતુક ધરવા લાગ્યો, એટલામાં તે કુમારની દ્રષ્ટિ દુકાનમા એક વસ્તુ ઉપર પડી, તે જોઇને તેણે શેઠને પુછયું કે. 'એ શું છે?' શેઠે કહ્યું, તે ધૂળ છે. તેની વાત સાંભળો. એક કોઈ બીજા બંદરનું વાહાણ હતું, ચોર લોકોએ તેને સમુદ્રમાં જતું પકડયું અને અહીં લાવીને તેમાં દ્રવ્યથી ભરેલું તે વાહાણ મને સોપ્યું. એ ચોરો નાશી ગયા, પછી રાજાને ખબર પડી એટલે રાજાએ મારૂં સર્વસ્વ દંડમાં લઈ લીધું અને મારી શેઠની પદ્વી પણ લઇ લીધી. વાહાણમાં જે કરીયાણું ભર્યું હતું. તે લઇ લીધું. પછી વાહાણની નીચે ધૂળ ભરેલી હતી તે જોઇ રાજાએ કહ્યું કે, આ ધૂળ તેને આપો કે, જેથી હવે પછી તે આવું કામ કરે નહીં. મારા જેવા આબરૂદાર શેઠીઆને માથે બલા.ત્કારે રાજાએ આ પ્રમાણે કર્યું. પછી મેં વિચાર્યું કે, "મારૂં ધન તો ગયું, હવે જો આ ધૂળ પણ દૂર કરીશ તો લોકો મારી હાંસી કરશે, તેથી મેં વિચારીને ચોમાસામાં દુકાન પાસે ઘણો કચરો થાય છે, તેથી કેટલીક ધૂળ મેં દુકાન આગળ નાખી અને કેટલીક દુકાનમાંજ રહેવા દીધી." ધનાવહનાં આવાં વચન સાંભળી શ્રેણિક બોલ્યો— "અહો જે

માણસ વસ્તુનું સ્વરૂપ જાણતો નથી, ને શાવાસ્તે ક્રય વિક્રય (ખરીદી અને વેચાણ) કરે છે? તે સાંભળી ધનાવહ બોલ્યો—"લોકો તો મારી હાંસી કરે છે, અને આપ પણ મારી હાંસી કરો છો, ત્યારે હવે મારી શી ગતિ?

શેઠને આવો દુઃખી જોઇ દયાળુ શ્રેણિક બોલ્યો—શેઠ, તમે છતી લક્ષ્મીએ શામાટે શોક કરો છો? તમારૂં તે વાહાણ ક્યાં છે? શેઠ બોલ્યો—તે તો ગંગાનદીને કાંઠે પડ્યું છે. કુમાર બોલ્યો—"ભદ્ર, જો તે વાહાણ ગંગાનદીને કાંઠે પડ્યું હોય તો તમે જઇ તેની રક્ષા કરો. આ તમારી દુકાનમાં જે ધૂળ પડી છે અને તે વાહાણમાં જે ધૂળ હોય તે ઉંચી વસ્તુ છે. તે ધૂળ છે તે ધનજ છે. તેમાંથી કોટીગમે દ્રવ્ય પેદા થાય તેવું છે. જ્યાં-સુધી તે ધૂળમાંથી ધન થાય ત્યાંસુધી તમે મારી પાસે જે રત્નો છે, તેનાથી વેપાર કરો. હું દેશાંતરે જઇ પાછો આવીશ." ધના-વહ બોલ્યો—"આપ શું બોલો છો? એ તો કદિ પણ બને નહીં. આપના આગમનથી મને ઘણો લાભ થાય છે. આપનાં વચનોએ મને આપત્તિરૂપ સમુદ્રમાંથી તાર્યો છે. જો તમે અહીંથી ચાલ્યા જાઓ તો પછી દેવતાએ કહેલાં વચન નિષ્ફળ થશે અને આપની બુદ્ધિના પ્રપંચ વિના મારે તો ધૂળની ધૂળજ રહેશે. આપ કલ્પવૃક્ષ સમાન અહીં આવીને કેમ જતા રહો છો? આ ધૂળમાંથી જે લાભ થશે, તે આપણ બન્ને અર્ધોઅર્ધ વહેંચી લઇશું. જો આપ એમ નહીં કરો તો હું ગંગાનદીના પ્રવાહમાં ઝંપાપાત કરીશ."

શ્રેણિકે કહ્યું, "જો તમે મારા માતા, પિતા, કુળ અને ગામ વિષે કાંઇ નહીં પુછો તો હું અહીં કેટલાક દિવસ રહીશ." ધનાવહ બોલ્યો—"હું કાંઇ પણ નહીં પુછું, આપ સુખે રહો. મારે આપને પુછવાનું શું કામ છે? મારી વસ્તુ અને આપની

બુદ્ધિ. આપ બુદ્ધિના બળથી આ વસ્તુ સુખેથી વેચો. જે મૂલ્ય આવશે તે આપણે અરધોઅરધ વ્હેંચી લઇશું." આ પ્રમાણે કહી ધનાવહ શ્રેણિકને પોતાને ઘેર તેડી ગયો. અને ત્યાં તેણે તેનું આતિથ્ય કરવા માંડ્યું.

ધનાવહની પુત્રી સુનંદા શ્રેણિકને જોઈ વિચારમાં પડી. તેના પવિત્ર હૃદયમાં પ્રેમનાં અંકુર ઉદિત થઈ ગયાં. શ્રેણિકનાં દર્શન થતાંજ તેણીએ વિચાર્યું કે, "આ કોઇ સુલક્ષણ કુમાર દેખાય છે. તેની ભવ્ય આકૃતિ ઉપરથી તેની ધાર્મિક, ઉદાર અને દયાળુ વૃત્તિ દેખાઈ આવે છે. વળી આ પવિત્ર પુરૂષને જોતાજ મારા શુદ્ધ હૃદયમાં પ્રેમની વિકારી લાગણી પેદા થઇ છે, તેથી તેને. અને મારો પૂર્વનો સંબંધ દેખાય છે. આજ સુધી ઘણા પુરૂષ જોવામા આવ્યા, તથાપિ કોઇની ઉપર મારી આવી મનોવૃત્તિ થઇ નથી. જો આ પવિત્ર કુમાર મારો ભર્તાર થાય તો મારા પૂર્વ પુણ્યનો ઉદય થાય." આવું વિચારી તે બાળા પોતાની માતાને કહેવા લાગી માતા, તમારી પાસે કહેવું તે યોગ્ય નથી, તથાપિ કહ્યા વિના રહી શકાય તેમ નથી. માતાએ કહ્યું, વત્સે જે કહેવાનું હોય તે સુખેથી કહે. લાયક વયની પુત્રીની સાથે માતાએ સખીભાવથી વર્તવું જોઇએ; તેથી તું શરમ છોડીને કહે. સુનંદા લજ્જાથી બોલી—"માતા, આપણે ઘેર જે સુલક્ષ અતિથિ આવેલ છે, તે મને સર્વ રીતે ધાર્મિક પવિત્ર અને સત્પાત્ર લાગે છે, તેવા સત્પાત્ર અને યોગ્ય પુરૂષની સાથે મારો વિવાહ કરો તો હું તમારો મોટો ઉપકાર માનીશ. વળી કુલીન કન્યાઓ જે પુરૂષને મન વચનથી વરે છે, તે પુરૂષ સિવાય બીજા પુરૂષને વરતી નથી."

સુનંદાનાં આવાં વચન સાંભળી તેની માતા રીસ કરીને બોલી—પુત્રી, તું કેળવણી પામેલી છું, તે છતાં આવાં નિ-

લેજ વચન કેમ બોલે છે? વિવાહની વાતમાં છોકરી કે છોકરાએ ધ્યાન આપવું ન જોઇએ. તે વિચાર અને કર્તવ્ય વડિલનું છે. જ્યારે છોકરાં આ પ્રમાણે પોતાની ઇચ્છા પ્રમાણે બોલનારા થાય તો પછી વડિલની મર્યાદા શી રીતે રહે? બ્હેન તું મોટા કુળમાં જન્મેલી. છતા આવું કેમ બોલે છે? નારી લજ્જાળુ પ્રકૃતિ ક્યાં ગઇ?

સુનંદા બોલી—માતા, એમ ન બોલો. કોળવાણી પામેલી કુલીન કન્યા વિપરીત માર્ગે ચાલે નહીં. કોઇ પણ પુરૂષ સર્વ રીતે યોગ્ય લાગે તો કન્યાએ પોતાની રૂચિ દર્શાવવી એમાં શો દોષ છે? વિશ્વમાં સ્વયંવરની રીતી સર્વથી શ્રેષ્ટ ગણાયેલી છે. માતા, આથી મારા શીળને માટે શંકા લાવશો નહીં. મારૂં શીળ મેરૂપર્વત સમાન નિશ્ચળ જાણજો માતા, મારે માટે મનમાં બીજો કાંઇ પણ વિકાર લાવશો નહીં. હું શ્રાવકકુળની કુલીન કન્યા છું. આર્યમાર્ગ પ્રાચીનકાળથી પ્રખ્યાત ગણાતી શ્રાવકકોમનું મને પૂર્ણ અભિમાન છે. વળી હું તમારા જેવી સુશિક્ષિત અને કુલીન માતાની પુત્રી છું. મા, હવે મારો સંકલ્પ સિદ્ધ થઈ ચુક્યો છે. જે પતિ મેં મનમાં ધાર્યો છે, તેજ મારે આ જન્મમાં પતિ થાઓ, નહીં તો હવે મારે સંયમનુંજ શરણ છે. જો એ પતિની સાથે સંસારનો માર્ગ નહીં મળે તો પછી હું મારા જીવનને સંયમના પવિત્ર માર્ગ ઉપર લઈ જઇશ. આ પ્રમાણે માતા અને પુત્રી વાતચીત કરતાં હતાં. તે વખતે ત્યાં આવી ચડેલા ધનાવહના સાંભળવામાં તે વાત આવી ગઇ. ધનાવહ ઘરમાં આવીને બોલ્યો—"આ શ્રેષ્ટ વર ઘેર આવ્યો છે અને આ પુત્રી પણ વિવાહ યોગ્ય થઈ છે, જો એ બન્નેનાં લગ્ન થાય તો તે લગ્ન સમાગમચંદ્ર અને રોહિણી, સૂર્ય અને રત્નાદેવી, કામદેવ અને રતિ, કૃષ્ણ અને રૂપા, અને ઈંદ્ર અને ઈંદ્રાણીના

સમાન શોભવંત થઈ પડે. જો કોઈ અંતરાય ન થય તો. આ
યોગ ઘણોજ શ્રેષ્ઠ છે. આ બાબતમાં એટલી શંકા છે કે, તે
કુમારે પોતાનું નામ, ઠામ. કુળ –ગોત્ર કે કાંઈ પણ નહીં પુછ
વાનો ઠરાવ કરેલો છે. તેથી આપણે તેના ગુણ ઉપરથી કુળની
પરીક્ષા કરી તેને જામાતાનું પદ આપવાનું છે. તે શિવાય બીજું
કાંઇ થઈ શકે તેમ નથી."

પિતાનાં આ વચન સાભળી સુનંદા લજ્જા છોડી બોલી—
"પિતા, એના નામ, ઠામ, ગોત્ર કે કુળ પુછવાની જરૂર નથી.
આપે મને કેળવણી અપાવી છે, તે કેળવણીના પ્રભાવથી મારામાં
કુળ, શીળ અને ગુણની પરીક્ષા કરવાની શક્તિ પ્રાપ્ત થઈ છે, એ
ઉપરથી હું કહી શકું છું, કે, એ કુમાર ખરેખર કુલીન, ધાર્મિક
અને સુશીલ છે. પ્રિય પિતાજી. આપ બીજી કાંઇ શંકા લાવી,
તમારા સુવિચારને ફેરવશો નહીં. જો મને તે અંગીકાર કરે તો,
તેની સાથે મારા લગ્ન કરો, નહીં તો મને દીક્ષા અપાવો." પુત્રીનો
આવો નિશ્ચય જાણી ધનાવહ શેઠ ખુશી થયો અને પોતે તે કાર્ય
કરવાનો હૃદયમા નિશ્ચય કર્યો.

પછી શ્રેણિકને બોલાવી તેની સાથે સ્નાન કરી, દેવપૂજા
કરી તેઓ બન્ને સાથે બેસી મિષ્ટાન્ન જમ્યા, જમ્યા પછી ચિત્ર-
શાળામાં જઇ ધનાવહે શ્રેણિકને વિનયથી જણાવ્યું. 'જો આપને
અરૂચિકર ન લાગે તો મારે કાંઇક કહેવું છે.' શ્રેણિકે કહ્યું,
'આપને રૂચે તે કહે.' પછી શેઠે કહ્યું, ભદ્ર, આ મારી પુત્રી
સુનંદાને આપ પરણો. એ બાળા તમનેજ વરી ચુકી છે. જો
તમે તેનો અંગીકાર નહીં કરો તો તે ચારિત્ર લઇ પોતાનું જીવન
નિર્ગમન કરશે. બીજા પુરૂષને નહીં વરે.

ધનાવહનાં આ વચન સાંભળી શ્રેણિકે હૃદયમાં વિચાર્યું કે,
"આ કન્યા વિદ્વાન્ અને ધર્મિષ્ઠ છે, માટે પરણવાને યોગ્ય છે.

ની તેણીની માટે મારે આરે પ્રતિજ્ઞા છે, તેથી તે સતી છે." આવું
હૃદયમાં વિચારી કન્યાની પરીક્ષા કરવાને તેણે કહ્યું. શેઠ, તમારી
પુત્રી ઘેલી લાગે છે, તે જેને જેને દેખશે તેને તેને વરશે તો પછી તેની
પુત્રીઓની પંક્તિમાં ગણના થશે. નામ, ઠામ, કુળ, ગોત્ર વગેરે જાણ્યા
વિના વરને વરવાની વાત કરે છે તો સમજવું કે, એ ઘેલી થઈ છે.
આ સાંભળી કુમારીકા લજ્જા છોડી બોલી —" ભલે એનેજ વરીશ.
રાજહંસનું કુળ કોણ પુછે? તેમનું કુળ તો ઉત્તમજ હોય તેમની
આકૃતિજ કુળાચારને જણાવી આપે છે." સુનંદાની આવી દ્રઢતા જોઇ
શ્રેણિક હૃદયમાં ખુશી થયો. "ખરેખર રાજહંસી માનસ સરોવર
ઉપરજ દ્રષ્ટિ ધરાવે છે બીજે નહીં; તેમ આ સતી મારા માટે
વિશેષ આસક્ત છે." આવું ચિંતવી કુમારે હસતાં હસતાં કહ્યું.
હે કુમારિકા, હું તને વરૂં તેમાં તને શો લાભ છે? હું વિદેશી છું
અહીંઆં સ્થિર નહીં રહીશ નહીં. મારો મેળાપ વાદળની છાયા
જેવો છે. સુનંદાએ કહ્યું. — "આપનું વચન સત્ય છે. વાદળને
આધારે ચંદ્ર અને સૂર્ય છે, વાદળને આધારે વર્ષાદનું પૂર છે,
વાદળને આધારે તારા મંડળ છે. અને સર્વ લોક પણ
વાદળને આધારે છે, તેમ હું પણ આપને આધારે છું, માટે
કૃપા કરી મારો હાથ ગ્રહણ કરો." શ્રેણિકે ફરીથી કહ્યું, "બાળ
બાલિકા, લાંબો વિચાર કરજે. મારી સાથે તારો વિવાહ સ્વ-
પ્નાના જેવો થશે. કારણકે, પાણિગ્રહણ કર્યા પછી તરતજ
હું વિદેશમાં ચાલી નીકળીશ. જેની સાથે લગ્ન થયાં હોય તે
પુરૂષ જ્યારે ચાલી નીકળે તો પછી વિવાહિત વનિતાની શી
ગતિ થાય?" સુનંદા બોલી —"મારો નિશ્ચય આપ જાણતા
નહીં હો. હું તો દીક્ષા લેવાનોજ નિશ્ચય કરી બેઠી હતી. તે-
વામાંજ તમે આવી ચડયા તમને જોતાંજ મારી મનોવૃત્તિ
સંસારમાર્ગનો સ્વાદ લેવા તત્પર થઈ છે. હવે મેં એ મા-

ગેમાંથી એક માર્ગનો નિશ્ચય કર્યો છે. કાંતો આપનેઃ હાથ ગ્રહણ કરવો અથવા તો સંયમ ગ્રહણ કરવો. કદિ આપ મને પરણીને જતા રહેશો, તો હું ઘેર રહી ખુશીથી શીલવત પાળીશ. આ માગ શ્રાવિકા શીલવતનું માહાત્મ્ય જાણું છે. શ્રી કેવળજ્ઞાન મહાસાગરનું મથન કરી મેં શીલરત્નને પ્રાપ્ત કરી સ્વીકાર્યું છે. શીલવતી શ્રાવિકાઓના ચરિત્રો વાંચ્યાં છે. મનને ચમત્કાર કરે તેવા શીલના ચમત્કારો મારા હૃદયમાં સ્થાપિત થયેલા છે.

સુનંદાના આવા વચન સાંભળી, શ્રેણિક ખુશી થઈ ગયો. તત્કાળ તેણે ધનાવહ શેઠને કહ્યું કે, "આજનો શુભ દિવસ છે અને આજની લગ્ન વેળા ઉત્તમ છે. આપને જે રુચે તે કરો." કુમારના મુખમાંથી આ વચન નીકળતાંજ ધનાવહ શેઠના હર્ષનો પાર રહ્યો નહીં. તેણે તરત ઉત્સવપૂર્વક સુનંદાને શ્રેણિકની સાથે પરણાવી.

એક વખતે શ્રેણિક દુકાન ઉપર બેઠેલો છે, તેવામાં નગરમાં મહોત્સવ ચાલતો જાણ્યો. શ્રેણિકે ધનાવહને તેનું કારણ પુછ્યું, ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, "એક દેશાંતરી નાવિક ઘણી વસ્તુઓ ભરી વહાણ લઈ આવેલ છે. તેની પાસે એક પાળેલ પોપટ છે, તે છ છ મહિનાને છેડે બોલે છે અને ભવિષ્ય કહે છે, ત્યારે તે પોપટ ભવિષ્ય કહે છે, એક વખતે દેશાંતરીએ તે પોપટને પુછ્યું: "રાજ્યલક્ષ્મી ક્યાં છે?" ત્યારે પોપટે કહ્યું, "તે હાલ બેનાતટમાં છે. તે ઉત્તમ ગુણવાન પુરુષ થઈ હાલ અહીં આવેલ છે. તે સાંભળી બેઠ વધુ અજાયબ થયો. કાલે તેને આગળ જાણવા પુછ્યું, ત્યારે દેશાંતરીએ કહ્યું, 'રાજ્યલક્ષ્મી ક્યાં છે, બોલ.' પછી શ્રેણિકે ધનાવહ શેઠને તે વાત પુછ્યું.

ત્યારે મંત્રીઓએ કહ્યું, અહીં તેજમતૂરી ક્યાંઈ હોય એમ લાગતું નથી. ત્યારે રાજા બોલ્યો—"જે નગરમાં દરેક જાતની વસ્તુ મળે નહીં, તે શહેર કહેવાય નહીં, તે તો ગામડું કહેવાય." એમ કહી રાજા ખેદ કરવા લાગ્યો. પછી મંત્રીએ કહ્યું, "આ શહેર મોટું છે, કદિ કોઈના ઘરમાં તે હોય, માટે પડહ વગડાવો." આવું વિચારી રાજાના આ દેશથી મંત્રીઓ આ પડહ વગડાવે છે.

શેઠનાં આવાં વચન સાંભળી ચેલ્લિકકુમાર બોલ્યો—"શેઠ, મારા કહેવાથી અને મારીપર વિશ્વાસ રાખી તમે જઈને પડહને હાથ અડાડો. તે ઉપરથી ધનાવહ શેઠે પડહનો સ્પર્શ કર્યો; એટલે રાજાના સેવકોએ રાજાની પાસે જઈને કહ્યું, "ધનાવહ શેઠે પડહને સ્પર્શ કર્યો છે." તે સાંભળી રાજા વગેરે બધા હસવા લાગ્યા કે, "એના ઘરમાં તો ધૂળજ રહી છે; બીજું કાંઈ ધન તો રહ્યું નથી; માટે એ તો ગાંડો થયો જણાય છે. માટે જો તે ધૂત દેખાડશે તો આપણાં નગરનું માહાત્મ્ય વધશે" પછી રાજાએ ધનાવહને પોતાની પાસે તેડાવ્યો. રાજાના સેવકોને આવતાં જોઇ ધનાવહે કુમારને કહ્યું, 'શું કરવું છે?' આ રાજાના સેવકો આવ્યા. ચેલ્લિક બોલ્યો—"તમે જરા પણ ભય રાખશો નહીં. આ રાજ્યવશીકરણ મણિ છે, તે ગાંઠે બાંધીને ત્યાં જાઓ. એ મણિના પ્રભાવથી જ્યારે રાજા ખુશી થાય ત્યારે તમારે પુષ્કળ દ્રવ્યે કરીને પણ આ શહેરની માંડવી માગવી, તેજ તમને તેજમતૂરી આપશે."

કુમારના કહેવાથી તે રત્ન લઇ રાજાની પાસે ગયો. રાજાને પ્રણામ કર્યો, તેટલામાંજ મણિના પ્રભાવથી રાજા તેની ઉપર ખુશી થઇ બોલ્યો કે, "આપણે આ ધનશેઠને માંડવીનું કામ સોંપવું છે, કદિ વધારે ધન મળે તોપણ એ કામ એના

હાથમાંથી લઇને બીજાને સોંપવું નહીં." આ પ્રમાણે શેઠને માંડવી તો મળી, પછી રાજાએ કહ્યું, "શેઠ, આ દેવનંદિ સાર્થવાહને જે જોઇએ તે અપાવજો." ત્યારે શેઠે કહ્યું, "આ સાર્થવાહને જૂની તેજમતૂરી જોઇએ છીએ કે નવી?" એ સાંભળી રાજાએ ખુશી થઇ ઉંચો પોશાક આપી ધનાવહનું સન્માન કર્યું અને પછી તેની સાથે દેવનંદિ સાર્થવાહને મોકલ્યો. ત્યાં દેવનંદિને શ્રેણિક કુમારનો સમાગમ થયો. પછી કુમારે સાર્થવાહને તેજમતૂરી બતાવી કહ્યું કે, "અગ્નિમાં એક ગદિયાણો તેજમતૂરી નાખી તેમાં જો એક ભાર—વીશ તોલા ત્રાંબુ નાખવાથી તે બધું સુવર્ણ થઇ જાય છે." તે સાંભળી સાર્થવાહ ખુશી થઇ ગયો. પછી તેને તેજમતૂરીની વાનકી બતાવવામાં આવી તે જોઇ સાર્થવાહે બેન્નાતટના રાજાની અને તેમાં વસતા ધનાવહ જેવા શેઠીઆની પ્રશંસા કરી.

પ્રસન્ન થયેલો સાર્થવાહ પછી પોતાની સવાલાખ પોઠયો, જેમાં રત્ન, સુવર્ણ, રૂપું, વસ્ત્ર, ચંદન, કપૂર, કસ્તૂરી વગેરે ઘણાં કીંમતી કરીયાણાં ભરેલાં હતા, તે ધનશેઠના આંગણામાં લઇ આવ્યો. તે જોઇ શ્રેણિક અને ધનાવહ ચકિત થઇ ગયા. દેવનંદિએ બધી પોઠયો શેઠને સોંપી દઈ તેના બદલામાં જે ખુણ હતી તેજ તેજમતૂરી હતી તે લઇ કરી હૃદયમાં આનંદ પામ્યો. પછી ધનાવહ, દેવનંદિ અને શ્રેણિક એ ત્રણે જણે જિનાલયમાં જઇ દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારની પૂજા કરી સારી ભાવના ભાવી હતી. છેવટે દેવનંદિ રાજાની પાસે ધનશેઠની તથા શ્રેણિકની ભારે પ્રશંસા કરી અને તેઓની રજા લઇ પોતાના વતન તરફ પાછો ગયો હતો. રાજા પણ ત્યારથી ધનશેઠ ઉપર ઘણો પ્રસન્ન થયો. અને તે ધનશેઠને ભારે માન આપવા લાગ્યો.

શ્રેણિકના પુણ્યપ્રભાવથી ધનાવહ બેન્નાતટનગરમાં મોટે ધનાઢ્ય થઈ ગયો. અગણિત યાચકો, ગુણિજનો, કવિઓ અને વિદ્વાનો ધનાવહની પાસે આવવા લાગ્યા. કુમાર શ્રેણિક પણ મોટો શ્રીમંત બની ગયો. તેણે સાત ક્ષેત્રોમાં દ્રવ્યનો ઉપ યોગ કરવા માંડ્યો, આથી તેની ધર્મકીર્ત્તિ ચારે તરફ પ્રસ રવા લાગી. અને તે લોકોમાં ગોપાળ એવા નામથી ઓળ ખાવા લાગ્યો.

સતી સુનંદા પિતાને ઘેર રહેતી પણ તેનું શયનસ્થાન જુદું હતું. શ્રેણિક તે સ્થાનમાં સુનંદાને મળતો અને બન્ને પ વિત્ર પ્રેમનો અનહદ આનંદ અનુભવતાં હતાં. એમ કરત સુનંદા અને શ્રેણિકને સાથે રહેતા બે વર્ષ વીતી ગયાં. કેળ વણી પામેલી સુનંદા એકાંતે પતિના જ્ઞાનનો, રસનો અને ધ ર્મનો આનંદ લઈ શ્રાવિકાજીવનને કૃતાર્થ કરતી હતી. વળી તે ઉપકારી શ્રાવિકા સુનંદા પોતાના પિતા અને પતિના ધનનો સારો ઉપયોગ કરતી હતી. ગરીબ શ્રાવિકાઓને બોધ આપવામાં સાધ્વીઓનો સત્કાર કરવામાં અને શ્રાવકવર્ગની નિર્ધન નારી ઓનો ઉદ્ધાર કરવામાં તે પોતાની ઉત્તમ ઉદારતા દર્શાવ તી હતી. વળી દેવ, ધર્મ અને ગુરૂ તરફ ભક્તિ રાખી તે સંબંધી ઉત્સવો કરવામાં તે ઘણો ઉત્સાહ ધારણ કરતી અને તે કરીને ધર્મનો મહાન્ ઉદ્યોત કરતી હતી. પવિત્ર હૃદયને પિતા ધનાવહ શેઠ સુનંદાને સર્વ પ્રકારની સહાય આપતો અને સુનંદા તે સહાયનો લાભ લેવા સારા સારા શુભનો સંપાદ થાય તેવાં કાર્ય કરતી હતી. કોઈ કોઈવાર તે મહાસતી શ્ર વિકાઓનો સમાજ એકઠો કરી તેમાં ઉત્તમ પ્રકારનો ગોધ થાય તેવાં ભાષણો કરતી અને પ્રસંગે પ્રસંગે સાધર્મિવાત્સ તથા સ્વામીવાત્સલ્ય કરી ધર્મનો પ્રભાવ વધારતી હતી.

સુનંદા જિનાના ઘરમાં રહેતી તથાપિ પોતાના પતિ ધનગિરિના મનને અનુસરી ચાલતી હતી. એમ કરતાં સુનંદા સગર્ભા થઈ. પ્રથમ ગર્ભને લઈને સુનંદાના શરીર ઉપર ગર્ભની અસર થવા લાગી. વારંવાર વમન, અરુચિ અને બેચેનીના ચિહ્નો [illegible] શરીરે અશક્ત બની ગઈ. અને તેથી તે [illegible] લાગી.

એક વખતે ધનગિરિએ પોતાની ભાર્યાને પૂછ્યું કે, "તમારી [illegible] દુર્બળ કેમ થઈ ગઈ છે? [illegible] છે, મને કાંઈ [illegible] છે?" [illegible]

[illegible]

જશે [illegible] એમ થવાથી રાજા તુષ્ટમાન થઇ વચન માગવાનું કહે ત્યારે તમે તમારી પુત્રીના દોહદ પુરવાનું માગી લેજો.

[illegible] આ વચન સાંભળી હૃદયમાં ખુશી થતો [illegible] [illegible] રાજાની પાસે ગયો. ત્યાં તેણે [illegible] [illegible] ખરેખર સુલાગના [illegible] અતિશય સંતુષ્ટ [illegible] રાજાએ [illegible] માગવા માંડયું. ત્યારે શેઠે કહ્યું [illegible] શું કહીએ? પણ હે સ્વામી, મારી પુત્રીને [illegible] તે પૂર્ણ કરો." તે સાંભળી [illegible] અને [illegible] હાથી ઉપર બેસારી [illegible] છે, [illegible] થાય છે. [illegible] છે. એવી રીતે રાજા [illegible] જિનમંદિરોમાં પૂજા કરી. [illegible] રાજા અને [illegible] [illegible] સર્વ [illegible] [illegible] થઇ ગઇ. [illegible] અને [illegible]

[illegible] [illegible] અંજનજિનને [illegible] [illegible] શું [illegible] છે? અંજનજિને કહ્યું [illegible] [illegible] [illegible]

બરાબર આવી કરી આપી એટલે તેણે તે વાત માન્ય કરી પછી પુત્રને જોવાને તે ઘણો ઉત્કંઠિત થયો અને કેટલીએક સમસ્યા આપી પોતાના એક ચતુર સેવકને બેન્નાતટ મોકલ્યો. તે રાજસેવક બેન્નાતટ આવી શ્રેણિકને મળ્યો અને તેણે તે સમસ્યાઓ વાંચવા આપી. સમસ્યા વાંચતાંજ તેને પિતાને મળવાની ઉત્કંઠા થઈ આવી, પછી તે પોતાની સ્ત્રી સુનંદાની પાસે આવી તેણે સ્વદેશ જવાની રજા માગી. ત્યારે સુનંદા બોલી-પ્રાણેશ. હું પણ આપની સાથે આવીશ. આપના વિના ક્ષણમાત્ર પણ રહી શકીશ નહીં. આર્ય શ્રાવિકાઓ પિતાના વૈભવવાળા ઘરના કરતાં પણ પતિના સામાન્ય ગૃહને ઇચ્છે છે. તો હું આપની સાથે રાજધાનીમાં રહેવા કેમ ન ઇચ્છું ? શ્રેણિકે કહ્યું, સુંદરી, અત્યારે મારાથી તને સાથે લઈ જઈ શકાશે નહીં. આ વખતે તારે અહિંજ રહેવું. પતિને સુખ થાય તેમ વર્ત્તવું, એ સતી સ્ત્રીનો ધર્મ છે. પતિનાં આવાં વચન સાંભળી સુનંદાએ તે વાત કબુલ કરી. પછી તે સદ્ગુણી બાળાએ લજ્જાથી જણાવ્યું કે, પ્રસવથી જો પુત્ર થાય તો તેનું શું નામ પાડવું ? શ્રેણિક બોલ્યો— પ્રિયા, તેં તારા ઉત્તમ દોહદથી દેશના પ્રાણિને અભય કર્યા હતા, તેથી તે પુત્રનું નામ અભયકુમાર પાડજે. સુનંદાએ ફરીથી પુછ્યું, સ્વામી, કદિ આપ મને વિલંબથી મળો અને તમારો પુત્ર સમજણો થઈ તેના પિતાનું નામ ઠામ વગેરે પુછે, ત્યારે મારે શું કહેવું ? પછી શ્રેણિકકુમારે ચિત્રશાળાના પાટલા ઉપર નીચે પ્રમાણે ખડીથી અક્ષરો લખ્યા:—

રાજગૃહ ગામ, ગોપાળનામ, અને
ધવલગોરે ઘર.

આ પ્રમાણે અક્ષરો લખી પ્રિયાને પ્રેમથી ભેટી શ્રેણિકકુમાર

અભયકુમાર પોતાની માતા સુનંદાની સાથે રાજગૃહનગરીના ઉદ્યાનમાં આવી ઉતર્યો હતો. તે ઉદ્યાનમાં પોતાની માતાને રાખી અભયકુમાર એક કુવા પાસે આવી ઉભો રહ્યો, ત્યાં લોકોએ તેને કહ્યું, "આ ખાલી કુવા ઉપર ઉભા રહી જે તેની અંદર રહેલી મુદ્રિકા લઇલે, તેને શ્રેણિકરાજા અર્ધું રાજ્ય અને પ્રધાનપદ્ધી આપવાનો છે." તે પછી અભયકુમારે સર્વ લોકોની સમક્ષ લીલું છાણ લાવી તે મુદ્રિકા ઉપર નાખ્યું; અને તેની ઉપર અગ્નિ ભર્યો, એટલે પેલું છાણ ચાર ઘડીમાં સુકાઈ ગયું. અને તેની સાથે મુદ્રિકા ચોટી ગઈ, પછી પાસેના બીજા કુવામાંથી નીકવડે તેમાં પાણી આણ્યું, ને પાણીથી કુવો કાંઠા સુધી ભરાઈ ગયો, એટલે સુકાઇ ગયેલું છાણ ઉપર તરી આવ્યું, પછી તે મુદ્રિકા લઇ તેણે ધારણ કરી. આ ચમત્કારથી બધા લોકો આશ્ચર્ય પામી ગયા. તેમણે તે વાત જઇ શ્રેણિકને જણાવી. ત્યારે રાજા શ્રેણિક ઘણો ખુશી થઈ ત્યાં આવ્યો. અભયકુમારની સુંદર આકૃતિ જોઈ શ્રેણિકરાજાને અતિ હર્ષ થયો. રાજાએ કુમારને પુછ્યું, 'તું કોણ છે? અને ક્યાંથી આવ્યો છું?' અભયકુમાર વિનયથી બોલ્યો -મહારાજા, હું એક મુસાફર છું અને બેન્નાતટનગરથી આવું છું. રાજાએ આનંદથી પુછ્યું, 'તું કોનો પુત્ર છે?' કુમારે કહ્યું, હું રાજાનો પુત્ર છું. તે સાંભળી હૃદયસંતુષ્ટ શ્રેણિકે ઉત્સુકતાથી પુછ્યું, "બેન્નાતટનગરમાં ધનશેઠની પુત્રી વિષે તું કાંઈ જાણે છે?" કુમાર બોલ્યો,—હા, તેણીને એક પુત્ર થયો છે અને તેનું નામ અભયકુમાર પાડેલું છે. રાજાએ ઉત્કંઠાથી જણાવ્યું, "તે કેટલા વર્ષનો હશે?" કુમારે કહ્યું, "તે ઉમરમાં અને રૂપમાં મારા જેવોજ છે." રાજાએ ફરીવાર પુછ્યું, "તારે તેનો એવો પરિચય ક્યાંથી?" કુમારે જણાવ્યું, "મારે તેની સાથે ગાઢી મૈત્રી થઇ છે, તેથી તેના વિના હું ક્ષણ પણ રહી શકતો નથી." રાજાએ કહ્યું, "જો એમ હોય તો તું તેને મુકીને અહિ


પ્રભાવિક ચમત્કારોથી આર્યપ્રજાને ચકિત કરી હતી. અને સતી સુનંદાના સતીધર્મને જગતમાં પ્રખ્યાત કર્યો હતો.

છેવટે ધર્મવીર અભયકુમારે દીક્ષા લઇ પોતાના જીવનને સુધાર્યું હતું. અને તે મોક્ષનો પૂર્ણ અધિકારી થયો હતો.

સતી સુનંદાએ પોતાના પતિ શ્રેણિકના સહવાસમાં રહી ગૃહવાસનું સંપૂર્ણ સુખ ભોગવ્યું હતું. તેણીએ કેળવણીના બળથી પોતાના સ્ત્રી જીવનને ઊંચી સ્થિતિમાં મુક્યું હતું. પરોપકારી અને દાનશીલ એવી તે શીળવતી સુંદરી પતિભક્તિ અને પ્રભુભક્તિ કરી આ વિશાળ વિશ્વમા વિખ્યાત થઇ હતી. જૈનબાળાઓને બોધ આપવામાં અને અનાથ, અપંગ અને નિરાશ્રિત એવા સાધર્મિઓની સેવા કરવામાં તેણીએ પોતાના જીવનનો પાછલો ભાગ નિર્ગમન કર્યો હતો. એથીજ તે રાજરમણી જૈનધર્મની મહાસતીઓના મંડળમાં ગણાતી હતી. ધન્ય છે એ અભયકુમાર જેવા વીર પુત્રની માતાને!

આધર્મી માતાઓ, અને બ્હેનો, તમે આ મહાસતીનું નિર્મળ ચરિત્ર વાંચી તેણીની પાસેથી ધાર્મિક વૃત્તિનું અને પતિભક્તિનું શિક્ષણ લઇ તમારા શ્રાવિકા જીવનને ઊંચી સ્થિતિમાં મુકજો. અને પતિભક્તિરૂપ કલ્પલતાનું સદા સેવન કરજો.





હૃદયમાં કોતરી રાખ્યો હતો. ભદ્રાના આવવા પછી ગોભદ્ર શેઠના ઘરમાં વૈભવ અને લક્ષ્મી વૃદ્ધિ પામ્યા હતા. ગોભદ્ર ભદ્રા જેવી કેળવણી પામેલી સ્ત્રીના સહવાસમાં રહી ઘણો સુખી હતો. ગોભદ્ર રાજગૃહ નગરીના રાજા શ્રેણિકના માનિતો થઇ નગરશેઠની પદ્વિનો અધિકારી બન્યો હતો. ગોભદ્રશેઠ અને ભદ્રા શેઠાણીની ધર્મકીર્તિ આ વિશ્વના વિશાળ પટ ઉપર પ્રસરી ગઇ હતી.

એક વખતે શીલવતી ભદ્રા સગર્ભા થઇ. તેણીએ સ્વપ્નામાં શાળાનું ક્ષેત્ર જોયું. અને અનુક્રમે તેણીએ પુત્ર પ્રસવ્યો. ધાર્મિક ગોભદ્રશેઠે તે ઉપરથી તે પુત્રનું નામ શાલિભદ્ર પાડ્યું હતું. શાલિભદ્ર જ્યારે યોગ્ય વયનો થયો, ત્યારે તેના માતાપિતાએ તેને સારી કેળવણી લેવા નિશાળે મુક્યો હતો. બુદ્ધિમાન શાલિભદ્ર થોડા વખતમાં સર્વ કળાઓનો પારંગત અને સારો વિદ્વાન્ થયો હતો. શાલિભદ્ર યૌવન વયને પામ્યો ત્યારે તેના પિતાએ તેને બત્રીશ સ્ત્રીઓ પરણાવી હતી. તે બધી સારા કુળવાન ગૃહસ્થોની પુત્રીઓ હતી.

શાલિભદ્રની પુણ્ય સંપત્તિ ઘણી ભારે હતી. તેના તેજસ્વી ચેહેરા ઉપર પૂર્વ પુણ્યનું મહા તેજ ચળકતું હતું. પુણ્યવાન શાલિભદ્ર તે બત્રીશ સ્ત્રીઓની સાથે એક સુંદર મેહેલમાં રહેતો હતો. અને તેમાં દેવતાના જેવું ઉત્તમ વિલાસ સુખ ભોગવતો હતો.. શાલિભદ્રની સમૃદ્ધિનું વર્ણન જૈનશાસ્ત્રકારો ઘણે પ્રકારે કરે છે. જૈન કવિઓએ શાલિભદ્રનું પુણ્ય સર્વોપરિ ગણેલું છે.

શાલિભદ્ર જ્યારે ગૃહસ્થની દશાને યોગ્ય થયો એટલે તેનો પિતા ગોભદ્ર શેઠ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી મહાવીરપ્રભુની

પાસે દીક્ષા લઇ ચાલી નીકળ્યો હતો. ગોભદ્રે ચાલતી વખતે પોતાની સતી સ્ત્રી ભદ્રાની રજા લીધી હતી, તે વખતે સતી ભદ્રાએ જે વચનો કહ્યાં હતાં, તે દરેક શ્રાવિકાએ હૃદયમાં કોતરી રાખવાં યોગ્ય છે. ભદ્રા બોલી હતી કે, “ પ્રાણનાથ, આપ પરલોકનો પવિત્ર માર્ગ સુધારવા પ્રવર્ત્તો છો, પણ આ આપની આશ્રિત અર્ધાંગનાનો શો વિચાર કર્યો ? આપ જાણો છો કે, સતી શ્રાવિકાનો પરમ આધાર પતિ છે. પતિ વગરનો ગૃહવૈભવ તેને સ્મશાન જેવો શૂન્ય છે. પતિ વગરની પત્નીઓને ધર્મ સાચવવો ઘણોજ મુશ્કેલ છે. પતિપ્રાણા શ્રાવિકા ગમે તેટલું ધર્મ સાધન કરે તથાપિ તેને ફળ મેળવવાનું ઉત્તમ સાધન પતિની ભક્તિ છે. પ્રાણપતિ, આ શરણરહિત શ્રાવિકાને સાથે લઇ જાઓ. હું પણ આપની સાથે સાધ્વી થઇ પરલોકનું સાધન કરવા તત્પર થઇશ. ’

સતી ભદ્રાનાં આવાં વચન સાંભળી ગોભદ્ર શેઠ બોલ્યો— “ સતી, તેમ નિરાશ થઇશ નહિ. શાલિભદ્ર જેવા માતૃભક્ત પુત્રની સાથે રહેવાથી તેં જુદા થયેલા પુરુષની સ્ત્રીઓને પતિનું અનુસરણ કરવું યોગ્ય નથી. તમારે તમારા સતીધર્મનું અને શાલિભદ્ર જેવા સત્પુત્રનું શરણ છે. આપણું બન્નેના જવાથી ગૃહવૈભવમાં તલ્લીન થયેલા પુત્રને ખેદ થશે. પ્રિયા, થોડા કાળ ગૃહવાસમાં રહી જિન ભગવંતની ભક્તિ કરો. જ્યારે સમય આવે ત્યારે તમે ચારિત્રના પવિત્ર માર્ગને અંગીકાર કરજો.”

પતિનાં આવાં વચનને આજ્ઞારૂપ ગણી ભદ્રા શાલિભદ્રની સાથે રહી હતી. માતૃભક્ત શાલિભદ્ર પોતાની માતાનું બહુમાન કરતો અને પૂર્વ પુણ્યના પ્રભાવથી ધનની સમૃદ્ધિને દેવતાની જેમ ભોગવતો હતો.

એક વખતે અનંત લક્ષ્મીના ધણી શાલિભદ્રે સવાલાખ સો-
નૈયાના રત્નકંબલ કે જેને રાજા શ્રેણિક પણ ખરીદ કરી
શક્યો ન હતો તે ખરીદ કર્યા, તે સાંભળી શ્રેણિક ઘણો
આશ્ચર્ય પામી શાલિભદ્રને ઘેર તે રત્નકંબલ દ્રવ્ય આપી લેવાને
એક સેવકને મોકલ્યો. તે સેવકને ભદ્રાએ કહ્યું કે, રાજસેવક,
મેં તે રત્નકંબલના સોળ કડકા કરી મારા પુત્ર શાલિભદ્રની
બત્રીશ સ્ત્રીઓને વહેંચી આપ્યા છે અને તે બધા ખંડ તે
વહુઓએ પણ હાથ પગ ધોઈને તે વડે પગ લુંછીને નાંખી
દીધા છે. માટે જો રાજાને તેની જરૂર હોય તો એ ખંડ પડ્યા છે તે
લઈ જાઓ. રાજાના સેવકે તે વાત આવી રાજાને કહી એટલે
રાજા શ્રેણિક આશ્ચર્ય પામી ગયો, પછી તેણે શાલિભદ્રને
બોલાવા એક સેવકને મોકલ્યો. તે વખતે ભદ્રાએ કહેવરાવ્યું
કે, મારો પુત્ર ક્યાંઇ પણ બાહેર નીકળતો નથી. તે ઉપરથી
રાજા શ્રેણિક પોતાની મેળે શાલિભદ્રને ઘેર આવ્યો હતો. તે
વખતે શ્રેણિકના માનને માટે શાલિભદ્રના મહેલ આગળ
સમૃદ્ધિ સાથે મોટી તૈયારી કરવામાં આવી હતી, જે જોઇ રાજા
શ્રેણિક આનંદાશ્ચર્ય થઈ ગયો હતો.

રાજા શ્રેણિકને એક સાતભુવનના ઉપરના ભાગમાં બેસાડી ભદ્રાએ પો-
તાના પુત્રની પાસે આવી કહ્યું કે, પુત્ર, શ્રેણિક તને મળવા
આવ્યા છે. લક્ષ્મીના ભારે વિલાસમાં મગ્ન રહેલ શાલિ-
ભદ્રે માતાને કહ્યું, માતા, તેની પાસે જે વેચવાનું હોય તે
ખરીદ કરી લ્યો. માતા હસીને બોલી વત્સ, તે કોઈ વેચ-
નારો વેપારી નથી, પણ તે મગધ દેશનો અધિપતિ મહારાજા
રાજા શ્રેણિક છે ને તને મળવાને આવેલ છે. માતાની વાણી
સાંભળી શાલિભદ્રના મનમાં ખેદ થયો કે, શું મારે માથે
પણ કોઈ ધણી છે! ત્યારે પ્રાચીન ઉત્તમતા અને વિચાર

છે, હવે હું આ કાયાના ભોગ વિલાસ નહીં ભોગવું. હવે તો શ્રી વીરપ્રભુની પાસે જઈ દીક્ષા લઈશ."

પછી માતાની આજ્ઞાથી સુકોમળ શાળિભદ્ર રાજા શ્રેણિક પાસે આવ્યો અને તેણે વિનયથી રાજાને પ્રણામ કર્યો. રાજાએ તેને આલિંગન દઈ પોતાના ખોળામાં બેસાર્યો. તેટલામાં શાળિભદ્રના શરીરમાંથી સુગંધી પસીનો નીકળવા માંડ્યો. તે જોઈ રાજાએ તેનું કારણ પુછ્યું, એટલે સતી ગુભદ્રાએ કહ્યું—મહા રાજા, આ કોમળ પુત્રના પિતા દીક્ષા લઈ મૃત્યુ પામી દેવ લોકે ગયા છે, ત્યાંથી તેઓ પોતાના પુત્રના ઉપર સ્નેહને લીધે મનવાંછિત દિવ્ય વસ્તુઓ મોકલે છે. તેથી તે હમણાં મનુષ્યના ગંધને લીધે ઘણો ક્લેશ પામે છે. તેથી તેને પસીનો વળે છે. માટે એને તમે છોડી દ્યો. પછી રાજા શ્રેણિકે શાળિભદ્રને છોડી દીધો, એટલે કર્મથી મુકાએલો જીવ જેમ મુક્તિએ જાય, તેમ તે પોતાના મહેલને સાતમે માળ ચાલ્યો ગયો.

વળી ભદ્રા શેઠાણી હતી તેવીજ તેણીનામાં રાજભક્તિ પણ હતી. પ્રજાનું પાલન કરનાર અને પ્રજાના માનમાલની રક્ષા કરનાર રાજા પ્રજાને બહુ માન કરવા યોગ્ય છે, એમ તે સારી રીતે સમજતી હતી. વળી પોતાના સ્વર્ગવાસી પતિ ગોભદ્ર શેઠને સન્માનથી સારી રીતે ગણનાર રાજા શ્રેણિક પોતાનો ઉપકારી છે, એ પણ તેણી જાણતી હતી. આથી ભદ્રાએ શ્રેણિક રાજાનું બહુ માનથી આતિથ્ય કરવા માંડ્યું. રાજાને સ્નાન કરાવી ઉંચા પ્રકારનાં ભોજન જમાડ્યાં, જે ભોજન રાજા શ્રેણિક પોતાના મહેલમાં કદિ પણ જમેલો ન હતો. પછી ભદ્રાએ રાજાને ઉંચી જાતનો દિવ્ય શણગાર આપ્યો. જેને જોઈને મહીપતિ ચકિત થઈ ગયો હતો, પછી "ક્યાં મારું ગૃહ

અને ક્યાં આનું સુખ!" એમ બન્ને વચ્ચેના અંતર વિષે વિચાર કરતો કરતો તે શ્રેણિક પોતાના દરબારમાં આવ્યો હતો.

એક વખતે ધર્મઘોષ નામે એક જ્ઞાની આચાર્ય રાજગૃહનગરના ઉદ્યાનમાં આવી ચડ્યા. તે ખબર જાણી શાળિભદ્ર તેમને વાંદવા ગયો. ગુરૂને વાંદ્યા પછી તે તેમની સન્મુખ બેઠો એટલે પરોપકારી સૂરિએ તેને ધર્મદેશના આપી. દેશનાને અંતે તે વિદ્વાન્ સૂરિએ જણાવ્યું કે. "મૂઢ પુરૂષો આ સંસારની ચપળ સંપત્તિને સ્થિર માની તેમાં એવા આસક્ત બને છે કે, જેઓ હાથેળીમાં રહેલા ગળતા જળની જેમ પોતાના ક્ષીણ થતાં આયુષ્યને પણ દેખતા નથી." આ વચને પુણ્યશાળી શાળિભદ્રના હૃદયમાં ભારે અસર કરી. અને તરતજ તેણે સંયમ લઈ આત્મસાધન કરવાનો નિશ્ચય કર્યો. શાળિભદ્રે આચાર્યને વિનયથી જણાવ્યું, "મહાનુભાવ, આપના ઉપદેશનાં વચને મારા હૃદય ઉપર સારી અસર કરી છે. આપનાં તે વચનો મારા જીવનના છેલ્લા ભાગને સુધારવામાં કારણભૂત થયાં છે. દયાનિધિ, હું મારી માતાની આજ્ઞા લઇને આપની પાસે ચારિત્ર લઈશ." આ પ્રમાણે કહી શાળિભદ્ર પોતાની માતા ભદ્રાની પાસે આવ્યો, તેણે નમન કરી માતાને કહ્યું—"માયાળુ માતા, હું ધર્મઘોષસૂરિ પાસે ધર્મ સાંભળીને આવ્યો છું, તેમની દેશના વાણી સાંભળી મારા હૃદયમાં વૈરાગ્ય ઉપજ્યો છે, તેથી મારી દીક્ષા લેવાની ઇચ્છા થઇ છે. માટે મને આજ્ઞા આપો." માતાએ કહ્યું, પુત્ર, તારૂં શરીર સુકોમળ છે, અને ચારિત્રનો આચાર કઠિન છે, તેથી ચારિત્રના પરિષહ તારાથી નહીં સહન થાય. દિવ્ય વૈભવના ઉત્તમ વિલાસને ભોગવનારો તું ચારિત્ર ધર્મના કષ્ટમય આચારો શી રીતે પાળી શકીશ? શાળિભદ્ર બોલ્યો—માતા, મારી વૈરાગ્ય ભાવનાએ મને ચારિત્રના કષ્ટને સહન કરનાર બનાવી

દીધો છે. જે પુરૂષો સુખની લાલચથી તપના કષ્ટ નથી
કરતા, તેઓ ખરેખર કાયર ગણાય છે. જેમ બાળક અ
ચુંસતાં જાણે છે કે, હું મારી માતાના સ્તનને ધાવું છું, એ
બ્રાંતિ છે; તેમ આ સંસારમાં માણસોને સુખની બ્રાંતિ
ખરી રીતે જોતાં એ સર્વ દુઃખમયજ છે. પુત્રનાં
વૈરાગ્ય ભરેલાં વચનો સાંભળી ચારિત્રના માહાત્મ્યને જાણ
ભદ્રિક સ્વભાવની ભદ્રા કાંઈ બોલી નહીં. જ્યારે માતા કાંઈ
બોલી નહીં, એ ઉપરથી તેની આજ્ઞા છે, એમ માની શાળિ
પોતાની બત્રીશ સ્ત્રીઓની પાસે આવ્યો હતો. ત્યાં તેણે
એક એક સ્ત્રીને પ્રતિબોધ પમાડી દરેકનો ત્યાગ કર્યો
અને સાત ક્ષેત્રોમાં પોતાની વિપુળ સમૃદ્ધિનો સદુપયોગ
હતો. શાળિભદ્ર જ્યારે બત્રીશ સ્ત્રીઓનો ત્યાગ કરવામાં રોક
એટલે જ્ઞાની ધર્મઘોષ આચાર્ય શ્રી વીરપ્રભુને હાથે તેની દી
થવાની છે, એવું જાણી ત્યાંથી વિહાર કરી ચાલ્યા ગયા હ

શાળિભદ્રને એક નાની બ્હેન હતી, તે ધના શેઠને
પરણાવી હતી. તેણીએ પોતાના ભાઈ શાળિભદ્ર દીક્ષા લેવાનો
એવા ખબર સાંભળ્યા હતા. તેથી તે મનમાં અફસોસ કર્યા ક
હતી. એક વખતે તે પોતાના પતિ ધનાશેઠને માથે તેલ નાખ
હતી, તે વખતે તેણીની આંખમાંથી આંસુનું ટીપું પડ્યું, તે ધ
શેઠના ખભા ઉપર ટપક્યું તે જાણી ધના શેઠે પોતાની પ્રિય
રૂદન કરવાનું કારણ પુછ્યું, એટલે તેણીએ ઉત્તર આપ્યો, "પ્ર
નાથ, મારો સુકુમાર બંધુ શાળિભદ્ર દીક્ષા લેવાનો છે, તેથી તે નિ
એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે, મારી માયાળુ ભદ્રા માતા એના વિ
કેમ રહી શકશે? તે સંભારતાં મને આંખમાંથી આંસુ આવ્યાં."
સાંભળી ધનાશેઠે કહ્યું, અરે! શું તારો ભાઈ એવો સત્વરહિત
કે, જે હમેશાં ફક્ત એકજ સ્ત્રીનો ત્યાગ કરી શકે છે. તે સાંભ

હસી હાસ્યમાં બોલી—"સ્વામીનાથ, કહેવું સોહલ્યું છે પણ કરવું
દુષ્કર છે." પ્રિયાનું આવું હાસ્ય વચન સાંભળી ધના શેઠે કહ્યું,
"બસ આજથી મારે આઠે સ્ત્રીનો ત્યાગ છે." પોતાના પતિનું આવું
અચિંત્ય વર્તવાનું મન દેખી શાલિભદ્રની બહેન ભયભીત થઈ ગઈ.
અને બીજી સાત સ્ત્રીઓ પણ ત્યાં આવીને કહેવા લાગી કે, એ
તો મૂર્ખ છે, એનું કહેવું સાંભળી આપને આમ કરવું ન ઘટે.
પછી શાલિભદ્રની બહેન બે હાથ જોડી બોલી—સ્વામી, મેં આપને
જે કહ્યું, તે હાસ્યમાં કહ્યું છે. મારી મૂર્ખાઈ તરફ નહીં જોતા મારી
પર ક્ષમા કરો. હવે હું ફરીવાર આપનો એવો અપરાધ નહીં કરું.
આપના જેવા દયાળુ અને ઉત્તમ પુરૂષોએ એમ કરવું ન ઘટે.
છતાં જો આપ સંયમ ગ્રહણ કરશો તો અમે પણ તમારી સાથેજ
આવીશું, કારણકે, પવિત્ર સ્ત્રીઓ પોતાના પતિનો ત્યાગ કરી
શકતી નથી.

સ્ત્રીઓનાં આવા વચન સાંભળી તેમને ધન્યવાદ આપી
ધના શેઠ શાલિભદ્રની પાસે આવ્યો અને તેને કહેવા લાગ્યો. અરે
શાલિભદ્ર! તમે કેમ આવા કાયર છો? કે જે એક એક
સ્ત્રીને તજો છો. મેં તો એકજ વખતે બધી સ્ત્રીઓનો ત્યાગ
કરી દીધો. માટે ચાલો આપણ બન્ને સાથે દીક્ષા લઈએ.

એવામાં ત્યાં અનુક્રમે વૈભાર ગિરિ ઉપર શ્રી વીરભગવાન્
સમોસર્યા. શાલિભદ્ર તથા ધના શેઠે દાન દઈ પ્રભુ પાસે જઈને
ચારિત્ર લઈ લીધું. ધના અને શાલિભદ્ર બન્ને મહાવીર ભગ-
વાન્ સાથે નિત્ય વિહાર કરતાં જ્ઞાન મેળવી બહુશ્રુત થયા હતા.
એક વખતે તે બન્ને મુનિ શ્રીવીરભગવાનની સાથે રાજગૃહનગરીમાં
આવી સમવસર્યા ત્યાં ઘણા લોકો તેમને વંદન કરવા આવવા લાગ્યા.
બીજે દિવસે માસક્ષમણનું પારણું હતું. એટલે તે બન્નેએ ભિ-
ક્ષાને અર્થે જતાં પ્રભુને વંદના કરી પૂછ્યું—પ્રભુ, આજે અ-

દીધો છે. જે પુરૂષો સુખની લાલચથી વ્રતના કષ્ટ નથી સહન કરતા, તેઓ ખરેખર કાયર ગણાય છે. જેમ બાળક અંગુઠો ચુંસતાં જાણે છે કે, હું મારી માતાના સ્તનને ધાવું છું, એ જેમ ભ્રાંતિ છે; તેમ આ સંસારમાં માણસોને સુખની ભ્રાંતિ છે; ખરી રીતે જોતાં એ સર્વ દુઃખમયજ છે. પુત્રનાં આવાં વૈરાગ્ય ભરેલાં વચનો સાંભળી ચારિત્રના માહાત્મ્યને જાણનારી ભદ્રિક સ્વભાવની ભદ્રા કાંઈ બોલી નહીં. જ્યારે માતા કાંઈ પણ બોલી નહીં, એ ઉપરથી તેની આજ્ઞા છે, એમ માની શાળિભદ્ર પોતાની બત્રીશ સ્ત્રીઓની પાસે આવ્યો હતો. ત્યાં તેણે નિત્ય એક એક સ્ત્રીને પ્રતિબોધ પમાડી દરેકનો ત્યાગ કર્યો હતો, અને સાત ક્ષેત્રોમાં પોતાની વિપુળ સમૃદ્ધિનો સદુપયોગ કર્યો હતો. શાળિભદ્ર જ્યારે બત્રીશ સ્ત્રીઓનો ત્યાગ કરવામાં રોકાયો એટલે જ્ઞાની ધર્મઘોષ આચાર્ય શ્રી વીરપ્રભુને હાથે તેની દીક્ષા થવાની છે, એવું જાણી ત્યાંથી વિહાર કરી ચાલ્યા ગયા હતા.

શાળિભદ્રને એક નાની બ્હેન હતી, તે ધના શેઠને વેરે પરણાવી હતી. તેણીએ પોતાનો ભાઈ શાળિભદ્ર દીક્ષા લેવાનો છે, એવા ખબર સાંભળ્યા હતા, તેથી તે મનમાં અફસોસ કર્યા કરતી હતી. એક વખતે તે પોતાના પતિ ધના શેઠને માથે તેલ નાખતી હતી, તે વખતે તેણીની આંખમાંથી આંસુનું ટીપું પડ્યું, તે ધના શેઠના ખભા ઉપર ટપક્યું. તે જાણી ધના શેઠે પોતાની પ્રિયાને રૂદન કરવાનું કારણ પુછ્યું, એટલે તેણીએ ઉત્તર આપ્યો, “પ્રાણનાથ, મારો સુકુમાર બંધુ શાળિભદ્ર દીક્ષા લેવાનો છે, તેથી તે નિત્યે એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે, મારી માયાળુ ભદ્રા માતા એના વિના કેમ રહી શકશે? તે સંભારતાં મને આંખમાંથી આંસુ આવ્યાં.” તે સાંભળી ધના શેઠે કહ્યું, અરે! શું તારો ભાઈ એવો સત્વરહિત છે કે, જે હમેશાં ફક્ત એકજ સ્ત્રીનો ત્યાગ કરી શકે છે. તે સાંભળી

તેણી હાસ્યમાં બોલી—"સ્વામીનાથ, કહેવું સહેલું છે પણ કરવું દોહ્યલું છે." પ્રિયાનું આવું હાસ્ય વચન સાંભળી ધના શેઠે કહ્યું, "જા આજથી મારે આઠે સ્ત્રીનો ત્યાગ છે." પોતાના પતિનું સાંભળ્યું અહિત સૂચવનારું વચન હોવાથી શાલિભદ્રની બ્હેન ભયભીત થઇ ગઇ. અને બીજી સાત સ્ત્રીઓ પણ ત્યાં આવીને કહેવા લાગી કે, એ સ્ત્રી મૂર્ખ છે, એનું કહેવું સાંભળી આપને આમ કરવું ન ઘટે. પછી શાલિભદ્રની બ્હેન બે હાથ જોડી બોલી— સ્વામી, મેં આપને જે કહ્યું, તે હાસ્યમાં કહ્યું છે. મારી મૂર્ખાઇ તરફ નહીં જોતા મારી પર ક્ષમા કરો. હવે હું કદીપણ આપનો એવો અપરાધ નહીં કરું. આપના જેવા દયાળુ અને ઉત્તમ પુરૂષોએ એમ કરવું ન ઘટે. છતાં જો આપ સંયમ ગ્રહણ કરશો તો અમે પણ તમારી સાથેજ આવીશું, કારણકે, પવિત્ર સ્ત્રીઓ પોતાના પતિનો ત્યાગ કરી શકતી નથી.

સ્ત્રીઓના આવા વચન સાંભળી તેઓને ધન્યવાદ આપી ધના શેઠ શાલિભદ્રની પાસે આવ્યો અને તેને કહેવા લાગ્યો. અરે શાલિભદ્ર! તમે કેમ આવા કાયર છો? કે જે રોજ એક એક સ્ત્રીને તજો છો. મેં તો એકજ વખતે બધી સ્ત્રીઓનો ત્યાગ કરી દીધો. ચાલો હવે આપણ બન્ને સાથે દીક્ષા લઇએ.

એવામાં ત્યાં આગળ વૈભાર ગિરિ ઉપર શ્રી વીરભગવાન્ સમોસર્યા. શાલિભદ્ર તથા ધના શેઠે તેમ ઇ પ્રભુ પાસે જઇને ચારિત્ર લઇ લીધું. ધના અને શાલિભદ્ર બન્ને મહામુનિ ભગવાન્ સાથે નિત્ય વિહાર કરતા જ્ઞાન મેળવી બહુશ્રુત થયા હતા. એક વખતે તે બન્ને મુનિ શ્રી ભગવાનની સાથે રાજગૃહનગરીમાં આવી ચડ્યા. ત્યાં ભદ્રા શેઠાણી તેમને વંદન કરવા આવવાનાં હતાં. આ વખતે દિવસે માસક્ષમણનું પારણું હતું. તેથી તે બન્ને મુનિઓએ પ્રભુને વંદના કરી પુછ્યું—પ્રભુ, આજે અ-

મારૂં પારણું કોને હાથે થશે? પ્રભુએ કહ્યું, આજે તમારે બન્નેન શાળિભદ્રની માતાને હાથે પારણું થશે. આ પ્રમાણે સાંભળી તેઓ સતી ભદ્રાને ઘેર આવ્યા. સતી ભદ્રા તે વખતે પોતાના ધ્યાનમ હતી, "આજે હું શાળિભદ્રને વંદન કરવા જઈશ" એવા વિચારમ તલ્લીન થયેલી સતીનું ધ્યાન તે મુનિઓ તરફ ગયું નહીં. જ્યાં ભદ્રા સાધુની સન્મુખ થઈ નહીં, એટલે તે બન્ને મુનિ પાછા વળ ભદ્રાના ઘરની બાહેર નીકળી ગયા. નગરના દરવાજા સુધી ગય ત્યાં તેમને હાથમાં દહીં લઈને આવતી એક વૃદ્ધ સ્ત્રી સામી મળી સાધુ સ્વરૂપ શાળિભદ્રને જોતાં એ વૃદ્ધાના સ્તનમાંથી દૂધ ઝરવ લાગ્યું, તેથી તેણીએ પ્રેમપૂર્વક તે મુનિઓને પ્રાસુક દહીં વોહોરાવ્યું તે લઈ તેઓ બન્ને વીરપ્રભુની પાસે આવ્યા. શાળિભદ્રે પ્રભુને વિન યથી જણાવ્યું, સ્વામી આપ કહેતા હતા કે, તારી માતાને હાથે પારણું થશે પણ એમ ન થયું તેનુ શું કારણ? વીરવાણી કદિ પણ અન્યથા થતી નથી. પ્રભુ બોલ્યા—ભદ્ર, મેં કહ્યું છે, તે સત્ય છે. સાંભળઃ—

પૂર્વે શાળિગ્રામ નામના એક ગામમાં ધન્યા નામે એક વિધવા સ્ત્રી રહેતી હતી. તેને સંગમ નામે એક પુત્ર હતો. તે સંગમ હમેશાં ગામની સીમમાં ઢોર ચારવાને જતો હતો. એક વખતે ઘેર ઘેર ઉત્સવ હોવાથી ખીરનું ભોજન રંધાતું જોઈ તેણે નવા ભોજનની ઇચ્છાથી પોતાની માતા પાસે આવી ખીરનું ભોજન માગ્યું. તેની ગરીબ માતાએ કહ્યું, બેટા, આપણે ગરીબ છીએ, તેથી આપણે ઘેર ખીરનું ભોજન ક્યાંથી હોય? તે સાંભળી સંગમ રોવા લાગ્યો. તે ઉપરથી ચાર પાડોશણે તે વાત જાણી, તેથી એકે દૂધ આપ્યું, બીજીએ ચોખા આપ્યા, ત્રીજીએ સાકર આપી અને ચોથીએ ઘી આપ્યું. તે લઈને તે વૃદ્ધાએ ખીર બનાવી સંગમને આપી. છોકરો તે ખાવા બેઠો, તેટલામાં કોઈ

એક મુનિ માસક્ષપણને પારણે તેને ઘેર આવ્યા. સંયમ તે તપસ્વી મુનિને ખરેખરા પાત્ર જાણી ગાઢ ભાવ લાવી તે ખીર મુનિને વેહોરાવી દીધી. ઉત્તમ પાત્રને દાન દઈને તે ગરીબ બાળક ઘણોજ હર્ષ પામ્યો. મુનિ પણ તે શુદ્ધ આહાર લઇ પોતાને આશ્રમે ચાલ્યા ગયા. તેવામાં તેની માતા ત્યાં આવી, તેણીએ પુત્રનું પાત્ર ખાલી જોઇ "મારો ભુખ્યો બાળક તે ખાઈ ગયો હશે" એવું ધારી બીજી બાકી હતી તે બધી ખીર તેને પીરસી. ભુખ્યો બાળક તે પીરસેલી ખીર કંઠ સુધી આવી ત્યાંસુધી ખાઇ ગયો. તેમાંથી અજીર્ણ થઈ ઝાડા થઈ આવ્યો અને બીજે દિવસે તે મૃત્યુ પામી ગયો. તે સંગમનો જીવ મુનિને દાન આપવાના પ્રભાવથી તું શાળિભદ્ર થયો છું. તારી પૂર્વભવની માતા મૃત્યુ પામી અહીં અવતરી છે, તેણીએજ તને દહીં વેહોરાવ્યું છે.

આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળી શાળિભદ્રને ઘણોજ બોધ થયો, તે પછી ધના શેઠ અને શાળિભદ્ર બન્ને શ્રી વીર પ્રભુની આજ્ઞા લઇ વૈભાર પર્વત ઉપર ગયા અને ત્યાં અનશન લઇ શુભ ધ્યાને ઉભા રહ્યા. પછી સતી ભદ્રા વીર ભગવંતની પાસે આવી તેણીએ વંદના કરી પ્રભુને પૂછ્યું— સ્વામી, આજે મારે ઘેર ધનો અને શાળિભદ્ર ભિક્ષાને અર્થે કેમ ન આવ્યા? તે સાંભળી પ્રભુએ તેણીને બનેલી હકીકત કહી સંભળાવી. તે સાંભળી સતી ભદ્રા ખેદ પામી પોતાની વહુઓ સાથે વૈભાર પર્વત ઉપર આવી. ત્યાં તેણીએ ઉચ્ચ સ્વરે રૂદન કરી કહેવા માંડ્યું, "પુત્ર, હું ખરેખર નિર્ભાગી હતી કે, તું મારે ઘેર આવ્યો, તે છતાં મેં તને જાણ્યો નહીં. હે માતૃભક્ત પુત્ર, આ દુઃખી માતાને એક વાર તારૂં મુખ બતાવ." આ પ્રમાણે ભદ્રા રૂદન કરી કહેતી હતી, તેવામાં શ્રેણિક રાજા ત્યાં આવી ચડ્યો. તેણે ભદ્રાને રૂદન કરતી જોઈ તપસ્વી શાળિભદ્રને કહ્યું, ધર્મવીર શાળિભદ્ર, તું માતૃભક્ત

છે. આ તારી માતા [illegible] માતાને તારૂં મનોહર મુખ [illegible] આ જગતમાં માતા જેવું બીજું જંગમ તીર્થ નથી. ઉત્તમ પુત્ર માતાના ઉપકારને કદિ પણ ભુલી જતા નથી. આવાં વચન [illegible] માતાની સન્મુખ જોયું [illegible] [illegible] તું જગતમાં ઉત્તમ પ્રતિ[illegible] [illegible] જન્મ આપનારી તારા જેવી કોઈ બીજી માતા નથી [illegible] જીનિને ધન્ય છે." આ પ્રમાણે કહી [illegible] ઘણાજ અભિલાષ [illegible] [illegible] નાની બહેનોને સાથે લઈ પાછી [illegible]

[illegible] મૃત્યુ [illegible]

[illegible] પ્રભુની પાસે દીક્ષા [illegible] કરી આત્મતારિણી [illegible] શ્રાવકમંડારમાં [illegible] [illegible] જગતને [illegible]

[illegible] કહેતી હતી કે, [illegible] ઉપકાર [illegible] ધન્ય [illegible]

[illegible]



સુભદ્રા.

આ સતી વસંતપુર નગરના રાજા **જિતશત્રુ**ના મુખ્ય પ્રધાન **જિનદાસ**ની પુત્રી સતી હતી. તેણીએ પોતાની માતા **તત્વમાલિની** પાસેથી સારી કેળવણી લીધી હતી. તત્વમાલિની એ ખરેખર તત્વમાલિની હતી. તેણી જૈનધર્મના તત્વજ્ઞાનમાં સારી પ્રવીણ હતી. તેનો પતિ જિનદાસ પણ એક ઉત્તમ શ્રાવક કહેવાતો હતો. જિનદાસ અને તત્વમાલિની એ બન્ને ઉત્તમ પ્રકારના શ્રાવકદંપતી હતાં. તેમનો શ્રાવકસંસાર વસંતપુરના સંઘમાં સર્વથી શ્રેષ્ઠ ગણાતો હતો; કારણકે. શ્રાવકના સદાચાર તેઓ શ્રેષ્ઠ રીતે પાળતા હતા.

આવા ઉત્તમ. ધર્મિક અને સદાચારી માતાપિતાના સહવાસમાં રહી ઉછરેલી સુભદ્રા સારી કેળવાયેલી અને સદ્ગુણી બને તેમાં શું આશ્ચર્ય?

ધાર્મિક અને સાંસારિક કેળવણીમાં પ્રવીણ થએલી સુભદ્રા જ્યારે મોટી થઈ ત્યારે તેણીના પિતા જિનદાસને ચિંતા થવા લાગી. તેણે પોતાની પ્રિયાની સંમતિ મેળવી નિશ્ચય કર્યો કે, સુભદ્રાને કોઈ સમકિતિ જૈનધર્મી પુરૂષને આપવી. આવી

શ્રાવકબાળા મિથ્યાત્વીના હાથમાં ન જાય, અને તેની જીંદ વૃથા ન થાય, તેને માટે તેણે પૂરેપૂરો વિચાર કર્યો હતો.

વસંતપુરમાં જૈની અને મિથ્યાત્વી બન્ને પ્રજા રહેતી હ તેથી કેટલાએક જૈનીઓ પોતાની પુત્રીઓને મિથ્યાત્વીને આપતા, તેથી તે બિચારી શ્રાવકબાળાઓ પોતાના ધર્મથી ભ્ર બની જતી હતી. સમકિત ધારી શ્રાવકની સુતા મિથ્યાત્વી પતિ પત્ની થાય એ કેવો અનર્થ? કેવો અનાચાર? અને કે કુરીવાજ? શુદ્ધ શ્રાવકકુળની કન્યા મલિન મિથ્યાત્વીના મંદિરમાં પ્રવેશ કરે એ સ્વર્ગની દેવીને નરકના મંદિરમાં પ્રવેશ કરવા જેવું છે. તેવું અનુચિત કામ કરનારા માબાપો પોતાનાં પવિત્ર સંતાનોને વટલાવે છે અને પોતે તેઓની દુર્ગતિનું કારણભુત થાય છે. આ બધું જિનદાસ સારી રીતે સમજતો હતો અને તેથીજ તેણે પોતાની પુત્રી સુભદ્રા શ્રાવક પતિને આપવી એવો નિશ્ચય કર્યો હતો.

એક વખતે ચંપાનગરીનો રહેવાસી **બુદ્ધદાસ** નામે કોઈ વેપારી વસંતપુરમાં આવી ચડ્યો. તે બુદ્ધદાસ બૌદ્ધધર્મને માનનારો અને જૈનધર્મનો દ્વેષી હતો. એકસમયે બુદ્ધદાસ જિનદાસના ઘર આગળ થઈને નીકળ્યો, તેવખતે સુભદ્રા તેના જોવામાં આવી. તે બાળશ્રાવિકા ઘણી સુંદર હતી. તેણીનામાં શરીર અને મસ્તુક બન્નેનું માર્દવ પ્રકાશી રહ્યું હતું. ચંદ્રના જેવું મુખ, મૃદુહાસ્ય અને વિશાળ નેત્ર. પ્રેક્ષકોના મનને આકર્ષે તેવા હતા. સુભદ્રાને જોતાજ બુદ્ધદાસે કોઈને પુછ્યું કે, "આ દેવાંગના જેવી સુંદર કન્યા કોની છે?" તેને ઉત્તર મળ્યો કે, "તે અમારા શહેરના પ્રધાન જિનદાસની સુભદ્રા નામે પુત્રી છે. એનો પિતા જિનદાસ આ કન્યાને કોઈ જૈનધર્મી પતિનેજ આપવાનો છે." એ સાંભળી બુદ્ધદાસે વિચાર્યું કે, "મારે જૈનધર્મી

થઈને પણ કોઈ રીતે આ સુંદર કન્યા પ્રાપ્ત કરવી. એ સુંદર બાળાને સંપાદન કરવા હું જૈનધર્મ સંબંધી જ્ઞાન જાણવામાં તત્પર થઈ ધર્મની ક્રિયાઓમાં કુશળ થાઉં." આવું વિચારી બુદ્ધદાસ કપટ શ્રાવક બની કોઈ જૈન સાધુ પાસે ગયો અને ત્યાં તેણે શ્રાવક ધર્મની સમાચારી શીખી લીધી. પછી તો તે શ્રાવક જેવો બની નિરંતર જિનમંદિરોમાં દેવદર્શને જાય તથા ઉપાશ્રયમાં સાધુ પાસે ધર્મ સાંભળવા પણ જાય. એક વાર તે આમ સુશ્રાવકને દેખીને પ્રેમ ભરી જિનદાસે તેને પોતાને ત્યાં જિનપૂજા માટે તેડાવ્યો. હવે બુદ્ધદાસે પણ ત્યાં આવી જિનપ્રતિમાની રચના પૂર્વક પ્રક્ષાલના કરી ચંદનકેસર વગેરેથી તેની પૂજા કરી. પૂજા કરવાની પદ્ધતિ જોઈ મનમાં જિનદાસ તેના ઉપર પ્રસન્ન થઈ ગયો. પછી સ્નેહથી તેને પોતાને ત્યાં ભોજન કરવા બેસાર્યો. ભોજન પીરસતી વખતે તે કપટી શ્રાવક કહેવા લાગ્યો. "દૂધ દહીં વગેરે ચોથું વિગય મને કલ્પતાં નથી. મારે ઘી વગેરે પહેલી વિગય તથા પકવાન્ન વગેરે ચોથી વિગય ગ્રહણ કરીશ. વળી મારે શાક પણ નિયમ બંધ છે." આ પ્રમાણે કહેતાં તે બુદ્ધદાસથી જિનદાસ તો મોહિત થઈ ગયો. તે પોતાને મનમાં વિચાર્યું કે, "આ સુભદ્રાને તો આવો સ્વામી પ્રાપ્ત થાય તો વધારે ઉત્તમ. કારણ કે, જૈનધર્મ પાળનાર, દાતાર, વિનયી, વ્રત પાળનાર, સર્વ જીવ ઉપર દયા રાખનાર, સરલ સ્વભાવી, સ્વરૂપવાન અને ગુણીયલ આવો જમાઈ મળવો મુશ્કેલ છે." આવું વિચારી જિનદાસે સુભદ્રાનો સંબંધ તેની સાથે કરવાનો નિશ્ચય કર્યો. પછી બુદ્ધદાસ ઘણી રહ્યા એટલે જિનદાસે તેને બોલાવી પૂછ્યું, "ભદ્ર, આપ શુદ્ધ શ્રાવક અને કુલીન છો. તેથી મારી દીકરી એક કન્યાનો સંબંધ આપની સાથે કરવાની મારી ઇચ્છા છે. કારણ કે સુભદ્રાના સંબંધ

સરખો અને ચંદ્રને રોહિણીના સંબંધ સરખો એ સંબંધ થવાથી હું મારા મનમાં પૂર્ણ સંતોષ માનીશ. તેનાં આવાં વચન સાંભળી બુદ્ધદાસે તે વાતની હા કહી એટલે જિનદાસે મોટા ઉત્સવથી સુભદ્રાનું તેની સાથે પાણિગ્રહણ કરાવ્યું.

સતી સુભદ્રા જાણતી ન હતી કે તે એક મિથ્યાત્વી પતિને વરી છે. બુદ્ધદાસને શુદ્ધ શ્રાવક જાણનારી સુભદ્રા તો પોતાને ધન્ય માનવા લાગી. અને પોતાનું શ્રાવિકા જીવન સાર્થક કરવાની નવી નવી આશાઓ બાંધવા લાગી. પવિત્ર હૃદયની સુભદ્રા પતિ ઉપર શુદ્ધ પ્રેમ ધારણ કરી "ભવિષ્યમાં પોતાનું જીવન કેવી રીતે સુધરે" તેને માટે સારા સારા વિચારો કરવા લાગી.

બુદ્ધદાસ કે [illegible] દિવસ સુધી વસંતપુરમાં રહ્યો અને તેણે વ્યાપારમાં સારી લક્ષ્મી સંપાદન કરી. "પોતે કપટી શ્રાવક બની શ્રાવકની એક સુંદર કન્યા પરણ્યો" એવું ધારી બુદ્ધદાસ હૃદયમાં ઘણોજ આનંદ પામતો અને પોતાનો મનોરથ સિદ્ધ થવાથી પોતાની [illegible] ને હૃદયના વારંવાર ધન્યવાદ આપતો હતો.

એક વખતે બુદ્ધદાસે પોતાને વતન ચંપાનગરીમાં જવાને પોતાના નવા સસરાની આજ્ઞા માગી. સુભદ્રા પોતાને સાસરે જવા તૈયાર થઇ એટલે તેની માતા તત્ત્વમાલિનીએ તેણીને નીચે પ્રમાણે બોધ આપ્યો. બ્હેન સુભદ્રા, તું કેળવણી પામેલી એક શ્રાવક કન્યા છે. મેં મારી શક્તિ પ્રમાણે તને જે બોધ આપ્યો છે, તે બોધ તેં તારા સુશિક્ષિત હૃદયમાં કોતરી રાખ્યો છે, તથાપિ સાસરે જતી સુતાને સદ્બોધ આપવો એ માતાની પવિત્ર ફરજ છે, એમ ધારી હું તને કહેવા ઈચ્છા રાખું છું—" પુત્રી, તું સાસરીયામાં જઇને તારા પિતાની અને

તારી માતાની કીર્ત્તિ વધારજે. તારા પતિ ઉપર શુદ્ધ પ્રેમ રાખજે, શુદ્ધ હૃદયથી તેની સેવા કરજે અને તેની આજ્ઞાનાં વચનને માન આપજે. બ્હેન સુભદ્રા, તું સારી રીતે સમજે છે કે, સમકિત ધારી શ્રાવિકાઓએ મન, વચન અને કાયાથી શીળની રક્ષા કરવી જોઇએ. શીળની રક્ષા કરવાથી શ્રાવિકાઓને સતી તથા સાધ્વીનું પવિત્ર પદ મળે છે. સદ્ગુણી બ્હેન, સાસૂ, સસરા, જેઠ, જેઠાણી અને બીજા જે ઘરમાં વડિલ હોય તેમની સેવા કરજે અને તેમની સાથે મર્યાદાથી વર્ત્તજે. કોઇની સાથે વૈર કરીશ નહીં. સર્વની સાથે સંપ રાખજે. હમેશાં પરોપકાર કરવામાં તત્પર રહેજે અને શુદ્ધ ભાવથી જિનભગવંતની ભક્તિ કરજે."

પોતાની માતા તત્ત્વમાલિનીના આવા ઉપદેશવચન સાંભળી સુભદ્રા હૃદયમાં ઘણાજ હર્ષ પામી. અને માતાના ભારે ઉપકાર મનમાં આવવાથી તેણીના નેત્રમાંથી પ્રેમાશ્રુની ધારા ચાલી—સુભદ્રા ગદ્ગદિત કંઠે બોલી —"માતા, તમે મારા કેવા ઉપકારી છો? એ વાતનું વર્ણન મારાથી થઇ શકે તેમ નથી, હું તમારી યાવજ્જીવિત આભારી છું. તમે મને બાળ વયથી ઉછેરી મોટી કરીને અને ઉત્તમ પ્રકારની કેળવણી આપીને મારા જીવનને સુધાર્યું છે. અજ્ઞાનરૂપ અંધકારમાં પડેલી અબળા અજ્ઞાઓને જ્ઞાનનો પ્રકાશ કરી તેમાંથી ઉદ્ધાર કરનારી માતાઓને ઘણો ધન્યવાદ ઘટે છે. પૂર્વના પુણ્યને યોગેજ તેવી માતાઓજ મળે છે. માતા, હું હવે આપના પવિત્ર સહવાસમાંથી જુદી પડું છું. આ વિયોગી પુત્રીને ધર્મ કરણીમાં સંભારજો અને કોઇવાર તેને તમારે પવિત્ર દર્શન આપજો."

આ પ્રમાણે કહી સુભદ્રા માતાપિતાને પગે લાગી. પછી બુદ્ધદાસ સુભદ્રાને સાથે લઇ ત્યાંથી વિદાય થયો, તે કેટલેક

દિવસે ચંપાનગરીમાં આવી પહોંચ્યો. ધર્મી સંયમી અને શ્રાવિકા સુભદ્રાને લઈ આવેલા બુદ્ધદાસને જાણી તેના માતાપિતા ઘણોજ હર્ષ પામ્યાં. બુદ્ધદાસે આવી પોતાના માતાપિતાના ચરણમાં નમસ્કાર કર્યો અને સુભદ્રાએ પણ સાસૂ અને સસરાનો વિનય કર્યો.

બીજે દિવસે સુભદ્રા નિત્યના નિયમ પ્રમાણે ઉઠી સ્નાન વગેરે કરી જિનમંદિરે જઈ [illegible] ભાવથી પ્રભુના દર્શન કરી, ત્યાંથી જૈનમુનિને વાંદન કરી પોતાને ઘેર આવી. સાસૂએ સુભદ્રાને પુછ્યું [illegible] ક્યાં ગઈ હતી? સુભદ્રાએ જવાબ [illegible] જિનમંદિરમાં દર્શન કરવા અને ઉપાશ્રયે ગુરુને [illegible] ગઈ હતી. તે સાંભળી સાસુ બોલી— [illegible] આપણા કુળદેવ બુદ્ધ છે, [illegible] કરવું બીજે ક્યાંઈ જવું નહીં." [illegible] સુભદ્રા ચકિત થઈ ગઈ. તેણીએ વિચાર્યું કે, 'ઘણુંજ વિપરીત થયું. અરે! હું ઠગાણી. આ બનાવે [illegible] પિતાને કેવી અને [illegible] આ લોકો [illegible] ? જે થવાનું હોય તે થાઓ, પણ હું મારા પવિત્ર ધર્મને કદિ પણ છોડવાની નથી. જે જૈનધર્મનો શુદ્ધ બોધ મને મળ્યો છે, તેમાંથી હું કદિ પણ ભ્રષ્ટ થવાની નથી. શુદ્ધ શ્રાવકની પુત્રી થઈ ગમે તેવું સંકટ આવે તોપણ શ્રાવક ધર્મથી પતિત થવાની નથી. હું [illegible] છું, કદિ પણ બૌદ્ધ ધર્મની [illegible] નહીં. [illegible] સુભદ્રા [illegible] જિનદાસ પિતાને અને [illegible] [illegible] અને [illegible] કર્યો, અને આ ઉપસર્ગથી [illegible] સંકટમાંથી [illegible].

આ પ્રમાણે વિચાર કરી સતી સુભદ્રા તો નિરંતર [illegible] નિત્ય નિયમ પ્રમાણે જિનમંદિરે જવા [illegible] સુભ-

દ્રાની આવી વર્ત્તણુક જોઇ તેની મિથ્યાત્વી સાસુ મનમાં આવે તેમ બોલતી અને તેણીને ઘણીજ પજવતી હતી. આખરે તે સતી શ્રાવિકાને પોતાના ઘરની બહાર જુદે ઘેર રાખી. ત્યાં પણ સતી સુભદ્રા જિનેંદ્રની પૂજા કરતી તથા જૈન સાધુઓને વહોરાવતી અને એક નિષ્ઠાથી આર્હતધર્મની શુદ્ધ આરાધના કરતી હતી.

એક વખતે કોઈ જિનકલ્પી મુનિ કે જેઓ શરીરની બીલકુલ શુશ્રુષા કરતા નથી તેવા મુનિ માસક્ષપણના પાર-ણાને માટે સુભદ્રાને ઘેર વોહોરવા આવ્યા. તેમને વોહોરાવતા તેણીએ તે મુનિની ચક્ષુમાં કંઈ કણું પડેલું જોયું; તે જોઈ સતીએ વિચાર્યું કે. "જો આ કણું મુનિની આંખમાં વધારે વખત રહેશે તો આ મુનિ પોતાની આંખ ખોઇ બેસશે." એમ ધારી સુભદ્રાએ યત્નાપૂર્વક મુનિની આંખમાંથી પોતાની જીભથી તે કણું કાઢી લીધું. દૈવયોગે સુભદ્રાના કપાળમાં તાજું તિલક હતું. તે યતિના કપાળમાં પડી ગયું. તે વખતે સુભદ્રાની સાસુએ તે તિલકવાળા સાધુને જોયા. તરતજ તેણે બુદ્ધદાસને બોલાવ્યો અને કહ્યું કે, "જો, આ તારી સ્ત્રીનું કેવું નઠારું ચરિત્ર છે. તે સાધુમાં લુબ્ધ થઈ છે." એટલામાં તો તેણીના સાસરાનું બધું કુટુંબ એકઠું મળી ગયું અને તે કહેવા લાગ્યું કે, "બુદ્ધદાસ, આ તારી સ્ત્રી સ્વચ્છંદે વર્ત્તનારી કુશીલા છે, એ આપણા કુળને કલંકિત કરશે." સર્વનાં આવાં વચન સાંભળી બુદ્ધદાસ સુભદ્રાની ઉપર નિઃસ્નેહ થઈ તેણીનો તિરસ્કાર કરવા લાગ્યો. તે સાંભળી સુભદ્રાએ વિનયથી જણાવ્યું, 'આપે ધર્મમાં છળ કરી મને છેતરી છે. તે છતાં હું આપ-ણાથી વિરક્ત થઈ નથી. તેમજ મેં મારા શીળરત્નને ગુમાવ્યું નથી. આપ મ.ાં મિથ્યાત્વ છો, માત્ર દેવ, ગુરૂ અને ધર્મના

વિચારમાંજ હું આપનાથી જુદી પડું છું. મેં જે પેલા સાધુને કરેલું છે, તે મારા ધર્મની વિરૂદ્ધ કર્યું નથી; છતાં આપના આ કુટુંબીઓ અનુચિત બોલે છે તો મ્હારે હવે શું કરવું?" આ [illegible] મનમાં [illegible] કરી કે, "જ્યાંસુધી શાસનદેવી મને આ [illegible] નહીં કરે ત્યાંસુધી હું મારૂં ધ્યાન મુકીશ નહીં." પછી [illegible] કેટલીક વાર પછી સતી સુભદ્રાના સાત્વિક પ્રભાવથી શાસનદેવી પ્રગટ થઈને બોલી—"હે સુભદ્રા, તારે કાયોત્સર્ગ પુરો કરો." તે સાંભળી સુભદ્રા કાયોત્સર્ગ પુરો કરી બોલી [illegible] દેવી, મારૂં કલંક ઉતારો, વીતરાગની [illegible] કલંક આરોપિત થાય, એ શાસનની [illegible] નથી, કારણ માટે તું કલ[illegible] આકાશમાં રહી જે બોલું, તે [illegible] કરી શાસનદેવી અંતર્ધાન થઈ ગઈ અને સતી સુભદ્રા હૃદયમાં હર્ષ પામી.

[illegible] દ્વારપાળો જેવા નગરના દરવાજા [illegible] નહીં, તેનાં કમાડ [illegible] તે સાંભળી જિતશત્રુ રાજા [illegible] કર્યાં, તો પણ ઉઘાડ્યાં [illegible] રાજા ચિંતાતુર થઈ ગયો. [illegible] નહીં. કોઈક શ્રાવ[illegible] તેની ચાલણીથી [illegible] કાઢી ને કમાડને છાંટશે [illegible] અને નગરમાં [illegible] કે, "જે કોઈ [illegible] કરી દરવાજા ઉઘાડશે, તેની [illegible] [illegible] આવશે." તે સાંભળી ઘણાંખરી [illegible] [illegible]

બળી જવાથી તેઓ વિલખી થઇને જતી રહેવા લાગી. આથી રાજા જિનશત્રુને ભારે ચિંતા થઇ પડી. તેણે વિચાર્યું કે, શું મારા નગરમાં કોઇ સતી સ્ત્રી નહીં હોય? હવે શું કરવું?

અહીં સુભદ્રાએ પોતાની સાસૂને કહ્યું, "જો તમારી ઇચ્છા હોય તો હું જઇને દરવાજા ઉઘાડું." તે સાંભળી સાસુએ કહ્યું, "એક વાર તો તેં કુળને કલંકિત કર્યું છે; હવે તારે વધારે શું કરવું છે?" "તારા જેવી કુશીલા શું કરવાની છે?" સતીએ વિનયથી કહ્યું, "માતા આપે જે કહ્યું તે પ્રમાણ છે. પણ હું સુશીલા છું કે કુશીલા એ વાતનો હમણાંજ નિર્ણય થશે." એમ કહી સુભદ્રા સતીએ પરહુને સ્પર્શ કર્યો. ત્યારપછી વસંતપુરના હજારો પુરૂષો અને સ્ત્રીઓની વચ્ચે શીળવતી સુભદ્રાએ શાસનદેવીના પ્રભાવથી કુવામાંથી કાચે તાંતણે ચાળણી વડે જળ કાઢ્યું અને તે નગરના દ્વારને છાંટ્યું, એટલે તત્કાળ તે દ્વાર ઉઘડી ગયું. આ ચમત્કાર જોઈ સર્વ લોકો આશ્ચર્ય પામી ગયા અને સુભદ્રા સતીને ભારે ધન્યવાદ આપવા લાગ્યા. એવી રીતે સુભદ્રાએ નગરના ત્રણ દ્વાર ઉઘાડી દીધા. ત્યારપછી પોતે ઉંચે સ્વરે કહ્યું, "હવે આ નગરમાં જો કોઇ બીજી સતી સ્ત્રી હોય તો તે ચોથી પોળના દ્વાર ઉઘાડે." તેનાં આ વચન સાંભળી રાજાએ તપાસ કરાવી પણ કોઈ સ્ત્રી તેવી નીકળી નહીં અને તે નગરના દ્વારને ઉઘાડી શકી નહીં. હજુસુધી ચોથું નગરદ્વાર બંધ રહેલ છે. આથી રાજા વગેરે બધા લોકો ચમત્કાર પામી ગયા અને સુભદ્રાસતીને તેમણે જયધ્વનિથી વધાવી લીધી.

સુભદ્રાનો આવો દિવ્ય ચમત્કાર જોઈ તેની સાસૂએ ઉભા થઇને તેણીની ક્ષમા માગી. વિનયવતી વહુએ પોતાની સાસૂને પગે લાગી કહ્યું કે, "પૂજ્ય માતા, આપે મનમાં તે વિષે ક્ષોભ કરવો નહીં. સર્વ વાત કર્મને આધીન છે. શુભાશુભ કર્મ પ્રા-

મુનિ અનેક જાતની શુભ શુભ પ્રવૃત્તિ કરાવે છે." સતીના આવા શુભ વિચાર જાણી સર્વ ખુશી ખુશી થઈ ગયા અને જૈનધર્મ ઉપર તેમની વિશેષ આસ્થા દ્રઢ થઈ.

સતી સુભદ્રાએ પોતાના સાસરાના મિથ્યાત્વી કુટુંબને જૈનધર્મ મનાવી દીધું. તેઓ બધા શુભ હૃદયથી આર્હત ધર્મની ઉપાસના કરવા લાગ્યા. તે સાથે ચંપાનગરીના બીજા ઘણા ભાવુક લોકો જૈનધર્મના પરમરાગી થઈ ગયા.

એવી સતી સુભદ્રા સંસારને સુધારી કોઈ જૈનમુનિ પાસે દીક્ષા લઈ સાધ્વી થઇ હતી. તેણે પોતાના ચારિત્રજીવનમાં અનેક શ્રાવિકાઓનો ઉદ્ધાર કર્યો હતો. તે મહાસતીની સુબોધના ઉપદેશથી અનેક જૈનની શ્રાવિકાઓએ સાંસારિક તથા પારલૌકિક સ્વાત્મોન્નતિ કરી હતી. ધન્ય છે એ પવિત્ર સતીના જીવનને





રાજિમતી.

આ પવિત્ર સતી નેમિનાથ પ્રભુનાં પત્ની થાય છે. તેમ- નો જન્મ મથુરા નગરીના રાજા ઉગ્રસેનને ત્યાં થયો હતો. તેમની માતાનું નામ ધારિણી હતું. રાજિ-મતીનો જીવ અપરાજિત વિમાનથી ચ્યવેલો દેવતા હતો.

પવિત્ર રાજિમતીએ પોતાની માતા ધારિણીની પાસેથી સારી કેળવણી સંપાદન કરી હતી. તે શિવાય બીજા ઉત્તમ શિક્ષિકા પાસેથી વિવિધ જાતની કળાઓ તે શીખી હતી. રાજા ઉગ્રસેન રાજિમતીને ઉંચી કેળવણી આપવાને ઉત્કંઠિત હતો. પોતાના સંતાનોને સારૂં શિક્ષણ આપવું, એ માતાપિતાની પવિત્ર ફરજ છે, એ વાત ઉગ્રસેન અને ધારિણી બન્ને રાજદંપતી સારી રીતે જાણતાં હતા. આથી તેમણે રાજકુમારી રાજિમતીના હૃદય ઉપર કેળવણીરૂપ કલ્પલતાની શીતળ છાયા પ્રસારી દીધી હતી.

જે માતપિતાઓ પોતાનાં સંતાનોને વિદ્યાથી વિમુખ રાખે છે, તેઓ તેમના ખરેખરા શત્રુઓ છે. સંતાનોને શિક્ષણ રહિત રાખવા તે તેમની ભાવહિંસા બરોબર છે. તેવી ભાવહિંસા કરનારા માબાપો એક ઘાતકી કહેવાય છે. દ્રવ્યહિંસા કરવાથી પ્રાણના વિયોગની મોટી હાનિ થાય છે, પણ તે મરનાર પ્રાણી

આ સંસારની વિટંબણામાંથી મુક્ત થઇ જાય છે. પણ ભાવહિંસા કરવાથી તે પ્રાણી જ્ઞાનરહિત રહે છે અને જીવે ત્યાંસુધી અજ્ઞાનતાના મોટા કષ્ટને અનુભવ્યા કરે છે. તેથી જે બાળક કે બાળિકાને જ્ઞાનરહિત રાખવા એટલે કેળવણીથી વિમુખ રાખવા તે તેમની ભાવહિંસા કરવામાં આવેલી છે, એમ સમજવું. ભાવહિંસાથી સંતતિનો ઘાત કરનારા માબાપો ખરેખરા દોષપાત્ર અને સ્વકર્ત્તવ્યથી ભ્રષ્ટ બને છે.

રાજા ઉગ્રસેન અને રાણી ધારણી તેવાં ઘાતકી ન હતાં. તેઓ પોતાનાં સંતાનને વિદ્યાદાન કરી તેમના જીવનને સુંદર બનાવવા તત્પર હતાં. તેથી પવિત્ર રાજિમતી એક સુશિક્ષિત બાળશ્રાવિકા બની હતી. કેળવણીના પવિત્ર પ્રભાવથી તેના હૃદયમાં સારા સારા વિચારો પ્રગટ થતા હતા. અને સ્વધર્મ ઉપર પૂર્ણ દૃઢતા વધતી જતી હતી.

રાજિમતી બાલ્ય વયમાંથી યૌવન વયમાં પ્રાપ્ત થયાં ત્યારે તેણીનામાં સદ્ગુણ અને શરીર બન્નેનું અનુપમ સૌંદર્ય ખીલી નીકળ્યું હતું. મનોહર મુખમંડળ ચંદ્રમંડળની સાથે સ્પર્ધા કરતું હતું. નયનની શોભા દિવ્ય હતી. લલાટ આઠમના ચંદ્રના જેવું ચળકતું હતું. અધર ઉપર રક્ત કાંતિની ઝાંઈ પડતી હતી. તેમાંથી મૃદુહાસ્યની શોભા દિવ્યતાને ધારણ કરતી હતી. મસ્તક પર આવેલી કેશવેણી કૃષ્ણ સર્પની કાંતિ અને આકૃતિને અનુસરતી હતી. આ પ્રમાણે દેવકન્યાની સાથે સ્પર્ધા કરનારી રાજકન્યા રાજા ઉગ્રસેનના દરબારમાં લાડ પામતી મોટી થઈ.

એક વખતે ઉગ્રસેન રાજા કેટલાએક યાદવોને લઇને દ્વારકામાં આવ્યો. તે વખતે તેની સાથે રાણી ધારણી તથા રાજકુમારી રાજિમતી સાથે આવેલાં હતાં. રાજિમતીનું અનુપમ સૌંદર્ય ખીલી નીકળ્યું હતું. શારીરિક અને માનસિક બન્ને પ્રકારના સૌં-

ર્દર્યથી રાજિમતી વિશેષ શોભાયમાન દેખાતી હતી. તેણીનું સાદર્ય જોઇ દ્વારકાના લોકો ચકિત થઇ જતા અને તેણીના ગુણ અને રૂપની ભારે પ્રશંસા કરતા હતા.

દ્વારકામાં રાજા **સમુદ્રવિજય** રાજ્ય કરતા હતા. તેમની **શિવાદેવી** નામે રાણીના ઉદરથી જન્મેલા **નેમિકુમાર** યોગ્ય વયના થયા હતા. નેમિકુમાર ભવિષ્યના જિન ભગવંત હતા, તેથી તેમનામાં બુદ્ધિ, ધૈર્ય, વિનય, વિવેક, ગાંભીર્ય અને પરાક્રમ વગેરે સદ્ગુણો સ્વભાવથીજ પ્રાપ્ત થયા હતા.

એક વખતે પોતાના કુમાર નેમિનાથને યોગ્ય વયના જોઇ તેમની માતા શિવાદેવીએ કહ્યું, "પુત્ર, હવે તું યોગ્ય વયનો થયો છું, માટે કોઇ રાજ્યકન્યા સાથે વિવાહ કર." રાજપુત્ર નેમિનાથે વિનયથી પ્રત્યુત્તર આપ્યો—"માતા, ધીરા થાઓ. જ્યારે યોગ્ય કન્યા મળશે ત્યારે હું વિવાહ કરીશ." આ પ્રમાણે કહી નેમિકુમાર પોતાની માતાને ખુશી રાખતા પણ વિવાહની ઇચ્છા કરતા ન હતા.

એક વખતે નેમિકુમાર પોતાની સમાન વયના મિત્રો સાથે ક્રીડા કરતા શ્રી કૃષ્ણની આયુધશાળામાં જઇ ચડ્યા. ત્યાં રક્ષકે વાર્યા છતાં પણ તેમણે કૃષ્ણના સુદર્શન ચક્રને હાથમાં લઇ કુંભારના ચાકની પેઠે ફેરવ્યું અને કમળના નાળવાની પેઠે ધનુષ્યને અર્ધું નમાવ્યું. તે પછી ગદા ઉછાળી શંખનો નાદ કર્યો. તે નાદ સાંભળી કૃષ્ણ ચિંતાતુર થઇ ગયા અને સભા વચ્ચે બોલ્યા કે, "આ શંખ કોણે ફુંક્યો? એ શંખ ફુંકનારનું મૃત્યુ નજીક આવ્યું લાગે છે." આ પ્રમાણે કહી તેણે યુદ્ધની તૈયારી કરવા હુકમ કર્યો, તેવામાં કોઇ પુરૂષે આવી ખબર આપ્યા કે, "એ સર્વ નેમિકુમારે કર્યું છે." તે સાંભળી હૃદયમાં આશ્ચર્ય પામી કૃષ્ણે વિચાર્યું કે, "ત્યારે તો નેમિકુમાર વાસુદેવ થશે હું નહીં" તેવામાં

નેમિકુમાર તેમની પાસે આવ્યા. કૃષ્ણે તેમના બળની પરીક્ષા કરવાને કહ્યું કે, "ભાઈ નેમિકુમાર, મને તમારૂં બળ બતાવો." પછી કૃષ્ણે પોતાની ભુજા ઉંચી કરીને કહ્યું કે "આ મારી ભુજાને નમાવો." નેમિકુમારે કમળના નાળની જેમ તેની ભુજા નમાવી દીધી. પછી નેમિકુમારે પોતાની ભુજા ઉંચી કરી કૃષ્ણને તે નમાવવાનું કહ્યું. કૃષ્ણે પોતાનું સર્વ બળ તેને નમાવાને એકઠું કર્યું. એક વાનરની પેઠે તે ભુજા પકડી હીંચકા ખાધા, છતાં તે પ્રભુની ભુજાને લેશ માત્ર પણ નમાવી શક્યા નહીં, એટલે કૃષ્ણનું મુખ નિસ્તેજ થઈ ગયું. તે વખતે કૃષ્ણના મનમાં આવ્યું કે, હવે મારૂં રાજ્ય જવા બેઠું, રાજ્યનો અધિપતિ તો નેમિકુમારજ થશે. કૃષ્ણને આવી ચિંતા કરતા [illegible] બળભદ્ર બોલ્યા—ભાઈ બંધુ, ચિંતા [illegible] નહીં. નેમિકુમાર રાજ્યના અર્થી નથી. બળભદ્રે આમ કહ્યા છતાં પણ કૃષ્ણ નિશ્ચિંત થયા નહીં, તે વખતે કોઈ દેવતાએ આકાશમાં રહી કહ્યું "[illegible] નેમિકુમારનો ભય રાખીશ નહીં, એ બ્રહ્મચારી કુમાર [illegible] દિક્ષા ગ્રહણ કરશે." આ દિવ્ય વાણી [illegible] કૃષ્ણ [illegible] થયા, તથાપિ હૃદયમાં શંકા ધારણ કરતા મનમાં વિચાર કરવા લાગ્યા. 'જો નેમિકુમારને પરણાવીએ તો શરીરનું બળ કાંઈક ઓછું થાય' આમ ધારીને તેનો વિચાર કરવાને પોતાના મંદિરમાં આવ્યા. કૃષ્ણે અંતઃપુરની લક્ષ્મી વગેરે પટરાણીઓને [illegible] સૂચના કરી કે, "તમારે ગમે તે યુક્તિ કરી નેમિકુમારને શૃંગાર રસ ઉપર પ્રીતિવાળા કરવા, કે જેથી તેને વિવાહ કરવાની ઇચ્છા થઈ જાય."

પોતાના પતિની આજ્ઞાથી કૃષ્ણની રાણીઓ નેમિકુમારની સાથે જઈ જળક્રીડા કરવા ગઈ હતી. જળક્રીડા કરતી તે ગોપીઓ

નેમિકુમારની મશ્કરી કરવા માંડી અને શુંગારનાં મધુર વચનો કહી તેના હૃદયને રસિક બનાવવા માંડ્યું, તથાપિ પૂર્વના પવિત્ર સંસ્કારના બળથી તેમના હૃદયમાં લેશ માત્ર પણ વિકાર થયો નહીં. સંવેગના રંગથી રંગાએલા તેના આત્મરસિક હૃદયમાં સંસારનો વિકૃતિ રાગ જરા પણ ઉદિત થયો નહીં. તેઓ વદન નિર્વિકારી રહ્યા.

જ્યારે નેમિકુમાર કૃષ્ણ પત્નીઓના હાવભાવ, શૃગાર ચેષ્ટા અને રસિક વાર્તાના પ્રવાહમાં તણાયા નહીં, એટલે તે ચતુર રમણીઓ તેને વિનંતિપૂર્વક કહેવા લાગી—દીયરજી, તમે વિવાહ કેમ કરતા નથી? તમારા ભાઇ બત્રીશ હજાર કન્યા પરણ્યા છે, તો તમે એક કન્યા પણ કેમ પરણી શકતા નથી? જો તમે સ્ત્રીના પેટ ભરવા ખાતર વિચાર કરતા હો તો તમારો ભાઈ શું કરશે, વળી પૂર્વે તીર્થંકરો વિવાહિત થયા હતા. આપણાજ વંશમાં મુનિસુવ્રત જિનેશ્વર થયેલા છે, તેઓ રમણીય રાજકન્યા સાથે પરણ્યા હતા. આવી આવી યુક્તિની વાતો કરી કૃષ્ણની રમણીઓએ પોતાના દીયર નેમિનાથને પરણવા માટે ઘણા કાલાવાલા કર્યા. જ્યારે ભગવાને મૌન ધારણ કર્યું ત્યારે નિષેધ નહીં કરવાથી માન્યું આમ ધારી તે સ્ત્રીઓએ હર્ષનાદ કરી પોતાના સ્વામી કૃષ્ણને જણાવ્યું. કૃષ્ણે નેમિનાથના વિવાહની વાત જાણી ઘણા ખુશી થઇ સમુદ્રવિજય તથા શિવાદેવી માતાને જણાવી પોતે નેમિનાથ માટે કન્યાની તપાસ કરવા લાગ્યા. તેવામાં સત્યભામા બોલી—પૂજ્ય સાસૂજી, મારે દેવાંગના જેવી રૂપવતી રાજિમતી નામે બ્હેન છે. તે પોતાના સૌંદર્યથી અપસરાઓની સાથે સ્પર્ધા કરે છે. તે સાથે તેણીએ ધાર્મિક અને સાંસારિક કેળવણી સંપાદન કરેલી છે. મારા પિતા ઉગ્રસેને તે બાળાને સારી કેળવણી આપી એક નમુનાદાર શ્રાવિકા બનાવી છે. તેણીના સદ્ગુણોની સુવાસ મારા પિતાના બધા રાજ્યમાં પ્રસરી રહેલી છે. તેની સાથે અમારા દીયર નેમિકુમારનો વિવાહ

કરો. એ બન્ને સ્ત્રી પુરૂષની જોડી જૈન વર્ગમાં સારી પ્રતિષ્ઠા પામશે. સત્યભામાનાં આવાં વચન સાંભળી શિવાદેવી પ્રસન્ન થઈ ગયાં. પછી તરતજ તેમણે એ વાર્ત્તા કૃષ્ણને જણાવી. કૃષ્ણ હૃદયમાં સંતોષ પામી દ્વારકામાં આવેલા ઉગ્રસેન રાજાની પાસે આવ્યા અને પોતાના બંધુ નેમિકુમારને માટે રાજકન્યા રાજિમતીની માગણી કરી. મથુરાપતિ તેથી પ્રસન્ન થયો અને તેણે પોતાની પુત્રી રાજિમતીનો નેમિકુમારની સાથે સંબંધ કર્યો. આ ખબર સાંભળી દ્વારકા નગરીના સર્વ લોકો ખુશી થયા હતા.

કૃષ્ણે પોતાના કાકા સમુદ્રવિજય અને બીજા વૃદ્ધ યાદવો બોલાવી લગ્નનો શુભ દિવસ શ્રાવણ શુદ છઠનો નક્કી કર્યો. બન્ને વર કન્યાના ઘરમા વિવાહની સામગ્રી તૈયાર કરવામાં આવી. લગ્નનો દિવસ આવતા દ્વારકાપતિ સમુદ્રવિજય કૃષ્ણ, બળદેવ અને બીજા યાદવ કુમારો તથા જાંબૂવતી, સત્યભામા વગેરે સ્ત્રીઓની મોટી જાન મોટા ઠાઠમાઠથી ઉગ્રસેનને ઉતારે આવી પહોંચી. સૌભાગ્યવતી સુંદરીઓ વિવાહના ગીતો ગાવા લાગી. સર્વ સ્થળે આનંદ મંગળ વર્તાઈ રહ્યો. નેમિનાથ મંગળ રથમાં બેસી સાસરીયાના ગૃહ પાસે આવ્યા. તે વખતે પ્રભુએ સારથિને પુછ્યું, આ શૃંગારેલું સુંદર ગૃહ કોનું છે?

સારથિએ આંગળીવડે દર્શાવીને કહ્યું, 'એ તમારા મસરા ઉગ્રસેન રાજાનું ઘર છે.' આ વખતે રાજકુમારી રાજિમતી રાજમેહેલના ગોખ ઉપર બેસી નેમિપ્રભુને નિરખવા લાગી. તે ઉગ્રસેનની રાજકન્યા પ્રભુની મનોહર મૂર્તિ જોઈ હૃદયમાં પ્રસન્ન થઈ ગઈ. તેણીએ વિચાર્યું કે, "મારો ધન્યભાગ્ય છે કે જે આ પવિત્ર સ્વરૂપ સ્વામીને વરી હું મારો ધર્મ તથા સંસાર સુધારી શકીશ. આવા સગુણવાન પતિને વરી હું મારા આત્મિકજીવનને કૃતાર્થ કરીશ. આ વખતે રાજિમતીની સખીઓ પરસ્પર આનંદ વાર્તા

કરવા લાગી—"સખી જો, આ સુંદર વરને વરી રાજિમતી સૌભાગ્યવતીઓમાં શિરોમણિ ગણાશે. આવા વિશેષપતિ સુંદર વર કોઇ ભાગ્યવતી ભામિનીનેજ પ્રાપ્ત થાય છે." બીજી ચંદ્રાનના બોલી—"વિધિએ રાજિમતીનું રૂપ રંભાથી પણ અધિક કર્યું છે, એ આમાંથી વિધિ વિરહ કરાવે તો ઘણુંજ અનિષ્ટ થાય." ત્રીજી ચતુરા બોલી—"બ્હેન, એવી વિપરીત વાણી બોલ નહીં. સર્વ કાર્ય નિર્વિઘ્ન થશે." કોઇ ધીમી ચતુરા હસતી હસતી બોલી—"સખી, રાજિમતી, આ યાદવોની જાનમાં તારો પતિ કયો તે બતાવ. જો તું મને કાંઇ ઇનામ આપે તો હું તને તારો પતિ નેમિકુમાર બતાવું." કોઇ બીજી બાળા બોલી ઉઠી—"બ્હેન, તું શું બતાવતી હતી? આપણાં કુંવરી સાહેબે, તો તેમને ક્યારના ઓળખી લીધા હશે. જો, આ તેમના વર યાદવોની જાનમાં સર્વથી જુદા પડે છે. જાણે પાતાળ કુમાર, કામદેવ કે મૂર્તિમાન્ પુણ્યનો રાશિ હોય તેવો આ રાજકુમારીનો પતિ નેમિકુમાર દેખાય છે. બ્હેન, તું ખરેખર ભાગ્યવતી છું. નહીં તો આવા જિનેશ્વર પતિ ક્યાંથી મળે?"

આ પ્રમાણે ઉગ્રસેનના રાજમહેલના ગોખ ઉપર સખીઓનો વાર્ત્તાલાપ થતો હતો તે વખતે નેમિકુમારનો રથ જ્યાં મહેલના આંગણામાં આવ્યો, ત્યાં પશુઓનો મોટો આર્ત્તનાદ નેમિકુમારના સાંભળવામાં આવ્યો. તે સાંભળી દયાળુ પ્રભુએ સારથિને પુછયું અરે સારથિ, આ દારૂણ સ્વર કોનો છે? સારથિ બોલ્યો—સ્વામી, આપના વિવાહ પ્રસંગે ઉગ્રસેન રાજા મોટી મીજબાની આપવાના છે, તેમાં આવેલા મીજમાનોને જમાડવા માંસને માટે આણેલાને એકઠા કરેલા પશુઓનો એ કરૂણામય સ્વર છે. તે સાંભળતાંજ દયાળુ નેમિપ્રભુ ચકિત થઇ ગયા. "અહા! વિચિત્ર ચિત્તવૃત્તિવાળા એ ઘાતકી પુરૂષોનાં ચરિત્રો શ્રવણ કરવા પણ અયોગ્ય છે, કે જેઓ

પોતાના ઉત્સવને અર્થે જંતુઓ સાથે નિષ્કારણ વૈર બાંધે છે. આવા ઘાતકી વિવાહમાં મારે ભાગ લેવો ન જોઈએ. એ અનુચિત કાર્યના આરંભનું નિમિત્ત કારણ થવું, એ મહાપાપ છે, માટે આવો વિપરીત વિવાહ કરવાનું કાંઈ જરૂર નથી."

પ્રભુ આવો વિચાર કરતા હતા, તેજ વખતે ગોખ ઉપર ઉભેલી રાજકન્યા રાજિમતી પોતાની સખીઓ પ્રત્યે બોલી—"સખીઓ, મારૂં દક્ષિણ નેત્ર ફરકે છે એ શું હશે? એક તરફ આ આનંદ મંગળ વર્ત્તાઈ રહ્યા છે, ત્યારે મારી તરફ આવા અનિષ્ટ નિમિત્ત શામાટે થતા હશે?" રાજકન્યાનાં આવાં વચન સાંભળી સખીઓ બોલી—"રાજકુમારી, ચિંતા કરો નહીં. આપનું અનિષ્ટ દૂર થઈઓ શાસનદેવ આપને સહાય કરશે."

આ વખતે નેમિકુમારે સારથિને કહ્યું, કે મારો રથ અહિંથી પાછો વાળ. આવા હિંસા ઉત્સવમાં ભાગ લેવાની મારી ઈચ્છા નથી. જ્યાં સર્વ જીવની રક્ષા થતી હોય, જ્યાં શુદ્ધ માર્ગની પ્રરૂપણા થતી હોય, અને જ્યાં નિર્દોષ કાર્યનો સમારંભ હોય, ત્યાંજ અમારી પ્રવૃત્તિ હોય છે.

આ પ્રમાણે કહી નેમિકુમાર તે પશુઓના સ્થાનમાં આવ્યા અને તેના સાચવનારા પુરૂષોને કહ્યું. સેવકો, આ શું કરો છો? આ નિરપરાધી પ્રાણીઓને શામાટે મારો છો? તેઓને છોડી મુકો. નેમિનાથનાં આવા વચન સાંભળી સેવકોએ તત્કાળ પશુઓને છોડી મુક્યાં. "પશુના રૂધિરથી છંટાએલો માણસ દુર્ગતિમાં જાય છે. આવા હિંસા પ્રધાન વિવાહરૂપી વિષ વૃક્ષની મારે જરૂર નથી." આ પ્રમાણે કહી નેમિનાથે સારથિને રથ પાછો વાળવા જણાવ્યું, જેથી રથ પાછો વાળી આગળ ચાલવા લાગ્યા. તે વાત શિવાદેવીના જાણવામાં આવવાથી તેમણે પોતાનો રથ પ્રભુની પાછળ હંકાર્યો અને પ્રભુને ઉભા રાખીને પુછયું, "વત્સ, તારે એ

પશુઓના માંસના ભોજનનું પ્રથમ શું કામ છે? તારે ક્યાં એ ભોજન કરવાનું છે? તારે તો પાણિગ્રહણ કરવાનું કામ છે. વ્હાલા પુત્ર, એવી હઠ કરીશ નહીં. તારૂં વિવાહ મંગળ જોઇ હું મારા નેત્રને શીતળ કરૂં."

માતાનાં આવાં આગ્રહી વચન સાંભળી નેમિકુમાર નમ્રતાથી બોલ્યા—માતા, મને આગ્રહ કરો નહીં. મારા હૃદયના વિચાર ફરી ગયા છે. હવે માનુષી સ્ત્રી ઉપર મારૂં મન જ નથી. મારી ઇચ્છા મુક્તિરૂપી વધૂને વરવાને ઉત્કંઠિત છે. માયાળુ માતા, જો તમે મારી ઉપર પુત્રવાત્સલ્ય રાખતા હો તો મને આ પીડાકારી ભવપાશના ગાઢ બંધનમાં નાખો નહીં.

માતા શિવાદેવીએ ઘણી રગરગ કરી પણ નેમિકુમારે માન્યું નહીં તેઓના હૃદયનો સિદ્ધાંત કોઇથી ફેરવી શકાયો નહીં; કારણકે, એ મહાનુભાવે તે વખતે આ સંસારના માયાવી અને દુઃખરૂપ સ્વરૂપને અવલોક્યું હતું. અને આત્મ સાધન કરવામાંજ પોતાના જીવનની કૃતાર્થતા માની હતી.

નેમિકુમાર માનમાંથીજ પાછા વળી ગયા. એ વાત રાજકુમારી રાજિમતીના જાણવામાં આવતાં તેણીના હૃદયમાં ભારે ચિંતા ઉત્પન્ન થઈ આવી. પોતાનું દક્ષિણ અંગ ફરક્યું હતું, એ વાર્તાએ તેના મનને વધારે શંકિત બનાવી દીધું હતું. તે વખતે રાજિમતી ઉંચે સ્વરે કહેવા લાગી—અરે નેમિકુમાર, શું આપ, ધૂર્ત નીકળ્યા. તમે જે મુક્તિરમણીમાં આસક્ત થયા છો, તે રમણી સર્વ સિદ્ધ પુરૂષોને ભજનારી ગણિકારૂપ છે. જો તમારૂં મન એ મુક્તિરમણીમાં રમી રહ્યું હતું તો આપો પરણવા આવવાને આરંભ કરીને તમે મારી વિડંબના શામાટે કરી? આ સમયે તેણીની સખીઓ કહેવા લાગી—"પ્રિય સખી, જેની ઉપર તું આસક્ત થઈ છે, એ નેમિકુમાર પ્રેમ વગરના છે. એવા પ્રેમ

રંહિત પુરૂષની ઉપર પ્રીતિભાવ શામાટે દર્શાવે છે? બ્હેન, એ વાત છોડી દે. આપણે તારે માટે કોઈ બીજા વરની શોધ કરીશું." તે સાંભળતાંજ સતી રાજિમતી આક્ષેપ કરી બોલી—"રાણી, એ શું બોલો છો? હું તો એનેજ વરી ચુકી છું. કદિ સૂર્ય પશ્ચિમ દિશામાં ઉદિત થાય, તોપણ હું નેમિ શિવાય અન્ય પતિને વર નારી નથી. કદિ એ મહાનુભાવ પ્રિયનો હસ્ત વિવાહસમયે મારા હસ્તની સાથે ન મળ્યો તો હું દીક્ષા સમયે એનો હસ્ત વાસક્ષેપ સાથે મારા મસ્તક ઉપર મુકાવીશ. બ્હેનો, તમે કદિ પણ આવા વિપરીત વિચાર મારી આગળ જણાવશો નહીં. મન, વચનથી વરેલો પુરૂષ તે પતિજ છે. જે શુદ્ધ શ્રાવિકા હોય તે પછી બીજા પુરૂષને પતિપદ આપતીજ નથી. સતી શ્રાવિકાઓ એજ મહાવ્રતથી ભારત ઉપર વિખ્યાત થઈ છે. હવે આ મારા શરીરનો યાવજ્જીવિત તેજ માલિક છે. આ ભયંકર સંસારમાં મારે તેનુંજ શરણ છે." રાજિમતીનો આવો નિશ્ચય જાણી તેની સખીઓ સાનંદાશ્ચર્ય થઇ ગઈ અને એ રાજમતીને ઘણોજ ધન્યવાદ આપવા લાગી.

'નેમિકુમાર વિરક્ત થઇ પાછા વળ્યા' એ ખબર જાણી રાજા સમુદ્રવિજય પણ જ્યાં નેમિકુમાર હતા, ત્યાં આવ્યા. તેમણે કહ્યું,—હે નિર્મળ અંતઃકરણવાળા, પુત્ર, તું અમારો મનોરથ સફળ કર્યો. અમે જ્ઞાની પાસેથી જાણ્યું છે કે, તું આ જગ જગતનો સ્વામી જિનેશ્વર છે, ભવિષ્યમાં તારો પ્રભાવ વિશ્વ અને લોકોત્તર છે. આ અનંત સંસારના દુઃખી પ્રાણીઓનો તું મહાન ઉદ્ધારક છે. વત્સ, વિચાર કર. તમારી પહેલાં પ્રગટ થયેલા ઋષભાદિ તીર્થંકરો પણ પરણીને પરમ પદ પામ્યા છે.

પિતા સમુદ્રવિજયનાં આવાં વચન સાંભળી નેમિકુમાર બોલ્યા—"પિતાજી, આવા અસારમાં મને શામાટે આગ્રહ કરો છો?

સ્ત્રી સમાગમમાં અસંખ્ય જંતુઓનો ઘાત થાય છે. મારા હૃદયમાં એ અકાર્ય કરવાની તદન ઈચ્છા નથી. પિતાએ પોતાના બાળકને રાજી રાખવા જોઇએ. તો જો મને તમે અવિવાહિત રાખશો તો હું વધારે રાજી થઇશ. મારા સવિમ હૃદય ઉપર વૈરાગ્ય ભાવનાની એટલીબધી અસર થઈ ગઇ છે કે, મને આ સંસાર તુચ્છ લાગે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરેલા આ સંસાર તરફ મને ઘણો તિરસ્કાર છુટે છે."

આ સમયે કૃષ્ણ આવી ચડ્યા અને તેમણે વિનંતિપૂર્વક કહ્યું, "હે સર્વોત્તમ બંધુ, એકવાર પ્રસન્ન થઇને માતાપિતાના મનોરથ પૂરા કરો. માતપિતાને પ્રસન્ન કરવા એ સુપુત્રનું કર્તવ્ય છે." કૃષ્ણનાં આવાં વચન સાંભળી નેમિકુમાર બોલ્યા—વ્હાલા ભાઇ, હવે વિશેષ આગ્રહ ન કરો મેં મારા જ્ઞાનથી જેટલું જોયું હતું તેટલું થઇ ગયું છે. હવે હું દીક્ષા શિવાય બીજું કશું કરવાનો નથી, માટે પ્રસન્ન થઇ આજ્ઞા આપો.

નેમિકુમારનો આવો દૃઢ નિશ્ચય જોઈ સમુદ્રવિજય, કૃષ્ણ કે કોઈ પણ પછી બોલ્યું નહીં. નેમિપ્રભુ પાછા પોતાને ઘેર આવ્યા. વિવાહની બધી તૈયારીઓ વિશીર્ણ થઇ ગઈ. સતી રાજિમતીએ કંઠમાં ધારણ કરેલી મંગળમાળા તેમની તેમ રહી, અને વિવાહ પ્રસંગે એકઠું થયેલું સાજનમ્હાજન પોતપોતાને ઘેર ચાલ્યું ગયું.

અહિં ઘેર આવેલા નેમિપ્રભુ હૃદયમાં ઉત્તમ ભાવના ભાવતા હતા. તેવામાં લોકાંતિક દેવતાઓએ આવી કહ્યું, "હે કંદર્પ ઉપર વિજય મેળવનારા અને સર્વ પ્રાણીઓને અભય આપનારા સ્વામી, આપ જગતના કલ્યાણને માટે તીર્થ પ્રવર્તાવો." આટલું કહી તે દેવતાઓ ચાલ્યા ગયા એટલે સંવેગથી રંગિત થયેલા નેમિપ્રભુએ વાર્ષિક દાન આપવા માંડયું. સૂર્યો-

દયથી એક પોરસી થાય ત્યાંસુધીમાં પ્રભુ એક ક્રોડ ને આઠ લાખ સોનૈયાનું દાન કરતા હતા. એવી રીતે એક વર્ષ સુધી દાન આપી દયાળુ પ્રભુએ ગિરનાર પર્વતના સહસ્રાઆમ્રવનની નીચે દીક્ષા ગ્રહણ કરી. પવિત્ર હૃદયવાળા પ્રભુએ ત્યાં કાઉસગ્ગ ધ્યાને રહી મૌનવ્રત ધારણ કરી ચોપન દિવસ સુધી છઠ અઠમાદિ તપસ્યા કરી. પંચાવનમે દિવસે ત્યા સર્વ કર્મનો ક્ષય થતાં તેમને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું હતું.

સતી રાજિમતીના જાણવામાં આવ્યું કે, નેમિકુમાર દીક્ષા લઇ ગિરનાર પર્વત ઉપર રહ્યા છે, આથી તેણીએ તેમની પાછળ પોતાનું જીવન સાધ્વીરૂપે નિર્ગમન કરવા નિશ્ચય કર્યો. તેણીના પવિત્ર હૃદયમાં નેમિકુમાર ઉપર જે પતિરૂપે પ્રેમ હતો તે ગુરૂરૂપે થઇ ગયો. શૃંગારરસ બદલાઇને ભક્તિરસ બની ગયો—" નેમિનાથ, મારા ગુરૂ છે, મારા દેવ છે અને તારક છે. આ ભયંકર સંસારમાં મારે હવે તેમનુંજ શરણ લેવાનું છે. એ શરણાગત વત્સલ ભગવાન્ મને નિર્ભય કરો." આ પ્રમાણે ઉત્તમ ભાવના ભાવતી સતી રાજિમતી આ અસાર સંસાર ઉપર વિરક્ત થઇ ગઇ હતી.

સતી રાજિમતી હૃદયમાં ભક્તિભાવ ધારણ કરી એક વખતે ગિરનાર પર્વત ઉપર નેમિપ્રભુને વાંદવા ગઇ. પ્રભુનાં દર્શનથી તે મહાસતીના હૃદયમાં અતિ આનંદ ઉત્પન્ન થયો. તેણીના રોમેરોમમાં ભક્તિરસનો પ્રવાહ વહેવા લાગ્યો. આ વખતે પ્રભુ સર્વ પ્રાણીઓને ધર્મદેશના આપતા હતા. દેશનાની અંદર પ્રભુ આ સંસારને જંગલની ઉપમા આપી વર્ણવતા હતા. તે મહાનુભાવ બોલ્યા કે, "ભવ્ય પ્રાણીઓ, આ સંસાર એક ભયંકર જંગલ છે. આ શરીર છે તે ઘણાં છિદ્રવાળું ઘર છે. કાળ એક બળવાન્ લુંટારો છે; માટે મોહરૂપ અંધકારવાળી

રાત્રિને વિષે ધ્યાનરૂપી ખડ્ગ, વિરતિરૂપ ઢાલ અને શીલરૂપી કવચ લઇ સાવધાન રહી ચક્ષુઓ સ્થિર રાખી તમે જાગતા રહેજો." આ ઉપદેશવાણી સાંભળી સતી રાજિમતીના હૃદયમાં સારી અસર થઇ ગઇ. તે મહાનુભાવા તરત બેઠી થઇ બે હાથ જોડી બોલી—સ્વામી. હું આપની શરણે આવી છું, માટે કૃપા કરી મને દીક્ષા આપો. અને આ ભવોદધિમાંથી મારો ઉદ્ધાર કરો.

"આ મહાસતી ઘણી પવિત્ર અને તે અનંત સતીમંડળમાં એક અલંકાર થશે." એવું ધારી પ્રભુએ તેને દીક્ષા આપી હતી. તે વખતે બીજી કેટલીએક રાજ સાહેલીઓએ પણ દીક્ષા લીધી હતી.

સતી રાજિમતીએ પ્રભુ પાસે દીક્ષા લીધી -એ વાત દ્વારકામાં ફેલાતાં લોકો ઘણા આશ્ચર્ય પામ્યા અને એ મહાસતીને ધન્યવાદ આપતા હતા. અને રાજિમતીના જીવનની સુધારણાનાં દર્શનો પોતાની પુત્રીઓને શિક્ષારૂપે દર્શાવતા હતા.

રાજિમતી હવે રાજકન્યા મટી પરમ સાધ્વી થઈ હતી. તેણીને વંદના કરવાને તેનાં માતપિતા પરિવાર સાથે આવ્યાં હતાં. પિતા ઉગ્રસેને પોતાની પુત્રીને સાધ્વીરૂપે વંદના કરી જણાવ્યું કે, "સાધ્વીજી, હું તમારા પૂર્વ સંસારનો સંબંધી છું. અને તમે મારા પ્રિય સંતાન છો. તો મારે તમને વિશેષ વિનંતિ કરવાની છે કે, તમારા નિમિત્તે હવે મારૂં શું કર્તવ્ય છે? તે કૃપા કરી જણાવો. તમે આ સંસારનો ત્યાગ કરી નિવૃત્તિ માર્ગના ઉપાસક થયા છો. હવે તમારે કોઈ જાતના સાંસારિક પદાર્થની ઉપર ઇચ્છા નથી, તથાપિ મારી મોટી નમ્ર વિનંતિ છે કે, મારા આ વિશાળ રાજ્ય વૈભવનો કોઇ રીતે શુભ ઉપયોગ થતો હોય તો મને બોધરૂપે દર્શાવો."

રાજા પિતાનાં આવાં વચન સાંભળી રાજિમતીએ શાંતિપૂર્વક જણાવ્યું, " રાજેંદ્ર, જો તમારા હૃદયમાં સારી ભાવના કે શ્રદ્ધા હોય તો તમારી રાજ્ય ઋદ્ધિનો સદુપયોગ કરજો. આર્હત આગમો લખાવી સાત ક્ષેત્રોમાં દ્રવ્યનો વ્યય કરજો. તેમાં ખાસ કરીને શ્રાવિકાક્ષેત્રનું વિશેષ પોષણ કરજો; કારણકે એ ક્ષેત્રમાંથી [illegible] ની ઉત્પત્તિ છે. જ્ઞાનરૂપ જળથી સારી રીતે સિંચન થયેલું શ્રાવિકાક્ષેત્ર જો ફળદ્રુપ થશે તો તેમાંથી ઉત્તમ અને કોમળ અંકુર ફળ ઉત્પાદિત થઈ શકશે. તે ક્ષેત્રની પુષ્ટિ માટે શ્રાવકકન્યાશાળાઓ, અને શ્રાવિકાશાળાઓ [illegible] પવિત્ર ગુરૂણીઓને અને ગુરૂણીઓને વિનંતિ કરી તેમની પાસેથી [illegible] શ્રાવિકાઓને સારો બોધ અપાવજો [illegible] અને તેમના આત્મકલ્યાણનો [illegible]."

રાજકુંવરી રાજિમતીનાં આ વચનો રાજા ઉગ્રસેને ગ્રહણ કર્યાં અને તે પ્રમાણે પ્રવર્તન કરવાની રાજપુત્રીની પાસે પ્રતિજ્ઞા કરી, જે સાંભળી [illegible] પોતાના હૃદયમાં ઘણોજ આનંદ પામી હતી.

કેટલોક સમય વીત્યા પછી સતી રાજિમતી એક વખતે નેમિનાથ પ્રભુને વંદન કરવાને ગિરનાર પર્વત ઉપર જતાં હતાં; તેવામાં માર્ગમાં મેઘવૃષ્ટિ થવા માંડી, તેથી તેમનાં વસ્ત્રો ભીંજાયાં, તેથી તે વસ્ત્રો સુકવવાને એક ગુફામાં ગયાં, અને ત્યાં જઈને તેમણે પોતાનાં સર્વ વસ્ત્રો જુદાં જુદાં સુકવી દીધાં. આ વખતે નેમિનાથ પ્રભુનો લઘુ બંધુ રથનેમિ સાધુ પ્રથમથી તેજ ગુફામાં કાઉસગ્ગ ધ્યાને રહેલા હતા. ત્યાં તેણે પોતાની ભ્રાતૃપત્ની રાજિમતીને વસ્ત્ર રહિત દીઠી. નગ્ન શરીરનું નિરીક્ષણ કરતાંજ રથનેમિ કામાતુર થઈ ગયા. "તે કોણ છે અને કેવા વેષમાં છે", એ જાણ

તેમના વિકારી હૃદયમાં નિર્મૂળ થઈ ગઈ. તેમનું હૃદય વિકારના બળમાં પૂર્ણ રીતે આકુલ થઈ ગયું. તરતજ મની રાજિમતીની દૃષ્ટિ તે વિકારી મુનિની ઉપર પડી તરતજ સતીએ પોતાનાં વસ્ત્રો પહેરી લીધાં અને મનનિક પશ્ચાત્તાપ કરવા માંડ્યો. પછી તરતજ તે સતી હર્ષે વદના કરી ઉભા રહ્યાં એટલે કામી રથનેમિ એકાંત જાણી તેણીની આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યો—"સાધ્વી રાજિમતી, તમારૂં શારીરિક સૌંદર્ય જોઈ મને મોહ તથા મદન બન્ને ઉત્પન્ન થયેલ છે. હે ભજ્રભામિની, મારી સાથે ભોગ ભોગવો અને મારી ઇચ્છા પૂર્ણ કરો. સુંદરી. તમે સાધ્વી થયાં છો, એ વાત આ વખતે મનમાં લાવશોજ નહીં. અને તે વિધિની ચિન્તા પણ રાખશો નહીં. કારણકે, યુવાવસ્થામાં ભોગ ભોગવ્યા પછી ફરી આપણે વૃદ્ધ અવસ્થામાં વ્રત અંગીકાર કરીશું."

રતિરસની ઇચ્છાવાળા રથનેમિનાં આ વચનો સતીને વજ્રઘાત જેવાં લાગ્યાં. તેણીની પવિત્ર મનોવૃત્તિને દઢ ધારણ કરી સતીએ પોતાના પવિત્ર હૃદયમાં વિચાર્યું કે." અહા! વિષયનો પ્રવાહ કેવો બળવાન છે? કામી પુરૂષ રાગાંધ બની કૃત્યાકૃત્ય જાણતો નથી. આર્હત શાસ્ત્રકારો પોકાર કરી કહે છે કે,' આ જગતમાં જે જન્માંધ પુરૂષ છે તે પોતાની આગળ રહેલી દૃશ્ય વસ્તુનેજ જોઈ શકતો નથી, પણ જે રાગાંધ પુરૂષ છે, તે જે પોતાની પાસે હોય તેને દેખતો નથી અને પાસે ન હોય તેને દેખે છે.' આ રથનેમિ પણ તેવીજ રીતે રાગાંધ થયો છે, તે મદનના મહાવેગથી પોતાના સ્વરૂપને તદ્દન ભુલી ગયો છે. તે જાણતો નથી કે, આ સાધ્વી કોણ છે? કોની પરિણીતા છે? અને કોના હાથની દીક્ષિત છે? અહા! કર્મની કેવી વિચિત્રતા? એકજ કુળના, એકજ જનનીથી ઉત્પન્ન થયેલ બન્ને બન્ધુ વિવિધ

[illegible] પરમ દેવાધિદેવ [illegible]
[illegible] થશે [illegible]
[illegible] ગુરુ શ્રી [illegible]
[illegible] મનુષ્યોમાં [illegible]
[illegible] જેના [illegible]
[illegible] પૂર્ણ [illegible]
[illegible]
[illegible] કરવાથી [illegible]
[illegible] કરીને [illegible]
[illegible] આવે છે."

[illegible] પ્રકાર છે? [illegible]
[illegible]
[illegible] ગુરુ [illegible]
[illegible] વિરુદ્ધ [illegible]
[illegible] આવે છે [illegible]

[illegible]

પડે છે અને મહાતાપની તીવ્ર વેદના ભોગવવી પડે છે. વળી મૃત્તિકા કે, જે એકેંદ્રિય છે, તે (લાલ રંગ) વાળી હોય છે તો તેને છાંણું સાથે મિશ્રિત કરી પાષાણથી વાટવી પડે છે. અરે મહાભાગ, આવી પાપ બુદ્ધિથી દૂર રહો. હું એક સાધ્વી અને વળી તમારા પૂર્વના પવિત્ર સંબંધથી યુક્ત છું. તમે જે દુ-ર્વાક્ય બોલો છો, તે નરકની ગતિને આપનારાં છે. અમારી સા-ધ્વીઓની વાત તો એક તરફ રહી, પણ જે સંસારી છે, તેઓ પણ જો કુદૃષ્ટિથી પરસ્ત્રીને અવલોકનારા છે, તો તેઓ નરક ગતિના અધિકારી થાય છે. પોતાના પ્રચંડ પરાક્રમથી જગતને પરાભવ કરનારો રાવણ પણ પરસ્ત્રી સાથે પ્રેમાસક્ત થવાથી કુળનો ક્ષય કરી નરકગામી થયો છે.' તમારા પવિત્ર બંધુએ ત્યાગ કરેલા ભોગાદિકને ભોગવવાની તમે ઈચ્છા કરો છો, એ કેવી વિપરીત વાત? મર્યાદાને ઉલ્લંઘન કરનારા તમારા જેવા મુનીને મરણજ સારૂં છે હે રથનેમિ તમે અને હું કોણ છીએ? તેનો વિચાર કરો. હું ભોજક વૃષ્ણિ કુળના રાજા ઉગ્રસેનની પુત્રી છું અને તમો અંધક વૃષ્ણિ કુળના રાજા સમુદ્રવિજયનો પુત્ર છો, તેથી આપણ બન્ને ઉત્તમ કુળમાં જન્મેલા છીએ. વમેલા વિષને પાછું ચુસી ન લેનારા ગંધક કુળમાં જન્મેલા સર્પોની જેમ આપણે ત્યાગ કરેલા ભોગને પાછા ગ્રહણ કરનારા ન થઇએ. તેથી હે યાદવ કુમાર, તમો નિશ્ચલ થઈ સર્વ પ્રકારના દુઃખને નિવારણ કરનારા સંયમનું આરંભણ કરો. અરે રથનેમિ, તમો તમારી કુદૃષ્ટિને સુદૃષ્ટિ કરો. અને અમારા પૌદ્ગલિક તથા અશુચિ શરીર ઉપરથી સૌંદર્ય-પણાનો વિકારી મોહ છોડી દ્યો. જો તમો જે જે સ્ત્રીઓને કુદૃષ્ટિથી અવલોકશો તો તે સ્ત્રીઓમાં 'આ સારી, આ વધારે સારી અને આને હું ભોગવું.' એવો ભાવ તમારા મલિન હૃદયમાં ઉત્પન્ન થશે અને તેથી વાયુથી પ્રેરાયેલા અને મૂળ બંધાયા વગરના વૃક્ષની પેઠે તમારો આત્મા અસ્થિર થઈ જશે. અર્થાત્ સર્વ દુઃખને ક્ષય

કરનારા સંયમ ગુણરૂપ તમારૂં મૂળ પ્રતિબદ્ધ થશે નહીં, તેથી આ સંસાર સમુદ્રમાં પ્રમાદરૂપ પવને પ્રેરેલા તમો આમ તેમ ભટક્યા કરશો."

સતી રાજિમતીના આવાં વચન સાંભળી રથનેમિ પ્રબુદ્ધ થઈ ગયા. તેમના હૃદયમાં ભવ્યત્વની ભાવના જાગ્રત થઈ આવી. સતીના સદ્વચનોએ તેમને મોહ નિદ્રામાંથી જાગ્રત કરી દીધા. ને વાર વાર પોતાના ઘોર પાપનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા. પછી તરતજ રથનેમિ સતી રાજિમતીના ચરણમાં નમી પડ્યા. અને અંજલિ જોડી, બોલ્યા—મહાસતી, આ મહાપાપીનો તમે ઉદ્ધાર કર્યો છે. આ ચારિત્રભ્રષ્ટ મુનિને તમે તમારા મનોબળથી તારી લીધો છે. મારા ચંચળ અને વિકારી મનને તમે સ્વસ્થ કર્યું છે; તેથી તમે મારા ગુરૂને સ્થાને છો.

રથનેમિના આવા નમ્ર વચન સાંભળી સતી રાજિમતીએ તેમને ધન્યવાદ આપ્યો, અને વસ્ત્રો પહેરી ને ગુફામાંથી પોતાને ઉપાશ્રયે ચાલ્યાં ગયા.

સતી રાજિમતીએ કેટલાક સમય ચારિત્રાવસ્થામાં રહી વિવિધ પરોપકાર કર્યા હતા. અનેક શ્રાવિકાઓને પ્રતિબોધ આપી તેણીએ સન્માર્ગનું દર્શન કરાવ્યું હતું. છેવટે સર્વ કર્મનો ક્ષય કરી એ મહાસતી નેમિનાથ પ્રભુના નિર્વાણ પહેલાંજ મુક્તિગામિની થયા હતા.

સતી રાજિમતીનું શુદ્ધ ચરિત્ર અદ્યાપિ આખા જૈન પ્રજામાં જાગ્રત છે. સર્વ જૈન સતીઓમાં રાજિમતીનું જીવન સર્વોત્તમ અને સ્ત્રીઓને અનુકરણીય તથા આદરણીય ગણાય છે. અવિચલિત ભાવ વિશુદ્ધિ પરિણામે જેમ સ્થાપિત થયેલી તેણીની પતિભક્તિ, દેવભક્તિમાં રૂપાંતર થઈ તેણીને પરમ પદ આપનારી થઈ પડી હતી. ધન્ય છે એ મહાસતીને.



ઋષિદત્તા.

આ સતી **મિત્રાવતી** નગરીના રાજા હરિષેણની પુત્રી હતી. તેણીની માતાનું નામ **પ્રીતિમતી** હતું. રાજા હરિષેણ જૈન ધર્મનો પૂર્ણ રાગી હતો. તે સર્પ ઉતારવાનો મહામંત્ર જાણતો હતો. તે મહામંત્ર તેણે કોઇ મહાનુભાવ કુળપતિ મુનિ પાસેથી સંપાદન કર્યો હતો. અને તે મંત્રના પ્રભાવથી તેનો પ્રીતિમતીની સાથે પવિત્ર સંબંધ જોડાયો હતો. સતી ઋષિદત્તાનો જન્મ અને વિવાહ વિચિત્ર રીતે થયો હતો, જે વૃત્તાંત નીચે પ્રમાણે છેઃ—

આ ભરતક્ષેત્રના મધ્ય દેશમાં **રથમર્દન** નામે નગર છે. તેમાં **હેમરથ** નામે એક ન્યાયી રાજા રાજ્ય કરતો હતો. તેને **સુયશા** નામે સુંદર રાણી હતી. તે પોતાના અનુપમ સૌંદર્યથી દેવાંગનાનો પણ પરાભવ કરતી હતી. તે મહારાણીના ઉદરથી **કનકરથ** નામે એક કુમાર ઉત્પન્ન થયો હતો. તેણે અનુક્રમે ધર્મકળામાં કુશળ થઇ બીજી બોંહોતેર કળા સંપાદન કરી હતી.

એક વખતે રાજા હેમરથ સભાસ્થાનમાં બેઠો હતો, ત્યાં કોઇ દૂત આવ્યો. દ્વારપાળે રાજાની આજ્ઞાથી દૂતને અંદર પ્રવેશ કરાવ્યો. દૂત નમ્રતાથી પ્રણામ કરી બોલ્યો—મહારાજા, હું કાવેરી નગરીના રાજા **સુંદરપાણિ**નો દૂત છું. રાજા સુંદરપાણિને

વસુલા નામની રાણીથી **રૂકિમણી** નામે એક સુંદર કન્યા ઉત્પન્ન થયેલ છે. તે રાજકન્યાને તેના પિતાએ ઉત્તમ પ્રકારની ધાર્મિક અને સાંસારિક કેળવણી આપી છે. રાજકન્યા યૌવનવતી થતાં અમારા રાજાએ પોતાના વૃદ્ધ મંત્રીની સલાહથી આપના કુમાર કનકરથની સાથે તેણીનો વિવાહ સંબંધ જોડવાને વિચાર કર્યો છે. તેથી આપ કૃપા કરી તે વાતનો સ્વીકાર કરશો. અને તેને માટેજ ખાસ મને આપની પાસે મોકલ્યો છે. દૂતનાં આવાં વચન સાંભળી રાજા હેમરથ ખુશી થયો અને પછી બીજેજ દિવસે પોતાના કુમાર કનકરથને તે રાજકન્યા પરણવાને મોટા સૈન્યની સાથે મોકલ્યો.

કુમાર કનકરથ મોટા સૈન્ય સાથે કુચ કરી કાવેરી નગરીને માર્ગે ચાલ્યો. આગળ જતાં સંધ્યાકાળ થયો એટલે રાજકુમારે માર્ગમાં સૈન્યનો પડાવ નાખ્યો. જેવામાં કનકરથ રથથી ઉતરી સિંહાસન ઉપર બેઠો ત્યાં કોઇ દૂતે આવી કહ્યું, રાજકુમાર, તમારે આ માર્ગે આવવું ન જોઇએ. આ પ્રદેશનો સ્વામી અરિમર્દન નામે રાજા છે, તેમણે મારે મુખે કહેવરાવ્યું છે કે, તમે મને કહ્યા વિના મારા દેશમાં કેમ આવ્યા? છતાં જો આવ્યા તો યુદ્ધ કરો. દૂતનાં આવા વચન સાંભળી કુમાર કનકરથ આવેશથી બોલ્યો—દૂત, જા, તારા રાજાને કહે કે તું યુદ્ધ કરવાને તૈયાર થઇ આવ. તારા હાથની ખરજ ઉતારવાને હું તૈયાર છું. વળી કહેજે કે, ગરૂડ જેમ સર્પને હણે છે, તેમ આ રાજપુત્ર તને હણવાનેજ ચાહિ આવ્યો છે. દૂતે રાજકુમારનાં તેજ વચનો આવી અરિમર્દન રાજાને કહ્યાં. તે સાંભળતાંજ અરિમર્દન અતિ ક્રોધાતુર થઈ ગયો અને તરત મોટું સૈન્ય લઇ કુમાર કનકરથની ઉપર ચડી આવ્યો. બન્ને મહાવીરોની સેનાઓ સામસામી આવી અને તેમની વચ્ચે ભયંકર

શુદ્ધ થાતું. પાવિત્ર્યના ગુણથી અને મનુષ્યના ભાવના મહાત્મા-
ઓની માફક વિશ્વ માટે હતું અને નાદમય થઈ રહ્યું. હિવટે
કુમારના મહર્ષીએ બ્રહ્મચારી જાતના વર્ણ વર્ણથી અભિમ
ન્યુ દશાના ભક્તોને નસાડી મુક્યા. પછી ગુરુજીએ કનકદેવ
પધારો કરી રાજ અભિમન્યુને ગુરુની ભેટ કરી લીધો. ભેટ
દશ દિવસ નથી પોતાની પાસે ભેટ મળી મહી મનાવી અને
પોતાની મહાત્મા મનની સાથે નૂપુરથી ફેરવી મુકી હેમ મોકલ્યો.
રાજ અભિમન્યુને આ પ્રમાણ સાંભળી હૃદયમાં ધન્ય ઉત્પન્ન
થયો. પોતાના પુત્રને આશીર્વાદ આપી તેની ગુરુ પાસે દીક્ષા
લઈ તે મહર્ષિ થઈ નાશી ગીત્યો. અનુક્રમે સર્વ પછી
ગયે દર્શન કરી તે મહાનુભાવ મુક્તિ પદને પ્રાપ્ત થયો.

ત્યારે કુમાર કનકદેવ આગળ કહ્યું, આ ભેદ અર્થ
[illegible] આપ્યું. તેમાં ભેદ તેને જનકરાજ લેવામાં
આવ્યું નહીં. રાજકુમારે તેને [illegible] નાખી જાણવા ગોખને
[illegible]. [illegible] ગોખમાં
[illegible] અનુભવીએ તેની કનકદેવને ખબર આપેલ
[illegible]. અને અનુભવ [illegible] ભેદ શુદ્ધ
[illegible]
[illegible]
[illegible] વિષ્ણુની [illegible]
[illegible]. અને તેની પુત્રી [illegible]
[illegible] નથી [illegible]
[illegible]. [illegible] હવે."

[illegible]
[illegible]
[illegible]

સહિત શય્યામાં નિદ્રા લેવા ગયો. જ્યારે પ્રાતઃકાળ થયો એટલે કનકરથે નિત્ય ક્રિયા કરી પ્રયાણનો ડંકો વગડાવ્યો. સર્વ સૈનિકો સજ્જ થઈ ત્યાંથી આગળ ચાલવા લાગ્યા. અનુક્રમે કનકરથ સર્વ સૈનિકોની સાથે ચાલતો પંપા સરોવરની પાસે આવી પહોંચ્યો. ત્યાં સૈન્યનો પડાવ કરાવી રાજકુમાર સરોવરની આસપાસના વનમાં ફરવા લાગ્યો. ત્યાંના વનને વિષે ભમતાં ભમતાં કનકરથે એક સ્ત્રીને દીઠી. તે સુંદરીને અવલોકતાંજ રાજકુમાર હૃદયમાં ચકિત થઈ ગયો. અને વિચારવા લાગ્યો —અહો! આવું સ્ત્રી રત્ન મર્ત્ય લોકમાં હોય નહીં. જરૂર તે કોઈ દેવાંગના હશે! શી રમણીયતા! કેવું અનુપમ લાવણ્ય! આ પ્રમાણે રાજકુમાર ચિંતવતો હતો. ત્યાં તેના કેટલાક સૈનિકો પાછળ આવતા હતા, તેથી તે સુંદર બાળા અદૃશ્ય થઈ ગઈ. રાજકુમાર તેણીને આમતેમ શોધવા લાગ્યો. તેવામાં એક દિવ્ય વિમાનના જેવું સુંદર જિનાલય જોવામાં આવ્યું. "કદાચિત એ સ્ત્રી આ મંદિરમાં ગઈ હશે" એમ ધારી તેણે તેની અંદર પ્રવેશ કર્યો. તેમાં એ સુંદરી તો જોવામાં ન આવી પણ ત્યાં ઋષભદેવ ભગવાનની સુંદર પ્રતિમા જોવામાં આવી. પ્રતિમાના દર્શનથી રાજકુમારનું હૃદય પ્રસન્ન થઈ ગયું. તેણે ભાવથી તે પ્રતિમાનું પૂજન કર્યું. પૂજન કર્યા પછી રાજકુમારે ભગવતની નીચે પ્રમાણે સ્તુતિ કરી:—

"અનન્ય ગુણવાળા અને નવે મુખરૂપી કંઠમાં [illegible] એવા હે નાભજિનેશ્વર, તમે જયવંતા વર્તો. આજે આપના દર્શનથી મારાં નેત્રો સફળ થયાં. આપની પૂજા કરવાથી મારા કરકમળ સફળ થયા. આપને વંદન કરવાથી મારું મસ્તક સફળ થયું અને આપની સ્તુતિ કરવાથી મારી વાણી સફળ થઈ."

આ પ્રમાણે સ્તુતિ કરી રાજકુમાર વારંવાર પ્રભુને પ્રણામ

ફરતો હતો, તેવામાં ત્યાં લાંબી લાંબી જટાવાળો અને ધૂળથી
મલિન દેખાતા શરીરવાળો એક વૃદ્ધ તાપસ આવ્યો, અને
તેની સાથે પેલી સુંદર કન્યા પુષ્પનો કરંડિઓ હાથમાં લઇને
ત્યાં આવી. તે મનોહર બાળિકા એ ઋષભ ભગવાનની પૂજા કરી;
પૂજન કર્યા પછી બહાર નીકળતાં તેણીએ કનકરથ રાજકુમારને
જોયો. તેનો સુંદર દેખાવ જોઇ બાળિકા પ્રસન્ન થઇ અને હૃદયમાં
વિચારવા લાગી કે, અહો! શું અહીં ઇંદ્ર, ચંદ્ર, કે સૂર્ય આવ્યો!
અથવા સાક્ષાત્ કામદેવજ પોતે અહીં આવ્યો જણાય છે.

રાજકુમાર ચૈત્યની બહાર નીકળવા ગયો. ત્યાં પેલો વૃદ્ધ
તાપસ તેના જોવામાં આવ્યો. રાજકુમારે સાનંદાશ્ચર્ય થઇ
ને તાપસને વંદના કરી. તાપસે પુછ્યું. "તું કોણ છે? અહિં
ક્યાંથી આવ્યો છું? અને તારૂં નામ શું?" તે ઉપરથી રાજકુ-
મારે પોતાનો સર્વ સંબંધ તાપસને કહી બતાવ્યો. તેટલામાં
પેલી સુંદર બાળા પુનઃ તેના જોવામાં આવી. રાજકુમારે
વિનયથી પુછ્યું, મહાનુભાવ, આ જિનાલય કોણે બંધાવ્યું છે?
અને આ કન્યા કોણ છે? તાપસ બોલ્યો—રાજકુમાર, એ
કથા મોટી છે, તે દેવપૂજા કર્યા પછી તને કહી સંભળાવીશ.
આ પ્રમાણે કહી તે વૃદ્ધ તાપસે જિનપૂજા કરી બહાર નીકળી
કુમારને કહ્યું કે, "ભદ્ર, મારે સ્થાનકે ચાલો ત્યાં હું તમને
સર્વ વૃત્તાન્ત કહીશ." પછી કુમાર તે મુનિના આશ્રમમાં ગયો.
તાપસે તેનું યથા યોગ્ય આતિથ્ય કરી સ્વસ્થ થઇ નીચે પ્રમાણે
વાર્તા કહેવા માંડી:—

મિત્રાવતી નગરીમાં **હરિષેણ** નામે એક રાજા રાજ્ય
કરતો હતો. તેને **પ્રિયદર્શના** નામે પટરાણી હતી. તેણીના
ઉદરથી **અજિતસેન** નામે એક પુત્ર થયો. એક વખતે એમ
બન્યું કે, રાજાએ પોતાની અશ્વશાળામાંથી એક વિપરીત

પિશિત [illegible] આણ્યો; ને તે ઉપર ગીધ થઈ તે વનમાં [illegible]
પડ્યો. અને તેમાંથી કોડો ખડક્યો નહીં. એવડે રાજા [illegible]
આરોગ્ય એક પક્ષી શબના પછી જાગી હતી, પછી [illegible]
[illegible] નીચે [illegible] પડ્યો. નીચે ઉતરી [illegible]
[illegible] મુનિની [illegible] આવતાં [illegible] ને આકાશમાં [illegible]
[illegible] મુનિ [illegible]
[illegible] રાજા [illegible]
મુનિને [illegible]
[illegible]

[illegible]

વૃદ્ધ તાપસે હાથ લાંબો કરી કહ્યું, રાજકુમાર કનકરથ એ રાજા હરિષેણે આ ઋષભદેવભગવાનનું સુંદર મંદિર કરાવેલું છે. પછી જ્યારે રાજા હરિષેણ કુલપતિની પાસેથી રજા લઈ જુદો પડ્યો, ત્યારે કુલપતિએ તેને **વિષાપહાર** મંત્ર આપ્યો હતો. રાજા એ મંત્રનો પ્રયોગ લઈ મહોત્સવ સહિત પોતાની મિત્રાવતી નગરીમાં આવ્યો હતો.

એક વખતે મિત્રાવતીપતિ હરિષેણ સભામાં બેઠો હતો તેવામાં કોઇએ ત્યાં આવીને કહ્યું, " સ્વામિન્ **સ્વસ્તિમતી** નગરીના રાજા **પ્રિયદર્શન**ને વિદ્યુત્પ્રભા રાણીના ઉદરથી **પ્રીતિમતી** નામે એક પુત્રી ઉત્પન્ન થઇ છે. રાજાએ નિઃસંતાન હોવાથી એ પુત્રીનો જન્મોત્સવ મોટા આડંબરથી કર્યો હતો. તે સુંદર બાળા યોગ્ય વયની થઈ છે. કર્મયોગે તેણીને હમણાં સર્પ દંશ થયો છે. તે સર્પનું વિષ કોઇ રીતે પણ ઉતરતું નથી. રાજા, રાણી અને સર્વ પરિવાર આક્રંદ કરી રહે છે. તો અમે સાંભળ્યું છે કે, આપ સર્પના વિષને ઉતારી શકો છો., માટે આપ કૃપા કરી તે વિષ ઉતારો તો મહાન્ ઉપકાર થશે."

તે સાંભળી હરિષેણના હૃદયમાં દયા આવી, નરરાજ તે વેગવતી હાથિણી ઉપર બેસી સ્વસ્તિમતી નગરીમાં આવ્યો અને ત્યાં જઇ વિષાપહાર મંત્રથી પ્રીતિમતીનું વિષ ઉતારી દીધું. તે મહોપકારથી હર્ષ પામેલા પ્રિયદર્શન રાજાએ પોતાની પુત્રી પ્રીતિમતી હરિષેણ રાજાને આપી. રાજા હરિષેણ તેને પરણી આડંબર સહિત પોતાની નગરીમાં આવ્યો. અનુક્રમે સંસારસુખ ભોગવતાં પ્રીતિમતીના ઉદરથી એક પુત્ર ઉત્પન્ન થયો. રાજાએ તેનું **ધીર** એવું નામ પાડ્યું. એવામાં હરિષેણને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તે બાળ પુત્રને રાજ્ય સોંપી પોતે તપસ્વીવ્રત ગ્રહણ કર્યું. તેની સ્ત્રીએ પણ તપસ્વિનું વ્રત અંગીકાર કર્યું. બંને રાજદંપતી, નગરમાંથી બાહેર નીકળ્યા તે

સમયે પ્રજાજનો તેમને જતાં જોઇ રૂદન કરવા લાગ્યાં. ર. સર્વને સમજાવી પાછાં વાળ્યાં. પછી તેઓ બંને તાપસવેષ ધારણ કરી વિશ્વભૂતિ કુલપતિના આશ્રમમાં રહ્યા અને તેમની સેવા પૂજા કરવા લાગ્યા.

આ અરસામાં એવું બન્યું કે, પ્રીતિમતીને ગૃહસ્થાવાસમાં ગર્ભ રહેલો તે ગર્ભ પાંચમે માસે અહીં તાપસ્વિ અવસ્થામાં પ્રગટ થયો. તેથી તે સર્વ તાપસીઓમાં શરમાવા લાગી. એક વખતે ચિંતાતુર તાપસીને તેના પતિએ પૂછયું, સાધ્વી, તું સદાચારમાં લીન છે, તે છતાં તને આ ગર્ભ ક્યાંથી રહ્યો? પ્રીતિમતી શરમાતાં બોલી સ્વામી, મને ગૃહસ્થાશ્રમમાંજ ગર્ભ રહ્યો છે, પણ આપણાં સંયમમા અંતરાય થવાના ભયથી મેં તે વાત પ્રગટ કરી નહી. તાપસી પ્રીતિમતીના આવા વચન સાભળી હરિવેગે ખિન્ન વદને કહ્યું, "તાપસી, આ બનાવ આપણા તાપસમતને કલંકિત કરશે અને આપણને તપસ્વિઓમા ધિક્કાર મળશે, માટે પ્રભાતે આપણે અહીંથી બીજે સ્થળે જઇને રહીશું" આવો વિચાર કરી તે તાપસદંપતી પ્રભાતે ત્યાંથી ગુપ્ત રીતે ચાલ્યા અને કોઇ ગુપ્ત સ્થાનમાં જઇને રહ્યા.

જ્યારે પ્રભાતે તાપસોએ તેમને દીઠાં નહીં એટલે તે વાત વૃદ્ધ મુનિને જણાવી. વૃદ્ધ મુનિ તેમની શોધમાં ચાલ્યા ગયા, ત્યાં તેઓ ગુપ્ત રીતે રહેલા તે વૃદ્ધના જોવામાં આવ્યા. વૃદ્ધ મુનિએ હરિવેગને પત્ની સહિત પાછા આવવાને કહ્યું, ત્યારે નમ્રતાથી હરિવેગે કહ્યું, "પૂજ્ય સ્વામી, મારી પત્નીને ગૃહસ્થાવસ્થામાં ગર્ભ રહ્યો હતો. તેણીએ તાપસી દીક્ષા વખતે મને તે વાત ન કરી, તેથી હવે અમે અમારૂં કલંકિત મુખ કોઇને બતાવી શકીએ તેમ નથી, માટે અમે કોઇ બીજે સ્થળે રહેવા ઇચ્છીએ છીએ."

હરિવેગ તાપસનાં આવાં વચન સાંભળી વૃદ્ધ કુલપતિ બોલ્યા,

ભદ્ર, તેની શામાટે ચિંતા કરો છો? ગૃહસ્થાવાસમાં જે બન્યું
હાય, તેથી આ અવસ્થા શી રીતે દૂષિત થાય? તમારે પરસ્પ-
સારી રીતે શીલ પાળવું, તેમાં તમારો શો દોષ? એતો પૂર્વે
કરેલા કર્મનું વિલસિત છે.” વૃદ્ધ મુનિનાં આવાં વચન સાંભળી
તે તાપસદંપતી પાછાં વળ્યાં અને તેઓ પોતાનાં કર્મને નિંદતા
વસુભૂતિ કુલકરની સેવામાં તેજ આશ્રમમાં રહેવા લાગ્યા. એમ
કરતાં ચાર માસ વ્યતીત થયા એટલે નવમે માસે પ્રીતિમતીને એક
પુત્રી પ્રસવી. એ ઋષિઓના આશ્રમમાં જન્મી એ ઉપરથી તેણી-
ના પિતાએ એનું નામ ઋષિદત્તા પાડ્યું. ઋષિદત્તા જન્મ્યા પછી
પ્રીતિમતીને સૂતિકારોગ લાગુ પડ્યો અને તે થોડાજ દિવસમાં મૃત્યુ
પામી ગઈ.

માતા વગરની ઋષિદત્તા તેણીના પિતાના લાલનપાલનમાં
રહી ઉછરવા લાગી. હે રાજકુમાર, એજ આ મારી પુત્રી ઋષિ-
દત્તા છે. એ ઘણી રૂપવતી હોવાથી ‘કોઈ વનમાં ફરનાર કદિ
એણીને લઈ જશે’ એમ ધારીને મેં તેને અદૃશ્યકરણ અંજન
આપ્યું છે; તેથી કોઇવાર તે અદૃશ્ય રહે છે ને કોઇવાર દૃષ્ટિગોચર
થાય છે. એ હું તેનો પિતા અને આ મ્હારી પુત્રી તે અદૃશ્ય રહેતી
છતાં અત્યારે દૃષ્ટિએ પડી છે.

રાજકુમાર કનકરથ તે રમણીય ઋષિદત્તાને જોઈ રાગી થઈ
ગયો. એટલામાં તો ઋષિએજ કહ્યું, હે કુમાર, તમે મારા અતિથિ
થયા છો. તમારી પરોણાગતમાં જેમ વિનમિએ ભરતને પોતાની
પુત્રી આપી હતી, તેમ હું આ મારી પુત્રી ઋષિદત્તા તમને આપું
છું. સતી ઋષિદત્તા એ રાજકુમારની સાથે પોતાનો સંબંધ જોડ-
વાને ખુશી હતી. તેથી તે પણ તેની ઉપર રાગવતી બની હતી.
રાજકુમારે તે વાત પસંદ કરી. પછી ઋષિએ કનકરથ અને ઋષિ-
દત્તાનો ત્યાં વિવાહ કર્યો. કુમાર કનકરથ ઋષિના આગ્રહથી કેટલાક

[illegible]

[illegible]

થયો છું અને મારા શરીરને વિષે વૃદ્ધત્વની અનિવેદના થયા કરે છે, તેથી હું હવે અગ્નિમાં પ્રવેશ કરીને મૃત્યુ સાધી લઉંશ." પિતાના આવા વચન સાંભળી સતી ઋષિદત્તા પિતાના ચરણમાં નમી પડી, પિતાજી, આપનો સદાનો વિયોગ મારાથી સહન થઈ શકશે નહીં. મારે પિતૃગૃહ—પીયર કે મોશાળ—જે છે, તે બધું આપના શરીરની સાથે છે. જ્યારે આપ અગ્નિમાં પ્રવેશ કરો તો પછી આ ઋષિદત્તાને પિતૃગૃહનો લ્હાવો ક્યાંથી મળશે? પુત્રીના આવા વચન સાંભળી તે વૃદ્ધ તાપસે જણાવ્યું, બેટા, મારા મરણનો શોક કરીશ નહીં. આ વખતે તારૂં સુખ જોઈ શાંતિ મેળવી મૃત્યુ પામવાથી મને જે સુખ થશે તે સુખ મને જીવતાં મળવાનું નથી. પછી મુનિએ ગદ્‌ગદ્ વાણીથી કુમારને કહ્યું,—"હે કીર્ત્તિવત્સલ રાજકુમાર, તમારા જેવા ધાર્મિક અને વિદ્વાનને વધારે શું કહેવું? તથાપિ પુત્રીના વાત્સલ્યને એટલું કહું છું કે, આ મારી પુત્રી મારા આશ્રમમાં રહી તાપસ કુળના ઘણાં લાડ પામી છે, તેથી તમે તેનું કદિ પણ અપમાન કરશો નહીં. એ મારી પુત્રી વનમાં વસવાથી ભોળી છે. તે ભોળી છતાં મેં તમને સોંપી છે. જેમ મૃગની નાભિમાં ગયેલી ધૂળ પણ સુગંધી થાય છે, તેમ તમારા જેવા ગુણવાન્ પતિના સહવાસથી એ પણ ગુણવતીજ થશે."

વૃદ્ધનાં આવાં વચન સાંભળી કુમાર બોલ્યો—મહાનુભાવ, અગ્નિના યોગથી પ્રાણનો ત્યાગ કરો નહીં. કારણકે, આત્મહત્યા કરવાથી દુર્ગતિ પ્રાપ્ત થાય છે. વૃદ્ધે વિનયથી જણાવ્યું, વત્સ, ગમે તે હોય પણ મરણસાધન કર્યા વિના મારાથી ચાલે તેમ નથી. આટલું કહી તે વૃદ્ધ તાપસે પોતાની પુત્રી, જમાઈ અને મુનિની આજ્ઞા લઈ પંચપરમેષ્ટીનું સ્મરણ કરતાં કરતાં અગ્નિમાં પ્રવેશ કર્યો. પિતાના મૃત્યુથી પિતૃભક્તા ઋષિદત્તાએ ઘણોજ વિલાપ કર્યો. પોતાની પ્રિયાને અતિ વિલાપ

કરતી જોઇ ચતુર કુમાર કનકરથે તેણીને બોધવચનથી સમજાવી. પછી કેટલાક દિવસમાં રહી કનકરથ ઋષિદત્તાને લઈને પોતાની રાજધાની રથમર્દન નગરમાં પાછો આવ્યો. રાજા હેમરથે મોટા ઉત્સવથી વરવધુને નગર પ્રવેશ કરાવ્યો. રથમર્દન નગરની રાજ્યભક્ત પ્રજા પોતાના ભાવિરાજા અને ભાવિરાણીના દર્શન કરી અત્યંત સંતોષ પામી.

આ અરસામાં કાવેરી નગરીના પતિ સુંદરપાણિ રાજાને ખબર પડી કે, કુમાર કનકરથ માર્ગને વિષે ઋષિદત્તાનું પાણિગ્રહણ કરી પાછો વળ્યો છે અને પોતાની પુત્રી રુક્મિણીને પરણવા આવ્યો નહીં. પછી તે વાત પોતાની રાણીને જણાવી અને રાણીએ તે વાત પોતાની રુક્મિણીને કહી. ચતુર રુક્મિણીએ પોતાની માતાને કહ્યું કે, "હું મારી તે બુદ્ધિ કરીને ઋષિદત્તાનો પરાભવ કરીશ અને પછી તેના પતિને પરણીશ." પુત્રીના આવા વચન સાંભળી માતાનું હૃદય શાંત થયું.

રાજપુત્રી રુક્મિણી સુલસા નામની કોઇ યોગિનીની ભક્તિ કરવા લાગી. કેટલેક વખત વીત્યા પછી તેણીને પ્રસન્ન કરી. એક વખતે પ્રસન્ન થયેલી સુલસાએ રુક્મિણીને કહ્યું કે, "બાઈ તું ઇચ્છા હોય તે કહે. હું તારી ઉપર પ્રસન્ન થઈ છું." રુક્મિણીએ ઉત્તર આપ્યો. "યોગિની, જો તમે મારી ઉપર પ્રસન્ન થયાં હો તો તમારી વિદ્યાના પ્રભાવથી એવું કરો કે, જેથી મારી ઋષિદત્તાઉપર કલંક આવે અને કનકરથ મારી પાસે આવે." યોગિની [illegible] કરી બોલી [illegible] બાઈ, ચિંતા કરીશ નહીં. કુમાર કનકરથ [illegible] પોતાની મેળે અહીં આવશે. એવું હું કરીશ." આમ [illegible] કહી તે યોગિની રથમર્દન નગરમાં આવી.

[illegible] ઋષિદત્તા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કુમાર કનકરથ

કોમળ હૃદયને હરી લીધું હતું. રાજશ્રાવિકા ઋષિદત્તા પ્રતિદિવસ નિત્ય નિયમ પ્રમાણે વર્તતી હતી. તે પતિની આજ્ઞા વિના એક પગલું પણ ભરતી ન હતી. ઉત્તમ પ્રકારના ભક્તિભાવથી તે પતિની મનોવૃત્તિને અનુસરતી હતી. તે સાથે પોતાના ધર્મને બાધ ન આવે તેવી રીતે પ્રવર્ત્તન કરતી હતી.

એક વખતે રાત્રિનો સમય હતો. સૂર્યની ગેરહાજરીનો લાભ લઈ અંધકાર વિશ્વના પ્રત્યેક ભાગમાં પ્રવર્ત્તી રહ્યું હતું. આ સમયે રૂક્મિણીએ મોકલેલી પેલી સુલસા યોગિની રથમર્દન નગરમાં આવી હતી. તેણી પોતાની પરમ ભક્તા રૂક્મિણીનું કાર્ય સાધવાનો ઉત્તમ લાગ જોતી હતી. તે યોગિનીએ અવસ્વાપિની નિદ્રા મૂકી કોઈ મનુષ્યનો ગુપ્ત રીતે વધ કર્યો. વધ કરીને તે યોગિની કનકરથ કુમારના મેહેલમાં પેઠી. તે વખતે સતી ઋષિદત્તા પોતાના પતિની સમીપે સુખે સૂતી હતી. રાજકુમાર પણ પ્રિયાના પ્રેમના ઘેનમાં નિદ્રિત થયો હતો. કપટી યોગિનીયે આ સમયનો લાગ જોઇ તે બન્ને દંપતીની ઉપર અવસ્વાપિની નિદ્રા મૂકી. પછી તે પેલા વધ કરેલા મનુષ્યના શરીરનું રક્ત અને માંસ લઈ જ્યાં ઋષિદત્તા સુતી હતી, ત્યાં આવી. ઋષિદત્તાની સુંદર આકૃતિ જોઈ યોગિની હૃદયમાં ચિંતવવા લાગી—" અહા! કેવું અનુપમ સૌંદર્ય! કેવું લાવણ્ય! કેવું સતીપણાનું તેજ! આવી સુંદર રમણીને પ્રાપ્ત કરનાર કુમાર કનકરથને ધન્ય છે." આ પ્રમાણે ચિંતવી યોગિનીએ તે ઋષિદત્તાના મુખ ઉપર રૂધિરનો લેપ કરી તેણીના ઓશીકા ઉપર એક માંસનો કકડો મૂકી દીધો. પછી અવસ્વાપિની નિદ્રા હરી લઈ યોગિની ત્યાંથી ચાલી ગઈ. સમય થયો એટલે માણસો જાગી ઉઠ્યા. તેઓમાંથી એક જણનો ઘાત થયેલો જોઇ તેમણે મોટો કોલાહલ કરી મુક્યો.

તે ઉપરથી કુમાર જાગી ઊઠયો. તેણે પોતાની પ્રિયા સામું જોયું, ત્યાં તેણીનું મુખ રૂધિરથી ખરડાએલું જોવામાં આવ્યું. પછી ઓશીકા તરફ જોયું ત્યાં માંસનો કડકો જોવામાં આવ્યો. રાજકુમાર ચકિત થઇ ગયો અને ભયથી વિચાર કરવા લાગ્યો. એવામાં લોકોએ રાજા હેમરથની પાસે આવી ફરીયાદ કરી— "સ્વામી, કોઇ પુરૂષ અથવા સ્ત્રીએ રાત્રે અમારા એક માણસનો ઘાત કર્યો છે."

આપ ન્યાયી અને પ્રજાપાળ રાજા છો; તેથી તે ખુનીનો શોધ કરી નિગ્રહ કરો. રાજા બોલ્યો—આવું ક્રૂર કામ કોઇ રાક્ષસ કે રાક્ષસીથી થવું જોઇએ. માટે જાઓ તેનો તપાસ કરો અને જો તે પકડાય તો તેને શિક્ષા કરો. રાજાની આવી આજ્ઞા લઇ તે લોકો તેની તપાસ કરવા લાગ્યા.

આ બધી ખબર કુમાર કનકરથના જાણવામાં આવી એટલે તે ઉંડા વિચારમાં પડયો. " શું મારી પ્રિયા ઋષિદત્તા રાક્ષસી હશે? તેણીએ મનુષ્યનો ઘાત કર્યો હોય તેમ લાગે છે. અરે! જો તેમ હોય તો ઘણુંજ વિપરીત કહેવાય! વળી આ વાત સંભવે કેમ? મેં નીતિ શાસ્ત્રમાં સાંભળ્યું છે કે, 'સુંદર રૂપ એ નિર્દોષતાનું સૂચક છે.' આવી રમણીય આકૃતિવાળી વનિતા આવું વિપરીત કામ કેમ કરે? અરે દૈવ! આ શું કર્યું? મારી પ્રેમની પાત્ર પત્ની ઉપર આવું કલંક કેમ આવ્યું? આ પ્રમાણે રાજકુમારે હૃદયમાં ઘણાં સંકલ્પ વિકલ્પ કર્યા પછી એ નિર્દોષ બાળાને જગાડી. પવિત્ર શુદ્ધસતી સત્વર જાગ્રત થઇ. તેણી પોતાના પતિની આગળ શરમાઇને ઉભી રહી. અને વિનયથી બોલી—પ્રાણનાથ, આ અપરાધી અબળાને ક્ષમા આપો. આપની પેહેલા જાગ્રત થઇ ઉઠવાનો મારો ધર્મ છે. તે આજે પ્રમાદને વશ થઇ અત્યાર સુધી સુઈ રહી તે હું મારા ધર્મથી ભ્રષ્ટ થઈ છું. રાજકુમારે ઈંતેજારીથી પૂછયું, પ્રિ-

થા, તું શુદ્ધહૃદય છે; તથાપિ મને તારા માટે એક શંકા આવી છે, તેથી જે પૂછુંછું, તે તું છુપાવીશ નહીં. ઋષિદત્તા સંભ્રાંત થઇ બોલી—" સ્વામી આપને શી શંકા છે? આપનાથી કાંઇપણ છુપાવીશ નહીં. આપ નિઃશંક થઇને કહો." "બાળા, તું કોઇ રાજાની પુત્રી છું કે રાક્ષસીછું?" પતિનું આ વચન સાંભળતાંજ ઋષિદત્તા ચકિત થઇ ગઇ. અને તે ભયભ્રાંત થઇને બોલી—સ્વામી, આમ પુછવાનું શું કારણ છે? કુમાર બોલ્યો—" તારા મુખ ઉપર રૂધિર ખરડાએલું છે અને તારે ઓશીશે તાજા માંસનો કડકો છે, તે ઉપરથી મને લાગે છે કે, તેં કોઇનો ઘાત કર્યો છે." તે સાંભળતાંજ ઋષિદત્તાએ મુખ ઉપર હાથ ફેરવ્યો, ત્યાં રૂધિર દેખાયું અને ઓશીશાની પાસે માંસનો કડકો પણ જોવામાં આવ્યો. તે જોતાંજ ભામિની વિશેષ ભયભ્રાંત થઇ ગઇ. પછી તે પવિત્ર કામિની કંપતી કંપતી બોલી—"આર્યપુત્ર, કદિ હું પૂર્વભવમાં માંસ લુબ્ધ હોઉં તો કોણ જાણે ? પણ આ ભવમાં તો મારે સર્વથા માંસનો નિષેધ છે. આ વિષે હું કાંઇ પણ જાણતી નથી. મારા કર્મયોગે કોઇ વૈરીએ આ કામ કરેલું લાગે છે. હું સર્વથા નિરપરાધી છું, તે છતાં જો આપને મારે માટે શંકા હોય તો મારો નિગ્રહ કરો, કારણકે, દુષ્ટ હોય તો સડેલા અંગની પેઠે ઇષ્ટ વસ્તુને પણ ત્યજી દેવી જોઇએ." સતીના આવા નિર્દોષ વચન સાંભળી કનકરથના હૃદયની શંકા દૂર થઇ ગઇ. તે શાંત સ્વરે બોલ્યો—"પ્રિયા, તું સર્વથા નિર્દોષ છે. હૃદયમાં જરાપણ ખેદ કરીશ નહીં. તારા જેવી પવિત્ર પત્ની ઉપર મેં શંકા કરી તેને માટે ક્ષમા કરજે." પતિના આવા વચન સાંભળી ઋષિદત્તાનું પ્રેમી હૃદય પ્રસન્ન થઇ ગયું. પછી તરતજ તેણીએ પોતાનું મુખ ધોઇ નાખ્યું. અદૃશ્ય રહેલી યોગિનીએ જાણ્યું કે, હજીસુધી ઋષિદત્તા નિર્દોષ રહી છે. એથી તેણીએ બીજે દિવસે પણ કોઇ એક મનુષ્યનો વધ કરી

રૂધિરથી તેનું મુખ ખરડયું અને ઓશીશા ઉપર માંસનો ક-
ટકો મૂકયો. તથાપિ રાજકુમાર ઋષિદત્તાના પ્રેમથી વિમુખ
થયો નહીં. એવી રીતે યોગિની તો નિરંતર આર્યા ઋષિદત્તાને
તે પ્રમાણે કલંકિત કરવાને એકેક મનુષ્યનો વધ કરી તેણીનું મુખ
ખરડવા લાગી. આખરે આ ભયંકર ખુનામરકીથી લોકો ત્રા-
સ પામી ગયા. લોકોનો ભયંકર ત્રાસ જોઇ રાજા હેમરથે
પોતાના મંત્રીઓને બોલાવીને કહ્યું કે, મંત્રિઓ, આ શું છે?
તમે આ વિષેનો પૂરતો તપાસ કરો. પ્રજાની મહાપીડા જો-
ઇ તમારા હૃદય કેમ કંપતા નથી?

મંત્રીઓએ વિનયથી કહ્યું, મહારાજા, આ કામ કોઇ મનુષ્યનું ન-
થી પણ કોઇ પાખંડી કે રાક્ષસનું છે. આપ આજ્ઞા આપો તો અ-
મે નગરમાંથી સર્વ પાખંડી લોકોને બહાર કાઢી મૂકીએ. તે ઉપ-
રથી રાજાએ જૈનમુની શિવાય બીજા તાપસ વગેરેને નગરની બાહેર
કાઢવાની આજ્ઞા આપી.

કપટવતી યોગિની સુલસા આ સમયનો લાગ જોઇ ગુપ્તરીતે
રાજાની પાસે આવી અને તેણીએ રાજાને જણાવ્યું, "રાજન, આ-
જે કોઇ દેવતાએ મને સ્વપ્નામાં કહ્યું કે, રાજા જે પાખંડીઓને બા-
હેર કાઢે છે, તેઓ નિર્દોષ છે, પણ રાજાના પુત્રની વધૂ ઋષિદત્તા જે
વનમાં ઉછરેલી છે, એજ રાક્ષસી છે અને આ ભયંકર ખુનામ-
રકી તેનાથીજ થાય છે. જો રાજા તે વાત ન માનતા હોય તો તેણે
ગુપ્તરીતે રાત્રે તપાસ કરવી." યોગિનીના આવા વચન સાંભળી
રાજા વિસ્મય પામી ગયો. અને તે બોલ્યો કે, હું આજેજ તે-
ની તપાસ કરીશ. આ પ્રમાણે કહી તે અધમ યોગિની ચાલી ગ-
ઇ. આ વખતે રાજકુમાર પોતાના પિતાને પ્રણામ કરવા આવ્યો
હતો, તેણે પણ તે યોગિનીની વાત સાંભળી લીધી. વિવેકી રાજ-
કુમાર પોતાની નિર્દોષ નારીને માટે ચિંતા કરવા લાગ્યો. "ઋષિ-

દત્તા શુદ્ધ શ્રાવિકા સતી છે. તે છતાં જો આ વાર્ત્તા સત્ય ઠરશે તો મારી પ્રિયાનો દોષ પ્રગટ થશે. પછી મારે શું કરવું?" આ પ્રમાણે ચિંતાતુર થયેલા કુમારને રાજાએ આજ્ઞા કરી—'વત્સ, તું અહિંજ રહેજે. તારી પત્નીની ચેષ્ટા મારે જોવી છે.' પિતાની આવી આજ્ઞા થતાં પિતૃભક્ત રાજકુમારને ભારે ચિંતા થઈ પછી. તેણે વિચાર્યું કે, એક બાજુએ પિતાની આજ્ઞા કે જે મારે ઉલ્લંઘન કરવી ન જોઈએ, અને બીજી તરફ તે નિર્દોષ સ્ત્રીને મોટું દુઃખ થશે. "એક બાજુ સિંહ અને બીજી બાજુ નદી જેવું મને થયું છે." એવામાં રાજાએ તો ઋષિદત્તાના મહેલની ચારપાસ પોતાના સેવકોને ગુપ્તરીતે બેસાર્યા. જ્યારે રાત્રિનો સમય થયો, એટલે પેલી સુલસા યોગિની આવી, તેણે આવી ઋષિદત્તાનું મુખ રૂધિરથી ખરડ્યું અને માંસનો કટકો તેણીને ઓશીકે મૂક્યો. પછી તે દુરાચરા ગુપ્તરીતે ત્યાંથી ચાલી ગઈ. તે દુષ્ટાનું આ ચરિત્ર રાજાના સેવકોના જોવામાં આવ્યું નહીં અને તેમણે ઋષિદત્તાનું મુખ રૂધિરથી ખરડાયેલું જોયું. પછી આવીને તેમણે તે વાત રાજાને જણાવી. તે ઉપરથી ક્રોધાતુર થઈ રાજાએ રાજકુમારને ઠપકો આપી કહ્યું, "અરે અવિચારી પુત્ર, તેં જાણ્યાં છતાં આવી દુરાચાર રાક્ષસીને કેમ અંગીકાર કરી? અહિંથી દૂર જા. તારૂં મલિનમુખ બતાવ નહીં. અરે રાક્ષસીપતિ, તેં મારા ઉજ્વળ કુળને કલંકિત કર્યું." પિતાના આવા દુર્વચનો સાંભળી રાજકુમાર ખિન્ન થઈ બોલ્યો—"પિતાજી સાહસ કરો નહીં. આ સર્વ મિથ્યા છે, તમારી વધૂ સર્વ રીતે નિર્દોષ છે. એ ઋષિકુળમાં ઉછરેલી શુદ્ધ શ્રાવિકા છે અને તેણીના ચરિત્ર ઉપર પૂર્ણ પ્રતીતિ છે. પૂજ્ય પિતા, મારી ઉપર ક્રોધ લાવો નહીં; પરંતુ ક્ષમા કરો." કુમારે આવા વિનીત વચનો કહ્યા, તથાપિ રાજાનો ક્રોધ શાંત થયો નહીં. તે વિશેષ ક્રોધાતુર થઈ બોલ્યો— "અરે પુત્ર, તારા ચંચલ ચિત્તને એ રાક્ષસીએ બનાવ્યું લાગે છે. જે આ

પ્રત્યક્ષ જોયું તે શું સત્ય નથી? તેમ છતાં જો તને પ્રતીતિ ન હોય તો તું પોતે જઈ તેની તપાસ કર્ય." પિતાની આજ્ઞા થતાં કનકરથ બેઠો થયો અને તે પોતાની પ્રિયા ઋષિદત્તાની પાસે આવ્યો. તેણે પોતાની રક્તમુખી રમણીને ફરીવાર પૂછયું, "પ્રિયા, આ શું છે? તારૂં દુશ્ચેષ્ટિત તો નથી? મારા પિતા પ્રકોપિત થયા છે. સતિ ઋષિદત્તા ખિન્નવદને બોલી—પ્રાણેશ, આ વિષે હું કાંઈપણ જાણતી નથી; તે છતાં આપને વેહેમ હોય તો મને ભારે શિક્ષા કરો." આ પ્રમાણે કુમાર અને ઋષિદત્તા વાત કરતાં હતાં, ત્યાં નગરનો કોટવાળ કેટલાએક મારનાર માણસોને સાથે લઇને ત્યાં આવ્યો અને તેને રાજકુમારને પ્રણામ કરી જણાવ્યું કે, "મહારાજાએ આપના રાણીને જાનથી મારવાનો હુકમ કર્યો છે, તેથી તે રાણી નમે અમારે સ્વાધીન કરો." પિતાની આવી આજ્ઞા સાંભળી પિતૃભક્ત રાજકુમાર દૂર ઉભો રહ્યો અને કોટવાળ સતિ ઋષિદત્તાને કેદ કરી લઇ ગયો. સતીના પ્રેમમાં મુગ્ધ થયેલા રાજપુત્રના નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી. મારાઓએ ઋષિદત્તાને બાંધી 'આ રાક્ષસી છે' એમ જાહેર કરી નગરમાં ફેરવી અને સર્વ નગર જનની સમક્ષ તેણીનો ભારે તિરસ્કાર કર્યો.

પવિત્ર ઋષિદત્તાએ પોતાના શીળ ધર્મથી અને સ્ત્રીકેળવણી વડે સંપાદન કરેલા સદ્ગુણોથી નગર જનની પ્રીતિ સંપાદન કરી હતી, તેથી લોકો તેણીની એ સ્થિતિ જોઇ ઘણાં શોકાતુર થતાં હતાં. એ ઋષિદત્તા રથમર્દન નગરની નારીઓને સ્ત્રીકેળવણીનો મહાન્ લાભ આપતી હતી શ્રાવક પ્રજાની બાળિકાઓની પરીક્ષા લઇ ઉત્તમ પ્રકારનું ઉત્તેજન આપતી હતી. તે દરેક પર્વદિવસે સાધર્મિ વાત્સલ્ય કરી ચતુર્વિધ સંઘની સારી સેવા કરતી હતી. પોતાના પ્રેમી પતિ કનકરથની પાસે પણ સ્ત્રીકેળવણીને ઉત્તેજન અપાવતી હતી. આ-

વી સતી ઋષિદત્તાને મારાઓના મંડળમાં બાંધેલી જોઈ સર્વ સ્ત્રીઓ ઉંચે સ્વરે આક્રંદ કરવા લાગી: 'આ સતી કુશળ રહેજો' એમ શેરીએ શેરીએ બાળિકાઓના મુખમાંથી આશીષના ઉદ્‌ગાર નીકળતા હતા. સતી ઋષિદત્તાને મારાઓ શ્મશાન ભૂમીમાં લઈ ગયા.તે વખતે સૂર્ય અસ્ત પામી ગયો. શ્મશાનની ભયંકર ભૂમિમાં એ સતીને ઉભી રાખી નિર્દય મારાઓએ તેનીપર પ્રહાર કરવા માંડ્યા. તેઓના પ્રચંડ પ્રહારથી ઋષિદત્તા મૂર્છિત થઈ ભૂમિ ઉપર પડી ગઇ. અને તે કાષ્ટવત્ ચેષ્ટા રહિત દેખાવા લાગી. એ ઉપરથી તેણીને મૃત્યુ પામેલી જાણી ક્રૂર મારાઓ પોતાના સ્થાનકે ચાલ્યા ગયા.

શ્મશાનની ભયંકર ભૂમિમાં પડેલી ઋષિદત્તા ઘણીવારે વનના શીતળ પવનથી સ્વસ્થ થઇ. પોતાના કર્મને નિંદતી ઉભી થઇ, એ બાળા આમતેમ ભમવા લાગી. ત્યાંથી આગળ જતાં જ્યાં પોતાના પિતાનો આશ્રમ હતો, ત્યાં આવી પોતાની પૂર્વ પરિચિત ભૂમિને જોઈ તે બાળાને પોતાના સ્વર્ગવાસી પિતાનું સ્મરણ થઇ આવ્યું. જે સ્થાને તેણીનો પિતા અગ્નિ પ્રવેશ કરી ભસ્મીભૂત થતો હતો, તે સ્થાને બેસીને તે ગાઢ સ્વરે વિલાપ કરવા લાગી— "હે પિતા! તમે ક્યાં છો? આ તમારી વ્હાલી પુત્રી અતિ દુઃખમાં આવી પડી છે, તેની સંભાળ લ્યો. હે તાત ! જ્યારે તે સમયે તમે મૃત્યુ પામ્યા, ત્યારે આ પ્રિય પુત્રીને સાથે કેમ ન લઇ ગયા? હે પુત્રીવત્સલ ! અહીં આવી તમારી દુઃખી દીકરીને દર્શન આપો. હે દયાળુ મુનિ ! તમે પ્રગટ થઇ દીન, અશરણ અને એકાકી એવી આ બાળાને આવી આશ્વાસન આપો પિતાજી. આ શુન્ય વનમાં આ દુઃખણી દુહિતા આપના વિના કોની પાસે પોકાર કરે ?"

આ પ્રમાણે પિતાને ઉદ્દેશીને વિલાપ કર્યા પછી, તે પવિત્ર સતી પોતાના પતિને ઉદ્દેશી બોલી—"હે જીવ! તેં

જિનપૂજા કરી પુણ્યના રાશિ સંપાદન કરતી હતી. ધાર્મિક ક્રિયામાં રક્ત થઇ એ સતી હૃદયમાં સારા સારા વિચારો લાવતી અને ભારતવર્ષની જૈન બાળાઓના ઉદયના માર્ગનું મનન કર્યા કરતી હતી. તેણીના ભાવિક હૃદયમાં જૈન પ્રજાના ધાર્મિક અને સાંસારિક ઉન્નતિના વિચારો સ્ફુર્યા કરતા હતા. તે સાથે શ્રાવિકાજીવન કેવી રીતે ગાળવું જોઇએ એ નિર્ણય પણ તેણીએ હૃદયમાં સ્થાપિત કર્યો હતો.

અહીં પાછળ ઋષિદત્તાને જ્યારે મારાઓને સોંપી અને તેઓ તેણીનો વધ કરવાને સ્મશાનમાં લઈ ગયા, એ વાર્ત્તા જાણી કુમાર કનકરથ અત્યંત રૂદન કરવા લાગ્યો. સતીના વિરહરૂપ અગ્નિથી તેનું શરીર શોષાઇ ગયું. તે વારંવાર સતીનું સ્મરણ કરી હૃદયમાં અત્યંત પરિતાપ પામવા લાગ્યો. તેણે પોતાના મહેલમાં રહી વિલાપ કર્યો કે, "અરે પ્રિયા! તારા જેવી સદ્ગુણી શ્રાવિકા મને ક્યાંથી મળશે? અરે દૈવ! તેં આ શો કોપ કર્યો? ઋષિદત્તા જેવી નિર્મળ નારીને કલંકિત કરવાથી તારા હાથમાં શું આવ્યું? તેં મારા રાજકીય શ્રાવકસંસારને બગાડી દીધો."

યોગિની સુલસા પોતાનું કાર્ય સિદ્ધ કરી મનમાં મ્હલકાતી કાવેરીપુરીમાં આવી. તેણીએ આવી રૂક્મિણીને કહ્યું, "બ્હેન, તારૂં કાર્ય સિદ્ધ કર્યું છે. તારી શોક્ય ઋષિદત્તાનો વિનાશ થઈ ગયો છે. હવે તું સ્વેચ્છાથી રાજકુમાર કનકરથની સાથે વિવાહિત થા." યોગિનીનાં આવાં વચન સાંભળી રૂક્મિણી હૃદયમાં ખુશી થઈ અને તેણીએ યોગિનીનો હૃદયથી ઉપકાર માન્યો. પછી રૂક્મિણીએ આ વાર્ત્તા પોતાની માતાને જણાવી. માતાએ પુત્રીના હિતની ખાતર તે વાત પોતાના પતિ સુંદરપાણિ રાજાને કહી. રાજાએ તરતજ પોતાના એક દૂતને રથમર્દન નગરના રાજા હેમરથની પાસે મોકલ્યો. દૂતે જઇ હેમરથ રાજાને કહ્યું, "કા-

વેરી નગરીના રાજા સુંદરપાણિ આપને કહેવરાવે છે કે, મ્હારી પુત્રી રૂકિમણી આપના પુત્ર કનકરથને પરણવા ઇચ્છે છે; તો આપ કૃપા કરી તેને અહીં પરણવા મોકલશો." દુતની આવી વાણી સાંભળી હેમરથ રાજાએ એકાન્તમાં આવી પોતાના કુંવર પુત્ર કનકરથને કહ્યું "હે પુત્ર, તું શામાટે નિરંતર ખેદ કરે છે? મેં તારી માં શકુગી હતી. જેને તું તેણીના સહવાસમાં રહ્યો હોત તો કોઈ વાર તારા શરીરને હાનિ થઈ જાત. જે બન્યું તેનો ખેદ કરવો ન જોઇએ. વત્સ, ચાલ ઉઠ, મારી આજ્ઞાથી તું કાવેરી નગરીના રાજા સુંદરપાણિની પુત્રી રૂકિમણીને પરણવા જા. સત્પુત્રોએ પિતાની આજ્ઞા માનવી જોઇએ." પિતાની આજ્ઞા થતાં કુમાર કનકરથ પોતાની ઇચ્છા વિના પણ ત્યાં જવાને તૈયાર થયો. તે શુભ દિવસે કેટલાએક પરિવારની સાથે કાવેરી નગરી તરફ ચાલ્યો.

માર્ગે ચાલતાં જ્યાં પૂર્વે ઋષિદત્તાનો મેળાપ થયો હતો, તે વન આવ્યું. તે વનમાં પેસતાંજ કનકરથના નેત્રમાંથી અશ્રુની ધારા ચાલી. રાજકુમારે વિચાર્યું, "અહો! આ તેજ વન કે જ્યાં પૂર્વે પ્રાણ પ્રિયા ઋષિદત્તાનું મેં પાણિગ્રહણ કર્યું હતું. આ એ પવિત્ર સતીના સમાગમની ભૂમિ છે. આવા ઉત્તમને મહાન દુઃખનું મેં અવિચારી મનની આગળ મૂક્યું છે. અરે! મેં રત્ન મેં ખરાબ ચિંતવન મુખથી દીધું. હવે એ રત્નના વિનાશને વિશે કિંચિત થતું નથી. તેનાથી હું નઠારો રાજકુમાર કુટિલપણું પામ્યો ને જડ બન્યો.. હવે શું કરું? પિતાની આજ્ઞાને આધીન થઈ મેં આવો માર્ગ છે. પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર કુપુત્રને નઠારા વિચાર છે. એક તરફ પિતાની આજ્ઞા ને બીજી તરફ પ્રિયાનો વિરહ. વિવેકનું વિસ્મરણ કરી બીજી સ્ત્રી સાથે પરણવા જવું એ અનુચિત કાર્ય છે. અરે આજ્ઞાને આધીન થઈ આચરણ કરવું પડે છે. જો પિતાની આજ્ઞા ન હોત તો હું

કદિ આવું દુરાચરણ કરત નહીં. પૂર્વની પ્રેમવતી પત્નીના પ્રેમને વિસારી અન્ય અંગનાને પરણનારા સ્વાર્થી પુરૂષોને ધિક્કાર છે."

આ પ્રમાણે ચિંતવના રાજકુમારે ત્યાં રહેલા જિનાલયમાં પ્રવેશ કર્યો. તેણે પૂર્ણભાવથી ભક્તિ સહિત પ્રભુની પ્રતિમાના દર્શન કર્યાં. એ જિનભક્ત રાજકુમાર પ્રભુભક્તિથી રોમાંચિત થઇ ગયો. તેનું આસ્તિક હૃદય અર્હતની પ્રતિમામાં તલ્લીન થઇ ગયું. દેવાધિદેવના દર્શન કરી જેવામાં તે બાહેર નીકળતો હતો, તેવામાં શુભશુકનને સૂચવનારૂં તેનું દક્ષિણ નેત્ર ફરક્યું અને તે નિમિત્તથી તેના હૃદયમાં જરા પ્રસન્નતા પ્રસરી ગઇ. રાજપુત્રે હૃદયમાં વિચાર્યું કે, " આ શુભ શુકન મને શું સૂચવતું હશે? શું ફરીવાર એ એ પ્રાણ પ્રિયાના દર્શન તો નહીં થાય? અરે આત્મા! તું એવા હવાઈ વિચારો શું કરે છે? એ સતીરત્નને દૈવે હરી લીધું છે. રથમર્દન નગરના ભયંકર સ્મશાનમાં તેનો નાશ થઇ ચૂક્યો છે. તે સતીરત્ન સજીવન ક્યાંથી હોય? અથવા વળી મારા આસ્તિક હૃદયને આશ્વાસન મળે છે. આજ જિનાલય પૂર્વે મને મારી પ્રિયાનો સંયોગ કરાવનારૂં હતું; તો આજ પણ તે મારી પ્રિયાનો પુનઃ સમાગમ કેમ ન કરાવે?"

કુમાર કનકરથ આ પ્રમાણે વિચાર કરતો હતો, ત્યાં તાપસના વેષમાં રહેલી ઋષિદત્તા પુષ્પના કરંડીયા સહિત પ્રભુને નમસ્કાર કરવા આવી. કુમારે વિનયથી તેના હાથમાંથી એક પુષ્પમાળા લીધી. તે વખતે કુમારને તેને જોતાંજ ભ્રમ થયો. ઋષિદત્તા પણ તેને જોઇ વિચારમાં પડી—" કદાચિત્ આ મારા પ્રાણ પ્રિય પ્રાણનાથ તો નહીં હોય? તેમનો વેષ મંગળિક દેખાય છે. તે ઉપરથી તેઓ રૂક્મિણીને વરવા જતા તો નહીં હોય?"

પછી રાજકુમારે તે તાપસરૂપ ઋષિદત્તાને વંદના કરી આદર સહિત લઇ જઇ પોતાને આસને બેસાર્યો. પછી કુમારે તે તાપસ-

વેરી નગરીના રાજા સુંદરપાણિ આપને કહેવરાવે છે કે, મ્હારી પુત્રી રૂકિમણી આપના પુત્ર કનકરથને પરણવા ઇચ્છે છે; તો આપ કૃપા કરી તેને અહીં પરણવા મોકલશો." દૂતની આવી વાણી સાંભળી હેમરથ રાજાએ એકાંતમાં આવી પોતાના દુઃખી પુત્ર કનકરથને કહ્યું.—"હે પુત્ર. તું શામાટે નિરંતર ખેદ કરે છે? એ તારી સ્ત્રી રાક્ષસી હતી. જો તું તેણીના સહવાસમાં રહ્યો હોત તો કોઇ વાર તારા શરીરને હાનિ થઇ જાત. જે બન્યું તેનો ખેદ કરવો ન જોઇએ. વત્સ, ચાલ ઉઠ, મારી આજ્ઞાથી તું કાવેરી નગરીના રાજા સુંદરપાણિની પુત્રી રૂકિમણીને પરણવા જા. સત્પુત્રોએ પિતાની આજ્ઞા માનવી જોઇએ." પિતાની આજ્ઞા થતાં કુમાર કનકરથ પોતાની ઇચ્છા વિના પણ ત્યાં જવાને સજ્જ થયો. તે શુભ દિવસે કેટલાએક પરિવારની સાથે કાવેરી નગરી તરફ ચાલ્યો.

માર્ગે ચાલતાં જ્યાં પહેલા ઋષિદત્તાનો મેળાપ થયો હતો, તે વન આવ્યું. તે વનમાં પેસતાંજ કનકરથના નેત્રમાંથી અશ્રુની ધારા ચાલી. રાજકુમારે વિચાર્યું, "અહો! આ તેજ વન કે જ્યાં પૂર્વે પ્રાણ પ્રિયા ઋષિદત્તાનું મેં પાણિગ્રહણ કર્યું હતું. આજ એ પવિત્ર સતીના સમાગમની ભૂમિ છે. મારા જીવનને સફળ કરનાર એ શ્રાવિકા રત્નની આજ ખાણ છે. અરે! એ રત્ન મેં યાવજ્જીવિત ગુમાવી દીધું. હજુ એ રત્નના વિનાશને દિવસ વિશેષ થયા નથી. તેટલામાં હું નફટ રાજકુમાર ફરીવાર પરણવાને પણ ચાલ્યો. પણ શું કરવું? પિતાની આજ્ઞાને આધીન થવું એ મારો ધર્મ છે. પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા કુ-[illegible]ને હજારવાર ધિક્કાર છે. એક તરફ પિતાની આજ્ઞાનું પાલન [illegible], બીજી તરફ પ્રિય પત્નીના વિયોગનું વિસ્મરણ કરી બીજી સ્ત્રી સાથે પરણવા જવું—એ અનુચિત છતાં મારે આજ્ઞાને આધીન થઇ આચરણ કરવું પડે છે. જો પિતાની આજ્ઞા ન હોત તો હું

કદિ આવું દુરાચરણ કરત નહીં. પૂર્વની પ્રેમવતી પત્નીના પ્રેમને વિસારી અન્ય અંગનાને પરણનારા સ્વાર્થી પુરૂષોને ધિક્કાર છે."

આ પ્રમાણે ચિંતવતા રાજકુમારે ત્યાં રહેલા જિનાલયમાં પ્રવેશ કર્યો. તેણે પૂર્ણભાવથી ભક્તિ અર્હત પ્રભુની પ્રતિમાના દર્શન કર્યાં. એ જિનભક્ત રાજકુમાર પ્રભુભક્તિથી રોમાંચિત થઇ ગયો. તેનું આસ્તિક હૃદય અર્હતની પ્રતિમામાં તલ્લીન થઇ ગયું. દેવાધિદેવના દર્શન કરી જેવામાં તે બાહિર નીકળતો હતો, તેવામાં શુભશુકનને સૂચવનારૂં તેનું દક્ષિણ નેત્ર ફરક્યું અને તે નિમિત્તથી તેના હૃદયમાં જરા પ્રસન્નતા પ્રસરી ગઇ. રાજપુત્રે હૃદયમાં વિચાર્યું કે, " આ શુભ શુકન મને શું સૂચવતું હશે? શું ફરીવાર એ એ પ્રાણ પ્રિયાના દર્શન તો નહીં થાય? અરે આત્મા! તું એવા હવાઇ વિચારો શું કરે છે? એ સતીરત્નને દૈવે હરી લીધું છે. રથમર્દન નગરના ભયંકર સ્મશાનમાં તેનો ભોગ થઇ ચુક્યો છે. તે સતીરત્ન સજીવન ક્યાંથી હોય? અથવા વળી મારા આસ્તિક હૃદયને આશ્વાસન મળે છે. આજ જિનાલય પૂર્વે મને મારી પ્રિયાનો સંયોગ કરાવનારૂં હતું; તો આજ પણ તે મારી પ્રિયાનો પુનઃ સમાગમ કેમ ન કરાવે?"

કુમાર કનકરથ આ પ્રમાણે વિચાર કરતો હતો, ત્યાં તાપસના વેષમાં રહેલી ઋષિદત્તા પુષ્પના કરંડીયા સહિત પ્રભુને નમસ્કાર કરવા આવી. કુમારે વિનયથી તેના હાથમાંથી એક પુષ્પમાળા લીધી. તે વખતે કુમારને તેને જોતાંજ ભ્રમ થયો. ઋષિદત્તા પણ તેને જોઇ વિચારમાં પડી—" કદાચિત્ આ મારા પ્રાણ પ્રિય પ્રાણનાથ તો નહીં હોય? તેમનો વેષ મંગળિક દેખાય છે. તે ઉપરથી તેઓ રૂક્મિણીને વરવા જતા તો નહીં હોય?"

પછી રાજકુમારે તે તાપસરૂપ ઋષિદત્તાને વંદના કરી આદર સહિત લઇ જઇ પોતાને આસને બેસાર્યા. પછી કુમારે તે તાપસ-

ને પૂછયું, "હે મુનિ, આપ આ વનમાં ક્યારે અને ક્યાંથી આવ્યા? આપના દર્શનથી મારા નયનને અતિ શીતળતા પ્રાપ્ત થાય છે." મુનિએ કહ્યું, "ભદ્ર, આ વનમાં એક હરિષેણ નામના મુનિ રહેતા હતા, તેમને એક પાલિત નામે પુત્ર અને ઋષિદત્તા નામે પુત્રી હતી. તે વિનયવતિ ઋષિદત્તાને કોઈ કુમાર પરણી ગયો છે. હરિષેણ મુનિ પણ અગ્નિમાં પ્રવેશ કરી સ્વર્ગે ગયા છે. હું પૃથ્વી ઉપર ફરતો ફરતો શ્રી ઋષભદેવ પ્રભુની સેવા કરવાને અહીં આવ્યો છું. મને અહીં આવ્યાને પાંચ વર્ષ થઇ ગયા છે. આજે આપના જેવા પુણ્યવાનના દર્શનથી મારો જન્મ સફળ થયો છે." આ વચન સાંભળી પ્રસન્ન થયેલા રાજકુમારે પૂછયું, "મહાનુભાવ, આપ ગમે તે હો, પણ આપને જોતાં મારી દૃષ્ટિ તૃપ્તિ પામતી નથી, તેનું શું કારણ?" મુનિએ કહ્યું, "ભદ્ર, કોઇ એક બીજાને વાત્સલ્ય હોય, અથવા પૂર્વભવનો સંબંધ હોય તો પરસ્પર મળવાથી પ્રમોદ થાય છે. જુઓને, કુમુદપુષ્પો ચંદ્રોદયે અને કમળપુષ્પો સૂર્યોદયે વિકસ્વર થાય છે." પછી રાજપુત્રે મુનિને આગ્રહથી કહેવા માંડયું. "મહાનુભાવ, મારે અહીંથી આગળ પ્રયાણ કરવું છે, પણ તમારા વિના મને જવું ગમતું નથી તેથી આપ કૃપા કરી મારી સાથે ચાલો. આપણે પાછા આવીશું, ત્યારે આપ પાછા અહીં રહેજો." મુનિએ કહ્યું, "રાજકુમાર, એમ થાય નહીં. સંયમી સાધુઓના મત રાજાની સંગતિમાં દૂષિત થાય છે; માટે સાધુએ તો એકાંતમાં રહીને પરમાત્માનું ધ્યાન ધરવાનું છે." રાજકુમાર ખિન્ન થઇ બોલ્યો—"ત્યારે શું તમારા જેવા પુરૂષો અમારી પ્રાર્થનાનો ભંગ કરશે?" તે વખતે પ્રધાનોએ પણ વિનયથી જણાવ્યું, "કૃપાળુ મુનિ, જેમ તેમ કરીને પણ તમારે અમારા રાજકુમારનું વચન માન્ય કરવું જોઇએ." પછી તે મુનિએ તે વાત અંગીકાર કરી. પછી સંધ્યા સમય થવાથી સર્વે ધર્મકૃત્ય કરી ત્યાંજ એકઠાં રહ્યાં.

પ્રભાતકાળે રાજકુમાર કનકરથ તે તાપસરૂપ ઋષિદત્તાની સાથે પ્રયાણ કરી આગળ ચાલ્યો. કેટલેક દિવસે તેઓ કાવેરી નગરીની સમીપ આવી પહોંચ્યા. કુમાર કનકરથના આગમનના ખબર સાંભળી રાજા સુંદરપાણિ સામો આવ્યો. નગરીને શણગારી રાજાએ પોતાના જમાઇને તેમાં ગાજતેવાજતે પ્રવેશ કરાવ્યો. તેમને વિવાહને અર્થે સજ્જ કરાવેલા એક સુંદર મકાનમાં ઉતારો આપ્યો. પછી જ્યોતિષવેત્તાઓએ નિર્ણીત કરેલે શુભ દિવસે રાજકુમારે રૂક્મિણીનું પાણિગ્રહણ કર્યું. રાજા સુંદરપાણિએ અતિ આગ્રહ કરી કુમાર કનકરથને તેના પરિવાર સાથે કેટલાક દિવસ સુધી ત્યાં રાખ્યો.

એક વખતે રાજકુમારી રૂક્મિણી પોતાના સ્વામી કનકરથને પુછવા લાગી—"પ્રિયનાથ, મેં સાંભળ્યું હતું કે, આપે પહેલા ઋષિદત્તા નામે એક તાપસ કન્યાનું પાણિગ્રહણ કર્યું હતું, અને તે ઋષિદત્તાએ આપના મનને હરી લીધું હતું, તો ને ઋષિદત્તા કેવી હતી?" રાજપુત્રે આંખમાં આંસુ લાવી ઉત્તર આપ્યો-"રાજપુત્રી, એ સતીનું નામ સાંભળતાંજ મને ઘણો ખેદ થાય છે. તેણીના સમાન કોઇ સુંદર મારા જોવામાં આવનીજ નથી. સૌંદર્યમાં તે લક્ષ્મીજેવી હતી. તેણીનામાં સીકેળવણીએ વાસ કરેલો હોવાથી તેના માનસિક વિચારો સ્ત્રીઓની ઉન્નતિને દર્શાવનારા હતા. ભારત વર્ષની બાલિકાઓનો સતત્ ઉદય થાય એજ તેની મનોવાંછા હતી. દૈવે મને તેણીનો વિયોગ કરાવ્યો તેથીજ તું મારી સ્ત્રી થવા પામી છે; કારણ કે, ક્ષીર ભોજનની ગેરહાજરીમાં ઘેંસનું ભોજન પણ પ્રીતિકર થાય છે." સરલ હૃદયના રાજકુમારના આવા વચન સાંભળી રૂક્મિણીના મનને ગ્લાનિ થઇ પણ તેણીએ પછી સુલસા યોગિનીની પાસે જે કાવત્રું કરાવેલ તે બધી વાર્તા રાજકુમારને કહી સંભળાવી. જે સાંભળી રાજકુમારના હૃદયમાં અત્યંત શોક અને ક્રોધ ઉત્પન્ન થયો હતો.

કુમાર કનકરથ અને રૂકિમણીની આ વાર્ત્તા તાપસરૂપી ઋષિદત્તાએ પાછળ રહી ગુપ્ત રીતે સાંભળી લીધી, તેથી તેણીના હૃદયમાં હર્ષ થયો, કારણ કે, પોતાને જે કલંક લાગ્યું હતું, તે તત્કાળ દૂર થઇ ગયું.

કુમાર કનકરથ ક્રોધાતુર થઇ બોલ્યો—"અરે પાપિણી ક્રૂર સ્ત્રી! તેં આવું કુકર્મ કરી પોતાને માટે નરકગતિ વ્હોરી લીધી છે. અને મને પણ મહાદુઃખના ખાડામાં ધકેલી પાડયો છે. અરે, અધમા! તને સહસ્ત્રવાર ધિક્કાર છે. તેં મારી ગુણવતી, રૂપવતી અને મહાસતી સ્ત્રીના પવિત્ર જીવનનો ભોગ લીધો. અરે દુરાચારિણી! માત્ર પોતાનું કાર્ય સિદ્ધ કરવાને તેં બંને લોક વિરૂદ્ધ કાર્ય કર્યું છે. અરે પાપિણી! તું મારી ખરેખરી વૈરિણી બની છું. તારા જેવી અધમ સ્ત્રીની સાથે રહી હું મારા પવિત્ર જીવનને કલંકિત કરવા ઇચ્છતો નથી. હવે આ જીવનનો અંત લાવવો યોગ્ય છે."

આ પ્રમાણે રૂકિમણીને ઠપકો આપતાં આપતાં પ્રાતઃકાળ થઇ ગયો. તત્કાળ સ્નાનાદિ ક્રિયા કરી પરમેષ્ઠીનું ધ્યાન ધરી રાજકુમારે આજ્ઞા કરી પોતાના સેવકો પાસે કાષ્ઠની ચિતા તૈયાર કરાવી. મંત્રિઓએ વાર્યો છતાં પણ તે અશ્રુપૂર્ણ નેત્રસહિત ચિતામાં ઝંપલાવા તૈયાર થયો.

"પોતાનો પતિ અગ્નિ પ્રવેશ કરવા તૈયાર થયો છે અને તેનું કારણ પોતાની પૂર્વ પત્ની ઋષિદત્તાનો વિયોગ છે." એ બધી વાત રૂકિમણીએ પોતાના પિતાને કહેવરાવી. તે જાણી રાજા સુંદરપાણિ કનકરથની પાસે દોડી આવ્યો. તેણે આવી રાજકુમારને કહ્યું કે, "સુજ્ઞ કુમાર, ધૈર્ય રાખો. એ તમારી પૂર્વ સ્ત્રીને વિસરી જાઓ. તમારા જેવા ધીરવીર પુરૂષે આવું અબળા જેવું અનુચિત કાર્ય કરવું યોગ્ય નથી."

આ પ્રમાણે ચતુર સુંદરપાણિએ સમજાવ્યા છતાં પણ તેણે મરવાનો આગ્રહ છોડ્યો નહીં. તે વખતે તેના ચતુર મંત્રિઓએ ત્યાં બેઠેલા તાપસરૂપ ઋષિદત્ત મુનિને કહ્યું, "સ્વામી, આ રાજકુમાર તમારો રાગી છે, માટે તેને અગ્નિ પ્રવેશ કરતાં અટકાવો. મંત્રિઓની પ્રાર્થનાથી ઋષિદત્ત મુનિ રાજકુમારની પાસે આવ્યા અને તે મંદમંદ હાસ્ય કરી બોલ્યા—"રાજકુમાર ! આ શું કરો છો ? તમારા જેવા રાજપુત્રો પણ મનોહર સ્ત્રીને અર્થે મરવા તૈયાર થાય છે, એ અજ્ઞાનતાનું કારણ છે. હે રાજમણિ ! તમે હૃદયમાં વિચાર કરો, તમે મને મારા વનમાં પાછા મુકી જવાનું વચન આપ્યું છે, તે શું તમે ભુલી ગયા કે ? વળી તમારા જેવા ચતુર પુરૂષને આવી કાયરતા કરવી યોગ્ય નથી. તે સ્ત્રીનો હવે પછી સમાગમ થશે. એમ ધારી તમે વૃથા મૃત્યુ આદરો નહીં. કારણ કે, પરલોકે ગયેલા જીવોની ગતિ ભિન્ન ભિન્ન થાય છે; તેથી મૃત્યુ પામતાં પણ એ પવિત્ર પત્નીનો તમારે સમાગમ થવાનો નથી. કદાચિત્ જો તમે જીવતાં હશો તો તેણીનો કોઇવાર પુનઃ સમાગમ થવાનો સંભવ છે."

મુનિના આવા વચન સાંભળી રાજકુમાર બોલ્યો—"મહાનુભાવ, તમે મને શામાટે નિવારો છો ? હું મૃત્યુ પામ્યા પછી મારી પરલોક વાસી પત્નીને અવશ્ય મળી શકીશ. મૃત્યુ પામ્યા પછી પુનઃસમાગમ થવાના કોઇ કોઈ દૃષ્ટાંત મળી આવે છે. જેમ નેમિનાથ અને રાજિમતી મૃત્યુ પામ્યા પછી મોક્ષમાં મળ્યા હતા." તે સાંભળી ઋષિદત્તા મુનીએ કહ્યું, "હે મહામતિ, ખેદ કરો નહીં. તમારામાં મહા સત્વ છે. તમારા આવા સત્વથી તો તે મૃત્યુ પામેલી છતાં સજીવન થશે." આ વચનો સાંભળતાં રાજકુમારના હૃદયમાં પોતાની મહા સ્વર્ગસ્થ પત્નીને માટે આશા ઉત્પન્ન થઈ અને તે પ્રાર્થનાપૂર્વક કહેવા લાગ્યો—"મહાનુભાવ, જો એમજ

હોય અને તમે તેણીને ક્યાંય પણ દીઠી યા સાંભળી હોય તો તેણીને સત્વર પ્રગટ કરો. ” મુની હાસ્ય કરતાં બોલ્યા- “ રાજકુમાર, હું મારા જ્ઞાનના પ્રભાવથી જાણું છું કે, તે તમારી પ્રિયા દક્ષિણ દિશાના પતિ યમરાજની પાસે છે. જો આદેશ આપો તો હું ત્યાં જઇને તેણીને જલદી તેડી લાવું. ” હૃદયમાં આનંદિત થતો કુમાર બોલ્યો— “ મહાશય, જો તેણીને તેડી લાવો તો તમારો મારી ઉપર મોટો ઉપકાર થશે. ” મુનીએ કહ્યું, એ તો ઠીક પણ ત્યાં હું અગ્નિ પ્રવેશ કરીને જઇશ. ત્યારે કુમાર કહેવા લાગ્યો— “મેં એ તો પ્રથમથીજ કહ્યું છે, ત્યારે હું પણ અગ્નિમાં પ્રવેશ કરીને તમારી સાથે આવીશ. જેવી તમારી ગતિ તેવીજ મારી ગતિ થાઓ. ” મુની બોલ્યા— “ હું જે કહું, તે તમારે કરવુંજ પડશે.” રાજપુત્રે તે વાત કબુલ કરીને અધીરાઇથી કહ્યું, “ મહારાજ, હવે તમે કેમ વિલંબ કરો છો ? તે મારી પવિત્ર પ્રિયા વિના તો હવે મારા પ્રાણ પરલોકમાં પ્રયાણ કરવાને તત્પર થઇ રહ્યા છે.” મુનિ બોલ્યા— “ કુમાર, સાવધાન થઇને ઉભા રહો. હવે હું જઉં અને તમારી પ્રિયાને જયજય સહિત પ્રગટ કરૂં છું.

આ પ્રમાણે કહી તેણે વસ્ત્રના પડદામાં પ્રવેશ કર્યો. તે વખતે હજારો લોકો પોતપોતાના ગોખમાંથી જોઇ રહ્યા. યક્ષ, કિંનર, ગંધર્વ સ્વર્ગવાસી દેવતાઓ પણ આકાશમાંથી હાથમાં પુષ્પની માળાઓ લઇ કૌતુકથી જોવા લાગ્યા. એટલામાં મુની ઋષિદત્ત ઔષધીના યોગથી ઋષિદત્તા થઇ ગયા. સમુદ્રમાંથી જેમ લક્ષ્મી નીકળી હતી, તેમ ઋષિદત્તા વસ્ત્રના પડદામાંથી પ્રગટ થઇ બાહેર નીકળી. તે મહા સતીની ઉપર આકાશમાં રહેલા દેવતાઓએ પુષ્પની વૃષ્ટિ કરી. સૌંદર્યથી સુરાંગનાને પણ હરાવનારી એ રમણીને જોઇ આશ્ચર્ય પામેલા લોકો પરસ્પર કહેવા લાગ્યા. જુવો, આનું નામજ સ્વરૂપ કહેવાય. સુવર્ણ પામે જેવું પીતાશ લામે તેવી ઋષિદત્તા પામે આપણી રાજકુમારી રૂક્મિણી દેખાય છે.

રાજકુમાર કનકરથ આને માટે જે મરણને શરણ થવાનો આગ્રહ લઈ બેઠો હતો, તે યોગ્યજ હતું. આવી મનોહર આકૃતિ માટે કોણ મરવા તૈયાર ન થાય ? આ વખતે કનકરથ પોતાની પ્રિય ઋષિદત્તાને અકસ્માત્ જોઈ હૃદયમાં સાનંદાશ્ચર્ય થઇ ગયો. તેના અંતરંગમાંથી અપાર હર્ષ ફેલાઈ ચાલ્યો. લાવણ્યરૂપ અમૃતથી પરિપૂર્ણ અંગવાળી એ અંગનાનું અવલોકન કરી રાજકુમાર ચકિત થઈ ગયો. પોતાના નેત્ર રૂપી પુટીઓ એ લાવણ્યવતીના લાવણ્યરૂપ અમૃતનું પાન કરવા લાગ્યો. સતીરત્ન ઋષિદત્તા પણ પ્રેમાશ્રુ પૂર્ણ થઇ પોતાના પતિને નિરખવા લાગી—બન્ને દંપતી પરસ્પર પ્રેમરંગમાં રંગિત થઇ ગયા. આ દેખાવ જોઇ રાજા સુંદરપાણિ પણ પોતાના જમાઇને ઉગારનારી કન્યાને જોઇ હૃદયમાં આનંદ પામી ગયો. પછી તેણે બહુમાને પ્રેમ દર્શાવી તે શ્રી સચિન રાજકુમારને હસ્તી ઉપર બેસાડી મહોત્સવ પૂર્વક પોતાને મહેલ લાવ્યો. ત્યાં તેણે વધાવ ઉત્સાહથી ઋષિદત્તાનો સત્કાર કર્યો. તેણીને પોતાની પુત્રી તરીકે માની લીધી. આ વખતે રાજકુમારે સુલસા યોગિનીની બધી વાત રાજાને જણાવી, ને રૂપશી રાજા ઘણો ક્રોધાયમાન થયો અને તે પાપિણીને પકડી ગધેડા ઉપર બેસારી બેહાલથી આખા નગરમાં ફેરવી, પછી તેણીના નાક કાન કાપી લઈ નગર બાહેર કાઢી મુકાવી. ત્યારબાદ પોતાની પુત્રી રૂક્મિણીને એકાંતમાં બોલાવી કઠોર વચનથી ઘણો ઠપકો આપ્યો. ત્યારે રાજા પુત્રીને ઘણો ઠપકો આપવા લાગ્યો, તે વખતે મંત્રિઓએ આવી રાજાને વિનયથી કહ્યું. સ્વામી, રાજકુમારી રૂક્મિણીએ આવું અયોગ્ય પગલું ભર્યું, તેને માટે તે ઠપકાને પાત્ર છે, તથાપિ તેમાં આપનો પણ દોષ છે. કારણકે, આપણા તરફથી રૂક્મિણીને કોઈએ નીતિ શીખવવી માંડી નથી. ઉત્તમ કેળવણી પામેલી કન્યા આવું વિપરીત કામ કરે નહીં. કેળવણી એ કલ્પલતા છે, એના પ્રભાવથી સંમિત સર્વ પ્રકારના સુખ

પ્રાપ્ત કરી શકે છે. જે સ્ત્રી ને કેળવણીરૂપ કલ્પલતાની છાયા
હોતી નથી, તે કદિપણ ઉત્તમ સુખ મેળવી શકતી નથી. જુવો
આ સુવિદત્તા કે જેના પ્રેમની ખાતર તેણીનો પતિ આત્મભો
આપવા તૈયાર થયો હતો, એનું નામજ કેળવણી કહેવાય. પ
ભક્તિ અને વડિલ જનની સેવા—એ બે મોટા ગુણો સ્ત્રીકેળ
ણીના ફળ રૂપ છે અને કેળવણી લઈ તે મહાફળ પ્રાપ્ત કરના
કાંતાઓ આ લોક અને પરલોક બન્નેને સુધારી શકે છે. હે રાજ
રૂક્મિણી બેનના કરતાં આપણે તેમાં વધારે દોષ પાત્ર છીએ
જે માબાપો પોતાના સંતાનોને ઉત્તમ કેળવણી આપતા નથી તે
ઓ તેમના શત્રુરૂપ થાય છે."

મંત્રીઓના આવાં વચન સાંભળી રાજા સુંદરપાણિ વિચારમ
પડ્યો અને પોતાના હૃદયમાં તે વિષેનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો—
રાજાએ હૃદયમાં ચિંતવ્યું કે, આ મંત્રીઓનું કહેવું યથાર્થ છે. મે
રાજપુત્રી રૂક્મિણીને જોઈએ તેવી સ્ત્રીકેળવણી આપી નથી, તે
નુજ આ પરિણામ છે. કેળવણી પામેલી કન્યાના હૃદયમાં સદ્વિચા
રનોજ સંચાર થાય છે તે પતિભક્તિનો પ્રભાવ પૂર્ણરીતે જાણ
શકે છે. અને સર્વ પ્રાણી ઉપર સમાન ભાવ રાખી વર્તે છે. ત
થાપિ કેળવણી પામેલી કન્યા સત અસતની પરીક્ષા કરવાને સમ
ર્થ થાય છે. જો રૂક્મિણીના હૃદયમાં સ્ત્રીકેળવણીનું બીજ વાવ
વામાં આવ્યું હોત તો તે અસત પ્રકૃતિવાળી દુરાચારી સુરક્ષ
યોગિનીની સંગત કરત નહીં. અને પોતાની ગોત્રજ સવિદત્તા કે
જે બેન સમાન ગણાય તેની ઉપર આવું નઠારું કલંક લગાડવા તૈયા
ર થાત નહીં. તેથી રાજપુત્રીએ જે આ દુરાચાર કર્યો, તેનું કારણ સ્ત્રી
કેળવણીનો અભાવજ છે.

આ પ્રમાણે ચિંતવી રાજા સુંદરપાણિએ પોતાની પુત્રીની ગ
ની કનકરથ પાસે ક્ષમા માગી અને આગ્રહથી વિનંતિ કરી રાજ

કુમાર અને ઋષિદત્તાને કેટલાક સમય સુધી પોતાના મ્હેલમાં રાખ્યાં.

એક વખતે રાજકુમારે પોતાની પ્રિય પત્ની ઋષિદત્તાને ઉત્સંગમાં બેસારીને પૂછયું, પ્રિયા, તું મને મળી તે સારૂં થયું, પણ મને એક બીજી ભારે ચિંતા થયા કરે છે. સતીએ હાસ્ય કરતાં કહ્યું, સ્વામી, એવી શી ચિંતા થાય છે? તે કૃપા કરી જણાવો. રાજકુમાર બોલ્યો—સુંદરિ, તને મેળવવા માટે મારો એક તાપસ મિત્ર વિધાતા પાસે ગયો છે; તે અદ્યાપિ પાછો આવ્યો નહીં, તેથી મને ભારે ચિંતા થયા કરે છે. પ્યારી, વધારે શું કહું? પરોપકારમાં તત્પર એવા મારા તે તાપસ મિત્રની ગેરહાજરીમાં આ મારી સંપત્તિ મને અગ્નિ સમાન પરિતાપ કરનારી લાગે છે. પતિનાં આવા વચન સાંભળી ઋષિદત્તા હસતી હસતી બોલી—સ્વામી, તે વિષે ખેદ કરશો નહીં. એ સર્વ મારી પાસે રહેલી ઔષધીનો પ્રભાવ છે. એમ કહી તેણીએ પોતાનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી રાજકુમાર આશ્ચર્ય પામી ગયો. અને તે બોલ્યો—પ્રિયા, તને પૂરેપૂરી સાબાશી ઘટે છે. કહો, હવે તમારી શી ઈચ્છા છે? આ રાજપુત્ર હવેથી તમારી આધીનતામાં છે. ઋષિદત્તા સમય જોઈ બોલી—સ્વામી, તમારી પાસે મેં પહેલા પણ એક વરદાન માગ્યું હતું. અને આજે પણ તમે મારી પૂર્ણ પ્રસન્નતા દર્શાવો છો. જો આપ પૂર્ણ રીતે પ્રસન્ન થયા હો તો આપની પાસે મારી એક પ્રાર્થના છે કે, "આ રૂક્મિણીને પણ આપ મારી સમાન રાખો." ઋષિદત્તાના હૃદયની આવી ઉદારતા અને ઉત્તમ વૃત્તિ જોઈ રાજકુમાર અત્યંત આનંદ પામી ગયો. અને તે પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો—અહા! આ શ્રાવિકા ખરેખર સતી છે—મહાપ્રભાવિક દેવી છે. જો રૂક્મિણી કે જેણીએ તેણીની ઉપર વા.ે દ્વેષ કર્યો છે, તેની ઉપર પણ તેની

મનોવૃત્તિ કૃપાયુક્ત છે. પ્રાયે કરીને સ્ત્રી જાતિ સ્વભાવે વક્ર હોય છે, પણ આતો કલ્પલતાની જેમ સર્વનું હિત કરવાની ઇચ્છાવાળી છે. આવી સતી શ્રાવિકાઓના જીવનને સહસ્રવાર ધન્યવાદ ઘટે છે. આવી જનહિત કારિણી કાંતાઓની સર્વદા અક્ષય કીર્ત્તિ રહે છે." આ પ્રમાણે વિચારી રાજકુમાર સ્પષ્ટ રીતે બોલ્યો—"હે પ્રાણવલ્લભા, હે વિવેકિની, તારૂં વચન પ્રમાણ થાઓ. પરંતુ તે દુરાશયા રૂક્મિણીને હું તારી સમાન ગણી શકીશ નહીં. કારણ કે, તારે વિષે અને રૂક્મિણીને વિષે મોટો અંતર છે. તથાપિ તારી પ્રાર્થનાનો ભંગ ન થાય તેમ હું કરીશ. પ્રિયા, મારા જાણવામાં આવ્યું છે કે, તે રૂક્મિણી કુલીન અને જાતિવંત છે, પણ કેળવણીના અભાવથી તેણી દુરાચારના માર્ગની પથિક બની છે. તો તમે તેણીને પાસે રાખી સારી કેળવણી આપશો તો તે સુધરી જશે, પછી હું તેણીની સાથે સારી રીતે વર્ત્તીશ. પતિના આ વિચારને ઋષિદત્તાએ અનુમોદન આપ્યું પછી રાજકુમાર કનકરથ પોતાના સાસરા સુંદરપાણિની આજ્ઞા લઇ પોતાની બંને પ્રિયાઓની સાથે પોતાને નગર જવા નીકળ્યો. માર્ગમાં સ્થાને સ્થાને જિનચૈત્યોને નમસ્કાર કરતો અનુક્રમે પોતાના રથમર્દન નગરમાં આવી પહોંચ્યો. રાજા હેમરથ પોતાના પુત્રને વધુસહિત આવતો જાણી મોટા આડંબરથી સામો આવ્યો અને નગરને સ્વરૂપ ઠાઠથી શણગારી તેના રાજકુમારનો પ્રવેશ કરાવ્યો. પછી કનકરથે પિતાને પ્રણામ કરી ઋષિદત્તાની બધી વાતો કહી, જે સાંભળી રાજા ઘણોજ ખુશી થયો અને પોતે કરેલા સાહસને માટે તેણે ઋષિદત્તાની ક્ષમા માગી. "ઋષિદત્તા નિર્દોષ બની છે." એ વાર્ત્તા આખા નગરમાં પ્રસરતાં લોકો ઘણાંજ હર્ષ પામ્યા. નગરની શિક્ષિત બાલાઓ અને પ્રૌઢાઓ પ્રેમ ધરી ઋષિદત્તાનું દર્શન કરવા આવવા લાગ્યા અને તેણીને અભિનંદન આપવા લાગ્યા. પોતાની સતી પુત્રવધૂનું ચમત્કારી ચરિત્ર જાણી રાજા હેમરથને વૈરાગ્ય

ભાવના પ્રગટ થઈ અને તેથી તેણે કુમાર કનકરથને રાજ્ય સોંપી અર્હંદ્કર નામના મુનિની પાસે દીક્ષા લીધી. અનુક્રમે તે રાજર્ષિ નાના પ્રકારની તપસ્યા કરી કર્મ જાળને ખપાવી મોક્ષને પ્રાપ્ત થયા હતા.

કુમાર કનકરથ રથમર્દન નગરનો સ્વામી થઇ ન્યાયથી પ્રજા પાલન કરતો હતો. સતી અર્હદત્તા એક નિષ્ઠાથી પતિભક્તિ કરતી હતી. તે પોતાની સપત્ની રૂક્મિણીને સારી કેળવણી આપતી અને તેણીની સાથે સખીભાવથી વર્તતી હતી. સતી અર્હદત્તાના સહવાસથી રૂક્મિણીની મનોવૃત્તિ નિર્મળ થઇ હતી. સ્ત્રીકેળવણીની પવિત્ર છાયા તેણીના શુદ્ધ હૃદય ઉપર પડવાથી તે બાળા વિનીત, ધર્મી અને પરોપકારશીલ થઇ હતી.

અનુક્રમે સતી અર્હદત્તા સગર્ભા થઇ. તે કેળવાએલી શ્રાવિકાએ પોતાના ગર્ભની વિધિ પ્રમાણે રક્ષા કરી. જ્યારે સમય થયો એટલે અર્હદત્તાએ સિંહના સ્વપ્નથી સૂચિત એવા એક પુત્રને જન્મ આપ્યો. રાજાએ જન્મોત્સવ કરી તે કુમારનું નામ સિંહરથ પાડયું. વિદ્વાન દંપતીએ પોતાના કુમારને સારી કેળવણી આપી ધર્મ કર્મમાં પ્રવીણ બનાવી દીધો. અર્હદત્તા જેવી માયાળુ માતાના સહવાસમાં રહી ઉછરેલો સિંહરથ વિનય, વિવેક અને વિદ્યાથી સંપન્ન થયો.

એક વખતે રાત્રિ રાજા કનકરથ અર્હદત્તાની સાથે પોતાના મેહેલના ગોખ ઉપર ઉભો હતો, ત્યાં આકાશમાનું એક વાદળ તેની દ્રષ્ટીએ પડયું. જોત જોતામાં પ્રચંડ વાયુ નીકળ્યો, તેને લીધે તે વાદળું ક્ષણમાં વિખેરાઇ ગયું. આમ ક્ષણમાં મળેલા અને ક્ષણમાં ગળી ગયેલા તે વાદળાને જોઈ રાજા કનકરથને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે વિચાર્યું કે, આવું ઘનવાદળ જોત જોતામાં નાશ પામી ગયું, તો આયુષ્ય પણ તેવુંજ છે અને વૈભવ વગેરે પણ તેના

કેવાજ ચલિત છે. આવું ચિંતવતાં તેના હૃદયમાં આ સંસાર તરફ અનિત્ય ભાવના ઉત્પન્ન થઇ આવી, તેથી તેણે તે રાત્રિ ઋષિદત્તાની સાથે ધર્મ વાર્તામાંજ નિર્ગમન કરી.

બીજે દિવસે પ્રભાતે કનકરથ નિત્ય નિયમ પ્રમાણે સભા મંડપમા ગયો, તેટલામા તો આરામિકે આવી વધામણી આપી કે, "હે નાથ, શ્રી ભદ્રસૂરિ ભગવાન પરિવાર સહિત આપણા કુસુમાકર નામના ઉદ્યાનમાં સમોસર્યા છે." આ વધામણી સાંભળતાંજ રાજાનો હર્ષસાગર અતિશય ઉછળી ગયો અને તે બાગવાનને સારૂં ઇનામ આપી રાજા પરિવાર સહિત ગુરૂને વંદના કરવા ગયો. ગુરૂએ ઉત્તમ પ્રકારની ધર્મદેશના આપી. દેશના સમાપ્ત થયા પછી સતી ઋષિદત્તાએ અંજલી જોડી પ્રશ્ન કર્યો. મહારાજ, "પૂર્વ જન્મને વિષે મેં એવું શું કર્મ ઉપાર્જન કર્યું હશે કે જેથી મને આ ભવમા રાક્ષસીનુ કલંક લાગ્યું? ગુરૂ જ્ઞાનદૃષ્ટિથી અવલોકન કરી બોલ્યા—હે શ્રાવિકા, તારા પૂર્વ ભવનું સ્વરૂપ કહું તે સાંભળ—

" આ ભરતખંડમા ગંગાપુર નામે નગર હતું. ત્યાં ગંગદત્ત નામે એક બળવાન રાજા રાજ્ય કરતો હતો. તેને ગંગા નામે રાણી હતી. તે બન્ને દંપતીને ગંગસેના નામે એક પુત્રી થઇ હતી. તેણી મોટી થઇ સાધ્વીઓના સમાગમમાં રહેવા લાગી. તેણીનું શીલ પણ સારૂ પાળવાનું હતું. પૂર્વના શુભકર્મના યોગે ગંગસેનાના હૃદયમાં વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થઇ આવ્યો અને તેથી તેણીએ ચંદ્રયશા નામની એક સાધ્વીની પાસે દીક્ષા લીધી. ગંગસેનાને પિતાને ઘેર જોઇએ તેવી કેળવણી મળી નહતી. માત્ર સાધ્વીઓના સહવાસથી તેણીના હૃદયમાં ચારિત્ર પરિણામ ઉત્પન્ન થયા હતા. સાધ્વી ચંદ્રયશા પ્રવર્તિની હતા. તેઓના પરિવારમાં બીજી કેટલીએક સાધ્વીઓ પણ રહેતી હતી. તેમાં નિઃસંગા નામે એક પવિત્ર સાધ્વી હતી. તેની પવિત્ર વૃત્તિની ચારે તરફ

પ્રશંસા થતી હતી. તે હમેશાં તીવ્ર તપશ્ચર્યા કરતી અને નિરંતર
જિનવંદન, જિનસ્તુતિ પ્રમુખ શુભકર્મોને વિષે તે લીન રહેતી હતી.
એક વખતે પ્રવર્તિની ચંદ્રયશા સાધ્વીની આગળ કોઈ એક બીજી
સાધ્વી નિઃશંસા સાધ્વીની પ્રશંસા કરતી હતી. આ પ્રશંસાને
ગંગસેના સાધ્વી સહન કરી શકી નહીં. તેણીના શુદ્ધ હૃદયમાં
ઈર્ષ્યારૂપ પ્રગટ થઈ આવ્યો; કારણકે, તેણીએ પૂર્વાવસ્થામાં નિયમ
કેળવણી લીધી ન હતી. માત્ર સાધ્વીઓના સદ્ભાવના સંસ્કારથીજ
તે ચારિત્રવતી થઈ હતી. ઈર્ષ્યાદોષથી કંપ પામેલી ગંગસેના
બોલી—"પૂજ્ય પ્રવર્તિનીજી, તે નિઃશંસા સાધ્વી દંભી છે. તે દિ
વસે તપશ્ચર્યા કરે છે, પણ રાત્રે રાક્ષસીની પેઠે માંસ ભક્ષણ કરે
છે." આ પ્રમાણે એ અસાર વૃત્તિની ગંગસેના સાધ્વીએ ઉપ
શમરસની વાપિકારૂપ તે સાધ્વીને મિથ્યા કલંક આરોપિત
કર્યું. તે મહાનુભાવા સાધ્વીએ તે સહન કર્યું. હે વત્સે, તેં તે વખતે
જે કર્મ બાંધ્યું તેનું કારણરૂપ આ ગંગસેનાનું કલંક તારે માથે આવ્યું
હતું. એ ગંગસેનાનો જીવ તું અહીં અજિતા થઈ છું. તે વખતે
તેં મિથ્યા કલંક આપી તે પવિત્ર સાધ્વીને ખમાવી નહીં. તેના
કર્મના વિપાકથી તારે આજ સુધી ભ્રમણ કરવું પડ્યું. પછી
તું મુનિ સુવ્રત સ્વામીની શિષ્યા થઈ હતી અને તીવ્ર તપ કરતી
હતી. તે પાપ આલોચ્યા વિના મૃત્યુ પામી તું ઈશાનેંદ્રની દેવી થઈ.
ત્યાંથી ચ્યવીને અહિં આ હરિષેણ રાજાની પુત્રી અજિતા થઈ છું.
હે ભદ્રે, પૂર્વ કર્મના પરિણામના ઉદયથી તારે માથે આવું કલ
ંક આવ્યું હતું."

સુગુરુના મુખથી આવું સાંભળી અજિતાને જાતિસ્મરણ જ્ઞાન
થઈ આવ્યું. તેણીએ પોતાના પૂર્વભવનું પૂર્ણ રીતે અવલોકન
કર્યું. આ સમયથી [illegible] તેણીના હૃદયમાં [illegible] ઉત્પન્ન
થયો. પછી [illegible] ગુરુએ [illegible] ગુરુએ

તેમને દીક્ષા આપવાની હા કહી. પછી તે સતી ઋષિદત્તા અને રાજા કનકરથે પોતાના પુત્ર સિંહરથને રાજ્યનો ભાર સોંપીને દીક્ષા ગ્રહણ કરી. પછી શીતળનાથ પ્રભુએ પોતાના જન્મ કલ્યાણકથી પવિત્ર કરેલા સ્થાનમાં જઈ તેમણે તપશ્ચર્યા કરવા માંડી. ત્યારે [illegible] અગ્નિથી પોતાના કર્મબંધને બાળીને પૂર્વની જેમ [illegible] કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને એ મોક્ષપુરીના નિવાસી થયા.

પ્રિય વાચક બાન્ધવો બ્હેનો, એવી રીતે આ મહાસતી ઋષિદત્તાનું જીવન ચરિત્ર તેને આદિ અંત વાંચી વિચાર કરશો તો મહાસતીના જીવનમાંથી તમારે ઘણું શીખવાનું છે. [illegible] આકાશથી પડેલી ઋષિદત્તા. અને કેળમ સીકેળથી નહીં પડેલી રુક્મિણી—એ બન્નેની વચ્ચે કેટલો તફાવત છે. [illegible] તેમ દીર્ઘ વિચાર કરશો. તેથી તમારા હૃદયમાં [illegible] આવશે. તેવી જ [illegible] [illegible]. અને [illegible] [illegible]. [illegible] પણ કેટ[illegible] [illegible]. [illegible], આ મહાસતી ઋષિદત્તાનું જીવન [illegible] એક [illegible] કામ કરી શકશે. [illegible] [illegible] જીવનમાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible], [illegible], [illegible] [illegible] ગુણો આવ્યા છે. [illegible] જીવન [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] છે. એ ગુણોના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે



પદ્માવતી.

આ સતી પદ્માવતી ચંપાપુરીના રાજા દધિવાહનની સ્ત્રી અને ચેટક રાજાની પુત્રી હતી. તેણીના પિતા દધિવાહને પદ્માવતીને સારી કેળવણી આપી ધર્મ તથા નીતિમાં પ્રવીણ બનાવી હતી. પદ્માવતીમાં સદ્‌ગુણ તથા શરીર—બન્નેનું અદ્‌ભુત સૌંદર્ય હતું. તે બન્ને પ્રકારના સૌંદર્યથી પદ્માવતી ચંપાપુરીના પતિ દધિવાહનને અતિશય પ્રિય થઈ પડી હતી. તેણીને વિદ્યા-વિનોદ ઉપર ઘણી પ્રીતિ હતી. ચંપાપુરીની વિદુષી વનિતાઓને એકઠી કરી તે વિદ્યાનો વિવિધ આનંદ અનુભવતી હતી.

એક વખતે પદ્માવતી સગર્ભા થઈ. ગર્ભના પ્રભાવથી તેણીના શરીર ઉપર તેજઃપ્રભા પ્રસરી ગઈ હતી. એકદા તે સગર્ભા સતીને એવો દોહદ થયો કે, "હું હસ્તી ઉપર રાજા પાસે છત્ર ધરાવું, તથા રાજાનો વેષ પહેરી ક્રીડા કરવા જાઉં." પદ્માવતીને આવો દોહદ થયો, પણ લજ્જાને લીધે તે રાજા દધિવાહનને કહી શકી નહીં, પરંતુ તેની ચિંતાથી તે દુબળી થઈ ગઈ. પોતાની પ્રિયાને દુર્બળાંગી જોઈ એક વખતે રાજાએ પ્રેમથી પૂછયું, તે ઉપરથી તેણીએ લજ્જા છોડી પોતાનો ઇરાદો દર્શાવ્યો. પ્રિયાના પ્રેમમાં મગ્ન થયેલા રાજાએ તેણીનો દોહદ પૂરો કરવા નિશ્ચય કર્યો. પછી રાજા તેણીને હસ્તી ઉપર બેસારી પોતાનો વેષ પહેરાવી પોતે છત્ર ધરી વનમાં ગયો. વનમાં જનાંજ રાજદ્વારમાં પરતંત્ર

થઇ રહેલા હાથીને પોતાનો સ્વતંત્ર વાસરૂપ વિંધ્યાટવીનો નિવાસ યાદ આવ્યો. આથી તે ગજેંદ્ર મહોન્મત્ત થઇ ત્યાંથી દૂર નીકળી ગયો. વેગથી દોડતા હાથીને રાજાએ અટકાવવાને ઘણો પ્રયત્ન કર્યો. તથાપિ તે મહોન્મત્ત હાથી અટક્યો નહીં; તે વખતે રાજાએ રાણીને કહ્યું, " પ્રિયા. આ હસ્તી તો ઉભો રહેતો નથી, હવે શું કરીશું ? જો તારામાં હીંમત હોય તો પેલું વડનું વૃક્ષ આવે છે, તેની શાખાને પકડીને આપણે હાથીને મુકી દઇએ. " રાણીએ તેમ કરવાને સંમતિ આપી. તેવામાં તે વૃક્ષ આવ્યું, એટલે રાજા તો તેની સાથે વળગી પડ્યો, પણ સતી પદ્માવતી સંગર્ભા હોવાથી તે વૃક્ષની શાખાને વળગી શકી નહીં. હસ્તી તો દૂરજ ચાલ્યો ગયો. રાજાએ વૃક્ષ ઉપરથી નીચે ઉતરી જોયું ત્યાં તો જોતા જોતામાં તે હસ્તી અદશ્ય થઇ ગયો. પ્રિયાના વિયોગથી રાજા દધિવાહન અત્યંત દુઃખી થયો.

પેલો મહોન્મત્ત હસ્તી પદ્માવતીને લઇ કોઇ નિર્જન વનમાં આવ્યો. ત્યાં એક સુંદર સરોવર તેના જોવામાં આવ્યું. તે સરોવર જોઇ તૃષાતુર થયેલો ગજેંદ્ર પાણી પીવાને તે તળાવમાં ઉતર્યો. આ વખતે લાગ જોઇને સતી પદ્માવતી ધીમેથી નીચે ઉતરી પડી અને પોતે એકાકિની ભયભ્રાંત થઇ તે વનમાં આગળ ચાલી. તે ભયંકર વન જોઇ પદ્માવતી પોતાના ચિત્તમાં ચિંતવવા લાગી કે, " અહો કર્મની ગતિ કેવી વિચિત્ર છે? જેની ગતિના પ્રભાવથી વિદ્વાન્ મૂર્ખ થાય છે અને મૂર્ખ વિદ્વાન્ થાય છે. વીર ભીરૂ થઇ જાયછે અને ભીરૂ વીર થઇ જાય છે, રંક રાજા થાય છે. અને રાજા રંક થઇ જાય છે—વળી એ કર્મના પ્રભાવથી એકજ વસ્તુ જેવી એક સ્થળે દેખાય છે તેવી ક્ષણમાં બીજે સ્થળે દેખાય છે, એ કર્મ તેજ વિધિ છે. એ વિધિના વિવિધ કાર્યો હીંડોળાના જેવા અસ્થિર

દોષ છે, નિર્માણ કર્મ રૂપી માટીના પિંડવડે આપણને નીપજા-
વવાને એ વિધિ કુંભારની પેઠે આ જગત્ રૂપી ચક્રને ભમા-
વે છે. મારૂં નગર ક્યાં રહ્યું? મારા પ્રિય સ્વામી ક્યાં રહ્યા?
ક્યાં આ વન અને ક્યાં હું? એ વિધિની સત્તા આગળ કોઈનું
ચાલતું નથી. હું કોને ઉપાલંભ આપું? મેં મારી મેળેજ આ
આપત્તિ વ્હોરી લીધી છે. તેમાં કોને દોષ દેવો!

આ પ્રમાણે ચિંતા કરતી સતી પદ્માવતી ઘોર જંગલમાં ચાલી
જતી હતી. જ્યારે કોઈ મનુષ્ય તેની દૃષ્ટિએ આવ્યું નહીં
અને ભયંકર વેળા નજીક આવી એટલે તેણીના હૃદયમાં વિશેષ
ધાસ્તી લાગી. તે વખતે તેણીએ ચાર શરણ મંગળ કર્યા, વારં-
વાર પરમેષ્ઠીનું સ્મરણ કરવા લાગી. આ પ્રમાણે શુભાચરણ કરતી
તે સતી માર્ગે ચાલતી હતી, ત્યાં કોઈ એક આશ્રમ તેણીના જોવામાં
આવ્યો. સતીએ તે આશ્રમમાં પ્રવેશ કર્યો. ત્યાં કોઈ તાપસ તે-
ણીના દૃષ્ટિમાર્ગમાં આવ્યો. તાપસ તેણીને એકાકી જોઈ તેની
પાસે આવ્યો અને તેણે તે સ્ત્રીને પૂછયું, "ભદ્રે, તું કોણ છે?
કોની પુત્રી છે? અને કોની સ્ત્રી છે? તારી આવી દશા કેમ થઈ?
તું આ આશ્રમમાં રહે. અહીં રહેવાથી તારા મનને સમાધિ થશે."
તાપસના આવા વચન સાંભળી સતી પદ્માવતીએ પોતાનો સર્વ
વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. જ્યારે તેણીએ જણાવ્યું કે, 'હું
ચેટક રાજાની પુત્રી છું.' ત્યારે તેણીને તે તાપસ ત્યાં રહેવાનું કહી
શક્યો નહીં. પછી પદ્માવતીએ વૃક્ષો નીચે પડેલા પાકા ફળ વીણી
તેનો આહાર કર્યો. ત્યારબાદ તે તાપસને પૂછયું કે, આ માર્ગ
ક્યાં જાય છે? તાપસ બોલ્યો—"ભદ્રે, આ માર્ગ દંતપુર નગરનો
છે. તે નગરમાં દંતવક્ર નામે રાજા છે. તેના રાજ્યમાં થઈને તું
નિર્ભયપણે ચંપાપુરીમાં જજે." તાપસના કહેવાથી સતી પદ્માવતી
તે માર્ગે ચાલી. કેટલેક વખતે તે દંતપુર નગરી પહોંચી. નગરમાં

પ્રવેશ કરતા સાધ્વીઓનો ઉપાશ્રય તેણીના જોવામાં આવ્યો, એટલે તે તેની અંદર પેઠી, ત્યાં કોઈ સાધ્વીજી બેઠા હતા. તેમની પાસે જઈ તેણીએ સાધ્વીને વંદના કરી અને પછી તે સાધ્વીજીની સન્મુખ બેઠી. સાધ્વીએ તેને અજાણી જાણી પૂછ્યું, "શ્રાવિકા, તું ક્યાંથી આવે છે?" પદ્માવતીએ પછી પોતાનો બધો વૃત્તાંત સાધ્વીજીને કહી સંભળાવ્યો. તે સાંભળી સાધ્વીજીએ કહ્યું, "ભદ્રે, આ દુઃખથી ભરેલા સંસારમાં જે સુખનો આભાસ થાય છે, તે સ્વપ્નામાં મળેલા રાજ્યના જેવો જાણવો. વિધિ એવો વિચિત્ર છે કે, તે તે દુર્લભ વસ્તુનો સંયોગ કરાવે છે અને જે સિદ્ધ વસ્તુ હોય, તેનો હરકોઈ વિયોગ કરાવે છે. આમ સંયોગ અને વિયોગ—એ પ્રકારના જાળની અંદર સંસારી જીવ સદા ભ્રમ કર્યા કરે છે તેથી હે ભદ્રે, તું અન્ય ઉપાધિનો ત્યાગ કરી શ્રી જિન ભગવંતને આરાધન કર."

સાધ્વીનો આવો અપ્રતિમ ઉપદેશ સાંભળી પદ્માવતી સતીના હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેથી તેણીએ તે સાધ્વીની પાસે દીક્ષા ગ્રહણ કરી, પરંતુ પોતાના ગર્ભની વાત કહી નહીં. જો તેણીએ તે વાત જણાવી હોત તો સાધ્વી તેણીને દીક્ષા આપત નહીં. દિવસ વીત્યા, પછી પદ્માવતીના શરીરની સ્થિતિ જોઈ સાધ્વીએ [illegible] તેણીએ પોતાના ગર્ભની વાત કહી એટલે સાધ્વીએ કહ્યું "ભદ્રે, આવું કેમ કર્યું, તેં આ વાત મને પહેલાંથી કેમ ન જણાવી?" પદ્માવતીએ ઉત્તર આપ્યો—"માતા [illegible], એ તે વાત મેં પ્રથમ જણાવી હોત તો, મને આપ દીક્ષા આપત નહીં [illegible] [illegible]

કોઇને આપીશું તોપણ સંસારની વૃદ્ધિનું કારણ થશે, માટે એને ગુપ્ત રીતે નગરની બાહેર મુકી આવવો." સાધ્વીની આ આજ્ઞાને માન આપી સતી પદ્માવતી તે પુત્રને નામાંકિત મુદ્રા તથા રત્નકંબળ સહિત સ્મશાન ભૂમિમાં મુકી આવી. તે બાળકને કોઇ ચંડાળ ગુપ્ત રીતે પોતાને ઘેર લઇ ગયો. અને પોતાની સંતાન વગરની સ્ત્રીને તે બાળક સોંપ્યો. આ સઘળું પદ્માવતીએ છાની રીતે જોયા કર્યું. પછી તે પોતાને આશ્રમે ગઇ.

અહીં તે બાળક ચંડાળને ઘેર ઉછરી મોટો થયો. પોતે ચંડાળના બાળકોની સાથે ક્રીડા કરતો પણ તે રાજતેજથી દીપી નીકળતો હતો. કારણકે, મણિ ગમે ત્યાં હોય, પણ તે મણિ તે મણિજ છે. તે બાળકને ખરજ આવવાથી તે હાથ વડે ખજવાળતો, તેથી લોકોએ તેનું નામ કરકંડૂ પાડ્યું. જ્યારે તે છ વર્ષનો થયો, ત્યારે તેનામાં ચક્રવર્ત્તી રાજાના ચિન્હો દેખાવા લાગ્યા. તથાપિ તે તેના ચંડાળ પિતાની આજ્ઞાથી સ્મશાનમાં જતો હતો. રાજપુત્ર જેવાને પણ સ્મશાનમાં ચંડાળનું કામ કરવું પડે એ કર્મનીજ વિચિત્રતા છે.

એક વખતે તે બાળક સ્મશાનમાં ક્રીડા કરતો ફરતો હતો, તેવામાં કોઈ બે મુનિઓ આવ્યા, તેઓ ત્યાં એક વાંસની જાળી જોઇને પરસ્પર કહેવા લાગ્યા કે, "જે માણસ આ વાંસના મૂળથી ચાર આંગળ મુકીને ચાર આંગળનો પર્વ (સાંધાનો કકડો) લે તે રાજા થાય." સાધુઓનું આ વચન ત્યાં ક્રીડા કરતાં તે બાળકે અને કોઇ બ્રાહ્મણે સાંભળ્યું. તે વખતે પેલા બ્રાહ્મણે સાધુના કહેવા પ્રમાણે છાની રીતે કર્યું, ત્યાં તે બાળક આવ્યો ને તે બ્રાહ્મણને કહેવા લાગ્યો—"તેં આ મારો પાળેલો વાંસ કેમ લીધો?" કજીયો કરતાં કરતાં તે બન્ને રાજાની પાસે ગયા. ત્યાં જઇને તે બન્નેએ રાજાની પાસે પોત પોતાની ફરીયાદ કહી સંભળાવી. તે

વખતે ત્યાં હાજર રહેલા લોકો હસીને કહેવા લાગ્યા—"હે ચંડાળ પુત્ર! ફીકર કર નહીં. જ્યારે તને રાજ્ય મળે ત્યારે આ બ્રાહ્મણને એક ગામડું આપજે, તું તારો એ વાંસનો કકડો ભલે રાખ." પણ પેલો બ્રાહ્મણ તો પોતાના જાતિ સ્વભાવને લીધે ચંડાળ પુત્ર-કરકંડુને મારી નાંખવાનો વિચાર કરવા લાગ્યો. તે વાત જાણી પેલો ચંડાળ પોતાના કુટુંબ સહિત કંચનપુર નગરમાં ગયો. તે વખતે ત્યાંનો રાજા અપુત્રીઓ મરણ પામ્યો હતો, તેથી પ્રધાન વગેરે લોકો પાંચ દિવ્ય સજ્જ કરીને નગરની બાહેર નીકળ્યા હતા. તે વખતે ચંડાળ પુત્ર કરકંડુ ત્યાંથી પસાર થતો એવામાં આવ્યો, તેને જોતાંજ તેની તરફ દિવ્ય કરવામાં આવ્યા, એટલે પ્રધાને પ્રદક્ષિણા કરી ને કરકંડુને રાજા ઠરાવ્યો. તે વખતે લોકોએ જય ધ્વનિ કર્યો અને વાજિંત્રોના નાદ થવા લાગ્યાં. પ્રધાને ઉત્તમ વેશ લાવી કરકંડુને પહેરાવ્યો. પછી તે જાણે પ્રભાતીજ શીખ્યો. હાથ, તેમ અશ્વ ઉપર બેસી તે નગરમાં પ્રવેશ કરવાને ચાલ્યો. તે જ્યાં નગર પ્રવેશ કરતો હતો, ત્યાં બ્રાહ્મણોએ તેને ઓળખ્યો. પછી તેઓ બોલ્યા—'આ ચંડાળ છે, તેથી રાજ્યને યોગ્ય નથી.' બીજા બ્રાહ્મણો પણ તેને સંમત થયા અને નગરમાં પ્રવેશ કરતાં તેને અટકાવ્યો. એવામાં તેઓ ક્રોધ કરી તેને શિક્ષા કરવા જાય છે, તેવામાં કોઈ દેવતાની સહાય વડે આકાશમાંથી અગ્નિના તણખાની વૃષ્ટિ થવા માંડી એટલે તે બ્રાહ્મણો આધીન થઈ કરકંડુની સ્તુતિ કરવા લાગ્યા—હે રાજન, તું દેવ છે, તું અનંત છે, તું બ્રહ્મા છે, તું મહેન્દ્ર છે, તું વિષ્ણુ છે, તું પ્રજાપતિ છે અને તું મહેશ છે. તારામાં અતિ પવિત્ર દિવ્ય પ્રતાપમાન છે. હે નૃપતિ, નરકમાં, સ્વર્ગમાં, મનુષ્યમાં કે દેવતામાં કોઈ તારો અપમાન કરી શકે નહીં. કારણ કે, જેણે કોઈ રીતે તે દેવતા કોઈ પણ ઠેકાણે છે. હે રાજન, અમે અંધકારમાં પડ્યા હતા. તેને તેં આજ તેજથી પ્રકાશિત કર્યા છે અમારું માન તારાથી

વિસ્તરવર થયું છે. જે દેશ રાજા વગરનો છે, તેમાં અગ્નિ આહૂતિને લેતો નથી, ધર્મ પ્રવર્ત્તતો નથી, તેમ વરસાદ પણ વર્ષતો નથી. એ સર્વ દેવમય રાજા રક્ષણ ન કરે તો માણસોને ધન, સ્ત્રી, અને શરીર વગેરે ક્યાંથી રહે ? વળી જે રાજા છે, તે સર્વ સ્થળે ઉદ્યોત કરવામાં સૂર્ય સમાન છે, પાપીઓનો નિગ્રહ કરવાને યમ સમાન છે, ભરણપોષણ કરવામાં કુબેર સમાન છે અને પ્રાયશ્ચિત આપવામાં અગ્નિ સમાન છે. હે રાજા. તું અમારા અજ્ઞાનને દૂર કરી અમને શુદ્ધ કર; કારણકે, તું પ્રજાના પાપરૂપી પંકને દૂર કરવામાં તીર્થજળ સમાન છે."

બ્રાહ્મણોએ કરકંડુ રાજાની આ પ્રમાણે સ્તુતિ કરી એટલે તે રાજા જરા શાંત થઈને બોલ્યો—"જેઓ મને સંમત થશે, તેઓ મારે માન્ય છે, અને જેઓ મારે સંમત નથી, તેઓને હું હણીશ." ત્યારે સર્વ બ્રાહ્મણો બોલી ઉઠ્યા—"અમે સર્વે તમારી સાથે સંમત છીએ." ત્યારે કરકંડુએ કહ્યું. "જો તમે મારી સાથે સંમત હો તો આ સર્વ ચાંડાળોને સંસ્કારથી બ્રાહ્મણ કરો." તે સાંભળી બ્રાહ્મણો ભયથી કંપવા લાગ્યા. તેમણે ભયથી કહ્યું, "હે રાજા, જે આપ કહો છો, તે સત્ય છે. સંસ્કારથીજ બ્રાહ્મણપણું આવે છે. જાતિ કાંઈ કામની નથી; કારણ કે, બ્રાહ્મણના કુળમાં જન્મ્યા છતાં પણ આઠ વર્ષ સુધી બ્રાહ્મણ કહેવાતો નથી. જ્યારે આઠ વર્ષે ઉપવીત સંસ્કાર થાય છે, ત્યારેજ તે બ્રાહ્મણ કહેવાય છે. હવે આપને રૂચે તેમ કરો. લોકોમાં તો વ્યવહારજ બળવાન્ ગણાય છે." બ્રાહ્મણોના આ વચન સાંભળી રાજા કરકંડુ વિચાર કરીને બોલ્યો—"આ ચંડાળ જાતિના જે બ્રાહ્મણો થાય, તેમને 'જનંગમદ્વિજ' એવું નામ આપો. રાજાએ આમ કહ્યું, એટલે આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઇ. સર્વેએ જયધ્વનિ કર્યો. તે નવીન દ્વિજોને સંસ્કાર કરી જનંગમદ્વિજ એવું નામ આપ્યું. પછી

રાજાએ તેમને મહોત્સવ પૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. અને ત્યાં કરકંડુને મંત્ર સહિત અભિષેક કરવામાં આવ્યો.

રાજા કરકંડુ કંચનપુરનો મહારાજા બન્યો. એ વાત સાંભળી પેલો બ્રાહ્મણ કે જેને એક ગામ આપવાને કહ્યું હતું, તે કરકંડુની પાસે આવ્યો અને તેણે ગામ આપવાની માગણી કરી. રાજા કરકંડુએ મશ્કરીમાં કહ્યું કે, "અરે બ્રાહ્મણ, તું ચંપાપુરીમાં જા, મારી આજ્ઞાથી તને ત્યાં એક ગામ આપશે." તે બ્રાહ્મણ મશ્કરીમાં સમજ્યો નહીં અને તરત ચંપાપુરીમાં ગયો અને ત્યાં કરકંડુનું નામ લઇને રાજા પાસે એક ગામ માગવા લાગ્યો. બ્રાહ્મણની આ માગણી સાંભળી ચંપાપતિ દધિવાહને વિચાર્યું કે, "અરે કરકંડુ રાજા મૂર્ખ છે, મને આવું અનુચિત કહેવરાવે છે." આવું વિચારી તેણે તે બ્રાહ્મણને કહ્યું, "અરે બ્રાહ્મણ, કરકંડુ તપે કરીને રાજા થયો છે, બાકી તે તો ચંડાળનો પુત્ર છે, ને એક નૈતિક છતાં મારી સાથે વિરોધ કરે છે તો તેમાં તે વિજયી નહીં થાય. તું તો દૂત છે અને વળી યાચક છે, માટે તારો વધ થાય નહીં, તેથી તેનો જ વધ કરીને તને ગામ આપીશ."

બ્રાહ્મણે આ બધી વાત જઇને કરકંડુને કહી. આ વાર્તા સાંભળી કરકંડુ ક્રોધાતુર થઇ ચંપાપુરી ઉપર ચઢી આવ્યો. દધિવાહન રાજા પણ તેને આવતો જાણી પોતાના કિલ્લા મજબૂત કરી લડવા તૈયાર થયો.

આ વખતે સતી પદ્માવતી જે સાધ્વી થઇ હતી, તેના જાણવામાં આવ્યું કે, "મારો પુત્ર કરકંડુ મોટો રાજા થયો છે અને તે અજ્ઞાનતાથી તેના પિતા દધિવાહનની સાથે યુદ્ધ કરવા આવ્યો છે." આથી તે સાધ્વીએ વિચાર્યું કે, "એ યુદ્ધ થશે તો બહુ જીવોનો સંહાર થશે, માટે એ પિતા પુત્રને સંબોધ કરવાં અગત્યનું." એમ વિચારી સાધ્વી પદ્માવતી કરકંડુની પાસે આવી કહેવા લાગી

"હે પુત્ર કરકંડુ, હું તારી માતા છું અને આ ચંપાપુરીના પતિ દધિવાહન રાજા તારા પિતા છે. તારી પાસે રહેલી મુદ્રિકાના અક્ષરો વાંચી જો." સાધ્વીના કહેવાથી કરકંડુએ મુદ્રાના અક્ષરો વાંચ્યા, તેથી તે હર્ષ પામી યુદ્ધથી વિરામ પામ્યો. પછી તે સાધ્વી દધિવાહન રાજા પાસે આવી અને દાસી પાસે કહેવરાવ્યું એટલે રાજાએ આવી સાધ્વી પદ્માવતીને ઓળખી. પછી તેણીને નમસ્કાર કરી પૂછ્યું, "તમે આ સંયમ કેવી રીતે ગ્રહણ કર્યો ? અને તમારા ગર્ભનું શું થયું ? સાધ્વીએ ઉત્તર આપ્યો—"રાજેંદ્ર, જે આ તમારા નગરને ઘેરો નાંખી પડ્યો છે, તેજ કરકંડુ આપનો પુત્ર છે. એ સાંભળી રાજા પગે ચાલી પુત્રને મળવા ચાલ્યો. અહીંથી કરકંડુ પણ પોતાના પિતાને મળવા સામો આવતો હતો. તે પિતાને આવતા જોઇ તેમના ચરણમાં પડ્યો. આ સમાચાર ફેલાવાથી ચંપાપુરીમાં મોટો હર્ષ થઇ રહ્યો. તે વખતે રાજા દધિવાહનને વૈરાગ્ય ઉત્પન્ન થયો. પોતાના પુત્ર કરકંડુને રાજ્યનો ભાર સોંપી પોતે દીક્ષા ગ્રહણ કરી હતી.

રાજા કરકંડુએ કેટલોક વખત રાજ્ય કર્યું હતું. તેણે પોતાની પૂર્વ માતા પદ્માવતી સાધ્વીના ઉપદેશથી પોતાના દેશમાં જ્ઞાન દર્શનની વિશેષ પુષ્ટિ કરી હતી. રાજા કરકંડુને ગાયો રાખવાનો શોખ હતો. તેના દરબારમાં અનેક રૂષ્ટપુષ્ટ ગોકુળ ભેગા થયા હતા. તેની અંદર એક ઘણો બળવાન્ સાંઢ હતો. જે સાંઢને કોઇ પણ પરાભવ કરી શકતું ન હતું. આ સાંઢ કરકંડુને ઘણોજ પ્રિય હતો. દૈવયોગે તે સાંઢ થોડા વખતમાં મૃત્યુ પામી ગયો. રાજા કરકંડુ તેને જોવા ગયો, તે વખતે તેનું મૃત શરીર જોઈ રાજા કરકંડુ બોલ્યો—"અહા ! જેની ગર્જના સાંભળી સિંહ પણ ત્રાસ પામી જાય, અને જેની પાસે કોઇ ટકી શકતું નહીં, તેવો આ સાંઢ પણ કાળનો ગ્રાસ થઇ પડ્યો. અહા ! પાપીપ્રાણી ચેતન તથા

અચેતન બન્નેને પોતાના ઉદરમાં ગળી જાય છે. તે કદિપણ તૃપ્ત થતોજ નથી. એ કાળ આ ત્રણ જગતરૂપી પુષ્પના ગોળાની સાથે ક્રીડા કરે છે. માટે આ કુટુંબ, દેહ, લક્ષ્મી, સ્ત્રી આભૂષણ વગેરે સર્વ વસ્તુ રૂના સમૂહની પેઠે અનિત્યજ જણાય છે."

આ પ્રમાણે વિચાર કરતાં કરકંડૂને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેથી તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું; એટલે પોતાનો પૂર્વભવ તેને સ્મરણમાં આવ્યો. તેજ વખતે દેવતાઓએ આવી તેને રજોહરણ વગેરે સાધુનો વેષ આપ્યો. તે લઇ સાધ્વી પદ્માવતીના પુત્ર કરકંડુ રાજા રાજ્ય વૈભવને છોડી ચાલી નીકળ્યા. તે રાજર્ષિ પ્રત્યેકબુદ્ધ થયેલા છે.

સતી પદ્માવતીએ સાધ્વી રૂપે આ ભારતવર્ષની જૈનપ્રજાનો ભારે ઉપકાર કર્યો હતો. તેણીએ પોતાના ઉપદેશથી સાત ક્ષેત્રો માંહેલા કેટલાએક ઉત્તમ ક્ષેત્રોની વૃદ્ધિ કરાવી હતી. છેવટે આર્હત ધર્મની ધર્મકીર્તિને પ્રસાર કરી સતી પદ્માવતી જૈન સતીમંડળમાં ગણાયાં હતાં. અને પોતાના જીવનને કૃતાર્થ કરી આ લોકમાં પોતાના યશઃશરીરે યાવચ્ચંદ્ર દિવાકર સુધી રાખી પરલોકમાં શાશ્વત સુખના સંપાદક બન્યા હતા. ધન્ય છે, એ મહાસતી પદ્માવતીને.



[illegible]

[illegible] કુમુદસુંદરી [illegible]

[illegible] હતી. [illegible]

[illegible] સહાય કર- [illegible]

[illegible] સહાય આપે. [illegible] ન હતી. [illegible]

[illegible] રાજ અને [illegible] તેથી [illegible] આપી હતી. તેઓની [illegible] કુમુદસુંદરી પણ [illegible] આપતી હતી અને તે વારંવાર પાઠશાળાઓ-

ની મુલાકાત લેતી હતી અને તેમાં ભણતાં બાળકો અને બાળ-

કીઓને તેની તરફથી [illegible] સારાં સારાં ઇનામો આપતી હતી.

અંજનાસુંદરી જ્યારે યૌવનવતી થઈ ત્યારે તેણીના સંબંધને માટે મહેંદ્ર રાજા શોધ કરવા લાગ્યા. તપાસ કરતાં માલમ પડ્યું કે, આદિત્યનગરના વિદ્યાધર રાજા પ્રલ્હાદને પવનંજય નામે એક કુમાર છે. તે કેતુમતી નામની રાણીના ઉદરથી જન્મેલો છે. અને સારી કેળવણી પામેલો છે. આ ખબર સાંભળતાંજ રાજાએ અંજનાકુમારીનો સંબંધ પવનંજયની સાથે કર્યો હતો. પવનંજયે કેળવણી લીધેલી હતી, પણ જોઈએ તેવી ઉંચી કેળવણીમાં તેનો પ્રવેશ થયો ન હતો; આથી તે પહેલા અંજનાસુંદરીના પવિત્ર પ્રેમને ઓળખી શક્યો ન હતો. અનુક્રમે મહેંદ્ર રાજાએ કુમાર પવનંજયની સાથે અંજનાનો વિવાહ કર્યો અને અંજના પોતાની માતા હૃદયસુંદરીની શિક્ષા મેળવી પોતાને સાસરે વિદાય થઈ.

પવનંજયના હૃદયમાં ગર્વ હતો. તેથીતેનું મન અંજનાસુંદરીનીસાથે મળ્યું નહીં. વિનયવતી અંજનાનો તેણે પ્રથમથીજ અનાદર કરવા માંડ્યો. આથી તે અંજના ઉપર વિરક્ત થઇ રહેવા લાગ્યો. તેણે તે મહાસતીની મનથી પણ સારી સંભાળ ન કરી તો વચન કે, કાયાના વિષયની તો વાતજ શી કરવી? આમ થવાથી વિદુષી અંજનાસુંદરી દુઃખે કાળ નિર્ગમન કરવા લાગી.

એક વખતે પ્રલ્હાદ રાજા સભા ભરી બેઠો હતો, ત્યાં રાવણનો એક દૂત આવીને ઉભો રહ્યો અને તેને વિનયથી પ્રણામ કરી બોલ્યો—રાજા! "મારા સ્વામી રાવણને વરૂણની સાથે યુદ્ધ કરવા જવું છે, તેથી તે આપને બોલાવે છે" તે વખતે પિતાની પાસે પવનંજય બેઠો હતો. તે વાત સાંભળતાંજ તેણે પિતાને વિનયથી જણાવ્યું-પિતાજી હું યુદ્ધ કરવાને ઉત્સુક છું, માટે મને જવાની આજ્ઞા આપો. રાજાએ પ્રસન્ન થઇ પવનંજયને આજ્ઞા આપી. પછી તે પોતાની માતાને મળવા આવ્યો અને માતાને નમન કરી

ચાલ્યો ત્યાં મહાસતી અંજનાઆવી પોતાના પતીના ચરણમાં નમી પડી. પવનંજયે તેણીની સામે પણ જોયું નહીં અને તેણીનો અનાદર કરી એકદમ ચાલ્યો ગયો. સતી અંજનાને એથી ઘણું જ માઠું લાગ્યું. એ પતિભક્તા સતીના હૃદયમાં ઘણોજ પરિતાપ થઈ પડ્યો હતો.

વીર પવનંજય મોટું સૈન્ય લઇ આકાશ માર્ગે ચાલ્યો. માર્ગમાં જતાં ભૂમિ ઉપર એક સુંદર સરોવર જોવામાં આવ્યું. સાયંકાળ થવાથી તેણે સરોવરના તીરઉપર સૈન્યનો પડાવ નખાવ્યો. રાત્રિ પડતાં એક ચક્રવાકી પતિના વિયોગથી વિલાપ કરતી તેના સાંભળવામાં આવી. તે વખતે પવનંજયને પોતાની પત્નીનું સ્મરણ થઇ આવ્યું. તત્કાળ તેણીને મળવાની ઉત્કંઠા થઈ આવી. આ પ્રસંગે તેના એક મિત્રે તેનું ઉપહાસ્ય કર્યું, એટલે પવનંજય એકલો અશ્વ ઉપર બેસી પોતાને મહેલ આવ્યો અને રાત્રે છુપી રીતે મહેલમાં જઇ પોતાની વિરહપીડિત પત્ની અંજનાની સાથે સમાગમ કરી તેણીને સુખી કરી; પછી પત્નીની આજ્ઞા લઈ તેણે ચાલવા માંડયું, ત્યારે ગર્ભની શંકા રાખતી અંજના અંજળિ જોડી બોલી—સ્વામિનાથ, આપ છુપી રીતે આવ્યા છો અને વખતે જો હું સગર્ભા સ્થિતિમાં આવું તો મને કલંક લાગે માટે આપ કૃપા કરી કરમુદ્રિકા આપતા જાઓ. પ્રિયાની આવી પ્રાર્થના સાંભળી પવનંજય પોતાની મુદ્રિકા તેણીને આપી અને કહ્યું કે, "પ્રિયા,હવે તું ભય રાખીશ નહીં.હું શત્રુને છતી પાછો આવું,ત્યાંસુધી સુખમાં રહેજે." એમ કહી તે પાછો જ્યાં પોતાનું સૈન્ય પડયું હતું, ત્યાં આવી પહોંચ્યો અને ત્યાંથી આગળ પ્રયાણ કર્યું.

અહીં સતીઅંજના સગર્ભા થઈ હતી. પ્રતિ દિવસ તેણીના ઉદરમાં તે ગર્ભ વધવા લાગ્યો. તેણીના સુંદર શરીર ઉપર ગર્ભના ચિન્હ જોઈ તેણીની સાસૂ કેતુમતીએ તેને

નિરસ્કાર કરી કહ્યું, અરે દુષ્ટા, આ તારા ઉદરમાં ગર્ભ ક્યાંથી? પિતા અને પતિના કુળને કલંક લગાડનારૂં આ કુકર્મ ક્યાંથી કર્યું? કારણ કે, તારો પતિ તો દેશાંતર ગયો છે. સાસુના આવા તિરસ્કારના વચનો સાંભળી અંજનાએ પતિએ આપેલી મુદ્રિકા બતાવી અને તેનાથીજ ગર્ભ રહ્યો છે, એ વાત કહી બતાવી. તે સાંભળી કેતુમતીને વધારે કોપ ચડયો. તે આક્ષેપ કરી બોલી—અરે દુરાચારિણી, આવું કુકર્મ કરીને પોતાનો મન માન્યો ઉત્તર કેમ આપે છે? તારા એ કહેવા ઉપર મને વિશ્વાસ આવતો નથી. ”

સાસુના આવા મર્મભેદક વચન સાંભળી સતી અંજનાને ઘણું દુઃખ લાગ્યું હતું, તથાપિ ઉત્તમ કેળવણીના પ્રભાવથી તેણીએ ક્ષમાથી તે બધુ સહન કર્યું હતું. પછી ક્રોધાતુર થયેલી કેતુમતીએ આ વાત પોતાના પતિ પ્રલ્હાદ રાજાને કહી એટલે તેણે તે કલંકિત પુત્રવધૂને એક રથમાં બેસારી તેણીને પિયર મહેંદ્રનગરે મોકલાવી દીધી. અને સાથે એક પત્ર લખી મહેંદ્રરાજાને તે વાત જણાવી. નિર્દોષ સતી બીચારી પિતાને ત્યાં ગઇ પણ મહેંદ્રરાજાએ એવી દોષિત દુહિતાને પોતાના ઘરમાં રાખી નહીં. પિતાએ જ્યારે પુત્રીની ઉપેક્ષા કરી એટલે તેણીની માતા હૃદયસુંદરીએ તેણીને બોલાવી અને તેની પાસેથી સત્ય હકીકત જાણી લીધી. હૃદયસુંદરીએ પોતાના પતિને સમજાવવા માંડ્યા, પણ કર્મના યોગથી રાજાના મનમાં એ વાત ઉતરી નહીં અને તેણીને સત્વર બાહેર કાઢી મુકવાની આજ્ઞા કરી.

પિતાના કરતાં માતાનું પુત્રીવાત્સલ્ય વિશેષ હોય છે. માતાએ દુહિતાના દુઃખને દૂર કરનારી અને સુખને સંપાદન કરાવનારી છે. માતાના માયાળુ હૃદયમાં પુત્રીનો પ્રેમ નિરવધિ છે અને તેણીનો પ્રેમ પ્રવાહ પુત્રીપર અખંડ રીતે વહ્યા કરે છે.

હૃદયસુંદરીને આમ સગર્ભાવસ્થામાં શરણ કરવી તે તેના મનને સંતાપકારી લાગ્યું. પણ પતિની આજ્ઞાને તાબે થઈ તેણીને પુત્રી તરફ ઉપેક્ષા કરવી પડી. તથાપિ તેણીએ વસંતતિલકા નામની એક દાસી તેની સંભાળ લેવાને સાથે મોકલી. અંજના પિતાથી અપમાન પામી અરણ્યમાં જઇ એક આશ્રમ બાંધીને રહી અને ત્યાં દુઃખમાં દિવસો કાડવા લાગી.

એક દિવસે કોઇ તપસ્વી તે વનમાં આવી ચડ્યા. તે મહામુનિને જોઇ અંજના દાસી વસંતતિલકાને સાથે લઈ તેમને વંદના કરવા આવી. વંદના કર્યા પછી તેણીએ મુનિના મુખથી ધર્મનો ઉપદેશ સાંભળ્યો. ઉપદેશ પૂર્ણ થયા પછી અંજનાની પ્રેરણાથી દાસીએ મુનિને પુછયું, મહાનુભાવ, આ અંજનાસુંદરીએ એવું શું કર્મ કર્યું હશે કે જેથી તેણીને આવું કલંક લાગ્યું ? જ્ઞાની મુનિ વિચાર કરી બોલ્યા—ભદ્રે, આ અંજનાસુંદરીના ઉદરમાં કોઈ દેવતા દેવલોકમાંથી આવીને અવતર્યા છે, તે ઘણો પુણ્યવાન્ અને પ્રતાપી છે. તે આ લોકમાં સત્કીર્ત્તિ મેળવી પ્રાંતે મોક્ષ પામી થશે. આ સતી શ્રાવિકાને જે કલંક લાગ્યું, તેનું કારણ સાંભળ—કોઇ નગરમાં કનકરથ નામના રાજાને લક્ષ્મીવતી અને કનકોદરી નામે બે સ્ત્રીઓ હતી. તેમાં લક્ષ્મીવતી અર્હંત ભગવાન્‌ની પરમ ભક્ત હતી. તેની ભક્તિ જોઇ કનકોદરી હમેશાં ઇર્ષ્યા કરતી અને તેમાંભંગ પાડવાની ઇચ્છા રાખતી હતી. એક વખતે લક્ષ્મીવતી ભગવંતની પ્રતિમાની પૂજા કરી તે પ્રતિમાને તેને સ્થાને મુકી ગૃહકાર્યમાં વ્યગ્ર થઇ, એટલે કુમતિ કનકોદરીએ તે પ્રતિમા હરી લઈ ગુપ્ત સ્થાને મુકી દીધી. લક્ષ્મીવતી ફરીવાર તેના દર્શન કરવા આવી, ત્યાં તે પ્રતિમા તેણીના જોવામાં આવી નહીં એટલે તે હૃદયમાં બહુ ખેદ પામી. એટલામાં કનકોદરી કોઈ સાધ્વીને ઉપાશ્રયે ગઇ. ત્યાં સાધ્વીના મુખથી પ્રતિ-

મા હરણનું મહાપાપ સાંભળી તે પશ્ચાત્તાપ કરતી ઘેર આવી અને તેણીએ તે પ્રતિમા જ્યાં હતી, ત્યાં મુકી દીધી. તેવામાં તેણીનો અંતકાળ આવ્યો. છેવટે ધર્મનો બોધ થવાથી તે મૃત્યુ પામીને સ્વર્ગમાં દેવી થઇ, ત્યાંથી ચ્યવીને એ કનકોદરી આ તારી સખી અંજનાસુંદરી થઇ છે. પૂર્વભવમાં પ્રતિમા હરણના પાપને લીધે તેણીને આવું દુઃખ ભોગવવું પડ્યું છે; પણ હવે તેનું તે કર્મ ઘણું ખરૂં ભોગવાઈ રહ્યું છે, તથાપિ તેણીએ પુણ્ય કાર્યમાં વિશેષ પ્રવૃત્તિ રાખવી."

મુનિના આવા વચન સાંભળી અંજનાની મનોવૃત્તિ ધર્મ તરફ વિશેષ જાગ્રત થઇ હતી. એ મહાસતી પોતાના પૂર્વ પાપનો પ્રલય કરવા ત્રિકરણ શુદ્ધિથી પ્રવર્ત્તવા લાગી હતી.

મહાસતી અંજનાસુંદરીએ તે વનની ગુફામાં એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો હતો. પુત્રનો જન્મ થતાં તે દુઃખી સ્ત્રી રૂદન કરવા બેઠી હતી, તેણીનું રૂદન સાંભળી પ્રતિસૂર્ય નામનો એક વિદ્યાધર ત્યાં આવ્યો હતો અને તે તેણીને પોતાની બ્હેન સમાન ગણી તેને નવા પ્રસવેલા પુત્રસહિત વિમાનમાં બેસારી પોતાની સાથે લઇ ગયો. વિમાન આકાશ માર્ગે ચાલતું હતું, ત્યાં દૈવયોગે અંજનાના ઉત્સંગમાંથી તે બાળ પુત્ર નીચે પડી ગયો. એક મોટા પર્વતના શિખર ઉપર પડ્યો, તેના પડવાથી તે શિખરના ચૂરેચૂરા થઇ ગયા. અંજના પોકાર કરતી રૂદન કરવા લાગી, ત્યાં પ્રતિસૂર્ય વિદ્યાધર વેગથી પાછળ જઇ તે બાળકને લઇ આવી સાજુને તાજુ તેની રૂદન કરતી માતાને સોંપ્યું માતા પોતાના બાળકને સ્વસ્થાન નિરાબાધ જોઇ ખુશી થઇ પછી વિદ્યાધરે તેણીને જણાવ્યું, બ્હેન, આ તારો બાળક મહાબળવાન્ છે. તેણે તો મોટા પર્વતના શિખરને ચૂર્ણ કરી નાંખ્યું છે. માતા તે સાંભળી આશ્ચર્ય પામી ગઇ.

વિદ્યાધર પ્રતિસૂર્ય તેમને પોતાના હનુરૂહ નગરે લઇ ગયો.

તેના જન્મ પછી તુરતજ તેને હનુરૂહ નગરમાં લઇ જવામાં આવ્યો, તે ઉપરથી તેનું હનુમાન્ એવું નામ પાડ્યું. તે હનુમાન્ કુમાર પોતાના મામા પ્રતિસૂર્યને ઘેર રહી મોટો થયો હતો.

આ તરફ પવનંજય લંકાપતિ રાવણને વરૂણના યુદ્ધમાં સહાય કરી પોતાને નગર પાછો આવ્યો. ત્યાં તેના જાણવામાં આવ્યું કે, પોતાના પિતા પ્રહ્લાદ રાજાએ અંજનાસુંદરીને કલંકિત ઠરાવી કાઢી મુકી છે. પછી તે તેણીની શોધને માટે પોતાને સાસરે ગયો, ત્યાં પણ તેણીનો પત્તો લાગ્યો નહીં એટલે તે વનમાં "અંજના અંજના" એમ પોકાર કરતો ભમવા લાગ્યો. જ્યારે સતી અંજના કોઇ પણ ઠેકાણે તેના જોવામાં આવી નહીં એટલે તેણે પોતાના મિત્રને કહ્યું કે, હે મિત્ર, મારા નેત્રની શીતળ અંજનરૂપ અંજનાસુંદરી જો મને મળશે નહીં તો હું અગ્નિમાં પ્રવેશ કરી મારા પ્રાણનો ત્યાગ કરીશ." પવનંજયનો આવો નિશ્ચય જાણી તે મિત્રે આવી તેના પિતા પ્રહ્લાદ રાજાને આવી કહ્યું, સ્વામી, આપના પવનંજય કુમારે અંજના નહીં મળે તો અગ્નિ પ્રવેશ કરી પ્રાણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો છે. તેથી આપ કોઇ પણ ઉપાયે તેના પ્રાણ ઉગારો. તે સાંભળી પ્રહ્લાદ સત્વર દુઃખી થઇ વિદ્યાધરોની સાથે અંજનાસુંદરીની શોધમાં ગયો. તે ઘણું ભમ્યો પણ કોઇ ઠેકાણે અંજના જોવામાં આવી નહીં. પછી તે જ્યાં પોતાનો પુત્ર પવનંજય અગ્નિમાં પ્રવેશ કરવાની તૈયારી કરતો હતો, ત્યાં આવી પહોંચ્યો. પુત્રને આવું સાહસ કરતો જોઇ રાજાએ કહ્યું, વત્સ, આ શું અજ્ઞાન બાળકની જેમ તું આ શું કરે છે? આનું નામ આત્મઘાત કહેવાય છે. આત્મઘાત કરનારા પ્રાણીઓ દુર્ગતિએ જાય છે. તે વિષે જૈન શાસ્ત્રકારો કહે છે કે, "ગળામાં પાશ નાખીને, વિષ ખાઇને, જળ કે અગ્નિમાં પ્રવેશ કરીને, તૃષા કે ક્ષુધા વે-

હીને અથવા પર્વત ઉપરથી ઝંપાપાત કરીને મૃત્યુ પામનારા જનો નરક ગતિ પામે છે, તેઓ જો શુભ ભાવથી મુક્ત હોય તો વ્યંતર થાય છે." પુત્ર, આ બધો વિચાર કરી આત્મઘાત કર નહીં. આ પ્રમાણે પ્રહ્લાદ રાજા પવનંજયને વારતા હતા, ત્યાં પ્રતિસૂર્ય વિદ્યાધર અંજનાસુંદરીને લઈને ત્યાં આવી પહોંચ્યો. અંજનાસુંદરીનું અવલોકન થતાંજ પવનંજય પ્રસન્ન થયો. રાજા પ્રહ્લાદ પણ હૃદયમાં આનંદ પામ્યો. રાજાએ પ્રતિસૂર્યનો ઉપકાર માન્યો, પછી પ્રતિસૂર્યે અંજનાનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. રાજા પ્રહ્લાદે પુછ્યું કે, તમે અહીં સમય ઉપર શીરીતે આવી પહોંચ્યા? પ્રતિસૂર્યે કહ્યું, રાજેંદ્ર, હું જિનાલયમાંથી દર્શન કરી આવતો હતો, ત્યાં મારા જાણવામાં આવ્યું કે, "પવનંજય પ્રિયાના વિયોગથી દુઃખી થઈ અગ્નિમાં પ્રવેશ કરે છે." એ ખબર સાંભળતાંજ હું અંજનાસુંદરીને લઈ અહીં આવ્યો છું. પછી પ્રતિસૂર્યના આગ્રહથી પ્રહ્લાદ તથા પવનંજય વગેરે હનુરૂહ નગરમાં ગયા. ત્યાં તેઓ પવનંજયના પુત્ર હનુમાનને મળ્યા. ત્યાંથી પછી પ્રહ્લાદ વગેરે સર્વ પોતપોતાને નગરે ચાલ્યા ગયા અને પવનંજય પોતાની પ્રિયા અને પુત્રની સાથે ત્યાંજ રહેતા હતા.

અંજનાકુમાર હનુમાન ત્યાંજ ઉછરવા લાગ્યો. તેણે પોતાની માતા અંજના પાસેથી બાળકેળવણી લેવા માંડી હતી અને પિતા પાસે [illegible] વિદ્યાઓ સંપાદન કરી લીધી હતી. હનુમાન [illegible] ન હતો તેવો તે બળવાન હતો. તે શારીરિક કેળવણીથી યુદ્ધવિદ્યામાં પ્રવીણ થયો હતો. એક વખતે રાવણે હનુમાનને યુદ્ધમાં [illegible] હતો ત્યાં તેના શારીરિક બળ ઉપર રાવણ ઘણો સંતુષ્ટ થયો હતો.

પવનંજય પોતાની પ્રિયા અંજના અને પુત્ર હનુમાનની સાથે કેટલોક કાળ હનુરૂહ નગરમાં રહી પછી પોતાને નગર આ-

દિત્ય નગરમાં ગયો હતો. સતી અંજના કેળવણીના પ્રભાવથી વડિલ જનની સેવાનું માહાત્મ્ય સમજતી હતી, તેથી તેણીએ પોતાની પૂજ્ય સાસૂની સારી સેવા કરી હતી. અંજનાની સેવા જોઈ તેણીના શ્વસુર અને સાસૂ તેની ઉપર ઘણાંજ પ્રસન્ન થયાં હતાં અને તેમણે તેણીને જે વૃથા કલંક આપેલું તેને માટે તે સતીની ક્ષમા માગી હતી.

આ અરસામાં દશરથના પુત્ર રામ, સીતાની સાથે અરણ્યમાં ગયેલા, ત્યાં સીતાનું હરણ થતાં દુઃખી થયેલા રામને વીર હનુમાન મળ્યો હતો અને તેણે રામને મોટી સહાય આપી હતી. જેનું સત્કીર્ત્તન રામના ચરિત્રની સાથે અદ્યાપિ ભારતવર્ષમાં ગવાય છે.

રાજા આદિત્ય પવનંજયને રાજ્ય ઉપર બેસારી ધર્મકર્મમાં જોડાયા હતા. ધર્મ પ્રવીણ પવનંજયે ન્યાયથી પ્રજાપાલન કર્યું હતું. જ્યારે સતી અંજનાસુંદરી મહારાણીના પદ ઉપર આવી ત્યારે તેણીએ ધાર્મિક અને સાંસારિક કેળવણીને ભારે ઉત્તેજન આપ્યું હતું. તેણીની સૂચનાથી રાજા પવનંજયે આદિત્ય નગરની પ્રજાને કેળવણીના ઉંચા સાધનો કરી આપ્યાં હતાં. બાળ બાલિકાઓને બોધ આપવાને સારી સારી કન્યાશાળાઓ સ્થાપી હતી. સતી અંજનાનું હૃદય ઉદાર હતું. તેણીનામાં સાધર્મી વાત્સલ્ય વિશેષ હોવાથી તેણીએ મોટી મોટી દાનશાળાઓ સ્થાપી હતી. 'પોતાના રાજ્યમાં કોઈ પણ શ્રાવક કુટુંબ દુઃખી ન થાય,' એવી ઉત્તમ યોજના તેણીએ પોતાના પતિની પાસે કરાવી હતી.

અંજનાસુંદરી હમેશાં નિયમિત રીતે વર્ત્તતી હતી. પ્રાતઃકાળ, મધ્યાન્હકાળ અને સાયંકાળ ધાર્મિક અને સાંસારિક કાર્ય કરવાના જુદા જુદા ભાગ પાડી તેણીએ પોતાનું સમયપત્રક

(ટાઈમ ટેબલ) બનાવ્યું હતું. તે હમેશાં સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા અને ધર્મશ્રવણ નિયમ પ્રમાણે કરતી હતી. તે સાથે દિવસના અમુક ભાગમાં તે ઉદારતાથી દાન આપતી અને દુઃખી જનના દુઃખ દૂર કરતી હતી.

રાજા પવનંજય પણ પોતાની પ્રિયાને અનુસરી ધર્મ કરતો હતો અને રાજ્યમાં (અમારી—ઘોષણા) કરાવી દયાધર્મના પવિત્ર પ્રવાહને પ્રસરાવતો હતો. તેના જૈન રાજ્યમાં આર્હત ધર્મની (ઉદય=ઘોષણા) થઈ હતી અને પ્રજા જૈનધર્મના પવિત્ર નિયમોને અનુસરતી હતી.

પવનંજય પોતાના પુત્ર હનુમાનને રાજ્ય આપી દીક્ષા લઈ, ચારિત્ર પાળી મોક્ષે ગયો હતો. સતી અંજના પણ ચંદ્રસૂરિ પાસે દીક્ષા લઇ સાધ્વી થઇ હતી. સાધ્વી અંજનાએ યથાર્થ રીતે ધર્મ પાળી પોતાના ચારિત્રને દીપાવ્યું હતું. તેણીએ ઉત્તમ પ્રકારના ઉપદેશ આપી શ્રીધર્મની સારી ઉન્નતિ કરી હતી. અને આ ભારત ઉપર શ્રાવિકાધર્મનો વિજય વાવટો ફરકાવ્યો હતો.

મહાસતી અંજનાસુંદરીના ચરિત્ર ઉપરથી વાંચનારી બ્હેનોને સારો બોધ લેવાનો છે. એ મહાસતીની ઉપર વૃથા કલંક આવ્યું હતું, તોપણ તેણીની ધાર્મિક ધીરજ તેવી ને તેવી રહી હતી. તેણીની સાસૂએ તેને વૃથા કલંક આપ્યું તથાપિ તેની વડિલ ભક્તિ તેવીને તેવી અચળ રહી હતી. તેણીના હૃદયમાં દ્વેષ કે ઇર્ષ્યા ઉત્પન્ન થઇ ન હતી. ધન્ય એ મહાસતી અંજનાસુંદરીને. તેના જેવી સતી (શ્રાવિકાઓ) પુનઃ પ્રગટ થઈ આ વીરશાસનને દીપાવો.

અંજનાપુત્ર હનુમાને પણ છેવટે પુત્રને રાજ્ય આપી દીક્ષા લીધી હતી અને ઉત્તમ પ્રકારે ચારિત્ર પાળી તે સિદ્ધગિરિ ઉપર મોક્ષે ગયા હતા.



શ્રીદેવી.

આ સતી શ્રીપુરનગરના રાજા શ્રીધરની રાણી હતી. તે ઘણી [illegible] સ્વરૂપવાન હતી. તેણે ધાર્મિક અને સાંસારિક જ્ઞાનમાં સારો અભ્યાસ કર્યો હતો. તેથી તે વિનય, આચાર, વિચાર, નીતિ અને સ્વધર્મ વગેરેમાં પ્રવીણ હતી. તેણીના ગુણથી શ્રીધરરાજા તેણીની ઉપર ઘણોજ રાગી હતો. શ્રીધર એ સદ્ગુણી રાણીના સહવાસમાં રહી પોતાના જીવનને સાર્થક માનતો હતો.

એક વખતે શ્રીધરરાજા શ્રીદેવીને લઈ ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો, ત્યાં કુમકકેતુ નામનો એક વિદ્યાધર [illegible] હતો તે શ્રીદેવીનું સ્વરૂપ જોઈ મોહિત થઈ ગયો. પછી તે આકાશથી [illegible] શ્રીદેવીનું હરણ કરી તેને પોતાને સ્થાને લઈ ગયો. [illegible] પ્રાર્થના [illegible] આ સતી શ્રીદેવીએ પોતાના [illegible] કરીને કહ્યું, "અરે વિદ્યાધર, આવું દુષ્કર્મ [illegible] નહીં [illegible] જે પુરૂષ પોતાને આધીન જોઈ [illegible] તે [illegible] પૂર્ણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]?

વળી હે વિદ્યાધર, શું તેં શીળનો પ્રભાવ નથી સાંભળ્યો? શીળ એ સ્વર્ગના સુખનું દ્વાર છે. શીળધારી—બ્રહ્મચારી પુરૂષને વિમાનવાસી દેવતાઓ, જ્યોતિષી દેવતાઓ, ભુવનપતિ દેવતાઓ, ગાંધર્વ દેવતાઓ, વૃક્ષવાસી યક્ષો, રાક્ષસો અને વ્યંતરજાતિના દેવતાઓ—એ સર્વે નમસ્કાર કરે છે." શ્રીદેવીના આવા સદ્બોધકારી વચનોથી વિદ્યાધર કમળકેતુ પ્રતિબોધ પામી ગયો. તે પોતાના કુકર્મનો પશ્ચાત્તાપ કરતો બોલ્યો—"બ્હેન, મારો અપરાધ ક્ષમા કરજે. તું ખરેખર સતી છું. તેં મારા આત્માને અધોગતિમાં પડતો બચાવ્યો છે." આ પ્રમાણે કહી તે કમળકેતુ શ્રીદેવીને લઇ શ્રીપુર નગરમાં મુકી આવ્યો હતો. પોતાની સતી રાણીને અકસ્માત્ પાછી આવેલી જોઇ રાજા શ્રીધર સાનંદાશ્ચર્ય થઇ ગયો. પોતાની સતીસ્ત્રીના હરણથી ગ્લાનિ પામેલા રાજાના હૃદયમાં અતિશય આનંદ થઇ આવ્યો. પછી શ્રીદેવીએ કમળકેતુ વિદ્યાધરનો વૃત્તાંત કહી સંભળાવ્યો. જે સાંભળી સર્વને પરમ સંતોષ પ્રાપ્ત થયો હતો.

એક વખતે શ્રીદેવી એકલી પોતાના વાસસ્થાનમાં રહી ધર્મ તથા નીતિના પુસ્તકો વાંચતી હતી અને તેમાંથી શિક્ષણ લઇ હૃદયમાં અતિ આનંદ પામતી હતી. આ વખતે કોઇ દેવના અદૃશ્ય થઇ તેણીના વાસગૃહમાં આવ્યો. સતી તે દેવનાને જોઇને ચકિત થઇ ગઇ.

તે વખતે તે દેવનાએ શ્રીદેવીને કહ્યું, "સુંદરી, હું તારા સંગમનો અર્થી છું. જો તું દિવ્ય સુખની ઇચ્છા રાખતી હોય તો મારી સાથે પ્રીતિ કર." શ્રીદેવી વિનયથી બોલી—"દેવ, તારા જેવા દેવતાએ માનુષી સ્ત્રી સાથે સમા... ...ડા કરવી તે અતિ વિરૂદ્ધ અને અઘટિત છે. વળી ... છું. કદિ આયુનો નાશ થાય તોપણ હું પતિ ...

નથી." શ્રીદેવીના આવા દૃઢ વચન સાંભળી દેવ પ્રસન્ન થઇ ગયો. તેણે ક્ષમા માગી કહ્યું કે, "શ્રાવિકારત્ન, તને ધન્ય છે. તું મહાસતી છે." આ પ્રમાણે કહી તે દેવ પોતાને સ્થાને ચાલ્યો ગયો હતો.

સતી શ્રીદેવી આ ભારતવર્ષ ઉપર પોતાના સતી ધર્મનો પ્રભાવ પ્રગટ કરી જૈન સતીમંડળમાં ગણાણી છે. તેમ હાસનીનું યશોગાન અદ્યાપિ જૈનપ્રજા પોતાની આવશ્યક ક્રિયા કરતી વખતે કરે છે. સતી શ્રીદેવી યાવજ્જીવિત સતી ધર્મને જાળવી મૃત્યુ પામી સ્વર્ગે ગઇ હતી. સ્વર્ગમાં દિવ્ય સુખનો અનુભવ કરી ત્યાંથી ચ્યવીને તે વીરપુર નગરને વિષે ભદ્રનામના એક શેઠને ઘેર પુત્રરૂપે ઉત્પન્ન થઇ હતી. ત્યાં તે મદન નામથી ઓળખાઇ કોઇ વિદ્વાન્ જૈનમુનિ પાસે ધર્મ સાંભળી તેણે ચારિત્ર ગ્રહણ કર્યું હતું. શ્રીદેવીનો જીવ મદન મહામુનિ થઇ યથાર્થ ચારિત્ર પાળી કર્મ ખપાવી મોક્ષે ગયો હતો.

મહાસતી શ્રીદેવીનું જીવન સતી ધર્મને માટે પ્રખ્યાત છે. તેણીએ પોતાના અલ્પ જીવનમાં સ્ત્રીકેળવણીની સુગંધ સારી રીતે પ્રસરાવી હતી. તેણીના જીવનમાંથી સર્વ વાચક બ્હેનોએ એટલોજ સાર લેવાનો છે કે, સ્ત્રીકેળવણીના ફળ કેવા ઉત્તમ છે કે, જેથી કેળવણી પામેલી કાંતાઓ પોતાના સતીધર્મને પ્રાણ માટે પણ જાળવવાને સમર્થ થઇ શકે છે.





જ્યેષ્ટા.

સતીજ્યેષ્ટા ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામ
મોટાભાઇ નંદિવર્ધનની સ્ત્રી હતી. તે વિશા
નગરીના ચેટક રાજાની પુત્રી હતી. એ મહાસતી ઘણી ગુણ
સ્વરૂપવતી અને વિદ્યાવતી હતી. બાલ્યવયથીજ સતીજ્યેષ્ટા
મનોવૃત્તિ ધર્મ તરફ વિશેષ હતી. તેણી હમેશાં સજ્ઝાય ધ્ય
કરતી અને શુદ્ધ હૃદયથી જ્ઞાનની ઉપાસના કરતી હતી.
મહાસતીનો સંબંધ નંદિવર્દ્ધન સાથે કેવી રીતે થયો હ
અને તેણીએ પોતાના જીવનમાં શું શું કરી બતાવ્યું હતું
તે સર્વ આસ્તિક પ્રજાને જાણવા જેવું અને અનુકરણ કર
જેવું છે. કુંડગ્રામના રાજા સિદ્ધાર્થને ત્રિશલા રાણીના ઉદરથ
નંદિવર્દ્ધનનો જન્મ થયો હતો. તેના જન્મ વખતે શુભ દિ
વસ અને શુભ યોગ હતો. નંદિવર્દ્ધનની પછી કેટલોક સમ
ગયો ત્યારે જગત્પતિ શ્રી મહાવીર સ્વામીનો જન્મ થયો હતો
કુમાર નંદિવર્દ્ધન જ્યારે યોગ્ય વયનો થયો ત્યારે તેને શસ્ત્ર
તથા શાસ્ત્રનો સારો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

વિશાલાપુરીના રાજા ચેટકને ઘેર જ્યેષ્ટાનો જન્મ થયો
હતો. જ્યેષ્ટા બાલ્યવયથીજ ઘણી ચાલાક અને બુદ્ધિમતી હતી.

તેણીની વયની અને વિદ્યાની યોગ્યતા જોઇ તેણીના પિતાએ કોઇ ઉત્તમ પતિની સાથે તેણીનો સંબંધ કરવા નિશ્ચય કર્યો હતો. એક વખતે ચેટક રાજાએ પોતાના મંત્રીને પૂછયું કે, " રાજકુમારી જ્યેષ્ઠા કોને આપીશું ?" મંત્રીએ ઉત્તર આપ્યો, " કુંડગ્રામના રાજા સિદ્ધાર્થને નંદિવર્દ્ધન નામે એક કુમાર છે, તે આપણી કન્યાને યોગ્ય વર છે. " આ વાત સિદ્ધાર્થે માન્ય કરી અને સત્વર દૂત મોકલી સિદ્ધાર્થ રાજાને કહેવરાવ્યું. બન્નેની સંમતિથી સતીજ્યેષ્ઠાનું પાણિગ્રહણ નંદિવર્દ્ધનની સાથે મોટા ઉત્સવથી કરવામાં આવ્યું હતું.

સતીજ્યેષ્ઠા પોતાના પતિગૃહ તરફ જવાને તૈયાર થઇ હતી, ત્યારે તેની માતાએ તેણીને ઉત્તમ શિક્ષા આપી હતી. માતાની શિક્ષા ધ્યાનમાં રાખી જ્યેષ્ઠા પોતાને સાસરે આવી હતી અને ત્યાં તે સારી રીતે વર્ત્તી હતી. જ્યેષ્ઠાની ઉત્તમ વર્ત્તણુંક જોઇ તેના સાસુ સસરા તેણીની ઉપર પ્રસન્ન રહેતા હતા. આથી એ સદ્‌ગુણી સતીની ભારે પ્રશંસા કુંડગ્રામમાં ઘેર ઘેર થતી હતી.

કુમાર નંદિવર્દ્ધન અને સતીજ્યેષ્ઠાની વચ્ચે પરસ્પર ભારે પ્રેમ હતો. જ્યેષ્ઠાએ પોતાના ઉત્તમ ગુણોથી પતિના મનને હરી લીધું હતું. તે રાજકુમાર જ્યેષ્ઠાના સહવાસમાં રહી અનુપમ આનંદ અનુભવતો હતો. બન્ને દંપતી ધાર્મિક અને સાંસારિક જ્ઞાનની ચર્ચા કરી વિવિધ જાતની ગમત મેળવતા હતા. પોતાની સાસૂ ત્રિશલા કે જે ભવિષ્યમાં શ્રી વીરપ્રભુની માતા થવાના છે, તેમના પવિત્ર હૃદયમાં જ્યેષ્ઠાની સાસૂભક્તિનું પ્રતિબિંબ પડી રહ્યું હતું. શુદ્ધ મન, વચન અને કાયાથી તે મહાસતી ત્રિશલા દેવીની સેવા કરતી હતી. ત્રિશલા પણ પોતાની પુત્રવધૂ તરફ પુત્રીના જેવો પ્રેમ દર્શાવતી હતી.

સતી જ્યેષ્ટામાં બીજા ગુણોની સાથે શીળ રત્નનો ગુણ વિશેષમાં હતો. "સતીધર્મનો પ્રભાવ શીળગુણથીજ છે, અને શીળધર્મનું માહાત્મ્ય દિવ્ય અને અદ્ભુત છે." આ સિદ્ધાંત જ્યેષ્ટાએ પોતાના જીવનમાં સિદ્ધ કર્યો હતો. કદિ સૂર્ય પશ્ચિમમાં ઉગે, મેરૂ ચલાયમાન થાય અને સમુદ્ર મર્યાદા મુકે, તોપણ સતી જ્યેષ્ટા પોતાના શીળમાંથી ભ્રષ્ટ થાય તેમ ન હતું. જ્યેષ્ટાનો શીળધર્મ જગતમાં વિખ્યાત થતો હતો. તેણીનો શીળરૂપ સદાચાર સ્વર્ગપતિ ઈંદ્રની સભામાં પણ ગવાતો હતો. જ્યેષ્ટા માનવી સ્ત્રી હતી તે છતાં તેની ગણના દેવીઓની શ્રેણીમાં થતી હતી. તેણીનો દિવ્યપ્રભાવ માનવમંડલ અને દેવમંડળમાં પ્રશંસનીય ગણાતો હતો.

જ્યેષ્ટા પોતાના ગુણોથી નંદિવર્દ્ધનનું પૂર્ણ પ્રેમપાત્ર બની હતી. નંદિવર્દ્ધન તેણીને પોતાની ગૃહદેવી તરીકે જાણતા હતા તે શીળવતી શ્રાવિકા પણ નિર્મળ મનથી નંદિવર્દ્ધનની પવિત્ર સેવા કરતી હતી. તે પોતાના પ્રાણપતિની આજ્ઞાને માલાની જેમ મસ્તકે ધારણ કરતી અને તેનેઈષ્ટદેવ તરીકે જાણતીહતી

નંદિવર્દ્ધનની પછી વીરપ્રભુનો જન્મ થયો હતો, એ જગત્પતિના જન્મથી સિદ્ધાર્થ રાજાને જે હર્ષ થયો હતો, તેનું વર્ણન જૈન ગ્રંથોમાં સારી રીતે કરવામાં આવેલું છે. તે સાથે ઇંદ્રોએ આવી એ વીરપ્રભુના જન્મનો જે ઉત્સવ કર્યો હતો, તેનું ધ્યાન પણ અલૌકિક છે. વીરપ્રભુ ભોગનીય કર્મ ખપાવાની ખાતર ગૃહ–સંસારમાં રહી છેવટે ચારિત્ર લઇ ચાલી નીકળ્યા હતા. તે વખતે નંદિવર્દ્ધન સંસારમાં હતા. સતી જ્યેષ્ટા અને નંદિવર્દ્ધન–બન્ને દંપતી વીરપ્રભુના પૂર્ણભક્ત હતા. અને સતત્ એ પરમ પ્રભુનું ધ્યાન ધરી તેના દર્શનની ઈચ્છા રાખતા હતા.

એક વખતે વીરપ્રભુ કુંડગ્રામના વનમાં આવી સમોસર્યા હતા. એ આનંદદાયક સમાચાર જાણી જ્યેષ્ઠા અંગમાં ઉમંગ ધરી પ્રભુને વાંદવા ગઇ હતી. જ્યેષ્ઠાએ પ્રભુના મુખથી ધર્મ-દેશના સાંભળી. પ્રભુએ તત્વજ્ઞાનની દેશનાને અંતે સામાન્ય પ્રાણીને બોધ થવાને કહ્યું કે, "ધર્મ એ કલ્પવૃક્ષ છે. તેના સત્કાળમાં જન્મ, શરીરે આરોગ્ય, સૌભાગ્ય, દીર્ઘઆયુષ્ય, બળ, નિર્મળ યશ, વિદ્યા અને ધનની સંપત્તિ મળે છે. વળી શુદ્ધ ભાવથી અંગીકાર કરેલો ધર્મ મોટા ભયથકી રક્ષણ કરી અંતે સ્વર્ગ અને મોક્ષ આપે છે." આ પ્રભુના વચનો સતી જ્યેષ્ઠાના હૃદયમાં સ્થાપિત થયા. તરતજ તેણીએ શુદ્ધ ભાવથી સમકિતમૂળ બાર વ્રત સાથે ધર્મને અંગીકાર કર્યો. એ સતીધર્મથી પવિત્ર થઇ પ્રભુને વંદના કરી પોતાના સ્થાનમાં આવી હતી. અને પોતાના પતિ નંદિવર્દ્ધનની સાથે તેણીએ શુદ્ધ ધર્મથી આરાધના કરી હતી.

એક વખતે શક્રઇંદ્રે દેવતાની સભામાં કહ્યું કે, "સ્વર્ગવાસી દેવતાઓ, વર્તમાન કાળે વીરપ્રભુના પિતૃગૃહમાં જ્યેષ્ઠા નામે એક મહાસતી થયેલી છે. તે સાધ્વી અચલ શીળવ્રત પાળનારી છે. સાધ્વી જ્યેષ્ઠાને કદિ દેવતાઓ ચલાવે તોપણ તે પોતાના શીળવ્રતથી ચળે તેવી નથી," શક્રેંદ્રના આ વચન સાંભળી એક દેવતાના હૃદયમાં આગ્રહ બંધાયો. તરત તે સ્વર્ગવાસી દેવ સતી જ્યેષ્ઠાને ચલિત કરવાને તેણીની પાસે આવ્યો. અકસ્માત્ જ્યેષ્ઠાનું હરણ કરી તે દેવ તેણીને એક ભયંકર જંગલમાં લાવ્યો. જ્યેષ્ઠા ભયંકર જંગલમાં ઉભી રહી તથાપિ તે ધર્મ અને શીળ ઉપર દ્રઢતાથી રહી હતી. થોડીવારે તેણીની પાસે દેવતાએ વિકુર્વેલી હાથી, ઘોડા, રથ અને પેદલની મોટી સેના આવી હાજર થઇ. તે દેવે સેનાની આગળ આવી સતીને કહ્યું, "હે કમલાક્ષી, હું સેનાનો અધિપતિ મહારાજા છું.

તું અહીં વનમાં એકલી છું, માટે મારી સાથે ચાલ. હું તને મારા વૈભવની ભોગવનારી કરીશ અને મારા પ્રેમનું પાત્ર બનાવીશ. અને તેથી તું મહાસુખને ભોગવનારી થઈશ."

સતી જયેષ્ટા કાનમાં આંગળી નાખી આક્ષેપથી બોલી— "કદિ આકાશમાંથી દેવકુમાર કે ઇંદ્ર પોતે આવે તોપણ હું મારા અંગીકાર કરેલા પતિને છોડી બીજા પુરૂષની સાથે રહેવાની નથી. જે મારો વિવાહિત પતિ છે, તેજ મારો સાચો જીવિત પતિ છે. પતિવ્રતાના પ્રભાવિક ધર્મની આગળ હું મારા પ્રાણને પણ ગણનારી નથી. ભ્રાતા, તું તારે રસ્તે ચાલ્યો જા. મારા પવિત્ર શીળની આગળ તારો તો શું પણ ચક્રવર્તી રાજાનો વૈભવ પણ હું તુચ્છ ગણું છું. દેવતાએ પુનઃ કહ્યું, સુંદરી, તું અહીં શરણરહિત એકલી છું. જો હું તને બળાત્કારથી સ્વાધીન કરીશ તો પછી તું શું કરીશ? સતીએ ક્રોધાવેશમાં કહ્યું, દુરાચારી, હવે વધારે બોલીશ નહીં. તારી મલિન જિહ્વાને વશ રાખ. જો વધારે બોલીશ તો હું તને આત્મહત્યા આપીશ." સતીના આવાં દૃઢ વચન સાંભળી દેવતા હૃદયમાં પ્રસન્ન થઈ ગયા. સતીની શીળ ધર્મની દૃઢતાથી સાનંદાશ્ચર્ય થઈ અને દિવ્યમૂર્તિ થઈને દેવતા બોલ્યો— સતી શિરોમણિ, તને ધન્ય છે. તારા જેવી સતીઓથી આ ભારતખંડ સુશોભિત છે. ધન્ય છે, વીરપ્રભુના પવિત્ર કુળને કે જેમાં તારા જેવી સતી પ્રગટ થઈ છે. આ પ્રમાણે કહી દેવતાએ તેણીને પોતાની હકીકત જણાવી અને એ દિવ્ય કુંડળ આપી તેણીને સ્થાને મુકી.

સતીને અકસ્માત્ આવેલી જોઈ ચકિત થયેલા નંદિવર્ધનને દેવતાએ કહ્યું, રાજપુત્ર, આ તારી પત્ની મહામની છે. મેં તેને શીળવ્રતથી ચલિત કરવાને બહુ પ્રયત્ન કર્યાં છતાં

પણ એ ચલાયમાન થઈ નથી. આ પ્રમાણે કહીને તે દેવતા સ્વર્ગમાં ચાલ્યો ગયો.

કુમાર નંદિવર્દ્ધન પોતાની પત્નીનો આવો ચમત્કારી શીળ-ધર્મ જોઈ હૃદયમાં અત્યંત હર્ષ પામ્યો હતો. તેના ધાર્મિક હૃદયમાં એ મહાનુભાવા સતીને માટે ઉત્તમ ભાવના બંધાઈ હતી. સતીજ્યેષ્ઠા અને નંદિવર્દ્ધનનો શ્રાવકસંસાર ઉત્તમ કોટીમાં ગણાયો છે. તેમણે દાંપત્ય ભાવથી ધર્મ, અર્થ કામ અને મોક્ષ સાધ્યા છે. દાન, શીળ, તપ અને ભાવ—એ ચતુર્વિધ ધર્મની આરાધના કરનારા તે રાજદંપતીનું યશોગાન ભારતી-જૈનપ્રજા અદ્યાપિ કરે છે. છેવટે સતીજ્યેષ્ઠા પતિની આજ્ઞા લઈ વ્રત લેવા તૈયાર થઈ હતી. તેણીએ પોતાના દીયર અને જગતના પતિ મહાવીર સ્વામી પાસે દીક્ષા લીધી હતી. જ્યેષ્ઠા સાધ્વીવ્રત લઈ જૈન મહિલાઓને સારો પ્રબોધ આપ્યો હતો. દેશોદેશ અને ગામેગામ વિહાર કરી અનેક શ્રાવિકાઓને સન્માર્ગે ચડાવી હતી. વીરપ્રભુના શાસનના આરંભ કાળે એ સતીના પ્રભાવ આ ભારતવર્ષ ઉપર પ્રસરી રહ્યો હતો.

સતીજ્યેષ્ઠા શ્રાવિકાઓની પર્ષદામાં બેસી સ્ત્રીધર્મનો સારો બોધ આપતી હતી. તેણી ઉંચે સ્વરે જણાવતી કે, “આર્ય જૈનબાળાઓ, તમે પુણ્યના પ્રભાવથી માનુષ્ય અને શ્રાવક કુળ એ પ્રાપ્ત થયેલ છો, તેથી તમે તમારા જીવનનો પૂર્ણ લાભ સંપાદન કરજો. તમારા શીળવ્રતને સાચવજો અને પતિની આજ્ઞા પ્રમાણે વર્તી તમારા સ્ત્રીજીવનને સફળ કરજો.” છેવટે એ મહાસતી ચારિત્ર પાળી મોક્ષે ગઈ હતી. અહો ! ધન્ય જ્યેષ્ઠાના શીળવ્રતને ! એવા શીળવ્રતથી તે પોતાનું પ્રાતિમત્વ બતાવી, ચારિત્ર ધર્મ પાળી અમર થઈ ગઈ છે. ! ! !





સુજયેષ્ટા.



મહાસતી સુજયેષ્ટા ચેટક રાજાની પુત્રી હતી. તેણીએ બાલ્યવયમાં ધાર્મિક અને સાંસારિક કેળવણી લીધી હતી. સુજયેષ્ટાને ચિલ્લણા નામે એક બ્હેન હતી. તે ઘણી ચતુર અને શાણી હતી. તે બન્ને બહેનોની વચ્ચે ઘણી પ્રીતિ હતી. તેઓ હંમેશા સાથે રહી વિદ્યાભ્યાસ કરતી અને સાથે રહી વિવિધ જાતની ક્રીડાઓ પણ કરતી હતી. તેઓ જ્યારે યૌવનવતી થઈ ત્યારે તેણીના પિતા ચેટક રાજા તેમના વિવાહને માટે ચિંતાતુર થયા હતા. તેવામાં શ્રેણિક રાજા પ્રપંચ કરીને ચિલ્લણાને પરણી ગયો હતો. પોતાની સહચારી બ્હેન ચિલ્લણાને જ્યારે શ્રેણિક પરણી ગયો અને પોતે એકલી રહી ત્યારે તેણીને વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થયો હતો. વૈરાગ્યના ભાવથી સુજયેષ્ટાને આ અસાર સંસાર ઉપર ઉપેક્ષા થઈ હતી. તેથી તેણીએ ચંદનબાળા સાધ્વીની પાસે દીક્ષા લીધી હતી. ચંદનબાળા ઘણી પવિત્ર અને વિદુષી સાધ્વીની તેણીએ યથાર્થ ધર્મ પામી પોતાના ચારિત્રને દીપાવ્યું હતું. સતી સુજયેષ્ટા જ્યારે દીક્ષિત થઈ ત્યારથી જ્યારે ત્યારે વિશાળા નગરીની જૈન પ્રજા તેણીના પવિત્ર દર્શન કરવાને જતી હતી.

સુજ્યેષ્ઠા ચારિત્ર લીધા પછી ભારે તપસ્યા કરતી હતી. સાધ્વી ચંદનબાળાની બધી શિષ્યાઓમાં સુજ્યેષ્ઠા સાધ્વી તીવ્ર તપસ્યા વાળી કહેવાતી હતી. તેણી પોતાની તપસ્યાથી જૈન શાસનની મહાન ઉન્નતિ વધારતી હતી.

એક વખતે સુજ્યેષ્ઠા પોતાના ઉપાશ્રયની અગાશી ઉપર એકલી આતાપના કરતી હતી. તેવામાં પેઢાલ નામનો એક સિદ્ધ વિદ્યાધર તે માર્ગે નીકળ્યો હતો. તેની પાસે ઘણી ઉત્તમ વિદ્યાઓ હતી પણ તેવું પાત્ર નહીં મળવાથી તે સુપાત્રની ગવેષણા કરતો હતો. તેણે સુજ્યેષ્ઠા સાધ્વીને અગાશી ઉપર તપસ્યા કરતી જોઈ. તે જોતાંજ તેણે વિચાર કર્યો કે, " જો આવી તપસ્વિનીના ઉદરથી સંતતિ થાય, તો તે વિદ્યાનું પાત્ર થઈ શકે; ને મારી વિદ્યા સફળ થાય" આવા વિચારથી તે મૂઢમતિ વિદ્યાધર ભ્રમરનું રૂપ લઈને તે સાધ્વીની પાસે આવ્યો અને આતાપના લેતી તે સુજ્યેષ્ઠાની યોનિને વિષે પ્રવેશ કરી પોતાનુ વીર્ય મુકયું હતું.

અનુક્રમે સુજ્યેષ્ઠાને ગર્ભિણીના ચિન્હ દેખાવા લાગ્યાં. બીજી સાધ્વીઓને તે વાતની ખબર પડવાથી તેઓ તેણીને તિરસ્કારથી કહેવા લાગી—" અરે પાપણી, તેં આવુ અકાર્ય કેમ કર્યું? તેં ચારિત્રને કલંકિત કરી જૈન શાસનને વગોવ્યુ. તારા જેવી અધમ સ્રીને હજાર વાર ધિક્કાર છે," આ પ્રમાણે કહી તે સાધ્વીઓએ તે વાત પોતાની પ્રવર્ત્તિનીને કહી, પ્રવર્ત્તિનીએ પણ તેણીને ભારે તિરસ્કાર આપ્યો, ત્યારે સતી સુજ્યેષ્ઠા ચકિત થઈને બોલી—"મહાસતી, મેં મનવડે પણ મારા શીળને ખંડિત કર્યું નથી. તો શરીરની વાત શી કરવી?" સાધ્વીઓએ કહ્યું, "જો તો ગમે તેમ હોય પણ જો શીળની રક્ષા થઈ હોય તો આ ગર્ભ ક્યાંથી?" સતીએ મક્કમ જણાવ્યું, " ગમે તેમ હોય, પણ મારા શીળનો ભંગ કદિ પણ થયો નથી." પછી સાધ્વીઓ સતી સુજ્યેષ્ઠાને લઈને મહા-

વીર પ્રભુ પાસે ગઇ હતી. સાધ્વીઓએ પ્રભુને વંદના કરી પુછયું, ભગવન્ આ સતી છે કે અસતી છે? ભગવાને પોતાના જ્ઞાનબળથી કહ્યું, "સાધ્વીઓ, આ સાધ્વી સર્વ સતીઓની શિરોમણિ છે. કોઇ વિદ્યાધરે તેની યોનિને વિષે ગુપ્તરીતે પોતાનું વીર્ય મુકી તેને સગર્ભા કરી છે, તેની એને ખબર નથી." જ્ઞાનીનાં આવા વચન સાંભળી સર્વ સાધ્વીઓ આશ્ચર્ય પામી ગઇ અને તેમણે શુદ્ધ હૃદયથી બ્રહ્મસતી સુજ્યેષ્ટાને ખમાવી હતી.

કર્મની ગતિ વિચિત્ર છે. ચારિત્રધારિણી સાધ્વીને કર્મને વશ થઇ સગર્ભા થવું પડયું હતું. ધર્મ સાધનના પવિત્ર સ્થાન રૂપ ઊપાશ્રયમાં એક પવિત્ર સતીનું સૂતિકાગૃહ થયું હતું. અનુક્રમે સાધ્વી સુજ્યેષ્ટાને એક પુત્રનો જન્મ થયો હતો. તે સાધ્વીપુત્રનું નામ સત્યકિ પાડવામાં આવ્યું હતું. સત્યકિને જન્મ્યા પછી કોઇ શ્રાવકને ઘેર મુકયો હતો, ત્યાં તે ઊછરી મોટો થયો હતો. સાધ્વીપુત્ર સત્યકિ ઘણો બુદ્ધિમાન્ અને વિચક્ષણ થયો હતો. સત્યકિ બાલ્યવયમાં સાધ્વીઓના સહવાસમાં રહેલો હતો અને તેનું લાલન પાલન સાધ્વીઓએજ કર્યું હતું. બુદ્ધિમાન્ સત્યકિ ફક્ત કાને સાંભળીનેજ અગીયાર અંગ શીખ્યો હતો. વળી પૂર્વ જન્મના તીવ્ર સંસ્કારથી તેણે અનેક વિદ્યાઓનો અર્થસહિત અભ્યાસ કર્યો હતો.

એક વખતે બાળક સત્યકિ સાધ્વીઓની સાથે વીર પ્રભુને વંદના કરવા ગયો હતો. પ્રભુ સમવસરણમાં ધર્મદેશના આપતા હતા. દેશના પૂર્ણ થયા પછી કાલસંદીપન નામના એક વિદ્યાધરે વીર પ્રભુને પુછયું કે, "સ્વામી, મને હણનાર કોણ થશે?" પ્રભુએ કહ્યું, "અહિં જે આ સત્યકિ છે, તેનાથી તારૂં મૃત્યુ થશે." તે ઉપરથી કાલસંદીપને મનમાં વિચાર કર્યો કે, "અહો! મને કૌતુક થાય છે કે, આટલો બાળક મને હણશે! બીજાઓ પણ તે વખતે હૃદયમાં અતિશય આશ્ચર્ય પામ્યા હતા.

એક વખતે સત્યકિનું બુદ્ધિબળ અને વિદ્વત્તા જોઇ અત્યંત પ્રસન્ન થયેલા દેવતાઓએ તેને કહ્યું કે, "સત્યકિ, તારૂં બુદ્ધિબળ મોટું છે. તું રોહિણી વિદ્યાનું સાધન કર્ય. જો રોહિણી તને સિદ્ધ થશે તો અમે તને સહાય કરીશું. વળી તે વિદ્યા સાધતાં તને સાત ભવ થયા છે તે વિદ્યાનું સાધન કરવાથી તને પાતકી કહીને પાંચ ભવને વિષે તો હણ્યો હતો; છઠ્ઠા ભવને વિષે તારૂં આયુષ્ય છ માસ બાકી હતું, ત્યારે એ વિઘ્ન કરનારી રોહિણી પ્રસન્ન થઇ હતી, પણ તારૂં સ્વલ્પ આયુષ્ય હોવાથી તેં એને અંગીકાર કરી નહતી. હવે તે આ તારા સાતમા ભવને વિષે પ્રસન્ન થશે." દેવતાના આવાં વચન સાંભળી સત્યકિએ પોતાનો દેહ દહન કરવા એક ઉંચી ચિતા ખડકી અને પછી તેમાં રહી તે બોલવા લાગ્યો—"હું રોહિણી વિદ્યા સાધવાને અર્થે ચિતામાં બળું છું, માટે તે વિદ્યા મને સિદ્ધ થાઓ." આ પ્રમાણે કહી અગ્નિથી જ્વલતી એવી ચિતાને વિષે તે અંગુઠે કરીને વિદ્યાનું સ્મરણ કરવા લાગ્યો અને ફરી ફરી મંત્રનો જાપ કરવા લાગ્યો. આ વખતે પેલા કાલસંદીપન વિદ્યાધરે આવી સત્યકિને જલદી ભસ્મ કરવાને તેની ચિતામાં કાષ્ટનો ઘણો ભાર ભર્યો. અને તે પ્રમાણે વિઘ્ન કરવા ઉભો થયો. ત્યાં તો સાતમે દિવસે રોહિણી વિદ્યાએ પ્રગટ થઇ તે વિઘ્ન કરનારને અટકાવ્યો હતો. પછી તેણે સત્યકિને કહ્યું કે, હે ધીરવીર સત્યકિ, તારૂં એક અંગ મને બતાવ્ય, જેથી હું તારા શરીરમાં પ્રવેશ કરૂં. પછી સત્યકિએ તે દેવતાને પોતાનું કપાળ બતાવ્યું. એટલે તે રસ્તે દેવતાએ તેના દેહને વિષે પ્રવેશ કર્યો. તેથી તત્કાળ તે સત્યકિને લલાટ ઉપર ત્રીજું નેત્ર થયું, આથી તે જગતમાં ત્રિલોચન અથવા ત્રિનેત્રી એવા નામથી વિખ્યાત થયો હતો.

ત્રિલોચન સત્યકિ પોતાની બ્રહ્મનિષ્ટ સાધ્વી માતા સુજ્યેષ્ઠાને કલંકિત કરનાર પેઢાળનોસંબંધીકાલસંદીપન વિદ્યાધરને જાણીતેનું વૈર લેવા તેને મારવાને જગત્માં ઘણીવાર ભમ્યો હતો. વિદ્યાથી બળવાન થયેલા સત્યકિથી ભયભીત થઈ કાળસંદીપન પોતાના ત્રણપુર-નગર દૃઢ કરી તેમાં ગુપ્તપણે રહ્યો હતો. એ વાત સત્યકિના જાણવામાં આવતાં સત્યકિએ જઈ તેના ત્રણ નગરને બાળી નાંખ્યા હતા. ત્યારથી તે ત્રિપુરારિ એવા નામથી વિખ્યાત થયેલો છે. જ્યારે સત્યકિએ પોતાના ત્રણ નગર બાળી નાંખ્યા, એટલે કાળસંદીપન ત્યાંથી નાશીને સમુદ્રમાં ગયો હતો. ત્યાં પણ સત્યકિએ પાછળ જઈને તેના પ્રાણ લીધા હતા. કાળસંદીપન મૃત્યુ પામીને નરકે ગયો હતો.

સાધ્વી પુત્ર સત્યકિ પોતાના વૈરી કાળસંદીપનને માર્યા પછી જગત્માં મુસાફરી કરવા નીકળ્યો હતો. રોહિણી વિદ્યાના બળથી તે મોહિત થયો હતો અને તેથી તે વિષયવિકારી બની ગયો હતો. તે અનેક તપસ્વીઓની સ્ત્રીઓની સાથે ભોગ ભોગવતો અને જે કોઇ સ્ત્રી તેની સાથે વિરોધ કરે તો તે તેણીને બાળી ભસ્મ કરી દેતો હતો. છેવટે તે એટલે સુધી લંપટ બન્યો હતો કે, તે જે જે સ્ત્રીને દેખે તેને તે ભોગવતો હતો. વળી તે કોઇવાર ભિક્ષુકનો વેષ ધારણ કરી ફરતો અને સ્મશાનમાં વાસ કરી રહેતો હતો.

એક વખતે સત્યકિ પોતાની વિદ્યાના બળથી પુષ્પક નામનું વિમાન નિપજાવીને તેમાં આરૂઢ થઇ આકાશ માર્ગે ફરતો હતો, ત્યાં તેને નંદીશ્વર અને નંદી નામના બે મિત્રો થયા હતા. ત્યાંથી તે ઉજ્જયિની નગરીમાં આવ્યો હતો. ત્યાં ચંડપ્રદ્યોતન નામના રાજાની રાણીઓની સાથે તેણે વિષય સુખ ભોગવ્યું હતું. માત્ર શિવા નામની એક રાણીને તે ભોગવી શક્યો નહતો. આ ખબર જાણી રાજા ચંડપ્રદ્યોતને તેનો વધ કરવાને જુદા જુદા મા-

પુરુષોને પુછયું, એટલે ઉમા નામની વેશ્યાએ તે કામ કરવાનું બીડું ઝડપ્યું હતું. ઉમા સત્યકિને તાબે કરવા પ્રયત્ન કરતી હતી. એક વખતે ઉમા પોતાના ગોખમાં બેઠી હતી, ત્યાં સત્યકિ વિમાન ઉપર બેસી ફરવા નીકળ્યો. ત્યાં ઉમાને તેણે ગોખ ઉપર બેઠેલી જોઈ. તે સ્વરૂપવતી સુંદરીને જોઈ સત્યકિ કામાતુર થઇ ગયો અને તેણીને પોતાના વિમાનમાં બેસારીને તે ફરવા લઇ ગયો. તે વખતે તેણે ઉમાની સાથે વિષય સુખ ભોગવ્યું હતું. ઉમાએ સત્યકિને તાબે કરવાને પાંચ બાણુ મુકેલા, તે સત્યકિએ ગ્રહણ કરી લીધાં અને તે પાંચ બાણુથી તેણે જગત્‌ને વશ કરી લીધું હતું.

સાધ્વીપુત્ર સત્યકિ તે ઉમા વેશ્યાની સાથે ઘણાં સમય સુધી રહ્યો હતો. ઉમા ઘણાં લાગ જોતી તોપણ સત્યકિ વિદ્યાના બળથી તેના ઝપાટામાં આવતો નહતો. એક વખતે ચતુર વેશ્યા ઉમાએ સત્યકિને પ્રેમ બનાવી પુછયું કે, પ્રિય, આપની આ વિદ્યા નિરંતર આપની પાસે રહે છે કે કોઇ બીજાની પાસે રહે છે? મોહ પામેલા સત્યકિએ સાચે સાચું કહી દીધું " વિષય સમાગમના સમય વિના તે મારી પાસે રહે છે." આ વાત જાણી લઇ ઉમાએ ગુપ્ત રીતે તે વાત ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતનને જણાવી. અને સૂચવ્યું કે, " જ્યારે સત્યકિ મારી સાથે ભોગવે છે, ત્યારે એ પોતાની વિદ્યાને ખડ્ગને વિષે મુકે છે; માટે જો કોઇ એનો એ વખતે ઘાત કરે તો તે મૃત્યુ પામે. તે શિવાય તે કદિપણ હણાય તેમ નથી." આ સૂચના ઉપરથી રાજા ચંડપ્રદ્યોતને પોતાના એક બાહોશ સેવકને તે કામ માટે આદેશ કર્યો અને તે સાથે સૂચવ્યું કે, હે સેવક, તારે ભોગ કરતી વખતે સત્યકિનો એવી રીતે ઘાત કરવો, કે તેની સાથે રહેલી વેશ્યાને લેશ માત્ર હરકત ન આવે. રાજસેવક તે વાત સ્વીકારી જ્યાં સત્યકિ અને ઉમા રહેતા હતા, ત્યાં ગુપ્ત રીતે રહ્યો. ઉમા સત્યકિની સાથે ભોગ ભોગવવા આવી. તે વખતે

સત્યકિ પોતાની રોહિણી વિદ્યા ખડ્ગને વિષે મુકી તેણીની સાથે ભોગ ભોગવવા લાગ્યો. આ સમયનો લાગ જોઇ પેલા રાજાના દૂતે સત્યકિનો ઘાત કર્યો અને ઉમાને બચાવી લીધી હતી.

પાછી સત્યકિનો નગ્ન અવસ્થામાં ઘાત થયો. આ ખબર તેના મિત્ર નંદીશ્વરના જાણવામાં આવી, એટલે એક મોટી શિલા ઉપાડી ચંડપ્રદ્યોતન રાજાની પાસે ગયો અને તેણે કહ્યું કે, " તમે મારા મિત્રનો ઘાત કર્યો છે; માટે હું આ શિલાથી તમારો અને તમારા નગરનો સામટો વધ કરૂં છું." તે સાંભળી ચંડપ્રદ્યોતને કહ્યું,— " ભદ્ર, આ શિલાને મુકી દે; તું કહીશ તેમ હું કરીશ." ત્યારે નંદીશ્વરે કહ્યું કે, " જો તમારે બચવું હોય તો મ્હારા મિત્ર સત્યકિને જેવી અવસ્થામાં હણ્યો છે, તેવીજ અવસ્થામાં તેના પરિવાર સહિત પ્રાસાદને વિષે જો તેની પૂજા કરો તો હું આ શિલા મુકી દઉં." ચંડપ્રદ્યોતને તે વાત કબુલ કરી. પછી ચંડપ્રદ્યોતને પોતાના મિત્ર સત્યકિની નગરે નગર અને ગામે ગામ પૂજા કરાવી હતી. તે શિવલિંગની પૂજા અદ્યાપિ લોકો ગાડરીઆ પ્રવાહથી કરે છે.

આ પ્રમાણે સતી સુજ્યેષ્ટાના પુત્ર સત્યકિનું ચરિત્ર બનેલું હતું. સત્યકિએ પોતાનું જીવન જુદીજ રીતે પ્રવર્ત્તાવ્યું હતું. તે ફરીવાર પોતાની સતી માતાને મળ્યો નહતો. જ્ઞાનીના વચનથી મહા સતી ઠરેલી સુજ્યેષ્ટાને પછી બધી સાધ્વીઓએ માન આપ્યું હતું. પોતાના ચારિત્રની ચર્ચા થઇ એથી સુજ્યેષ્ટાને ઘણું લાગી આવ્યું હતું. અને તેથી તે મહા સતી તપશ્ચર્યામાં વિશેષ પ્રવૃત્ત થઇ હતી. તેણીએ તપોબળથી પોતાના ચારિત્રને વિશેષ ઉજ્વળ કર્યું હતું. સતી સુજ્યેષ્ટા જેવી તપસ્વિની હતી તેવી તે પરોપકારિણી હતી. નઠારી સ્થિતિમાં આવી પડેલા સાધર્મિઓનો ઉદ્ધાર કરવાનો તે ઉપદેશ આપતી અને પોતાના સાધ્વીધર્મને બાધ ન આવે તેવી રીતે તેમને સહાય આપતી અને અપાવતી હતી.

સતી સુજ્યેષ્ટા વારંવાર મહાવીર પ્રભુના દર્શન લેવાનેઅને તેમનો ઉપદેશ સાંભળવાને જતી હતી. એક વખતે વીર પ્રભુના દર્શન કરવા જતાં માર્ગમાં ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતનની રાણી શિવાનો મેળાપ થઇ આવેલ; તે વખતે તેણીએ શિવાને સારો બોધ આપ્યો હતો. ઉજેણની રાણી શિવાએ સતી સુજ્યેષ્ટાને પુછયું કે, "સાધ્વીજી, મને કલ્યાણનો માર્ગ બતાવો." તેણીની પ્રાર્થનાથી સતી સુજ્યેષ્ટાએ કહ્યું હતું કે, મહારાણી શિવા, તમે એક મહારાજાની રાણી છો. સર્વ પ્રકારની સંપત્તિ તમારે સ્વાધીન છે, તો પ્રથમ તમે તમારા સાધર્મીઓનો ઉદ્ધાર કરજો. સાધર્મીઓના સંતાનોને સદ્બોધ આપવા ઉત્તમ પ્રકારની જ્ઞાનશાળાઓ સ્થાપન કરજો. નઠારી સ્થિતિમાં આવી પડેલા પામર સાધર્મીઓના નિર્વાહને માટે દાનશાળાઓ ઉઘાડજો. અને ધાર્મિક ઉદ્યોત વધારવાને ગૃહસ્થ વર્ગને નીતિયુક્ત વ્યાપાર કળાના સાધનો કરી આપજો કે, જેથી શ્રીમંત થયેલા સાધર્મીઓ અનેક પ્રકારના ધાર્મિક ઉત્સવો કરી ધર્મનો ઉદ્યોત કરી શકે."

સતી સુજ્યેષ્ટાનાં આવાં ઉપદેશ વચનો શિવારાણીએ સ્વીકાર્યા હતા અને તેણીએ તે પ્રમાણે અનુસરવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી.


પરોપકારી અને પરમ પવિત્ર મહાસતી સુજ્યેષ્ટાએ પોતાના જીવનમાં એવા એવા અનેક ઉપકારો કરેલા હતા. છેવટે મહાસતી સુજ્યેષ્ટા શ્રીવીર પ્રભુના ઉપદેશનાપ્રભાવથી વિવિધ જાતની તપશ્ચર્યા કરતી અનુક્રમે સર્વ કર્મનો ક્ષય થવાથી કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિને પામી હતી. તેજ અરસામાં ચંડપ્રદ્યોતન રાજાની રાણી શિવા પણ શ્રી મહાવીર સ્વામી પાસે દીક્ષા લઇ, કર્મ દહન કરી મોક્ષે ગઇ હતી.

વાંચનારી બ્હેનો, આ સુજ્યેષ્ઠા સતીના ચરિત્રને મનન કરી તેમાંથી સાર ગ્રહણ કરજો. સુજ્યેષ્ઠાની જેમ આ સંસાર ઉપર મોહ રહિત થઈ આત્મસાધન કરવામાં તત્પર રહેજો. જેમ સુજ્યેષ્ઠાએ પોતાની બ્હેન ચિલ્લણા ઉપર પવિત્ર સ્નેહ રાખ્યે હતો, તેવી રીતે તમારી બ્હેનોની ઉપર સ્નેહ રાખજો. વળી સુજ્યેષ્ઠાની જેમ શીળવ્રતનું રક્ષણ કરજો. જો સ્ત્રીઓમાં ખરેખરૂં શીળ રક્ષિત થયું હોય તો તેની દેવતા પણ રક્ષા કરે છે. સુજ્યેષ્ઠાને પેઢાલ નામના સિદ્ધે કલંકિત કરેલી, તે છતાં જો તે શુદ્ધ હતી, તો તેનું કલંક દૂર થઈ ગયું અને આખરે તે જૈન સતી મંડળમાં ઉત્તમ રીતે ગણાણી છે. એવી પવિત્ર સતીને હજાર વાર ધન્યવાદ ઘટે છે.





મૃગાવતી.



આ મહાસતી કૌશાંબી નગરીના રાજા શતાનીકની સ્ત્રી હતી. એ સતીએ વિદ્યા સંપાદન કરી અનેક સદ્ગુણો ધારણ કર્યા હતાં. સતી મૃગાવતીની બુદ્ધિ ઘણી વિશાળ હતી. એ મૃગાવતી જ્યારે વિદ્યમાન હતી, ત્યારે આ ભરતક્ષેત્ર ઉપર મહાવીર પ્રભુ વિચરતા હતા. મૃગાવતીનું સૌંદર્ય અનુપમ હતું. તેના સૌંદર્યથી દેવાંગનાઓ પણ શરમાઈ જતી હતી. રાજા શતાનીક રાણી મૃગાવતી ઉપર ઘણી પ્રીતિ રાખતા હતા. એ બન્ને રાજદંપતી પરસ્પર પ્રેમપાત્ર બની ધર્મ સાધન કરતાં હતાં.

આ અરસામાં કૌશાંબી નગરીનો કોઈ એક પુરૂષ સાકેત નગરમાં ચિત્રવિદ્યા શીખવાને ગયો હતો. તે વખતે આ ભારતવર્ષ ઉપર સાકેત નગરની ચિત્રવિદ્યા પ્રશંસનીય ગણાતી હતી; તેથી અનેક દેશોના પુરૂષો એ નગરમાં ચિત્રવિદ્યા શીખવાને આવતા હતા.

સાકેત નગરમાં સુરપ્રિય નામનો એક યક્ષ હતો. ત્યાંના લોકો દર વર્ષે તેની યાત્રાને દિવસે તેનું વિચિત્ર ચિત્ર ચિતરતા હતા. એક વખતે તે યક્ષ કોપ પામ્યો અને તે ચિત્રકારોનેજ હણવા લાગ્યો. પછી ચિત્રકારોએ તેનું ચિત્ર કરવું બંધ કર્યું.

કો તો, દુર્ગતિને આપનારી હિંસા છોડી દો અને સર્વ ચિત્રકારોને અભયદાન આપો." ચિત્રકારના આ વચન સાંભળી યક્ષ વિશેષ સંતુષ્ટ થઈ બોલ્યો—"પ્રિય ચિત્રકાર, તારી પરોપકાર વૃત્તિને ધન્ય છે. આજથી હવે હું કોઇ પણ પ્રાણીનો ઘાત કરીશ નહીં. ભદ્ર, તેં જે આ વરદાન માગ્યું, તે બીજાના ઉપકારને માટે છે, પણ તારા પોતાના હિતને માટે બીજું વરદાન માગી લે." ચિત્રકાર હૃદયમાં હર્ષ પામીને બોલ્યો—"મહાનુભાવ, જો તમે મારા ઉપર વિશેષ પ્રસન્ન થયા હો તો મને એટલું આપો કે, કોઇ મનુષ્યના શરીરનો કોઇ પણ ભાગ મ્હારી દૃષ્ટિએ પડે તો તેના શરીરનું આખું રૂપ હું ચીતરી શકું" યક્ષે કહ્યું, "તે તારી કામના પૂર્ણ થાઓ." યક્ષના આવા વરદાનથી પ્રસન્ન થયેલો તે ચિત્રકાર નગરમાં આવ્યો. તેને જીવતો આવેલો જાણી નગરના લોકો આશ્ચર્ય પામી ગયા. પછી તેણે નગરજનોને પોતાનો બધો વૃત્તાંત જણાવ્યો. જે સાંભળી લોકો ઘણાંજ ખુશી થઇ ગયા અને તેમણે સાકેત નગરમાં મોટો ઉત્સવ કર્યો હતો.

કેટલાક દિવસો ગયા પછી તે ચિત્રકાર પોતાને વતન—કૌશાંબી નગરી એ આવ્યો હતો. પોતાનું કળા કૌશલ્ય બતાવવાને તે કૌશાંબી પતિ શતાનિક રાજાને મળ્યો હતો. રાજા શતાનિક તેની ચિત્રકળા જોઇ ખુશી થયો અને તેણે પોતાની ચિત્રશાળા તે ચિત્રકારને સોંપી હતી. ચતુર ચિત્રકારે જાતજાતના પશુપક્ષીઓ અને બીજા વિચિત્ર આકૃતિવાળા પ્રાણીઓના ચિત્રો આલેખી તે ચિત્રશાળાને સુંદર બનાવી હતી.

વખતે તે ચિત્રકારએક ચિત્રશાળા ચિતરતો હતો તેવામાં તેની પાછળ આવેલા અંતઃપુરના ગોખમાં મૃગાવતી રાણી બેઠી હતી. તેના પગનો અંગુઠો તે ચિત્રકારના જોવામાં આવ્યો. અને તે ઉપરથી તે વરદાન પામેલા ચિતારે મૃગાવતીનું બધું ચિત્ર

લીધું. આળેખીરાણી મૃગાવતીના સાથળના ભાગ ઉપર તિલનો ડાઘ હતો, તે ડાઘ પણ ચિત્રમાં પડયો; પણ ચિતારાએ તે ડાઘ ટાળી નાંખ્યો. તોપણ ફરી એ ડાઘ પડયો, ફરી ટાળી નાંખ્યો પણ એ જતો ને પાછો પડતો, તેથી ચિત્રકાર ચિંતાતુર થઈ વિચાર કરવા લાગ્યો. "મષીના ડાઘને હું ફરીફરી કાઢી નાંખું છું, છતાં તે પાછો પડે છે, તે ઉપરથી હું એમ માનું છું કે, રાણીના સાથળ ઉપર એવું લાંછન હશે." પછી તે ચિત્રકાર તે મૃગાવતીનું ચિત્ર રાજા શતાનિકની પાસે લઈ ગયો. રાજા તે સુંદર ચિત્ર જોઈ ઘણોજ હર્ષ પામ્યો. ચિત્ર જોતાં રાણીના સાથળ ઉપર રાજાની દૃષ્ટિ પડી. તે જોઈ રાજાના મનમાં શંકા આવી કે, "આ ગુપ્ત ચિન્હ ચિતારાના જાણવામાં કયાંથી આવે? જરૂર આમાં કાંઈક દગો છે. આ ચિત્રકાર દુષ્ટ લાગે છે. તેણે કોઈ યુક્તિથી મારા જનાનામાં પ્રવેશ કરી રાણી મૃગાવતીને ભોગવીજ જણાય છે. નહીં તો તેણીના સાથળનું બિંદુ એ કયાંથી જાણે?" તે ઉપરથી ક્રોધાતુર થઈ રાજાએ તે ચિત્રકારને મારી નાંખવાનો આદેશ કર્યો. તે વખતે બીજા ચિત્રકારે એ આવી રાજાને જણાવ્યું—સ્વામી, આ ચિત્રકારને કોઈ યક્ષે વરદાન આપેલું છે, તેથી તે એક અંગ જોઈને સર્વ શરીરની આકૃતિ આળેખી શકે છે. તે સર્વ રીતે નિર્દોષ છે. તેઓની પ્રાર્થના ઉપરથી રાજાએ તેને કોઈ કુબ્જા દાસીનું મુખ દેખાડી તેણીનું આખું રૂપ ચિતરવા આપ્યું. તો તે તાદૃશ તેવુંજ આળેખાયું. આવું જોતાં છતાં પણ રૂષ્ટ થયેલા રાજાએ આજ્ઞા કરી તે ચિત્રકારની એક આંગળી છેદી નંખાવી. આથી તે ચિત્રકારને ઘણો રોષ ઉત્પન્ન થયો. તેણે પોતાના હૃદયમાં ચિંતવ્યું કે "આ રાજાએ મારી જીંદગી વ્યર્થ કરી દીધી. જગતમાં પ્રશંસા પામ અનેલી મારી ચિત્રકળાને તેણે વિનષ્ટ કરી દીધી. આ અનુપમ રાજાનો વેરનો બદલો મારે લેવો જોઈએ. એ ક્રૂર રાજાએ

મને આવી અવસ્થાએ પહોંચાડયો, માટે હવે મારે એવું કરવું કે, જેથી એને એની રાણી મૃગાવતીનો વિયોગ થઇ જાય." આવું ચિંતવી તેણે ઘણી મુશ્કિલથી એક પટ ઉપર મૃગાવતીનું રૂપ આળેખ્યું અને તે લઇ શતાનીક રાજાના વૈરી અવંતીનગરીના રાજા ચંડપ્રદ્યોતનને બતાવ્યું. રાજા ચંડપ્રદ્યોત એ સુંદર ચિત્ર જોઈ હૃદયમાં ચમત્કાર પામી ગયો. તેણે મસ્તક ધુણાવી ચિત્રકારને પુછયું—"ચિત્રકાર, આ કોનું ચિત્ર છે?" ચિત્રકારે ઉત્તર આપ્યો—"મહારાજા, કૌશાંબીપતિ શતાનીક રાજાની રાણી મૃગાવતીનું આ ચિત્ર છે" તે સાંભળતાંજ ચંડપ્રદ્યોતન ક્રોધાતુર થઈ ગયો. તેના મનમાં આવ્યું કે, "શું મારા વૈરી શતાનીકના અંતઃપુરમાં આવી સુંદર રાણી છે! એ મૃગાવતીને બળે કરીને પણ મારે ગ્રહણ કરવી જોઇએ. જ્યાંસુધી એ મૃગાક્ષી મારા અંતઃપુરમાં આવી નથી ત્યાંસુધી મારી રાજ્યલક્ષ્મી અપૂર્ણ છે, એમ હું માનું છું." આવું ચિંતવી તેણે **વજ્રજંઘ** નામનો એક દૂત તૈયાર કર્યો અને તેને શતાનીક રાજા પાસે મૃગાવતીની માગણી કરવા સારૂ મોકલ્યો. દૂતે ત્યાં જઇને કહ્યું, "મારા સ્વામી ચંડપ્રદ્યોતન રાજા મૃગાવતીની ઇચ્છા રાખે છે, તેમણે કહેવરાવ્યું છે કે, સીસાની સાથે રહેલો મણિ જેમ ઓપતો નથી, તેમ તારી સાથે રહેલી મૃગાવતી શોભતી નથી, માટે તે રત્નરૂપ રામાને અમારી પાસે મોકલી દેવી. કારણકે, મુગટ તો મસ્તક ઉપરજ શોભે, પગે નહીં. વળી જો જીવિત અને રાજ્ય રાખવું હોય તો મૃગાવતીને સોંપી દે; કારણકે, સર્વનો નાશ થતો અટકાવવાને વિચક્ષણ જનોએ એક વસ્તુનો નાશ થવા દેવો." વજ્રજંઘના આવાં વચન સાંભળી રાજા શતાનીકને ઘણો કોપ ચડયો. તેણે આક્ષેપથી કહ્યું, "અરે દૂત, તારા રાજાને મારીવની જઇને કહે કે, જેમ સીસાની સાથે મણિ શોભે નહીં, તેમ તારી સાથે મૃગાવતી શોભે

નહીં; માટે તે મૃગાવતી અહીંજ ભલે રહી, મુગટ મસ્તક ઉપરજ શોભે છે, ચરણે નહીં. તારા અંતઃપુરનો વિચાર કરીને તારું રાજ્ય તથા ઉન્નતિ બચાવ. વિચક્ષણ પુરુષોએ અલ્પના નાશને અર્થે સર્વનો નાશ અટકાવવો જોઈએ."

આવું તેનું કહેલું, તે દૂતે ચંડપ્રદ્યોતનને જઈને કહ્યું, તે સાંભળતાંજ ઉજ્જયિનીપતિ ક્રોધાતુર થઈ ગયો અને તેણે ચૌદ રાજાઓની સાથે મોટી સેના લઈ શતાનીક ઉપર ચડાઈ કરી. શતાનીક રાજા તેને આવતો જોઈ સામો ચડયો. બન્નેની વચ્ચે ભારે યુદ્ધ ચાલ્યું. છેવટે ચંડપ્રદ્યોતનની ભારે સેના જોઈ રાજા શતાનીક ભય પામી ગયો અને તે ભયને લીધે તેને અતિસારનો ભયંકર રોગ થઈ આવ્યો. અને તરતજ મૃગાવતીએ કરાવેલ આરાધનાથી તે તેજ રોગમાં મૃત્યુ પામી ગયો.

શતાનીકના મૃત્યુ થવાથી રાણી મૃગાવતી કંપી ચાલી અને તે સતીએ પોતાના પ્રાણેશને માટે બહુ કલ્પાંત નહીં કરતાં તે વખતે તે વિધવા રાણીએ વિચાર્યું કે, "હવે શું થશે? મારા શીલની અને બાળ પુત્રની શી રીતે રક્ષા થશે?" છેવટે ચતુર મૃગાવતીએ વિચાર્યું કે, "હવે કોઈપણ યુક્તિથી મારા શીલ અને સુપુત્રને બચાવવા." આવું વિચારી રાણીએ પોતાના સ્વામીનું પ્રેત કાર્ય કર્યું અને તે પછી પોતાની એક વિશ્વાસુ દાસીને શિખામણ આપી ચંડપ્રદ્યોતનની પાસે મોકલી. તે દાસીએ આવી અવંતીપતિને કહ્યું, મહારાજ, અમારા વિધવા રાણીએ કહેવરાવ્યું છે કે, "મારા સ્વામીનું મૃત્યુ થયા અને આ મારો પુત્ર ઉછરવા લાયક વયનો છે, માટે જો કદાચ હું તમારી સાથે આવું તો મારા પુત્રને કોઈ મારી નાંખે માટે જો અવંતીથી મોટી ઈંટો લાવી આ નગરને ફરતો કિલ્લો કરી આપો [illegible] ધન ધાન્યથી [illegible] નગર પૂર્ણ કરી આપો [illegible] પુત્રને [illegible] પ્રાપ્ત [illegible] પછી નિશ્ચિંત થઈ તમારી [illegible]"

દાસીના આવાં વચન સાંભળી કામી ચંડપ્રદ્યોતન ખુશી થયો અને તે ચૌદ રાજાઓની સાથે પોતાના નગરથી અવંતીપતિએ હાથોહાથ શ્રેણીબંધ અવંતીથી કૌશાંબી સુધી માણસો રાખી ઇંટોનો એક મોટો કિલ્લો બંધાવી દીધો અને અનાજ ઘાસ પાણીથી નગર સંપૂર્ણ ભરી દીધું. ત્યાર પછી કેટલોક સમય ગયા પછી અવંતીપતિ ચંડપ્રદ્યોતન જે કિલ્લાની બાહેર છાવણી નાંખી પડયો હતો, તેણે પોતાના માણસો મૃગાવતીને તેડવા મોકલ્યા. ને કહેવરાવ્યું "જે તમારૂં વચન મેં પાળ્યું માટે હવે તમો તરત અહીં આવો" તે વખતે તે બહાદૂર સતીએ કહેવરાવ્યું. "અરે દુરાચારી રાજા, હું શીલવતી શ્રાવિકા છું, મનથી પણ તને ઇચ્છતી નથી તો કાયાથી ક્યાંથી ઇચ્છું ? એ તો મારા શીલ રત્નની રક્ષા કરવાને મેં એવો પ્રપંચ કર્યો હતો." તે સાંભળી ચંડપ્રદ્યોતન ઘણો પસ્તાણો તોપણ તેણે નિડરપણે કહેવરાવ્યું કે, "હે મૃગાવતી, જો તું તારૂં અને તારા પુત્રનું હિત ઇચ્છતી હો તો જલદી અહિં આવ્ય, નહીં તો તારૂં રાજ્ય ગયું જાણજે." ચંડપ્રદ્યોતનની આવી ધમકી સાંભળીને પણ સતી મૃગાવતી ડગી નહીં. તે પોતાના શીલને અર્થે આત્મભોગ આપવાને તૈયાર થઇ હતી. મૃગાવતીએ પોતાનો કિલ્લો બંધ કર્યો હતો અને પૂરેપૂરી સાવચેતી રાખી હતી.

શીલ એ દિવ્ય શક્તિ છે, તેના માહાત્મ્યથી ગમે તેવા અંતરાય પણ વિનાશ થઇ જાય છે. મૃગાવતીનું શીલ અદ્ભુત હતું. એ પતિભક્ત શ્રાવિકા પોતાના પ્રાણથી પણ શીલને વધારે માનતી હતી. તેણીના હૃદયનો નિશ્ચય હતો કે, "ચંડપ્રદ્યોતન કદિ કિલ્લાને તોડી શકવાનો નથી ને અંદર આવી શકવાનો નથી." જેથી પોતે નિશ્ચિંતપણે શીલ પાળતી મહાવીર સ્વામીનું ધ્યાન ધરતી દિવસ નિર્ગમન કરતી હતી. એકદા પોતે ચિંતવ્યું કે, જો મહાવીરસ્વામી અહીં આવી જાય તો આ દુઃખમાંથી છુટી હું

દીક્ષા ગ્રહણ કરૂં. આમ ચિંતવે છે તેટલામાં ત્યાં તેણીને ખબર મળ્યાં કે, કાશાંબી નગરીની બાહેર શ્રી વીરભગવાન્ સમોસર્યા છે. તે ખબર સાંભળતાંજ મૃગાવતી આનંદમય થઈ ગઈ. તેણીએ વિચાર્યું કે, "હવે હું નિશ્ચિંત થઈ છું. મારા શીળની રક્ષા કરવા માટેજ વીરભગવંત પધાર્યા છે." આવું ચિંતવી સતી મૃગાવતીએ નિર્ભય થઇ કિલ્લાના દ્વાર ઉઘાડ્યાં અને પોતે વર્દ્ધમાન સ્વામીને વંદના કરવા સમવસરણમાં ગઇ. દેવતાઓથી દેદીપ્યમાન એવા સમવસરણનું દર્શન કરી મૃગાવતી રોમાંચિત થઈ ગઈ. તે યોગ્ય દ્વારથી સમવસરણમાં પેસી પ્રભુના દર્શન કરી દેશના સાંભળવા લાગી.

આ વખતે ચંડપ્રદ્યોતન રાજા કે જે મૃગાવતીના શીળ રત્નને લુંટવાને ચડી આવ્યો હતો, તેના જાણવામાં આવ્યું કે, "વીર પ્રભુ અહીં સમવસર્યા છે." એટલે તે સત્વર વૈરભાવ છોડી પ્રભુને વાંદવા આવ્યો અને વંદના કરી પ્રભુના મુખની દેશના સાંભળવા લાગ્યો.

આ વખતે કોઈ એક ભિલ્લ પ્રભુના સમવસરણમાં આવ્યો હતો. જ્યારે દેશના સમાપ્ત થઇ ત્યારે તે ભિલ્લ પોતાની ઇચ્છા ગુપ્ત રાખી પ્રભુની સન્મુખ ઉભો રહ્યો. જ્ઞાની પ્રભુએ તે ભિલ્લને કહ્યું, 'જે તારે કાંઇપણ પ્રશ્ન કરવો હોય તો ખુશીથી કર.' પ્રભુના આદેશથી તે બોલ્યો—"સ્વામી, સા સા સા." પ્રભુએ ઉત્તર આપ્યો, "હે ભિલ્લ, સા સા સા." આ પ્રમાણે ગૂઢાર્થ પ્રશ્નોત્તર થયા. તે સાંભળી તેનું સ્પષ્ટીકરણ કરવાને ગૌતમે કહ્યું, "ભગવન્, આ પ્રશ્ન અને તેના ઉત્તરમાં કાંઇ સમજાતું નથી, માટે આપ કૃપા કરી તેનું વિવેચન કરો." ગૌતમના આવાં વચન સાંભળી ધર્મવીર વીર પ્રભુ નીચે પ્રમાણે બોલ્યા હતા.

"ચંપાપુરીમાં એક ધનવાન્ સોની રહેતો હતો. તે સ્ત્રી કન્યાઓની શોધમાં ફર્યા કરતો હતો. છેવટે અનુક્રમે ધન આપીને

તે પાંચસો કન્યાઓ પરણ્યો હતો. પછી તે તેઓની સાથે ગૃહાવાસ ભોગવતો હતો. તેણે પોતાની દરેક સ્ત્રીને આભૂષણો કરાવી આપ્યા. અને એવો ઠરાવ કર્યો કે, જે દિવસે જે સ્ત્રીનો વારો હોય, તે દિવસે તે સ્ત્રી આભૂષણ ધારણ કરે. બીજી નહીં. એક વખતે કોઈ કાર્ય પ્રસંગે તે સોની ઘરની બાહેર ગયો, ત્યાંબધી સ્ત્રીઓએ પોતપોતાનાં આભૂષણો ધારણ કરી લીધાં. ક્ષણવારે જ્યારે તે અચાનક આવ્યો, ત્યારે તેણે પોતાની સર્વ સ્ત્રીઓને આભૂષણ વાળી જોઈ. આથી ક્રોધાતુર થઇ તેણે સ્ત્રીઓને માર માર્યો અને ત્યારથી તેઓની ચોકી કરવાને તે હમેશાં ઘરના દ્વાર પાસેજ બેસી રહેવા લાગ્યો. પોતાના અવિશ્વાસી પતિનું આવું પ્રવર્ત્તન જોઈ તે બધી સ્ત્રીઓ મુંઝાણી અને તે ઘરને તેઓ બંદીખાનારૂપ માનવા લાગી.

એક વખતે કોઇ મિત્ર તે સોનીને અતિ આગ્રહ કરી પોતાને ઘેર ભોજન કરવા લઇ ગયો. મિત્રના આગ્રહથી સોનીને તેને ઘેર જવું પડ્યું. જ્યાં સોની ઘર છોડીને બાહેર ગયો, ત્યાં તેની બધી સ્ત્રીઓ સ્નાન, વિલેપન કરી અલંકારો પહેરી દર્પણમાં પોતાનાં મુખ જોવા લાગી. તેવામાં સોની મિત્રને ઘેર ભોજન કરી જલદી પાછો આવ્યો. તેણે પોતાની સ્ત્રીઓને શૃંગારવાળી દીઠી. તે દેખાવ જોતાંજ તે ઘણો ક્રોધાતુર થઇ ગયો. તરત દોટ મુકી તેણે એક સ્ત્રીની ઉપર બળથી પ્રહાર કર્યો. તે પ્રહાર મર્મસ્થળમાં વાગવાથી તે સ્ત્રી મૃત્યુ પામી ગઈ. તેણીને મૃત્યુ પામેલી જોઈ બીજી સ્ત્રીઓ ક્રોધાવેશમાં આવી ગઈ અને તેઓ બધીએ પોતાનો બચાવ કરવા સોનીની ઉપર દર્પણના ઘા કર્યા, જેથી તે સોની પ્રાણ રહિત થઇ ગયો. જ્યારે પોતાનો પતિ મૃત્યુ પામ્યો એટલે તેઓ પશ્ચાત્તાપ કરવા લાગી અને તેમના હૃદયમાં લોકાપવાદનો ભય લાગ્યો, આથી તે ચારસો ને નવાણું સ્ત્રીઓએ પોતાના મહેલમાં કાષ્ઠ એકઠા કરી તેમાં અગ્નિ મુકી

પોતાના પ્રાણ ત્યજી દીધા. આમ મૃત્યુ પામી પશ્ચાત્તાપને લીધે અકામ નિર્જરાથી એ ચારસો નવાણું સ્ત્રીઓ ફરી પુરૂષરૂપે ઉત્પન્ન થઇ, ને તેઓ સર્વ પુરૂષો કોઈ પલ્લીને વિષે ચોર થયા. પ્રથમ મત્યુ પામેલી સ્ત્રીનો જીવ, કોઈ નગરમાં દરિદ્રી બ્રાહ્મણને ઘેર પુત્ર થઇ અવતર્યો. અને તે સોનીનો જીવ તેજ દરિદ્રી બ્રાહ્મણને ત્યાં પુત્રીરૂપે ઉત્પન્ન થયો. તે બ્રાહ્મણ પોતાની બેનને રમાડતો હતો. જ્યારે એ બાળા બાળક હોવાથી બહુ રૂદન કરતી ત્યારે પેલો બ્રાહ્મણનો પુત્ર તેણીના ગુહ્યસ્થાનનો સ્પર્શ કરતો. તેનો સ્પર્શ થતાંજ તે છોકરી છાની રહેતી અને ખુશી થતી. એક વખતે તેના બાપે અને તેની માએ તે છોકરાને તેમ કરતાં જોયો એટલે તેને ધમકાવી પોતાના ઘરમાંથી કાઢી મુક્યો હતો.

બ્રાહ્મણ ત્યાંથી જતો રહ્યો અને ફરતો ફરતો પેલા ચારસો નવાણું ચોરોની ટોળીમાં જઇ મળ્યો અને તેમાં ભળી ગયો. એટલે તેઓ પૂરેપૂરા પાંચસો ચોર થયા. અનુક્રમે તે છોકરી મોટી થઇને છીનાળપણું ઘણું કરવા લાગી આથી તેના માબાપે તેને ઘરમાંથી કાઢી મુકી અનુક્રમે કોઇ ગામમાં તે છોકરી જઇ ચડી ત્યાં ચોરી કરવા આવેલા તે પાંચસો ચોરોએ આ સ્ત્રીને જોઇ અને તેણીએ ચોરોને જોયાં. તે જોઇ તે પુત્રી બોલી કે, અરે ચોરો, તમે બધા એકલું દ્રવ્ય કેમ લ્યો છો ? મને સ્ત્રીને કેમ લઇ જતા નથી ? એ ઉપરથી તે ચોરો તે પુત્રીને લઇ ગયા અને તેણીને તેમણે પોતાની પલ્લીમાં સ્ત્રી તરીકે રાખી હતી. અતિ કામી તે પુત્રીની સાથે તે પાંચસો ચોરોએ વિષય સુખ ભોગવ્યું, પણ તે તૃપ્ત થઇ નહીં. ચોરોના મનમાં તો દયા આવી કે, "આ બીચારી એક છે અને આપણે પાંચસો છીએ, તો રખેને તે મરી જશે. માટે આપણે કોઇ બીજી સ્ત્રી લાવવી જોઇએ." આવું વિચારી

ચોર લોકો કોઈ બીજી સ્ત્રીને હરી લાવ્યા. ત્યારે તે પેલી બ્રાહ્મણની પુત્રીની શોકય થઇ. વિષયથી અતૃપ્ત એવી તે પુત્રીએ વિચાર્યું કે, "આ સ્ત્રી મારા વિષય સુખને ભંગ કરે છે, માટે તેણીનો ઘાત કરવો જોઇએ." આવું ચિંતવી તે તેનો લાગ શોધવા લાગી.

એક વખતે પાંચસો ચોરો ચોરી કરવાને બાહેર ગયા ત્યારે એ ઘાતકી પુત્રીએ પેલી નવી આવેલી સ્ત્રીને કુવામાં નાખી દીધી. ચોરો પાછા આવ્યા ત્યારે તેમણે તે સ્ત્રીના ખબર પુછયા એટલે બ્રાહ્મણ પુત્રી રોષથી બોલી—"શું હું તેની રક્ષા કરવા રહી છું? તે ગમે ત્યાં ગઈ હશે." તેના આવાં વચન ઉપરથી ચોરો સમજી ગયા કે, "આ ઇર્ષ્યાળુ સ્ત્રીએ સાહસ કરેલું જણાય છે." આ વખતે પેલો બ્રાહ્મણનો પુત્ર મનમાં ચિંતવવા લાગ્યો કે, "શું આ તેજ મારી બેન હશે કે, જેની યોનિને સ્પર્શ કરી હું તેણીને સુખ ઉપજાવતો હતો." વીરપ્રભુ કહે છે, હે ગૌતમ, તે બ્રાહ્મણનો આ પુત્ર મનમાં સદેહ પડવાથી "સર્વજ્ઞ અહીં આવ્યા છે." એવું જાણી ભિક્ષરૂપે મને પુછવા આવ્યો છે; પણ પોતાની બેનને પોતે ભોગવી જેથી શરમને લીધે તે પોતાનો સંશય મને પ્રગટપણે પુછી શકયો નહીં. તેથી તે બોલ્યો કે, "સા. સા. સા." ત્યારે મેં ઉત્તર આપ્યો કે, "હા, સા. સા. સા." એટલે જે મારી બેન હતી તેજ આ કે જેને અમે પાંચસો ચોર ભોગવીએ છીએ તેજ આ કે? મેં હા પાડી. "હા તેજ, આ તારી બેન જેને તેં તથા બીજાઓએ ભોગવી તેજ આ." વીરપ્રભુના મુખથી આ બધો વૃત્તાંત સાંભળી ભિક્ષરૂપે આવેલા તે બ્રાહ્મણના પુત્રને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેણે પ્રભુની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. પછી પોતે પ્રભુની આજ્ઞા લઇ જ્યાં ચારસો ને નવાણું ચોરો રહેતા હતા, તે પલ્લીમાં આવ્યો અને તેણે તે બધા

ચોરોને પ્રતિબોધ આપી તેમની પાસે પણ ચારિત્ર અંગીકાર કરાવ્યું હતું. આ બધી વાત સતી મૃગાવતી સમવસરણમાં રહી સાંભળતી હતી. તે સાંભળી સતીના હૃદયમાં ઉંડી અસર થઈ ગઇ અને હૃદયમાં અતિ આનંદ પામી તે અંજળિ જોડી બોલી–"ભગવન્, જો રાજા ચંડપ્રદ્યોતનની આજ્ઞા હોય તો મારે આપની પાસે ચારિત્ર લેવું છે." સતીના આવાં વચન સાંભળી વીરપ્રભુના પ્રભાવથી જેના હૃદયમાંથી વૈરભાવ દૂર થયો છે એવો ચંડપ્રદ્યોતન રાજા બોલ્યો—"બાઇ, તને રૂચે તે કર. હું તને હૃદયથી ખમાવું છું. અને તારો પુત્ર કૌશાંબી નગરીના રાજ્યનો સ્વામી થાઓ." આ પ્રમાણે કહી અવંતીપતિ ચંડપ્રદ્યોતને મૃગાવતીના પુત્ર ઉદયનને કૌશાંબીની ગાદી ઉપર અભિષેકર્યો હતો. પુત્રનો રાજ્યાભિષેક થયા પછી સતી મૃગાવતીએ ચંડપ્રદ્યોતનની આઠ સ્ત્રીઓ સહિત પ્રભુની પાસે દીક્ષા લીધી હતી. પ્રભુએ એ નવે સાધ્વીઓને સમાચારી શીખવાને માટે સાધ્વી ચંદનબાળાને સોંપી હતી. તે પછી રાજા ચંડપ્રદ્યોતન ધર્મને અંગીકાર કરી પોતાની રાજધાનીમાં પાછો ફર્યો હતો.

સાધ્વી મૃગાવતી ચંદનબાળા પ્રવર્ત્તિની સાથે રહી સામાચારીમાં પ્રવીણ થઈ ગઇ હતી. શીળના પ્રભાવથી તેણીની બુદ્ધિ બળવતી અને પવિત્ર હતી. તે હમેશાં બીજી બાળાઓને શિક્ષણ આપતી અને તે કામને મોટા ઉપકારનું ગણતી હતી. સાધ્વી મૃગાવતી વિહાર કરીને જે નગર કે ગામમાં જતી, ત્યાંની શ્રાવક બાળાઓને શિક્ષણ આપતી અને એક જૈન કન્યાશાળા ઉભી કરતી હતી. મૃગાવતી સાધ્વી જ્યાં આવવાની હોય, ત્યાં મોટા આડંબરથી ઉત્સવ થતો અને તે ખબર જાણી ત્યાંથી જૈન પ્રજા હર્ષ ઘેલી બની જતી હતી. "મૃગાવતી સાધ્વી કયાં વિચરે

છે' અને તેમનું આખું આયુ ક્ષય કર્યાં છે.'' એમ આનન્દી જૈન પ્રજા
તે મહા સતીના ખબર પુછયા કરતી હતી. મૃગાવતીના દર્શનથી
સર્વ સંઘને પરિપૂર્ણ આનંદ થતો અને તેને લઈ દેવી જેવું માન
આપવામાં આવતું હતું. એક વખતે પૃથ્વી ઉપર વિહાર કરતાં
શ્રી વીર પ્રભુ ઘણું કરીને ફરીવાર કૌશાંબી નગરીમાં આવી સમો-
સર્યા હતા. તે વખતે ત્રીજી પોરસીનો સમય થતા પ્રભુના મુખની
વાણી સાંભળવાને સૂર્ય અને ચંદ્ર પોતાના મૂળ વિમાનસહિત
ત્યાં આવ્યા. મોટો વખત થયા પછી રાત્રિ પડી, પણ ત્યાં આવેલા
સૂર્યના વિમાનના તેજને લીધે કોઈને રાત્રિની ખબર પડી નહિ.
તે વખતે પ્રવર્તિની ચંદન બાળા આર્યા સમય થયો એવું જાણી
પોતાને ઉપાશ્રયે જઈ પ્રતિક્રમણ વગેરે સર્વ ક્રિયા કરીને
સુઈ ગઇ.

જ્યારે ચંદ્ર સૂર્ય પોતાને સ્થાને ગયા ત્યારે કાલાતિક્રમ
થયેલો જોવામાં આવ્યો એટલે મૃગાવતી બ્હીની બ્હીતી પોતાને ઉ-
પાશ્રયે ગઈ. ત્યાં ઈર્યાવહી પડિક્કમી, પ્રતિક્રમણ કરી તેણીએ પોતાની
સ્વામિનીને કહ્યું, "હું ભુલથી આટલો વખત બાહેર રહી છું."
ચંદનબાળાએ કહ્યું, "મોટા કુળમાં ઉત્પન્ન થઈ દીક્ષા ગ્રહણ કર
નારીને રાત્રિને વખતે ઉપાશ્રય બાહેર રહેવું યોગ્ય નથી." મૃગા-
વતી તેણીને ચરણે નમી બોલી, "અજાણતા મારાથી જે દોષ થયો
હોય, તે ક્ષમા કરો." ત્યાર પછી ચંદનબાળા સાધ્વીને નિદ્રા આ-
વી ગઇ. એ વખતે સાધ્વી મૃગાવતી પોતાના કરેલા કર્મને નિંદવા
લાગી. તેણીના હૃદયના પરિણામ ઉત્તમ ભાવને ધરવાથી તેના સર્વ
શુભાશુભકર્મ ખપી ગયાં. અને તેજ વખતે લોકાલોકને પ્રકાશ કર-
નારૂં તેને કેવળ જ્ઞાન ઉત્પન્ન થઇ આવ્યું. સતી મૃગા-
વતી સામાન્ય સાધ્વી મટીને કેવળી થઇ ગઈ. તેવામાં દૈવયોગે કોઈ
સર્પ જ્યાં ચંદનબાળા સાધ્વી સુતી હતી, ત્યાં આવ્યો. કેવળી મૃ-

ગાવતીએ અંધકાર છતાં કેવળજ્ઞાનના બળથી તે સર્પને જોયો. પછી તેણીએ પોતાની ગુરૂણી ચંદનબાળાનો હાથ સર્પના આવવાના માર્ગમાંથી એકતરફ કર્યો. તત્કાળ ચંદનબાળા જાગી ઉઠી. અને કહેવા લાગી. "અરે મૃગાવતી તેં મારો હાથ કેમ ઉપાડયો અને મને શા માટે જગાડી?" ત્યારે મૃગાવતીએ કહ્યું, "સર્પ આવતો હોવાથી." તે સાભળી ચંદનબાળા બોલી. "આવા ગાઢ અંધકારમાં તેં કેવી રીતે સર્પ જોયો? મૃગાવતીએ કહ્યું, "જ્ઞાનવડે." ચંદનબાળાએ પુછ્યું, "કયું જ્ઞાન? પ્રતિપાતિ કે અપ્રતિપાતિ?" તેણીએ કહ્યું. "તમારા પ્રસાદથી અપ્રતિપાતિ." તે સાંભળતાંજ ચંદનબાળા ચકિત થઈ ગઈ. "શું કેવલજ્ઞાન" પછી ચંદનબાળા ઉઠીને મૃગાવતીને ચરણે પડી ક્ષમા માગી પોતાના કરેલ અપરાધને ખમાવતી શુભભાવના આરૂઢ થવાથી ત્યાં તેણીને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ આવ્યું.

આ પ્રમાણે સતી મૃગાવતી પોતાની ગુરૂણીની સાથે કેવળી થઈ પરમ શિવને પ્રાપ્ત થઈ હતી. એ મહાસતીના જીવન ચરિત્રમાંથી અનેક જાતનો બોધ લેવા યોગ્ય છે. તેણી સંસારાવસ્થામાં કેળવણી લઈ પોતાના સંસારને સુધારનારી હતી. દેવ, ગુરૂ અને ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી તે પોતાના કર્ત્તવ્યમાં તત્પર રહી હતી ચંડપ્રદ્યોતન જેવો સમર્થ રાજા પણ તેણીના શીળને ખંડન કરી શકયો ન હતો. શીળ ધર્મમાં અચળ રહી, તેણીએ પોતાના પતિની ભક્તિ કરી હતી. જેવી તે પતિભક્તા અને શીળધર્મની પ્રભાવક હતી; તેવી તે શૌર્યવતી અને ધૈર્યવતી હતી. પતિનો સ્વર્ગવાસ થયા પછી પોતાના શીલની અને પુત્રની રક્ષા કરવા માટે તેણીએ કૌશાંબી નગરીના સીમાડા ઉપર મોટો મજબૂત કિલ્લો ચંડપ્રદ્યોતન પાસે કપટ કરી બંધાવ્યો હતો. અને તેમાં રહી પોતાના શીળ તથા પુત્રની રક્ષા કરવા તેણીએ નિશ્ચય કર્યો હતો.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

મરણવડે અમારૂં ધ્યાન કરી મરણ કર જેથી તું અહીં ઉત્પન્ન થઈ શકશે, અમો તને ભોગવીશું. આવાં વચન સાંભળી નીરાશ થયેલા સોનીએ કહ્યું, હવે ઘરે કેવી રીતે જઉં? ત્યારે તે દેવીઓએ હાથમાં લઈ તેને નગરીની બાહેર મુકી દીધો. હવે આ સોનીને સ્ત્રીની ઈચ્છાથી પોતાનો મિત્ર નાગિલ તેને ઇંગીણી મરણવડે મરિ જવા જણાવ્યું. આથી મિત્ર નાગિલે સમજાવ્યું તોપણ માન્યું નહીં ને લીંડીઓની અગ્નિમાં શરીર તેલવડે જઓળી પ્રવેશ કર્યો. આથી પોતે અકામનિર્જરાએ મરી પંચશૈલદ્વીપનો સ્વામી થયો, ને તેની બે હાસા પ્રહાસા નામે સ્ત્રી થઇ. આવું વિષયનું રૂપ જોઇ નાગિલ નામે શ્રાવકને ઘણો વૈરાગ્ય ઉત્પન્ન થયો. જેથી પોતે ચારિત્ર ગ્રહણ કરિને શુદ્ધ પાળી બારમે દેવલોકે દેવનાપણે ઉત્પન્ન થયો.

એક વખતે એવું બન્યું કે, તે બારમા દેવલોકના દેવતા નંદીશ્વર દ્વીપ યાત્રા કરવાને ગયા હતા. ત્યાં પેલો નાગિલ કે જે મૃત્યુ પામીને દેવ થયો હતો, તે પણ સાથે આવ્યો હતો. ત્યાં પેલો દેવનંદી સોની કે જે મૃત્યુ પામીને પંચશૈલદ્વીપનો સ્વામી થયો હતો. તેને અસલની રીતને અનુસારે જે કોઇ દેવતા નંદીશ્વર જાય ત્યારે તેને ગળામાં ઢોલ નાખી વગાડવો, પણ પોતે અહંકારથી ગળામાં ઢોલ આપે છે ને કાઢી નાખે છે. પણ તેને તે અધિષ્ટાઇ ઢોલ પોતાના ગળામાં આખરે નાખી વગાડવો પડયો. આવા વખતે પોતાનો મિત્ર નાગિલ કે, જે બારમે દેવલોકે દેવ થયેલ તેણે આને ઓળખી કહ્યું, મને ઓળખે છે? તેણે જવાબ આપ્યો, તમને કોણ ઓળખે નહીં. ફરી પોતાના મુખ્ય નામે જણાવી તેને ઓળખાવ્યો. આથી પોતાને ઘણો વિચાર થયો. મિત્રનું કહેવું માન્યું નહીં, જેથી આવા નીચ જાતિના દેવતામાં આવવું પડ્યું. અરે મિત્ર, હવે કોઇ પ્રકારે મારો ઉદ્ધાર કર. આવાં વચન સાંભળી પોતાના મિત્ર ઉપર દયા આવવાથી તેને કહ્યું જે, "હાલ ગૃહસ્થા-

વસ્થામાં મહાવીર પ્રભુજી છે. તેમની પ્રતિમાજી બતાવી ત્રિકાળ ગોશીર્ષચંદન વગેરેથી તેની પૂજા કરી, પછી બીજે ઠેકાણે પણ તેની ઉત્કૃષ્ટ રીતે પૂજા કરાવે, તો તારો આ કર્મથી નિસ્તાર થાય." એ સાંભળી તે વ્યંતરે એમ કર્યું. અને તે પ્રતિમાને કોઇ વાહાણ વાળાને વીતભય નગરે પોહોંચાડવા કહ્યું. પછી તે વાહાણ વાળાએ તે પ્રતિમા સતી પ્રભાવતીને અર્પણ કરી હતી. સતી પ્રભાવતીએ ઘણાં વખત સુધી તે પ્રતિમાની પૂજા કરી હતી. એક વખતે પ્રભાવતીએ વિચાર્યું કે, "હવે અલ્પ સમયમાં મારૂં મૃત્યુ નજીક આવ્યું છે, તેથી આ પ્રતિમા કોઇને સોંપવી જોઇએ." આવું વિચારી તેણીએ પોતાની એક કુબ્જદાસીને પૂજન કરવા તે પ્રતિમા ભળાવી તે દાસી પણ પૂર્ણ આસ્તાથી, તે પ્રતિમાનું પૂજન કરવા લાગી. પછી પ્રભાવતી વૈરાગ્યથી વીર પ્રભુ પાસે દીક્ષા લઇ, રાજ્ય છોડી ચાલી નીકળી હતી. તેણી પોતાનું ચારિત્ર યથાર્થ રીતે પાળી મૃત્યુ પામી હતી. તેણીનો જીવ અનુક્રમે સૌધર્મ દેવલોકમાં દેવતા પણે ઉત્પન્ન થયો હતો. પ્રભાવતીના સ્વર્ગવાસ થયા પછી, તેની કુબ્જદાસી તે દેવાધિદેવની પ્રતિમાની પૂજા કરતી હતી. તેવામાં કોઇ ગંધાર નામનો શ્રાવક સર્વસ્થળે દર્શન કરતો કરતો તેજ નગરમાં આવી પહોંચ્યો. તે કેટલાક દિવસ સુધી આ કુબ્જાદાસીની પાસે રહ્યો હતો. દૈવયોગે તે કુબ્જાદાસીને ઘેર, ગંધારને શરીરે મહાવ્યાધિ ઉત્પન્ન થયો. તેમાં દાસી કુબ્જાએ ઘણાં યત્નથી તે ગંધારની સેવા કરી. જ્યારે ગંધાર શરીરે સ્વસ્થ થયો, એટલે તેણે પ્રસન્ન થઇને કુબ્જાને કેટલીએક પ્રભાવિક ગુટિકાઓ આપી. પછી તે પોતાને સ્થાને ચાલ્યો ગયો.

તે ગુટિઓમાંથી કુબ્જાએ એક ગુટિકા ખાધી એટલે તે દેવાંગના સમાન થઇ ગઇ. અદ્ભુત સૌંદર્યવાળી તે દાસીને કોઇ ઉત્તમ પતિ મેળવવાની ઇચ્છા થઇ. તેણીએ વિચાર્યું કે,

"ઉદયનરાજા પિતાતુલ્ય ગણાય, બીજાઓ તો તેના સેવકો છે. માટે અવંતીનો રાજા પ્રદ્યોતન ઠીક છે." તે ઉપર લલચાઇને દાસીએ બીજી ગુટિકા ખાધી. તેથી તે ગુટિકાના અધિષ્ઠાયક દેવતાએ તેણીનો મનોગત ભાવ જાણી, તેણીનું અદ્‌ભુત સૌંદર્ય પ્રદ્યોતન રાજા આગળ નિવેદન કર્યું. એટલે તે રાજા પોતાના અનલગિરિ નામના હાથી ઉપર બેસી, ગુપ્ત રીતે ત્યાં જઇ, પેલી દાસીને દેવાધિદેવની પ્રતિમા બીજી મંગાવેલી તે સાટે મુકી, મુખ્ય પ્રતિમા લઇ આવ્યો. પાછળથી સવારમાં પ્રતિમાજીને ચડાવેલ માળાનું કરમાવું તથા હસ્તીનો મદ ગળેલ જોઇ, તે ઉપરથી કારણ શોધતાં માલુમ પડ્યું કે, "અનિલવેગ ગજ ઉપર આવેલ ચંડપ્રદ્યોતન, દાસી તથા દેવાધિદેવની મુખ્ય પ્રતિમાનું હરણ કરી ગયો." એટલે ઉદયન રાજા કોપાયમાન થઇ, મોટી સેના સાથે પ્રદ્યોતન રાજાની ઉપર ચડી આવ્યો અને તેણે અવંતીનગરીની આસપાસ ઘેરો ઘાલ્યો. પછી તેણે દૂત મોકલીને, તેની પાસે પ્રતિમા સહિત દાસી માગી. પણ તેણે તે આપવાની ના કહી; તેથી તેમની વચ્ચે ભારે યુદ્ધ થયું. છેવટે પરાક્રમી ઉદયને પ્રદ્યોતન રાજાને બાંધી લીધો. પછી પેલી કુબ્જદાસી ત્યાંથી કોઇ ઠેકાણે નાશી ગઇ. ઉદયને તે પ્રતિમા લેવાને ઘણુંએ કર્યું, પણ તે પ્રતિમા ત્યાંથી ચલાયમાન થઇ નહીં. તેવામાં કોઇ દેવતાએ તેને કહ્યું, "હે ઉદયન, તારા વીતભયનગરને વિષે ધણી ધૂળ પડશે, તેમાં સર્વ વસ્તુ દટાઇ જશે, માટે તારે આ પ્રતિમા ત્યાં લઇ જવી નહીં, અહિંજ રહેવા દેવી" એ સાંભળી ઉદયને તે પ્રતિમા ત્યાંજ રહેવા દીધી. પછી પ્રદ્યોતનના કપાળને વિષે "આ મારો દાસીપતિ છે" એવા અક્ષરો લખાવ્યા અને પછી તે ત્યાંથી પાછો વળી નીકળ્યો. માર્ગમાં ચાલતાં પર્યુષણ પર્વ આવ્યું, એટલે રાજાએ ત્યાં પડાવ નાખ્યો, અને તેણે તે દિવસે પ્રભુની પૂજા કરી અને ઉપવાસનાં પચ્ચખાણ કર્યા. પછી પોતે રસોઇઆને

બોલાવી આદેશ કર્યો કે, "તમે ચંડપ્રદ્યોતનને જઇને પુછો, ને તેને જે રસોઇ રૂચે તેવી આપો." રાજાની આજ્ઞાથી રસોઇઆએ આવી ચંડપ્રદ્યોતનને પુછયું કે "આજે આપને માટે શી રસોઇ કરવી છે?" પ્રદ્યોતને પોતાના હૃદયમાં વિચાર્યું કે "આજ સુધીમાં મને કોઈ વાર પુછયું નથી અને હું તો નિત્ય ઉદયનની સાથે આહાર લઉં છું, તે છતાં મારા માટે આજ જુદી રસોઇનું પુછે છે, તેથી મને લાગે છે કે, આજે નિશ્ચે મને વિષ દેશે." આવું વિચારી તેણે સેવકોને કહ્યું કે, "આજે આમ પુછવાનું શું કારણ છે?" ત્યારે સેવકોએ રાજાની બધી હકીકત કહી. એટલે તેણે કહ્યું, "હું પણ શ્રાવક છું, તેથી હું પણ રાજાની સાથે આજે ઉપવાસ કરીશ" સેવકોએ પ્રદ્યોતનને કહ્યું પછી પ્રદ્યોતને વિચાર્યું કે, "આનું શ્રાવકપણું મારે જોએલ છે. તોપણ નામથી કહે છે કે, હું શ્રાવક છું તો તેને ખમાવ્યા વિના પ્રતિક્રમણ કરવું, તે પ્રતિક્રમણ શુદ્ધ થયું કહેવાય નહીં" આવું વિચારી રાજા પ્રદ્યોતને ઉદયનને બંધનથી છોડાવ્યો અને તેને માથે એક સુવર્ણનો પટબંધ કરાવ્યો. પછી ખમાવીને તેને પોતાને નગર પાછો મોકલાવ્યો. ત્યાર પછી પ્રદ્યોતન રાજા શુદ્ધ જૈનધર્મ પાળવા લાગ્યો અને ઉદયન રાજા પણ પોતાને નગરે આવી પહોંચ્યો હતો.

રાજા ઉદયનને વીરપ્રભુના મુખથી ઉપદેશ સાંભળી વૈરાગ્ય થયો હતો, અને તેણે પોતાના ભાણેજને રાજ્યાસન ઉપર બેસાર્યો હતો. પોતે વીરપ્રભુની આગળ દીક્ષા લીધી હતી. ઉદયન રાજર્ષિ કેટલોક વખત પૃથ્વીમાં વિહાર કરી, પાછા પોતાની પૂર્વની રાજધાની વીતભય નગરમાં આવ્યા હતા. તેમને આવેલા જાણી, તેના ભાણેજના મનમાં શંકા થઇ કે, "પોતાનું રાજ્ય પાછું લઈ લેશે." આવું વિચારી તે [illegible] ભાણેજે તે રાજર્ષિ ઉદયનને, પારણામાં વિષ આપ્યું હતું, પણ જૈન શાસનદેવીના

સાનિધ્યથી એ સર્વ વિષ ઉતરી ગયું, અને ઉદયન રાજર્ષિ નિરાબાધ થયા હતા. વીરપ્રભુ કહે છે, હે અભયકુમાર, "તે આ રાજર્ષિ ઉદયન છે, અને તે અનુક્રમે મોક્ષે જવાના છે." વીરપ્રભુએ આ પ્રમાણે અભયકુમારના પ્રશ્નનનો ઉત્તર આપ્યો, તે સાંભળી અભયકુમાર ઘણો ખુશી થયો હતો. અને તેણે ઊભા થઈ એ ચરમ (છેલ્લા) રાજર્ષિને ભક્તિસહિત પ્રણામ કર્યો હતો. ત્યાર પછી મહાનુભાવ ઉદયન મુનિ અનુક્રમે આયુષ્ય પૂર્ણ કરી મુક્તિને પામ્યા હતા.

સતી પ્રભાવતી પણ છેવટે મોક્ષની અધિકારિણી થઈ છે. તે મહાનુભાવાના જીવન ચરિત્રમાં અનેક ચમત્કારી બનાવો બન્યા હતા. દેવાધિદેવની પ્રતિમાનો પ્રભાવ સતી પ્રભાવતીએજ પ્રગટ કર્યો હતો. એ પ્રભાવિક પ્રતિમાના યોગથી પ્રભાવતી ભારત વર્ષના ચારે ખુણામાં વિખ્યાત થઈ હતી. સતી પ્રભાવતી પોતાના ધર્મને અને કર્ત્તવ્યને જાણનારી હતી. એથી રાજા ઉદયન, તેની ઉપર ઘણોજ સંતુષ્ટ રહેતો હતો. તે મહાસતીમાં પતિભક્તિ અને લોકોપકાર કરવો—એ બે મોટા ગુણો રહેલા હતા. શુદ્ધ મન વચન અને કાયાથી તે ધર્માચરણ કરનારી હતી. કોઈપણ દુઃખી જન આવે તેને સહાય કરવામાં તે આગળ પડતી અને પોતાથી દુઃખીના દુઃખ દૂર થાય ત્યારેજ તે પોતાના જીવનની સાર્થકતા માનતી હતી.

રાજા ઉદયન સતીપ્રભાવતીનું બહુ માન કરતો હતો. સતીના હૃદયને પ્રસન્ન રાખવાને તે હમેશાં કોશીશ કર્યા કરતો અને તેણીની પ્રસન્નતા જોઈ પોતે પ્રસન્ન રહેતો હતો. સતી પ્રભાવતીની પ્રેરણાથી રાજા ઉદયને પોતાના રાજ્યમાં જ્ઞાનક્ષેત્રને સારી રીતે પલ્લવિત કર્યું હતું. પ્રત્યેક નગર તથા ગામમાં જિનાલયો, ધર્માલયો અને પુસ્તકાલયો સ્થાપવામાં આવ્યાં હતાં. તેના

.જ્યની જૈનપ્રજાને ધાર્મિક અને સાંસારિક કેળવણી મેળવવાને,
ારી સારી જૈન પાઠશાળાઓ સ્થાપવામા આવી હતી. એ
ાધિ પ્રભાવ સતી પ્રભાવતીનોજ હતો. ધન્ય છે, તેવી પરોપકારિ
ી અને પતિભક્તા મહાસતીને.



ચિલ્લણા.

આ મહાસતી વિશાળા નગરીના રાજા ચેટકની પુત્રી હતી. અને વીર મંડળમાં પ્રખ્યાત એવા શ્રેણિક રાજાની પત્ની હતી. ચિલ્લણા ઘણીજ બુદ્ધિમતી અને ધર્મપ્રવીણ હતી, તેને ૭ બ્હેનો હતી. પ્રભાવતી, પદ્માવતી, મૃગાવતી, શિવા, જ્યેષ્ટા, અને સુજ્યેષ્ટા, તે સાતે પુત્રીઓ ચેટક રાજાની જુદી જુદી રાણીઓથી જન્મી હતી. રાજા ચેટકે પોતાના જનાનામાં ઉત્તમ શિક્ષકો રાખી તે સાતે પુત્રીઓને ધાર્મિક અને સાંસારિક કેળવણી આપી હતી. તેમજ તેઓની માતાઓ તરફથી પણ તેમને સારી કેળવણી મળી હતી. દરરોજ પ્રાતઃકાળે દેવ, ગુરૂ અને ધર્મની ઉપાસના કર્યા પછી, રાજા ચેટક તેમની પરીક્ષા કરતો અને સારી રીતે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલી બાળાઓને સારા સારા ઇનામો આપતો હતો. ચિલ્લણા ઘણી બુદ્ધિમાન્ અને ચાલાક હતી. ઘણીવાર તે પોતાના પિતાને પ્રસન્ન કરી સારા સારા ઈનામો લેતી હતી.

જ્યારે તે સાત પુત્રીઓ યોગ્ય વયની થઈ ત્યારે રાજા ચેટકે તેમને જુદા જુદા રાજાઓને આપી હતી. પ્રભાવતી ઉદયન રાજાને, પદ્માવતી ચંપાપુરીના રાજા દધિવાહનને, મૃગાવતી કોશાંબીના રાજા શતાનીકને, શિવા ઊજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતનને, અને જ્યેષ્ટા કુંડગ્રામના અધિપતિ અને વીરપ્રભુના જ્યેષ્ટભ્રાતા નંદિવર્દ્ધનને આપી હતી. બાકીની બે સુજ્યેષ્ટા અને ચિલ્લણા કુંવારી હતી. રાજા ચેટક તેમને માટે કોઇ ઉત્તમ પતિની શોધમાં રહ્યો હતો. તે બન્ને કુમારિકાઓ રાજમંદિરમાં દેવકુમારિકાની

જેમ રહેતી અને ધર્મકળામાં કુશળ થઈ હતી. સૌંદર્યમાં રતિ અને પ્રીતિના જેવી તેમજ સર્વ કળામાં નિપુણ એવી તે બન્ને બ્હેનો પરસ્પર સ્નેહસહિત જાણે સરસ્વતિની બે મૂર્તિ હોય તેવી ગૃહાંગણમાં રહી કેળવણીની ક્રીડામાં મગ્ન બની રહેતી હતી.

ચિલ્લણા સ્વભાવે શાંતપ્રકૃતિની હતી અને સુજ્યેષ્ટા જરા તીવ્ર પ્રકૃતિની હતી. સુજ્યેષ્ટાને જૈન ધર્મનું અભિમાન હતું અને તેથી તે પોતાના શુદ્ધ ધર્મનું પ્રતિપાદન કરવાને ઘણી વાર વાદ કરતી હતી.

એક વખતે કોઈ વૃદ્ધ તાપસી કે જેણીના હૃદયમાં મિથ્યાત્વના સંસ્કાર લાગેલા હતા, તે ચેટક રાજાના મંદિરમાં આવી ચડી. ત્યાં તેને સુજ્યેષ્ટા મળી અને તેમની વચ્ચે ધર્મની ચર્ચા થઈ હતી. તે મિથ્યાત્વી તાપસીએ સુજ્યેષ્ટાને કહ્યું કે, "આ જગતમાં શિવધર્મ ખરો ધર્મ છે." તે સાંભળતાં સુજ્યેષ્ટાએ તેણીને કહ્યું કે, જે ધર્મમાં કૂપ, વાવ્ય, અને તળાવને વિષે સ્નાન કરવાને કહેલું છે, તે ધર્મ નથી પણ અધર્મ છે. તમારા મતમાં પણ કૂપને વિષે સ્નાન કરવું, એ અધમ છે, વાવ્યને વિષે મધ્યમ છે અને તળાવને વિષે તો તેનો નિષેધજ કરેલો છે. માટે ઉત્તમ સ્નાન તો ગૃહને વિષે શુદ્ધ જળથી કરવું તેજ છે." ઇત્યાદિ જૈન ધર્મનું સ્થાપન કર્યું. તે છતાં તે તાપસી દુરાગ્રહથી નહીં માની તેણીની સામે યદ્વાતદ્વા બોલવા લાગી. આથી સુજ્યેષ્ટાને ક્રોધ ચડયો અને તેણીને દાસી પાસે ગળુ પકડાવી હાંકી કઢાવી હતી.

પોતાનું સુજ્યેષ્ટાએ ભારે અપમાન કર્યું, એવું ધારી તે કોપી તાપસીએ પ્રતિજ્ઞા કરી કે "એ ગર્વવતી સુજ્યેષ્ટાનું રૂપ પટ્ટ ઉપર ચિત્રી અને તે શ્રેણિક રાજાને બતાવી તેણીને ઘણી શોકયોના દુઃખમાં પાડું, તોજ મારૂં નામ તાપસી." આવી

પ્રતિજ્ઞા કરી તે વૃદ્ધ તાપસી તેણીનું રૂપ પટ્ટ ઉપર ચિત્રી રાજગૃહી નગરીમાં આવી અને તેણીએ શ્રેણિક રાજાને તે ચિત્ર બતાવ્યું હતું. સુજ્યેષ્ટાનું અદ્ભુત સૌંદર્ય જોઈ રાજા શ્રેણિક મોહ પામી ગયો અને તેણે તાપસીને તેની હકીકત પુછી. તાપસીએ કહ્યું કે, "વિશાલા નગરીના રાજા ચેટકની આ સુજ્યેષ્ટા નામે પુત્રી છે, તે હજુ કુમારિકા છે. તેનો પિતા તેને કોઈ ઊત્તમ રાજકુમારને આપવા ધારે છે. જેના અંતઃપુરમાં આવી સુંદર સ્ત્રી નથી, તેનું જીવિન વ્યર્થ છે." તે સાંભળી શ્રેણિક રાજાના મનમાં તે સુંદર કુમારિકાને પરણવાનો આગ્રહ બંધાયો પણ તેણે ચિંતવ્યું કે, "ઘણી રાણીઓ વાળા મારા જેવા મોટી વયના પુરૂષને રાજા ચેટક પોતાની કન્યા આપશે નહિં" આવું ચિંતવતાં શ્રેણિકના હૃદયમાં ભારે ચિંતા થવા લાગી અને તેજ વિચારમાં તે શૂન્ય થઈ રહેવા લાગ્યો. પછી રાજા શ્રેણિકે એક દૂતને ચેટક રાજાની પાસે મોકલી સુજ્યેષ્ટાની માગણી કરી પણ ઘણી શોકયોમાં દુઃખનું પાત્ર થવા પોતાની પ્રિય પુત્રી આપવાની તેણે ના કરી હતી. આથી રાજા શ્રેણિકને વધારે દુઃખ થયું. તે રાજકાજમાં ઊદાસીન થઈ રહેવા લાગ્યો. ખાન, પાન અને શયનમાં ઉપેક્ષાથી વર્તવા લાગ્યો.

ચતુર મંત્રી અભયકુમારે ચેષ્ટા ઉપરથી પોતાના પિતાની સ્થિતિ જાણી લીધી અને તેના હૃદયના ભાવ પ્રગટ રીતે જાણ્યા. તે શ્રેણિકની પાસે આવ્યો અને તેણે નીચે પ્રમાણે કહ્યું,

"પૂજ્યપિતા, શોક કરો નહીં. તમારા હૃદયની ઈચ્છા મારા જાણવામાં આવી ગઈ છે. હું યથાશક્તિ પ્રયત્ન કરી તમારી ઈચ્છા પૂર્ણ કરીશ. પિતાના હૃદયને પ્રસન્ન રાખવું, એ પુત્રનો ધર્મ છે. પિતા એ પુત્રના ઇષ્ટ દેવ છે. પિતાના ઉપકારનો બદલો કોઈ પણ પુત્ર વાળી શકતો નથી. પુત્ર યાવજ્જીવિત પિતા-

સાથે તે વિષેનો સંકેત કરી રાજગૃહી નગરીમાં આવ્યો. અને તે વાત તેણે પિતાને જણાવી હતી. જ્યારે સંકેતનો દિવસ આવ્યો ત્યારે રાજા શ્રેણિક સુલસાના બત્રીશ પુત્રોને સાથે લઇ તે સુરંગ માર્ગે વિશાલા નગરીમાં આવ્યો હતો.

રાજકુમારી સુજ્યેષ્ટા સંકેતને દિવસે જવાની તૈયારી કરતી હતી, તે વખતે સતી ચિલ્લણા કે જે પોતાની બ્હેનની પ્રિય સખી હતી, તેણીએ વિનયથી સુજ્યેષ્ટાને પુછયું, " પ્રિય બ્હેન, આમ તૈયાર થઇને કયાં જાઓ છો? " સુજ્યેષ્ટા બોલી—"બ્હેન હું કયાંય જતી નથી." સુજ્યેષ્ટાએ આવો ઉત્તર આપ્યો હતો, તથાપિ ચતુર ચિલ્લણા તેણીના હૃદયનો ભાવ જાણીને બોલી—"વ્હાલી બ્હેન, સાચું કહે. કારણકે, તેં આજસુધી મારાથી કાંઇ છાનું રાખ્યું નથી તો હવે શામાટે રાખે છે?" પછી સુજ્યેષ્ટાએ પોતાની જવાની વાત તેણીને કહી, તે ઉપરથી ચિલ્લણાએ કહ્યું, " બ્હેન, તારા વિના મારાથી ક્ષણમાત્ર પણ રહી શકાશે નહીં." તે સાંભળી ભગિની ઉપર સ્નેહવાળી સુજ્યેષ્ટાએ ચિલ્લણાને પણ સાથે લીધી. બન્ને બ્હેનો ગુપ્ત રીતે સુરંગની પાસે આવી, ત્યાં રાજા શ્રેણિકે તેમને રથમાં બેસારી. એટલામાં સુજ્યેષ્ટા પોતાના રત્નાભરણનો કરંડિયો ભુલી જવાથી ઘેર લેવા ગઇ. અહીં શ્રેણિક ચિલ્લણાને સુજ્યેષ્ટાની ભ્રાંતિથી રથમાં બેસારી તૈયાર થઇ રહ્યો, તેટલામાં તેના સુભટોએ તેને કહ્યું કે, " અહીં વધારેવાર રહેવું યોગ્ય નથી, કારણકે, આ શત્રુનું સ્થાન છે." પછી શ્રેણિક રથને પાછો વાળી ફક્ત ચિલ્લણાને લઇ સુરંગ વાટે આગળ ચાલ્યો હતો.

અહીં સુજ્યેષ્ટા પોતાના આભરણનો કરંડિયો લઇ ઉતાવળી આવી પરંતુ તેણિએ શ્રેણિકને દીઠો નહીં, તેથી તે પોતાની બ્હેનના વિયોગની પીડાથી આકુળવ્યાકુળ થઇ ગાઢ સ્વરથી પોકાર કરવા લાગી "અરે ચિલ્લણાને હરિ જાય હરિ જાય દોડો દોડો" સુજ્યેષ્ટાનો

આ પોકાર ચેટકરાજાના સાંભળવામાં આવ્યો, તરત પોતે તૈયાર થઈ શત્રુની પાછળ જવા માટે સુરંગ પાસે આવ્યો. એટલામાં તેના વૈરંગિક નામના એક સુભટે કહ્યું કે, "સ્વામી, આ કામ સેવકને કરવા યોગ્ય છે, તેમાં આપે પોતાની જાતે શામાટે ઉદ્યમ કરવો જોઇએ? મને આજ્ઞા આપો, હું તે શત્રુનો નાશ કરી ક્ષણવારમાં ચિલ્લણાને પાછી લાવું." પછી રાજા ચેટકની આજ્ઞા લઈ તે વૈરંગિક રથમાં બેસી શ્રેણિકરાજાની પાછળ સુરંગ માર્ગે ચાલ્યો. વૈરંગિકે તે વખતે સુલસાના બત્રીશ પુત્રોને મારી નાખ્યા હતા. વૈરંગિક તે યુદ્ધમાં રોકાયો ત્યાં શ્રેણિકરાજા સુરંગમાંથી બાહેર નીકળી રાજગૃહ નગરમાં ચાલ્યો ગયો. અને વૈરંગિકને પાછું ફરવું પડયું હતું. સુજ્યેષ્ઠાએ પોતાની બ્હેન ચિલ્લણાના વિયોગથી વિષયથી વિરક્ત થઈ પિતાની આજ્ઞા લઇ ચંદનબાળા સાધ્વીની પાસે દીક્ષા અંગીકાર કરી હતી.

પોતાના સહોદર વર્ગમાં પરસ્પર કેવો પ્રેમ રાખવો જોઇએ? એ વિષે સુજ્યેષ્ઠાનું યથાર્થ દ્રષ્ટાંત છે. સુજ્યેષ્ઠાએ પોતાની સહોદર બ્હેનની ખાતર દીક્ષા લીધી હતી. સહોદર ભગિનીના વિયોગથી તેણીની પ્રેમાળ મનોવૃત્તિમાં વૈરાગ્ય ભાવના પ્રગટ થઈ હતી. એક માતાના ઉદરમાંથી ઉત્પન્ન થયેલા ભાઈ બ્હેનોની વચ્ચે કેવો સ્નેહ જોઈએ? એ પવિત્ર પાઠનું શિક્ષણ સુજ્યેષ્ઠા પાસેથી લેવાનું છે. જ્યાં સહોદર વર્ગમાં પરસ્પર કલહ, કુસંપ અને કંકાસ રહેલો હોય, તે કુટુંબ નારકીનું સ્થાન ગણાય છે. તેવા કુટુંબના સંતાનો યાવજ્જીવિત દુઃખી થાય છે અને લોકમાં નિંદાપાત્ર બને છે.

સતી સુજ્યેષ્ઠા સહોદરવર્ગ ઉપર પ્રેમાળ હતી. પોતાની પ્રિય બ્હેન ચિલ્લણાનો વિયોગ તેણીને આ સંસારના વૈરાગ્યમાં કારણરૂપ થઈ પડયો હતો. ચિલ્લણા પણ તેવીજ પ્રેમાળ હતી.

તે પોતાની બ્હેન સુજ્યેષ્ઠા વિના ક્ષણવાર પણ રહી શકતી ન હતી. શયન, આસન, ભોજન અને બીજી ક્રિયાઓમાં સુજ્યેષ્ઠા અને ચિલ્લણા સાથેજ રહેતી અને સાથેજ પ્રવર્તન કરતી હતી.

આ તરફ રાજા શ્રેણિક ચિલ્લણાને હરિને પોતાની રાજધાનીમાં આવ્યો. રાજા હજુ અજ્ઞાન હતો. તે ચિલ્લણાને સુજ્યેષ્ઠા ધારતો હતો. જ્યારે પોતે એકાંતમાં આવી કહ્યું કે, "પ્રિય સુજ્યેષ્ઠા, સર્વ વિઘ્ન દૂર થયા છે. તારૂં મુખ બતાવ" તે સાંભળી ચિલ્લણા બોલી—"રાજા હું સુજ્યેષ્ઠા નથી પણ તેણીની બ્હેન ચિલ્લણા છું. મારી બ્હેન સુજ્યેષ્ઠા આભરણનો કરંડીઓ લેવા ગઈ હતી, તે આવી પોહોંચી નથી." રાજા શ્રેણિક સુજ્યેષ્ઠા ન આવી તેને માટે જરા મનમાં ખેદ પામ્યો પણ તેણીની પ્રિય બ્હેન ચિલ્લણાને જોઇ તેને હર્ષ થયો. કારણકે, ચિલ્લણા રૂપ અને ગુણથી સુજ્યેષ્ઠાથી ઉતરતી ન હતી. તે વખતે રાજા શ્રેણિકને ખબર મળ્યા કે, "સુલસાના પુત્રો જે તેના રથ સાથે આવ્યા હતા, તેઓ ચેટકરાજાના એક સુભટથી મરાયા ગયા છે." આ ખબર સાંભળતાજ શ્રેણિકને બારે ખેદ થયો હતો અને પોતાને માટે આત્મભોગ આપનારા સુલસાના બત્રીશ કુમારોનો પોતે એક સાથે નાશ થયો હતો એમ જાણી હૃદયમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

કેટલાક દિવસ થયા પછી શ્રેણિકે ચિલ્લણાની સાથે પાણિગ્રહણ કર્યું હતું. મંત્રી અભયકુમારે બોધ આપી સુલસાને તેણીના પુત્રનો શોક ઉતરાવ્યો હતો. સદ્ગુણી અને ચાતુર્યવતી ચિલ્લણાના સમાગમથી રાજા શ્રેણિકને ઘણો આનંદ આપતો હતો. તે બન્ને દંપતી હમેશાં, વિદ્યા, કળા અને ધર્મની ચર્ચા કરતા હતા. ચિલ્લણા પોતાની ચમત્કારી બુદ્ધિથી શ્રેણિકને ચકિત કરી દેતી હતી. તેઓ પરસ્પર સમપ્રીતિથી સુખી-સહિત વિદના પૂર્ણ આનંદને પ્રાપ્ત કરતા હતા.

રાજા શ્રેણિકે પોતાની ચતુર પત્ની ચિલ્લણાને માટે એક સ્તંભવાળું ઘર કરાવ્યું હતું. અભયકુમારે કોઈ દેવતાનું આરાધન કરી તેની પાસે તે એક સ્તંભવાળા ઘરની રચના કરાવી હતી. તે ઘરની પાસે એક સુંદર બગીચો રચાવ્યો હતો. જેની અંદર સર્વ ઋતુના પુષ્પો અને ફળો થતાં હતાં. સતી ચિલ્લણા તેમાં રહી એકાગ્રતાથી ધર્મનું આરાધન કરતી હતી. તેણી હમેશાં સમયપત્ર(ટાઇમટેબલ)પ્રમાણે ચાલતી અને વિવિધ પ્રકારના નિયમો પાળતી હતી. ચિલ્લણાના કહેવાથી રાજા શ્રેણિકે પોતાની જૈન પ્રજાને માટે જ્ઞાન, દાન અને ધર્મની મોટી મોટી શાળાઓ સ્થાપી હતી. તે શિવાય સાધર્મીવાત્સલ્યનું મોટું ખાતું ઉઘાડી તેમાં સાધર્મી બંધુઓને અને સાધર્મી બ્હેનોને વિવિધ જાતના આશ્રયો આપવાની ઉત્તમ યોજના કરાવી હતી. ચિલ્લણા સતી દિવસના અમુક વખતમાં જ્ઞાન લેતી, અને દેતી હતી. અમુક વખતે તે નિરાશ્રિત પ્રાણીઓને દાન આપતી હતી. અમુક વખતે સામાયિક, પ્રતિક્રમણ વગેરે આવશ્યક ક્રિયાઓ કરતી અને અમુક વખતે જૈન સાહિત્યના વિષયનો પતિ સાથે અનુપમ આનંદ લેતી હતી.

આ પ્રમાણે સતી ચિલ્લણાનો ધાર્મિક સંસાર કેટલાક સમય સુધી ચાલ્યો હતો. રાજા શ્રેણિક જો કે મૂળથી ધર્મી હતો, તથાપિ સતી ચિલ્લણાના પ્રસંગથી તેની મનોવૃત્તિ વિશેષ ધર્મી બની હતી.

સતી ચિલ્લણાના સમયમાં આ ભરતક્ષેત્ર ઉપર વીર પ્રભુ વિચરતા હતા.

તે વીરપ્રભુએ પોતાની વર્ષદામાં સુલસાની જેમ ચિલ્લણાની પણ પ્રશંસા કરી હતી. ચિલ્લણાની ધાર્મિક વૃત્તિ અને દૃઢતાને માટે ધર્મવીર મહાવીરપ્રભુએ પોતાની જાતે તેણીના વખાણ કર્યા હતા. એજ ચિલ્લણાના સતી જીવનની સાર્થકતા હતી. મહાવીર જેવા

જગત્પતિ દેવાધિદેવ જેની સ્વમુખે પ્રશંસા કરે, એ કેવી ઉત્તમ વાર્તા! મહાસતી ચિલ્લણાના સદ્‌ગુણોએ વીર પ્રભુના પવિત્ર હૃદયને આકર્ષ્યું હતું. અને તેથીજ તેમના મુખમાંથી એ મહાસતીની પ્રશંસાના શબ્દો નીકળ્યા હતા.

એક વાર મધ્ય રાત્રિનો સમય હતો. રાજા શ્રેણિક અને ચિલ્લણા એક આવાસમાં સુતા હતા. સતી ચિલ્લણા ધાર્મિક ધ્યાન કરતાં કરતાં સુઈ ગઈ હતી. તેણીનો એક હાથ બાહીર રહી જવાથી ટાઢથી ઘણો ઠરિ ગયો આથી તે બોલી કે, "તેને કેમ હશે?" આ અસંબદ્ધ વાક્ય તેની પાસે જાગ્રત અવસ્થામાં રહેલા શ્રેણિક રાજાએ સાંભળ્યું. તે સાંભળતાંજ શ્રેણિકના હૃદયમાં શંકા ઉત્પન્ન થઇ આવી.

કર્મની ગતિ વિચિત્ર છે, વિદ્વાન્ અને વિચક્ષણ પુરૂષો પણ કર્મની જાળમાં ગુંચાઈ જાય છે અને મૂઢમતિ બની પોતાનું ભાન ભુલી જાય છે. શ્રેણિક વિદ્વાન્ ચતુર અને સાવધાન રાજા હતો, તથાપિ તે કર્મની વિકરાળ જાળમાં ફસાઈ ગયો અને તેના હૃદયમાં સતી ચિલ્લણાને માટે વિપરીત શંકા ઉત્પન્ન થઇ. તેણે વિચાર્યું કે, "આ ચિલ્લણા શું બોલે છે? તેને કેમ હશે?" એ શબ્દનો અર્થ શંકા ભરેલો છે. શું કોઈ તેનો ઉપપતિ હશે? શું તે તેણીના વિરહથી પીડિત હશે? શું તેને માટે આ ચિલ્લણા ચિંતા કરતી હશે? ગમે તેમ હોય, પણ આ બાબત શંકા ભરેલી છે. જ્યાંસુધી તે વાતનો નિર્ણય ન થાય ત્યાંસુધી મારે ચિલ્લણાને શુદ્ધ સતી માનવી ન જોઇએ." આવું ચિંતવતાં શ્રેણિકના હૃદયમાં રોષ ઉત્પન્ન થઇ આવ્યો. અને અંતઃપુર બાલવા અભયને કહ્યું. ત્યાર પછી પ્રાતઃકાળ થયો એટલે વનપાળે આવી અચાનક ખબર આપ્યા કે, "બાહેરના ઉદ્યાનમાં શ્રી વીરપ્રભુ સમવસર્યા છે." આ ખબર જાણતાંજ શંકિત શ્રેણિકરાજા બેઠો થ-

પેઃ અને તૈયાર થઇ વીરપ્રભુના સમવસરણમાં આવ્યો. પ્રભુની દેશના વાણી સમાપ્ત થયા પછી શ્રેણિકે અંજલિ જોડી પ્રશ્ન કર્યો—"ભગવન્, મારી પ્રિયા ચિલ્લણા સતી છે કે અસતી?" શ્રેણિકના મુખથી આવું પ્રશ્ન સાંભળી ભગવંત બોલ્યા—"રાજા, તારી સ્ત્રી ચિલ્લણા પરમ પવિત્ર સતી છે. ચેટક રાજાની સાતે પુત્રીઓ સતી છે." રાજા, તને જે શંકા આવી છે તે મારા જાણવામાં આવી છે, તે સાંભળ. ગઇ કાલે તમોએ કાયોત્સર્ગે રહેલા સાધુઓને વાંદ્યા હતા, તે વખતે તેમની પાસે ઉત્તરીય વસ્ત્ર પણ ન હતું. અને ટાઢનો સમય હતો. આ દેખાવ સતી ચિલ્લણાને સ્મરણમાં આવવાથી તેણીએ એમ કહ્યું કે, "આવી ટાઢ પડે છે તો એ મહાનુભાવ સાધુનું શું થતું હશે." એ વિચાર લાવીનેજ તેણીએ "તેને કેમ હશે?" આ વાક્ય ઉચાર્યું હતું. હે રાજા, એ વિચારે તારી સ્ત્રીનું કૃપાળુપણું દર્શાવ્યું છે, તેણીને કોઈ જાતનો મનોવિકાર થયો ન હતો." પ્રભુના આવાં વચન સાંભળી શ્રેણિક હર્ષ પામ્યો અને તેણે પોતે કરેલા કુતર્કને માટે પશ્ચાત્તાપ કર્યો. તેણે અહીં અભયકુમારે જુના અંતેઉરનો મહેલ બાળી નાંખી ભગવાન પાસે આવતાં સામો શ્રેણિક રાજા મળ્યો તેને મારા કહેવા મુજબ અભયકુમારે અંતેઉર બાળી નાખ્યું. આમ જણાવ્યું ત્યારે શ્રેણિકે કહ્યું. અરે જા રે, જા, તારૂં મુખ ન બતાવ. આમ કહેવાથી પોતે દીક્ષા લેવા પહેલા ઉજમાળ હતો. પણ શ્રેણિકની આજ્ઞા ન હોવાથી. લીધી નહોતી. હવે પોતે તત્કાળ જઇ ભગવાન પાસે દીક્ષા લીધી. અહીં શ્રેણિકરાજા એ તપાસ કરતાં જુનું અંતેઉરનો મહેલ બળે જોયો. પણ પોતાની સ્ત્રી ચિલ્લણાને જોઇ તે ખુશી થયો. તથાપિ અભયકુમારને રજા આપવાથી તે મનમાં ઘણો પસ્તાણો. પછી ચિલ્લણાને વિષે તેની પ્રેમમય ભાવના વૃદ્ધિ પામવા લાગી. સતી ચિલ્લણા હમેશાં પોતાના નિયમ પ્રમાણે વર્તતી અને પોતાના પૂજ્ય પતિ તરફ પવિત્ર ભક્તિ રાખી ત્રિકરણ શુદ્ધિથી તેની સેવા કરતી હતી. તે સમયે મગધપતિ

શ્રેણિકરાજા અને સતી ચિલ્લણાનો સંસાર સર્વ રાજાઓમાં શ્રેષ્ટ ગણાતો હતો. રાજા શ્રેણિકને બીજી ઘણી સ્ત્રીઓ હતી, પણ તે સર્વની તરફ ચિલ્લણા સમાન ભાવથી વર્તતી હતી. તેણી તેમને પોતાની મોટી વ્હેનો ગણી માન આપતી અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તતી હતી. રાજા શ્રેણિક ચિલ્લણા તરફ વધારે પ્રેમાળ હતો, અને ચિલ્લણાના કહેવા પ્રમાણે કરતો હતો, તથાપિ ઉદાર હૃદયની ચિલ્લણા રાજા શ્રેણિકનું હૃદય સર્વની ઉપર સમાન ભાવે રખાવતી હતી અને તેમની ઈચ્છાઓ પૂર્ણ કરાવા પતિને પ્રાર્થના કરતી હતી.

તે પતિની સર્વ પ્રકારની અનુકૂળતા સાચવતી હતી. તે સાથે તેણીના આસ્તિક હૃદયમાં આર્હત ધર્મની ઉત્તમ ભાવના વૃદ્ધિ પામતી હતી. છેવટે તેણીને આ અસાર સંસાર તરફ વૈરાગ્ય થતાં ચારિત્ર લેવાનો નિશ્ચય થયો હતો અને તેમાં પ્રવૃત્ત થવાને તે સજ્જ પણ થઈ હતી.

ચિલ્લણા સતી સાત ક્ષેત્રોમાં દ્રવ્યનો વ્યય કરી પોતાના સંસારી જીવનને સાર્થક કરી શ્રીવીરપ્રભુની પાસે દીક્ષા લેવા ગઈ હતી, ધર્મવીર મહાવીર પ્રભુએ તેણીની સર્વ પ્રકારની ઉત્તમ વૃત્તિ જોઈ તેને દીક્ષા આપી હતી. ચારિત્ર અવસ્થામાં તેણીએ સાધ્વી ધર્મનો સારો અભ્યાસ કર્યો હતો અને તેનો શ્રાવિકાવર્ગમાં સદુપયોગ કરી પોતાના સાધ્વીજીવનને પણ કૃતાર્થ કર્યું હતું. તેની વ્હેન સુજ્યેષ્ટા કે જેણીએ પ્રથમ સાધ્વીવ્રત લીધું હતું, તેને ચિલ્લણાની સાથે સમાગમ થયો હતો. અને તે વખતે બન્ને સંસારી વ્હેનોએ બદ્ધ પરિકર થઈ સાધ્વીધર્મ સાચવીને અનેક શ્રાવિકાઓને સારો બોધ આપ્યો હતો. તેઓ વિહાર કરી જે સ્થળે જતી તે સ્થળે શ્રીજિનવાણીની ભારે પ્રશંસા કરતી અને તે સંપાદન કરવાને બાળ, પ્રૌઢ અને વૃદ્ધ શ્રાવિકાઓને ઉત્તમ ઉપદેશ આપતી હતી.

પવિત્ર સાધ્વીઓને આ વાત લક્ષમાં રાખવાની છે. તીર્થરૂપ સંઘની ચતુર્થ આમરૂપ શ્રાવિકાઓની સર્વ પ્રકારની સુધારણા કરવી અને પોતાના સાધ્વી ધર્મનું યથાર્થ પાલન કરવું, એ સર્વ ચારિત્ર ધારિણી સાધ્વીઓનું મુખ્ય કર્ત્તવ્ય છે. એ કર્ત્તવ્યને ઉદ્દેશીને તેમના સર્વ ક્ષેત્રોમાં વિહાર કરવાની ભગવતે આજ્ઞા આપી છે. પ્રવૃત્તિ માર્ગમાંથી મુક્ત થઈ નિવૃત્તિ માર્ગમાં રહેનાર સાધુ અને સાધ્વીએ ઉત્તમ ઉપદેશ આપી અનેક જીવોનો ઉદ્ધાર કરવાને ભગવંતે પોતાના સૂત્ર ગ્રંથોમા સૂચવેલું છે.

સતી ચિરકણા ભગવંતની એ આજ્ઞાને અનુસરી હતી અને તેણીએ અનેક ભવ્ય જીવોનો ઉપકાર કર્યો હતો. છેવટે ચારિત્ર ધર્મ પાળી સતી ચિરકણા પોતાની બ્હેન સુજ્યેષ્ટાની સાથે મોક્ષે ગઈ હતી.

વાંચનારી બ્હેનો, તમારે આ સતી ચિરકણાનું જીવન ચરિત્ર સર્વે રીતે મનન કરવા યોગ્ય છે. ચિરકણાએ પોતાની સહોદર બ્હેન સુજ્યેષ્ટા ઉપર જે સહોદર વાત્સલ્ય રાખ્યું હતું, તેવું દરેક શ્રાવિકાએ રાખવું જોઈએ. એક માતાના ઉદરમાંથી જન્મેલા સહોદર બાંધવોના શુદ્ધ પ્રેમના પાઠનું શિક્ષણ સતી ચિરકણા અને સુજ્યેષ્ટાના ચરિત્ર ઉપરથી પૂરેપૂરૂં મળે છે. તે શિવાય, પરોપકાર વૃત્તિ, સાધર્મિવાત્સલ્ય અને સમતાભાવ વગેરે મહા ગુણો કે જે સર્વને અનુકરણ કરવા યોગ્ય છે, તે આ મહા સતીના ચરિત્રની અંદર ઝળકાઈ રહેલા છે. ધન્ય છે એ મહા સતીના જીવનને.





બ્રાહ્મી.



આ મહા સતી આદિનાથ પ્રભુ શ્રી ઋષભદેવની પુત્રી થાય
છે. તેનો જન્મ અયોધ્યાનગરીમાં થયો હતો
તેની માતાનું નામ સુમંગલા હતું. સુમંગલાએ ધાર્મિક અને
સાંસારિક જ્ઞાન મેળવ્યું હતું. ઋષભદેવ જ્યારે અયોધ્યાના રાજા
હતા અને છદ્મસ્થાવસ્થામાં રહેલા હતા, ત્યારે તેમને સુમંગલા
અને સુનંદા નામે બે રાણીઓ હતી. સુમંગલાને બ્રાહ્મી નામે
પુત્રી અને ભરત નામે પુત્ર થયો હતો અને સુનંદાને સુંદરી
નામે પુત્રી અને બાહુબલિ નામે પુત્ર થયો હતો. અયોધ્યાપતિ
ઋષભરાજાએ પોતાના સંતાનોને સારી કેળવણી આપી હતી. તેથી
બ્રાહ્મીએ પણ સારૂં જ્ઞાન મેળવ્યું હતું. બ્રાહ્મી પોતાની બ્હેન
સુંદરીની સાથે રહી અભ્યાસ કરતી હતી. તેની બુદ્ધિ ઘણીજ ચાં
લાક હતી. ઉપકારી પ્રભુએ બ્રાહ્મીને અઢાર લિપીઓ શીખવી
હતી. અને તેથી તે લિપી વિદ્યામાં ઘણીજ પ્રવીણ ગણાતી હતી.
તે સાથે બ્રાહ્મી ચિત્રકળાને સારી રીતે જાણતી હતી.

બ્રાહ્મી પોતાના ભાઇ ભરતની ઉપર સારો પ્રેમ રાખતી અને
તેની સાથે રહી ધર્મિક અને સાંસારિક જ્ઞાનમાં વધારો કરતી હતી.
ઋષભદેવ પોતાના સંતાનોને સારૂં શિક્ષણ આપવાને ઘણા ઉત્સાહી

હતા. અને તેમાં પોતે ઘણો સારો ભાગ લેતા હતા. તેઓએ ભરતને શિલ્પકળામાં ઘણો પ્રવીણ બનાવ્યો હતો.

બ્રાહ્મી જ્યારે યોગ્ય વયની થઈ ત્યારે પ્રભુને તેની માતા સુમંગલાએ પુછયું હતું કે, " સ્વામી, બ્રાહ્મી કુમારી યોગ્ય વયની થઇ છે. માટે તેના પતિને માટે શોધ કરો." તે વખતે પ્રભુએ જ્ઞાનથી અવલોકન કરી કહ્યું હતું કે, " પ્રિયા. બ્રાહ્મી યાવજ્જીવિત બ્રહ્મચારિણી રહેનારી છે. તેણીનું જીવન કુમારી અવસ્થામાંજ નિર્ગમન થવાનું છે, તેથી તે વિચાર કરશો નહીં. વળી બ્રાહ્મી ચારિત્રવતી થઇ ઘણી શ્રાવિકાઓનો ઉદ્ધાર કરશે, અને તે જૈન સતી મંડળમાં ઉત્તમ રીતે ગણાશે, માટે તેણીને વિવાહનો યોગ થશેજ નહીં." પતિના આવાં વચન સાંભળી સુમંગલા પ્રસન્ન થઈ હતી અને પોતાની પુત્રી એક ચારિત્રવતી સાધ્વી થઇ જૈન બાળાઓનો ઉદ્ધાર કરનારી થશે. એ વાર્ત્તાએ તેણીના હૃદયને આનંદમય કરી દીધું હતું.

ભરત અને બ્રાહ્મીના જન્મ પછી તેની માતા સુમંગલાને બીજા અઠાણું પુત્રો થયા હતા. તેઓ બધા ઘણા બળવાન્ અને ધર્મનિષ્ટ થયા હતા. તે બધા સંતાનોમાં બ્રાહ્મી અને ભરત તથા સુંદરી અને બાહુબલિ—એ ચાર સંતાનો મુખ્ય ગણાતા હતા, તેઓમાં ભરત સર્વથી શ્રેષ્ટ હતા. કારણકે, તેના જન્મ વખતે તેની માતાએ ચૌદ સ્વપ્ન જોયેલા હતા. જે સ્વપ્નના પ્રભાવથી આ ભરતખંડ ઉપર ભરત પેહેલા ચક્રવર્ત્તી થયેલા છે.

ઋષભદેવ રાજાનો જ્યારે અયોધ્યાના રાજ્ય ઉપર રાજ્યાભિષેક થયો ત્યારે આ ભારતી પ્રજા લોક વ્યવહારના જ્ઞાનથી તદ્દન રહિત હતી. તેઓમાં વ્યવહાર જ્ઞાન ન હોવાથી જગત્ તંત્રની યોજના તદ્દન અયોગ્ય દેખાતી હતી. વ્યવહારની અજ્ઞાતાને લઇને ભારતી પ્રજાને ભારે મુશ્કેલીઓ આવી પડતી હતી. આ બધું

ધ્યાનમાં લઇ મહોપકારી ઋષભ ભગવંતે લોકોના સર્વ વ્યવહાર પ્રકાશિત કર્યા હતા. તેમાં ભરતને શીખવેલી શિલ્પકળાનો, બ્રાહ્મીની અઢાર લિપીઓનો અને સુંદરીની ગણિત વિદ્યાનો ઉત્તમ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રભુએ લોકોને જુદા જુદા વ્યવહારનું શિક્ષણ આપ્યા પછી બાહુબલિ વગેરે બીજા પુત્રોને જુદા જુદા દેશો વહેંચી આપ્યા હતા. તે પછી વાર્ષિક દાન આપી પ્રભુએ દીક્ષા લીધી હતી. અનુક્રમે કર્મનો ક્ષય થતાં વડના વૃક્ષ નીચે રહેલા પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું.

ચક્રવર્ત્તી ભરત રાજાને પાંચસો પુત્રો થયા હતા. અને તે પુત્રોને પણ સાતસો પુત્રો થયા હતા. જેથી આ જગત્‌માં આદિ પ્રભુનો મોટો પરિવાર ગણાતો હતો.

સતી બ્રાહ્મીની મનોવૃત્તિ સંસારના માર્ગથી વિમુખ રહેતી અને તે હમેશાં સઝાય ધ્યાન કરીનેજ પોતાના સમયનું નિર્ગમન કરતી હતી. તેણીને નવા નવા ગ્રંથો વાંચવાનો અને સુંદર લિપીઓથી લખવાનો વધારે શોખ હતો. બ્રાહ્મીના હસ્તાક્ષર ઘણાંજ સુંદર હતા. તેણીના દિવ્ય અક્ષરોની શ્રેણી જોઇ અનેક વિદ્વાનો મોહિત થતા હતા. વ્યવહાર કળામાં પ્રથમ પ્રવેશ થયેલી આર્ય પ્રજા બ્રાહ્મીની પાસે લિપીનું જ્ઞાન સંપાદન કરવાને આવતી અને બ્રાહ્મી પણ તેમને તે દર્શાવી પોતાની લિપી કળાની કૃતાર્થતા માનતી હતી.

એક વખતે શ્રી ઋષભ ભગવાન્ અયોધ્યાની બાહેર ઉદ્યાનમાં સમોસર્યા હતા. તે ખબર જાણી ભરત, તેના પાંચસો પુત્રો, સાતસો પૌત્રો, બાહુબલિ, બ્રાહ્મી અને સુંદરી વગેરે સર્વ પરિવાર પ્રભુને વાંદવા આવ્યો હતો. સર્વ પર્ષદા ભરાઇ રહ્યા પછી પ્રભુએ નીચે પ્રમાણે ઉત્તમ દેશના આપી હતી.

"આ સંસાર એક ખારો સમુદ્ર છે. તેને વિષે ઉત્પન્ન થતાં

પ્રાણીઓને જરા, આધિ, વ્યાધિ, અને દુર્ગતિ વગેરે મહા દુઃખો પ્રાપ્ત થાય છે અને કલેશકારી બંધનો આવ્યા કરે છે. જેમાં સુખનો લેશ નથી અને દુઃખ લાખગણું છે એવા મરૂસ્થળ જેવા આ સંસારમાં કોણ બંધાઇ રહે? જે વિષયો છે તે, દુર્જનના વચનોની જેમ અંતે દુઃખદાયક છે અને પ્રેમ છે ને પાકી પડેલા ફળના જેવો છે, તેથી હે મનુષ્યો, આ ચતુર્ગતિરૂપ સંસારને દુઃખરૂપ જાણી હમેશાં મોક્ષને માટે યત્ન કરો અને એ પરમાનંદરૂપ મોક્ષ પ્રાપ્ત કરી સર્વ દુઃખોને જલાંજલિ આપો."

પ્રભુના મુખની દેશના સાંભળતાંજ ભરતના પાંચસો પુત્રો અને સાતસો પૌત્રોને તથા બીજાઓને વૈરાગ્ય ઉત્પન્ન થઇ આવ્યો. તેમણે તરત પોતાના પિતા ભરતની રજા લઇ દીક્ષા લીધી હતી. જ્યારે તેમણે દીક્ષા લીધી એટલે વૈરાગ્ય ભાવનાથી ભાવિત થયેલી બ્રાહ્મીએ પોતાના ભાઇ ભરતને કહ્યું, "પૂજ્ય ભ્રાતા આપણા પૂજ્ય પિતાની દેશનાથી મારી મનોવૃત્તિ વૈરાગ્યમય થઇ ગઇ છે. આદિ પ્રભુ જેવા પિતા, સુમંગળા જેવી માતા અને તમારા જેવા બંધુના સહવાસથી મને જ્ઞાનનો જે લાભ મળ્યો છે, તે મારાથી મુખે કહી શકાય તેમ નથી. તમારા એ ઉપકારની હું યાવજ્જીવિત આભારી છું. મેં મારા જીવનમાં જે જ્ઞાનનો આનંદ મેળવ્યો છે, તેવો આનંદ બીજી બાલિકાને ભાગ્યેજ મળી શકશે. બંધુ, હવે મને દીક્ષા લેવાની આજ્ઞા આપો. મારા ભત્રીજાઓ અને તેમના પુત્રોને જે લાભ મળ્યો છે, તે લાભ મેળવવાની મારી ઇચ્છા થઇ છે."

પોતાની પ્રિય બ્હેન બ્રાહ્મીના આવાં વચન સાંભળી સહોદર પ્રેમી ભરતના નેત્રમાંથી અશ્રુની ધારા ચાલી હતી. તેના આર્દ્ર હૃદયમાં વહેલ ભગિની સ્નેહ રોમેરોમ વ્યાપી ગયો હતો. ભરતે ગદગદ કંઠે કહ્યું, "પ્રિય બ્હેન, તમારી પ્રાર્થનાનો ભંગ કરવો,

... હમેશાં ભાવચારિત્રથી
... ઉદ્ધાર કરવાનું મહાવ્રત
... ચેવાને ઇચ્છતા હો તો
... નથી તમે તમારૂં આત્મસ્વ-
... મને જણાવો."

... એ કહ્યું—ભાઇ ભરત,
... તેને માટે હું તમારો ઉપકાર
... નથી. કોઈ જાતની
... વસ્તુ પૂર્ણ રીતે આ-
... માં ખરેખરૂં તત્ત્વ
... ધર્મબીજ સંપાદન
... યતિધર્મ છે, તેમાં મારૂં
... ધર્મ વિરતિપ્રધાન હોવાથી
... એમ મને નિશ્ચય થયો
... કરવાની છે કે, "તમે
... ચારે ખુણામાં તમારૂં
... પ્રતનો ઉદ્ધાર કરજો.
... શાળાઓ સ્થાપન કરજો.
... અવશ્ય કરજો. કારણકે,
... સાધુ, અને શ્રાવકનું મૂળ
... પણ એ માતાઓનાજ
... પ્રગટ થશે, તે રત્નોની આજી-
... મળે તેવી યોજનાઓ
કરજો અને ... નમથી મદદ કરજો."

... ભરત ખુશી થઇ ગયો અને
... વર્તવાનું વચન આપ્યું.

અંગુના વચનથી વિશેષ આનંદ પામેલી બ્રાહ્મીએ પોતાના પિતા પાસે દીક્ષા લીધી હતી. તેણીએ યથાર્થ સાધ્વીધર્મ પાળી પોતાના ચારિત્રને સારી રીતે દીપાવ્યું હતું. બ્રાહ્મીએ અનેક સ્થળોમાં વિહાર કરી જૈન બાળાઓને સારો બોધ આપ્યો હતો. તેણીએ આદિ પ્રભુએ શીખવાવેલી વ્યવહારની કળામાં સ્ત્રીઓને પ્રવીણ કરી હતી. અને તેમને ગૃહનીતિ અને પતિભક્તિના ધર્મો બતાવ્યા હતા.

સતી બ્રાહ્મી આ પ્રમાણે પોતાનું જીવન પૂર્ણ કરી છેવટે અષ્ટાપદ પર્વત ઉપર ગઈ હતી. ત્યાં ઉગ્ર તપસ્યાથી ઘાતી કર્મનો ક્ષય કરી તે મહાનુભાવા મોક્ષપદને પ્રાપ્ત થઈ હતી.

સતી બ્રાહ્મી, તને અને તારી પવિત્ર લાગણીને સાબાશ છે! મહાનુભાવા, તેં તારો ધર્મ બજાવી ઉપર આ સંસારની માયા ત્યજી દેહનું કલ્યાણ કર્યું! નાભિ કુલકરમાં તારા જેવી પવિત્ર સતી થાય, તેમાં આશ્ચર્ય નથી. ભગવંતના કુળમાં જન્મ લઈ જીવનને સાર્થક કરનારી અને નાધર્મી ભગિનીઓના ઉદ્ધાર માટે આત્મભોગ આપનારી તારા જેવી ઉત્તમ યોગિનીને સહસ્રવાર ધન્ય છે. મહાસતી, તારૂં પવિત્ર નામ યાવચ્ચંદ્રદિવાકર આ ભરતક્ષેત્રમાં ગવાશે.





સુંદરી.



આ મહાસતી શ્રી ઋષભદેવ ભગવંતની પુત્રી હતી. તે ભરતની સાવકી બ્હેન અને બાહુબળીની સગી બ્હેન થતી હતી. સુંદરીની બુદ્ધિની ચાલાકી જોઈ ઋષભદેવે તેને ગણિતવિદ્યા શીખવી હતી. સુંદરી એ વિદ્યામાં ઘણીજ પ્રવીણ થઈ હતી. તેની ગણિત વિદ્યાની ચાતુરી જોઈ મોટા મોટા વિદ્વાનો પણ ચકિત થઈ જતા હતા. સુંદરીએ ગણિતવિદ્યાનો સારો પ્રચાર કર્યો હતો અને વ્યવહારની નવીન કળાની બાબતથી ઘણેથી ભારત જગતને તેણીએ ગણિતવિદ્યાનો મહાન લાભ આપ્યો હતો.

સુંદરી જેવી બુદ્ધિમતી હતી, તેવીજ સુશીલ, અને પરોપકારી હતી. તેણીનું સૌંદર્ય અનુપમ હતું. જ્યારે ઋષભદેવ પ્રભુ સંસારના ત્યાગી થયા હતા અને તેમણે ધર્મની ઉત્તમ દેશના આપી હતી, ત્યારે ભરતના પાંચસો પુત્રો, અને સાતસો પૌત્રો કે જેઓએ પ્રભુની દેશનાથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી હતી, તે વખતે સદ્ગુણી સુંદરી પણ દીક્ષા લેવાને તૈયાર થઈ હતી. તે વખતે દીક્ષ વિચાર કરનાર. ભરતે તેણીને દીક્ષા લેતાં અટકાવી હતી. ભરતની આજ્ઞા માન્ય કરી સુંદરીએ તે વખતે ચારિત્ર લીધું નહતું, તથાપિ તે મહાગુણવતી હૃદયથી ધર્મધ્યાન ક

રતી હતી. જ્યારે સુંદરી દીક્ષિત ન થઇ ત્યારે તેણીના હૃદયમાં ઘણોજ પરિતાપ થયો હતો. તે વારંવાર ચારિત્ર ગુણનુંજ સ્મરણ કરતી અને તેનીજ ભાવના ભાવતી હતી. સુંદરી દ્રવ્યચારિત્રને પ્રાપ્ત થઇ નહતી તથાપિ તે ભાવચારિત્ર ગ્રહણ કરી પોતાના બંધુ ભરત ચક્રીના રાજમેહેલમાં રહી હતી. તેણીએ પોતાના હૃદયમાં નિયમ કર્યો હતો કે, " જ્યાંસુધી મને દ્રવ્ય ચારિત્ર પ્રાપ્ત ન થાય, ત્યાંસુધી મારે આંબિલ તપસ્યા કરવી." આ નિયમને એ રાજપુત્રી દ્રઢતાથી અવલંબન કરીને રહી હતી. વડિલજનનો વિનય રાખનારી સુંદરીને ભરતે પોતાને ચારિત્ર લેતા અટકાવી ત્યારે તેણીએ ચારિત્ર લેવાનો આગ્રહ કર્યો નહતો, તેણી શાંત થઇને રહી હતી.

સતી સુંદરીને વિદ્યા ઉપર ઘણી પ્રીતિ હતી, તે હમેશાં નિયમસર પોતાનો અભ્યાસ કરતી અને અભ્યાસમાંજ પરમ આનંદ માનતી હતી. તે સતી ઘણીવાર ધર્મિ શ્રાવિકાઓને એકઠી કરતી અને તેમની વચ્ચે "વિદ્યાભ્યાસ વિષે" ભાષણ આપતી હતી. તેણીની બોલવાની છટા સારી હતી. કોઇપણ માણસ જો સુંદરીના મુખની વાણી એકવાર સાંભળે તો તે તેણીની તરફ આકર્ષાયા વગર રહેતો ન હતો.

ભરત ચક્રવર્તી જ્યારે છ ખંડ પૃથ્વી સાધીને પાછો આવ્યો ત્યારે તે પોતાની સાથે નમિ વિનમિની બ્હેનને સ્ત્રીરત્ન કરીને લાવ્યો હતો. ઘરમાં આવ્યા પછી ભરત પોતાની બ્હેન સુંદરીને મળવા ગયો ત્યાં તેણે સુંદરીનું શરીર ઘણુંજ દુબળું જોયું. હિમ પડવાથી જેમ કમલિની કરમાઇ જાય તેમ આંબીલ તપથી કરમાઇ ગયેલી સુંદરીને જોતાંજ ભરતના હૃદયમાં ભારે પરિતાપ થઇ આવ્યો. ભરતે સુંદરીને કહ્યું. બ્હેન, આ શું થયું? તારૂં લાવણ્ય ક્યાં ચાલ્યું ગયું? મારા વૈભવવાળા ઘરમાં શું કાંઇ ન્યૂનતા છે.? આ

પ્રમાણે કહી ભરતે પોતાના સેવકોને બોલાવ્યા—અરે સેવકો, શું તમે આ સુંદરીને કાંઇ દુઃખ આપો છો? અથવા શું મારા દરબારમાં ધાન્ય નથી? અથવા પૃથ્વીમાંથી બી ચોરાઇ ગયા છે? આ શું થયું અરે રસોઇઆઓ કયાં છે? તેઓ શું સારી રસોઇ કરતા નથી? અથવા શું તેઓ વૃથા પગાર ખાય છે? અથવા કાચી પાકી રસોઇ કરી આપી સુંદરીના શરીરને રોગી બનાવ્યું છે.? અથવા શું એને ઇચ્છા પ્રમાણે ભોજન મળતું નથી. અથવા શું મારા ઘરમાં મેવા મીઠાઇ કે બીજી સ્વાદિષ્ટ વસ્તુઓ નથી? અરે સેવકો, જે વાત યથાર્થ હોય તે મારી આગળ કહો. આમાં કોનો અપરાધ છે? તે મને જણાવવો જોઇએ.

ભરતના આવાં વચન સાંભળી રસોઈઆ બોલ્યા—"સ્વામી, તમારૂં ઘર કલ્પવૃક્ષ સમાન છે. તેમાં કોઈ જાતની ન્યૂનતા નથી. પણ જ્યારથી તમે એમને વ્રત લેતાં અટકાવ્યા છે, ત્યારથી એ મહાનુભાવાએ સાધ્વીની પેઠે આંબીલની તપશ્ચર્યા કરવા માંડી છે. અમોએ તેમને વિગય ભોજન લેવાનું બહુ બહુ કહ્યું, પણ દઢવ્રતધારિણી સુંદરીએ લીધું નથી. તેમને એ તપ કરતાં આજે સાઠ હજાર વર્ષ થયા છે. રસોઇઆના આવાં વચન સાંભળી ભરતના હૃદયમાં ભારે ખેદ ઉત્પન્ન થઇ આવ્યો. પછી ભરત પશ્ચાત્તાપ કરતા બોલ્યા—અરે ! ! આપણને ધિક્કાર છે. આપણે વિષયના નીસામાં ઉન્મત્ત થઇ ગયા છીએ. વિષયાસક્ત થઇ આપણે જરાપણ હિતાહિત જાણતા નથી. અને રાજ્યની ક્ષણ ભંગુર સંપત્તિમાં મોહિત થઈ ગયા છીએ. આ માનવ શરીર કે જેનો ઉપયોગ સારે રસ્તે અને નઠારે રસ્તે થઈ શકે છે. ઉત્તમ પ્રાણીઓ આજ શરીરવડે મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત કરે છે અને ભોગલુબ્ધ પ્રાણીઓ આજ શરીરવડે નરકાવાસમાં પડે છે. આધિ, વ્યાધિ, મળ, મૂત્ર, અને પસીનાથી યુક્ત એવા આ

શરીરમાંથી સુગંધની આશા રાખવી તે પલાંડુના કકડામાંથી સુગંધની આશા રાખવા જેવું છે. અરે વિષયી ભરત ! તેં આ શું કર્યું ? તારી ધર્મી અને પવિત્ર બ્હેન સુંદરીને ચારિત્ર લેવામાં તેં શામાટે અંતરાય કર્યો ? તે સતીને સહસ્ત્રવાર ધન્ય છે. જેણીનું ચિત્ત આટલા લાંબા વખત સુધી તપશ્ચર્યામાં તત્પર રહ્યું. હવે એ સાધ્વી ભલે સંયમને ગ્રહણ કરે. આ પ્રમાણે કહી ભરતે સુંદરીને કહ્યું, "પ્રિય બ્હેન, તમને અંતરાય કરનાર આ બંધુનો અપરાધ તમે ક્ષમા કરજો. હવે જો તમારી ઇચ્છા હોય તો ખુશીથી સંયમ ગ્રહણ કરો અને આપણા તીર્થંકર કુળને દીપાવો." ચક્રવર્તી આ પ્રમાણે કહેતા હતા, ત્યાં વનપાળે આવી ખબર આપ્યા કે, "શ્રી ઋષભ દેવ પ્રભુ અયોધ્યા નગરીની બાહેર સમવસર્યા છે." આ સમાચારરૂપ પૂર્ણચંદ્રથી ભરત અને સુંદરીના હૃદયનો હર્ષરૂપ સમુદ્ર ઉછળવા લાગ્યો. બંને ભ્રાતા અને ભગિની પરિવારસહિત પ્રભુને વંદના કરવા ગયા. આદિનાથના મુખથી ઉપદેશ વાણી સાંભળી પ્રસન્નથયેલા ચક્રવર્તીએ અંજલિ જોડી કહ્યું—

"ભગવન્, મેં આ સુંદરીને ચારિત્ર લેતાં અટકાવી અંતરાય કર્યો; તેથી મને મહાપાપ લાગેલું છે; [illegible] મેં બહુ આરંભ કરાવેલો છે." આ પ્રમાણે કહી તે[illegible] સુંદરીની ક્ષમા માગી, એટલે સુંદરી વિનયથી બોલી—[illegible] [illegible] કરો નહીં. મારો આટલો કાળ દીક્ષા લીધા વિના ગયો, [illegible] મારા કર્મનો વિલાસ છે. પછી સતી સુંદરીએ ભરતની આજ્ઞા લઇ પોતાના પૂર્વ પિતા ઋષભદેવ પ્રભુની પાસે દીક્ષા લીધી હતી. સુંદરીએ ચારિત્ર લઇ પૂર્વના કરતાં વિશેષ તપસ્યા કરી પોતાના શુદ્ધ ચારિત્રને ચળકાવ્યું હતું. સતી સુંદરીએ પોતાના ચારિત્રના જીવનમાં સારા સુકૃતો કર્યા હતા. ઠેકાણે ઠેકાણે અને ગામો ગામ વિહાર

કરી ઘણી બાળિકાઓને તેણીએ સારો બોધ આપ્યો હતો. શ્રાવક-પ્રજાની માતાઓને વિદ્યાદાન અપાવી તેણીએ શ્રાવકસંસારની ઉત્તમ સુધારણા કરી હતી. આથી જગતમાં સુંદરીનું ચરિત્ર સર્વ રીતે પ્રશંસા પાત્ર બન્યું હતું. એ મહાસતીનું ઉજ્જવળ યશ આદિનાથ પ્રભુના પવિત્ર ચરિત્રની સાથે આ વિશ્વમાં ઉંચે પ્રકારે ગવાયું હતું. ભારતવર્ષની આર્ય જૈન પ્રજા ઉંચે સ્વરે કહેતી કે, "ધર્મચક્રીની પવિત્ર પુત્રી અને ચક્રવર્તીની સુંદર ભગિની સુંદરી વિશ્વની સમગ્ર જૈન સુંદરીઓને દષ્ટાંતરૂપ છે. સતી સુંદરી દાનથી, શીળથી, તપથી અને ભાવથી ખરેખરી સુંદરી છે."

ધન્ય છે, એ ભગવત્પુત્રી, સર્વસતીશિરોમણિ, મહાસતી સુંદરીને.





રુક્મિણી.

આ મહાસતી દ્વારિકાના અધિપતિ કૃષ્ણવાસુદેવની પત્ની થાય છે. કૃષ્ણની સર્વ પત્નીઓમાં તે મુખ્ય ગણાતી હતી. કુંદનપુરના રાજા ભીષ્મકની તે પુત્રી હતી. પોતાના પિતા ભીષ્મકને ઘેર રહી તેણીએ સારી કેળવણી મેળવી હતી. રુક્મિણી જ્યારે યોગ્ય વયની થઈ ત્યારે ભરતખંડના અનેક રાજાઓએ તેણીની માગણી કરી હતી, પણ તે સતી દ્વારિકાના સમર્થ રાજા કૃષ્ણને શુદ્ધ પ્રેમથી વરી હતી. રુક્મિણીમાં સદ્ગુણોની સાથે સૌંદર્ય પણ અનુપમ હતું. ધર્મ, નીતિ અને સદાચાર ઉપર તેની પ્રીતિ ઘણી હતી.

દ્વારિકાપતિ કૃષ્ણના અંતઃપુરમાં રુક્મિણીની સારી પ્રતિષ્ઠા હતી. તેણીના કેટલાએક સદ્ગુણોથી કૃષ્ણવાસુદેવ તેની ઉપર ઘણા રાગી બન્યા હતા. કૃષ્ણના પ્રેમથી પ્રસન્ન રહેનારી સતી રુક્મિણીએ ત્રિખંડપતિ વાસુદેવના ગૃહસંસારને અનુપમ બનાવ્યો હતો. તે હમેશાં નિયમ પ્રમાણે ધર્માચરણ કરી પોતાના મનોરથને દીપાવતી હતી.

સતી રુક્મિણીને સત્યભામા નામે એક બ્હેની હતી તેની ઉપર પણ કૃષ્ણની સારી પ્રીતિ હતી તેથી તે વારંવાર સતી રુ-

ક્મિણી સાથે હરીફાઈ કરતી અને તેમાં પોતાનો વિજય મેળવવાની ઉત્કંઠા રાખતી હતી. સતી રૂક્મિણીને એક વખતે એવું સ્વપ્ન આવ્યું કે " જાણે પોતે એક ઊજળા વૃષભ વાળા વિમાનમાં બેઠી છે." આ સ્વપ્નાની વાત તેણીએ પોતાના પતિ કૃષ્ણને જણાવી. કૃષ્ણે દીર્ઘ વિચાર કરી પોતાની પ્રિયાને કહ્યું, " પ્રિયતમે, આ સ્વપ્ન ઉપરથી જણાય છે કે, તને એક પેરાક્રમી પુત્ર થશે," કૃષ્ણના આવાં વચન સાંભળી રૂક્મિણી હૃદયમાં પ્રસન્ન થઇ ગઇ અને ત્યારથી તે ઉત્તમ આશામાં રહી આનંદથી દિવસ નિર્ગમન કરવા લાગી—

જ્યારે કૃષ્ણે,સ્વપ્નાના ફળની વાત રૂક્મિણીને કહી હતી, ત્યારે કોઇ દાસી તે વાત સાંભળી ગઇ હતી. તે અજ્ઞાન સ્ત્રીસ્વભાવને લઇને બીજાને કલહ કરાવવામાં ઉત્સુક હતી, તેથી તેણીએ આવી એ બધી વાત સત્યભામાને કહી દીધી. સત્યભામાનો સ્વભાવ ઇર્ષ્યાળુ હતો. તેણીના હૃદયને એ વાર્ત્તા ગમી નહીં એટલે તે તરત કૃષ્ણની પાસે આવી અને તેણીએ કૃષ્ણને કહ્યું, " સ્વામી, મેં આજે સ્વપ્નામાં ઐરાવત હસ્તી જોયો." ચતુર કૃષ્ણ તેણીની ચેષ્ટા ઉપરથી જાણી ગયા કે, " આ સત્યભામા સપત્નીની ઇર્ષ્યાથી અસત્ય બોલે છે." પછી કૃષ્ણે હસતાં હસતાં કહ્યું—" પ્રિયા, તમે સ્ત્રીકેળવણી લીધી છે, પણ તે કેળવણીનું ફળ તમને હજુ પ્રાપ્ત થયું નથી. ફલીભૂત થયેલી કેળવણી સ્ત્રીઓના નીતિમાર્ગને સુધારનારી અને દુર્ગુણ તથા દુરાચારને દૂર કરનારી છે. કેળવણી લીધા છતાં પણ જે સ્ત્રી દુર્ગુણી અને દુરાચારી રહે તો પછી તે કેળવણી બકરીના ગળાના સ્તનની જેમ નિષ્ફળ છે. સત્યભામા આક્ષેપ કરી બોલી—" સ્વામી, આ શું કહો છો? મેં મારા પિતાને ઘેર રહી સારી કેળવણી લીધી છે. લેખન, વાંચન અને મનન વગેરેથી ઉત્તમ પ્રકારનું શિક્ષણ મને પ્રાપ્ત થયું છે. અમારા કુટુંબ

કોઈપણ અજ્ઞાન સ્ત્રી કહેતી નથી. આપ, પુરાણ અને વૃદ્ધ તમામ લોકોના વિચારોની ઉપમા કરનારી અને તેથી લોકોજનની પૂર્ણ રીતે આનંદના કરનારી થાય છે. પ્રાણનાથ, તમે વધારે વર્ણન કરો છો. આપ મારા શિરતાજ થયા એટલે આપને વધારે શું કહું, કારણ કે, આપ શા કુળની કન્યાઓને અભણ કે અજ્ઞાન કહેવામાં આવે તે તેઓમાં મોટી ખોટ છે. સ્વામી, મને ભોળી અને તેમ કહો પણ કેળવણી વગરની અભણ કે અજ્ઞાન—એમ કદિ પણ કહેશો નહીં." સત્યભામાના આવા આક્ષેપવચન સાંભળી કૃષ્ણ બોલ્યા—"પ્રિયા ! મેં તમને અભણ કે અજ્ઞાન કહેલ નથી. મેં તો એમ કહ્યું છે કે, કેળવણી લઈને તમે આવું વિપરીત વર્ણન કરો, એ તમને છાજતું નથી." સત્યભામાએ રોષવિષ્ટ થઈ કહ્યું, પ્રાણનાથ, મેં તેવું વિપરીત વર્ણન શું કર્યું છે? મેં સ્વપ્નની વાત કહી તેમાં વિપરીત વર્ણન શું આવ્યું? કૃષ્ણે હસતાં હસતા કહ્યું, "સુંદરી, નાખુશ થા નહીં. તેં કહેલી સ્વપ્નની વાત તદ્દન ખોટી છે. તમારી પ્રિય રુક્મિણીના સ્વપ્નની વાત સાંભળીને તેં આ વાત જોડાવી છે. કેળવણી પામેલી સ્ત્રીએ બીજાના ઉત્કર્ષ તરફ ઈર્ષ્યા રાખવી ન જોઈએ."

સત્યભામા પોતાના હૃદયની વાત પતિના જાણવામાં આવી એવું ધારી જરા શાંત થઈને બોલી—"સ્વામી, જ્યારે આપના હૃદયમાં શંકા થઈ તો હવે મારે તે વિષે વધારે કહેવું ઉચિત નથી. તથાપિ હું ખાત્રીથી કહું છું કે, મારા સ્વપ્નની વાત અસત્ય નહીં થાય."

આ વખતે મની રુક્મિણી અને સત્યભામાની વચ્ચે ઘણો વાદ વિવાદ થયો હતો. છેવટે સત્યભામાએ કહ્યું હતું કે, "જેનો પુત્ર પ્રથમ વિવાહિત થાય તેણીને બીજીએ પોતાના મસ્તક ઉપરની વેણી-છેડી આપવી." આ વાતના બંનેએ સાક્ષી રાખ્યા.

દૈવયોગે તે બંનેને ગર્ભ રહ્યો હતો. અનુક્રમે રૂકિમણીને પ્રથમ પુત્ર અવતર્યો અને તે ઉદ્યોતકારક હોવાથી તેનું નામ **પ્રદ્યુમ્ન** પાડયું હતું. પાછળથી સત્યભામાને પુત્ર પ્રસવેલો તેનું નામ **ભાનુ** પાડયું હતું.

સતી રૂકિમણીના પુત્ર પ્રદ્યુમ્નને ધૂમકેતુ નામનો કોઈ દેવતા ગુપ્ત રીતે હરી ગયો હતો અને તે બાળકને વૈતાઢ્ય પર્વત ઉપર આવેલી ટંકશિલા ઉપર મુકીને તે ત્યાંથી ચાલ્યો ગયો હતો. અનાથ થઈ પડેલો તે બાળક કાલસંવર નામના કોઈ વિદ્યાધરના જોવામાં આવતાં તે તેને પોતાને ઘેર લઈ ગયો અને તેણે કનકમાળા નામની પોતાની સ્ત્રીને પુત્ર તરીકે રાખવાને આપ્યો હતો.

પ્રદ્યુમ્નનું હરણ થવાથી દ્વારિકામાં રૂકિમણીને ભારે દુઃખ ઉત્પન્ન થયું હતું. પોતાની પ્રિયાનું દુઃખ જોઈ દ્વારિકાપતિ કૃષ્ણને પણ પરિતાપ થયો હતો. તેમણે તેને માટે ઘણી શોધ કરી પણ કોઈ રીતે પ્રદ્યુમ્નનો પત્તો લાગ્યો ન હતો. તેવામાં સીમંધર સ્વામીની પાસેથી પ્રદ્યુમ્નના હરણની વાત જાણી નારદમુનિ કૃષ્ણની પાસે આવ્યા અને તેમણે તે બધી વાત કૃષ્ણને જણાવી. તેપછી નારદે રૂકિમણીને કહ્યું કે, "સાધ્વી, તમારે આ પુત્રના વિયોગનું કારણ સાંભળવા જેવું છે, તમે પૂર્વભવે કોઈ મોરલીના ઇંડાં કંકુવાળા કરી મૂકી રાખ્યાં, તે સોળપોહોર સુધી એમને એમ રહેવા દીધાં પછી તમને દયા આવી એટલે તે ધોઈ નાખ્યાં એટલે મોરલીએ પોતાનાં ઇંડાં ઓળખ્યાં અને તે બહુ હર્ષ પામી. હે રૂકિમણી, આવાં વિયોગ કર્મ કરાવવાથી તને પણ તારા પુત્રનો સોળવર્ષ સુધી વિયોગ રહેશે. નારદના આ વચન સાંભળી સતી રૂકિમણીને પોતાના પુત્રને પુનઃ મળવાની આશા બંધાઈ હતી.

. વિદ્યાધર કાલસંવરને ઘેર ઉછરતો પ્રદયુમ્ન જ્યારે યુવાન થયો, ત્યારે તેનામાં યૌવન વયને લીધે ઘણું સૌંદર્ય ખીલી

નીકર્યું હતું અને તેથી તેને પુત્રવત્ ગણી ઉછેરનારી કનકમાળા તેના ઉપર મોહ પામી હતી. કામાતુર થયેલી કનકમાળાએ પ્રદ્યુમ્નની આગળ પોતાની ઇચ્છા જણાવતાં પ્રદ્યુમ્ને 'પોતે તેણીનો પુત્ર છે' એવું ધારી તે વાત ધિક્કારી કાઢી એટલે કનકમાળાએ "પ્રદ્યુમ્ન કોણ છે અને કોનો પુત્ર છે?" એ ખરી વાત તેની આગળ વિસ્તારથી જણાવી હતી. તે વાત સાંભળી પ્રદ્યુમ્ન ઘણો આશ્ચર્ય પામ્યો હતો. તથાપિ સતી પુત્ર પ્રદ્યુમ્ન કનકમાલાને પોતાને ઉછેરનાર માતા જાણી તેની અયોગ્ય માગણી સ્વીકારતો ન હતો. વિષયાંધ થયેલી કનકમાળાએ પ્રદ્યુમ્નને ગૌરી અને પ્રજ્ઞપ્તિ નામની બે વિદ્યા આપવાની લાલચ બતાવી ત્યારે ચતુર પ્રદ્યુમ્ને પોતાના હૃદયમાં વિચાર્યું કે, "કનકમાળા વિષયાંધ થઈ છે, તેણી મને મનુષ્ય લોકમાં ઉપયોગી બે વિદ્યાઓ આપે છે, તે વિદ્યા પહેલા ગ્રહણ કરી લેવી પણ તેણીની સાથે અનીતિથી વર્તવું નહીં. કદિ વિષયમાં લોલુપ થયેલી અજ્ઞાન સ્ત્રી અને તેવું અકૃત્ય કરવા તૈયાર થાય પણ મારા જેવા કુલીન પુરૂષે તેમ કરવા તૈયાર થવું ન જોઇએ." આવું વિચારી સુંદર પ્રદ્યુમ્ન કુમારે કનકમાળાને કહ્યું "માતા, તમે મારાં પૂર્ણ ઉપકારી છો. ઉપકારી માતાની ઇચ્છા પુત્રે પૂરી કરવી જોઈએ, પણ અત્યારે હું લાચાર છું. અમુક સમય સુધી મેં બ્રહ્મચર્ય રાખવાનો નિયમ કર્યો છે, તેથી તમે અત્યારે મને તે વિદ્યા આપો. જ્યારે અવસર આવશે ત્યારે આ આજ્ઞાધીન પુત્ર તમારી ઇચ્છા પૂર્ણ કરશે." પ્રદ્યુમ્નના આવાં વચન સાંભળી કનકમાળાના મનમાં જરા આશા બંધાણી હતી. પછી તેણીએ પોતાની બન્ને વિદ્યાઓ પ્રદ્યુમ્ન કુમારને આપી અને તે સાધવાનો પ્રયોગનો વિધિ બતાવ્યો. પ્રદ્યુમ્ન વિદ્યાઓને સાધી તૈયાર થયો. એટલે બીજે દિવસ કનકમાળાએ પ્રદ્યુમ્નને પુનઃ પ્રાર્થના કરી—પ્રદ્યુમ્ન, હવે તું મારી ઇચ્છા પૂરી કર અને તારાં કહેલાં વચન પ્રમાણ પાળ. ત્યારે

કનકમાળાની આવી અનુચિત પ્રાર્થના પુનઃ થઇ એટલે પ્રદ્યુમ્ને વિચાર કર્યો કે, "હવે તેણીને નીતિબોધના વચનોથી સમજાવવી જોઇએ." આવું ધારી ચતુર પ્રદ્યુમ્ન લાગણી સાથે બોલ્યો— "માતા, તમે કહ્યું તે બરાબર છે, મારે મારા વચન પ્રમાણે વર્તવું જોઇએ, પણ મારે તમને એટલુંજ પુછવાનું છે કે, "તમારો મારી ઉપર કેવો પ્રેમ છે? તે કહો. કનકમાળા પ્રસન્ન મુખે બોલી— વ્હાલા, તારી ઉપર મારો જે પ્રેમ છે, તે મારાથી મુખે કહી શકાય તેવો નથી તારી ઉપરના પ્રેમનું સ્વરૂપ મારૂં શુદ્ધ હૃદયજ જાણે છે. તે અકથ્ય અને અવર્ણનીય છે. પ્રિય, આ કનકમાળા હમેશા તારૂં શુભ ચિંતન કર્યા કરે છે. અને તારે સુખે સુખ અને તારે દુઃખે દુઃખ માને છે."

કનકમાળાનાં આવા વચન સાંભળી યુક્તિબાજ પ્રદ્યુમ્ન બોલ્યો, માતા જ્યારે તમે મારી ઉપર આવો દિવ્ય પ્રેમ ધારણ કરોછો અને મારે સુખે સુખી અને મારે દુઃખે દુઃખી થવા ઇચ્છો છો, તો હવે મારે એટલુંજ કહેવાનું છે કે, તમે આવી અનુચિત પ્રાર્થના કરો નહિ. તમે મારી પોષક અને પાલક માતા છો. અને માતાની સાથે જેને ભર્તારનો સંબંધ થાય તેને નરક ગતિમાં જવું પડે છે. જ્યારે મારે નરકમા જવું પડે તો ત્યાં મારે અનેક જાતની વેદના ભોગવવી પડે. જેથી હું ઘણોજ દુઃખી થઉં. માતા, તમારો મારી ઉપર ઘણો પ્રેમ છે અને તમે મને સુખી કરવા ઇચ્છો છો, તેથી તમારે મારૂં દુઃખનું કારણ ન થવું જોઇએ.

પ્રદ્યુમ્નના આવાં વચન સાંભળી કનકમાળા શાણુ વાર વિચાર માં પડી પણ કામને વશ હોવાથી તેણીના હૃદયમાં તે વાત રૂચિકર થઇ નહીં. કનકમાળાને વિચારમાં પડેલી જોઇ પ્રદ્યુમ્ને ફરી વાર કહ્યું, જનની, તમારી મુખમુદ્રા ઉપરથી જણાય છે કે, તમે તમારા વિચાર ફેરવ્યા નહિ. માતા, વળી તમારે બીજો પણ વિચાર કરવા

નો છે. તમે એક પ્રખ્યાત વિદ્યાધરનાં પત્ની છો. તમારા હૃદયમાં કે
ળવણીએ વાસ કરેલો છે કેળવણી પામેલી કાંતા કદિ પણ દુરાચા
સેવતી નથી. તે પોતાના વિવાહિત પતિને ઇષ્ટદેવની જેમ માને છે
પતિની દરેક આજ્ઞા મસ્તકપર ચઢાવે અને શુદ્ધ મન, વચન અં
કર્મથી પતિને સેવે છે.

પ્રદ્યુમ્નના આ વચનોએ પણ તેણીના હૃદય ઉપર જરા પ
અસર કરી નહીં. તેણી વારંવાર હઠ કરીને તેવી અનુચિત પ્રાર્થ
ના કરવા લાગી. તેવામાં કનકમાળાના પુત્રો ત્યાં આવી ચડ્યા અં
તેમને પ્રદ્યુમ્નની સાથે યુદ્ધ થયું હતું. તે પછી કાળસંવર પણ ત
આવી ચડ્યો. તેણે પણ પ્રદ્યુમ્નની સાથે યુદ્ધ કરવા માંડ્યું હતુ
છેવટે રણવીર પ્રદ્યુમ્ને બે વિદ્યાઓના બળથી તેઓને હરાવી દી
હતા. આ અરસામાં નારદમુનિ ત્યાં આવી ચડ્યા હતા અને તેણે
પ્રદ્યુમ્નને તેના ખરા માતા પિતાના નામ આપ્યા હતા. તે પછ
તેમણે વિશેષમાં જણાવ્યું કે, "કુમાર પ્રદ્યુમ્ન તારે સત્યભામ
નામે એક સાવકી માતા છે, તેનાથી ભાનુ નામે એક પુત્ર થયો છે
તારી માતાને અને સત્યભામાને પૂર્વે શરત થઇ છે કે, "જેને
પુત્ર પ્રથમ પરણે તેણીએ પોતાની ચોટી તેની માતાને આપવી.'
તે પ્રમાણે જો એ સત્યભામાનો પુત્ર પ્રથમ પરણશે તો તારી
માતાને પોતાની કેશવેણી સત્યભામાને આપવી પડશે, આથી તુ
પુત્ર છતાં તારી માતા મરણ પામશે.

નારદના આવાં વચન સાંભળી પ્રદ્યુમ્ન પોતાની વિદ્યાના બળથી
એક વિમાન રચી નારદ સહિત દ્વારકામાં આવ્યો હતો. દ્વારકાની
બહેર આવેલા એક ઉદ્યાનમાં ઉતરી ભીલનો વેષ લઇ પોતે નગ
રમાં ગયો, ત્યાં સત્યભામાના પુત્ર ભાનુના વિવાહની ધામધૂમ ચાલ
તેના જોવામાં આવી હતી. તે વખતે તેણે વિદ્યાના બળથી કન્યાનું હ
રણ કરી તેણીને નારદની પાસે ઉદ્યાનમાં મુકી હતી. તે પછી કૃષ્ણ

તે ઉદ્યાનને તેણે ઉજડ કરી નાખ્યું હતું. તે પછી બધા જળાશયો શોષી નાખ્યા અને ભાનુકુમારના વિવાહને માટે એકઠી કરેલી સામગ્રી તેણે અદૃશ્ય કરી હતી. પછી તે બ્રાહ્મણનો વેષ લઈ વેદના મંત્ર બોલતો બોલતો તે સત્યભામાના મહેલ આગળ આવ્યો હતો. તે વખતે સત્યભામાની કુબ્જા દાસી તેની આગળ થઈ પ્રસાર થતી હતી, તેણીને તેણે મુષ્ટિના ઘાથી પાંસરી કરી હતી. એટલે તે દાસી તેને સત્યભામાની આગળ લઈ ગઈ અને તેની પાસે તે ચમત્કારી વાર્તા કહી હતી. તે બ્રાહ્મણનો ચમત્કાર જોઈ સત્યભામાએ તેને પ્રાર્થના કરી કે, "મહાનુભાવ, મને રૂક્મિણીથી વિશેષ સ્વરૂપવાન કરો." તેણીની એવી પ્રાર્થનાથી તે અવસરનો લાભ લેવા પ્રદ્યુમ્ને તેણીને જણાવ્યું હતું કે, "તમે મસ્તક મુંડાવી જીર્ણ વસ્ત્ર પહેરી તમારી કુળદેવી પાસે તે વિદ્યાના મંત્ર જપો." તે ઉપરથી રૂપની લાલચુ એવી સત્યભામાએ તે પ્રમાણે કર્યું, એટલે પ્રદ્યુમ્ને તેના ઘરમાંથી વિવાહની સર્વ વસ્તુ વિનષ્ટ કરી દીધી હતી

આ પ્રમાણે પોતાની ધારણા પાર પાડી પ્રદ્યુમ્ન બાળમુનિનો વેષ લઈ પોતાની માતા રૂક્મિણીને મહેલ ગયો હતો. ધર્મની આસ્થાવાળી રૂક્મિણી તે બાળ મુનિને માટે ઘરમાં આસન લેવા ગઈ, તેવામાં ત્યાં રહેલા કૃષ્ણના સિંહાસન ઉપર પ્રદ્યુમ્નમુનિરૂપે બેસી ગયો હતો. રૂક્મિણી આવીને જુવે છે, ત્યાં બાળમુનિ કૃષ્ણના સિંહાસન ઉપર વિરાજમાન થયેલા જોવામાં આવ્યા. તે જોઈ રૂક્મિણી આશ્ચર્ય પામી ગઈ. અને તે બોલી —"મહારાજ, આ હરિપતિ કૃષ્ણનું સિંહાસન છે, તે ઉપર કૃષ્ણ અથવા કૃષ્ણના પુત્ર સિવાય બીજાને દેવતાઓ બેસવા દેતા નથી. તે આપ શી રીતે બેસી ગયા?" મુનિવેશ ધારી પ્રદ્યુમ્ન બોલ્યો.—"ભદ્રે, મારી તપસ્યાનું બળ અધિક છે; તેથી હું અહિ

તે અર્થ કરી શકું તેમ છું. હું અહીં સોળ વર્ષને અંતે પારણું કરવા આવ્યો છું; માટે હવે મને પારણું કરાવો. જે તમારી પારણું કરાવવાની ઇચ્છા ન હોય તો હું સત્યભામાને ઘેર જાઉં." રૂકિમણી બોલી—

"મહાનુભાવ, હું આપને પારણું કરવાની ના કહેતી નથી. આપને હમણાંજ પારણું કરાવીશ, કારણકે, આપની સેવાથી મારૂં દુઃખ દૂર થઈ જશે." બાળમુનિએ કહ્યું; "તમારે શું દુઃખ છે?" રૂકિમણીએ કહ્યું, "મહારાજ, મને પુત્રનો વિયોગ થયેલો છે અને તે મારા મનને સતત પરિતાપ કરે છે." તે વખતે પ્રદ્યુમ્ન બોલ્યો—"બાઇ, જેવી રીતે તમારે પુત્રનો વિયોગ છે, તેવી રીતે મારે પણ માતાનો વિયોગ છે. તેનો ખેદ શામાટે કરો છો? તમારો પુત્ર કયાં ગયો છે?" પ્રદ્યુમ્નનો આવો પ્રશ્ન સાંભળી રૂકિમણીએ પોતાના પુત્ર વિષે બનેલો સર્વ વૃત્તાંત તેને કહી સંભળાવ્યો હતો. જે સાંભળી પ્રદ્યુમ્નના હૃદયમાં પોતાની માતા વિષેની પૂરી ખાત્રી થઈ હતી. પછી રૂકિમણીએ જણાવ્યું, મહાનુભાવ, પુત્રના વિયોગથી પીડિત થઈને મેં કુળદેવીની આરાધના કરી એ ઉપરથી કુળદેવીએ મને કહ્યું હતું કે, "તારો પુત્ર સોળ વર્ષે પાછો આવશે." મુનિરાજ, આજે તેને સોળ વર્ષ થઈ ગયાં છે, તોપણ પુત્ર હજુ આવ્યો નહીં; તેથી આપ જ્ઞાની છો માટે કૃપા કરી જણાવો કે, મારો પુત્ર કયારે આવશે? સતીના આવા વચન સાંભળી ચતુર પ્રદ્યુમ્ને કહ્યું, "બાઈ, આપણાં નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, સુખની ઇચ્છા રાખનારા પ્રાણીઓએ ગુરૂ પાસે, પિતા પાસે, દેવ પાસે કે રાજા પાસે ખાલી હાથે જવું નહીં, તો તમે મને કાંઈ આપો." રૂકિમણી બોલી—"આપની શી ઇચ્છા છે?" બાળમુનિએ કહ્યું, મને ક્ષુધા લાગી છે, માટે ભોજન આપો. પછી રૂકિમણીએ તેને ક્ષીર ભોજન આપ્યું. તે ક્ષણમાં ખાઇ ગયો પછી કૃષ્ણ-

ને માટે કરી રાખેલા મોદક માગ્યા. ત્યારે રૂકિમણીએ કહ્યું કે, કૃષ્ણને માટે કરી રાખેલા મોદક બીજાને અપાય નહીં, કારણકે, તે પંચાવી શકાય તેવા નથી. મુનિ બોલ્યા—"મને એક મોદક તો આપો. તપસ્વીને શું ન પચે? પછી રૂકિમણીએ તેને એક મોદક આપ્યો. તે ખાધા પછી પ્રદ્યુમ્ને બીજા મોદક માગ્યા. રૂકિમણી જેમ જેમ તેને આપતી ગઈ તેમ તેમ તે વિદ્યાના બળથી ખાઈ ગયો. હૃદયમાં અતિશય આશ્ચર્ય પામેલી રૂકિમણી બોલી—"અહો મુનિ! તમે તો બહુ બળવાન્ લાગો છો. આટલા આટલા મોદકોથી પણ તમારી ક્ષુધા શાંત થતી નથી." એ શું?

અહીં સત્યભામાના મેહેલમાં શું બન્યું! તે જાણવા જેવું છે. રૂકિમણીનાથી વિશેષ ફળ મેળવવાની ઇચ્છા રાખતી સત્યભામા મસ્તક મુંડાવી મંત્રનો જાપ કરતી હતી, ત્યાં એક સેવકે આવી નિવેદન કર્યું કે, "કોઇ દેવ, દાનવ કે પુરૂષે આવી આપણો બાગ સૂકવી નાખ્યો છે. અને ગામના જળ પણ શોષવી નાખ્યા છે. વિવાહની સર્વ સામગ્રી વિનષ્ટ કરી દીધી છે. ભાનુકુમારને વરઘોડામાં અશ્વ ઉપરથી પાડી નાખ્યા છે અને લોકોમાં હસાહસ થઇ રહી છે." આટલું સેવક બોલી રહ્યો ત્યાં બીજાએ આવી કહ્યું કે, "બાઈ, ભાનુકુમારને પરણવા આવેલી કન્યાને કોઈ હરી ગયું છે." આ સાંભળી ક્રોધાતુર થયેલી સત્યભામાએ પોતાની દાસીને હાથમાં પાત્ર આપીને રૂકિમણીને ઘેરથી રૂકિમણીના કેશ લઈ આવવાનું કહ્યું, ત્યાં દાસી ગઇ એટલે તેણીના વાળથી પેલા બાળમુનિએ પાત્ર ભરી દીધું; પણ દાસીને ખબર પડી કે, પોતાના વાળ પેલાએ લઈ લીધા છે. તે તો લઇને ગઇ પણ સત્યભામા તેણીને મુંડેલી જોઇ, બહુ ખેદ પામી. પછી તેણીએ કૃષ્ણને કહ્યું—"હવે તમે અમારી શરત પ્રમાણે રૂકિમણીના કેશ મને અપાવો." કૃષ્ણે કહ્યું, પણ તારા જ કેશ તારા મસ્તક ઉપર નથી તે શું?

સત્યભામાએ કહ્યું, એવી હાંસી રહેવા દો." તે ઉપરથી કૃષ્ણે
પોતાના ભાઈ બળભદ્રને રૂકિમણીને ત્યાં કેશ લેવાને મોકલ્યા.
તેને જોઈ પ્રદ્યુમ્ને કૃષ્ણનું રૂપ કર્યું, તે દેખી લજ્જા પામી બળભદ્ર
પાછા વળ્યા અને સભામાં આવી કૃષ્ણને દેખીને બોલ્યા. "ભાઈ,
તમે એ રૂપ કરીને એક રૂપે ત્યાં રહ્યા ને ત્યાં મને શા વાસ્તે
મોકલ્યો? મારા ભાભી રૂકિમણી પણ શરમાઈ ગયા." ત્યારે
કૃષ્ણે કહ્યું, ભાઈ! આ શું બોલો છો? હું તો ત્યાં ગયોજ નથી,
એ કેમ બને? તે સાંભળી સત્યભામા રીસ કરીને બોલ્યા—
"સ્વામી, એ બધા તમારા કર્તવ્ય છે." એ ઉપરથી વિલક્ષ
થયેલા કૃષ્ણ રૂકિમણીને ત્યાં આવ્યા, ત્યાં તો રૂકિમણી પોતાના
પુત્રનો સમાગમ હજુ નહીં થવાથી ખેદ પામતી હતી. તેવામાં
ત્યાં અચાનક નારદમુનિ આવ્યા અને તેમણે કૃષ્ણ તથા રૂકિમણીને
કહ્યું, "જેણે હમણાં કૃષ્ણનું રૂપ કર્યું હતું અને જે વળી અત્યારે
બાળમુનિના વેષમાં છે, તે આ આપનોજ મહાલબ્ધિવાન્ પુત્ર
પ્રદ્યુમ્ન છે." તેટલામાં તો પ્રદ્યુમ્ન પણ સત્વર આવીને માતા-
પિતાના ચરણમાં નમ્યો ને કહેવા લાગ્યો કે, "હું આપનો પુત્ર
છું. પછી તેણે અંજળિ જોડીને જણાવ્યું કે, હે માતાપિતા,
જ્યાંસુધી હું આપની પાસે સ્વજન તથા સંબંધી વર્ગની સમક્ષ
કાંઈ પણ ચમત્કાર ન બતાવું, ત્યાંસુધી તમારે મારૂં ખરૂં સ્વરૂપ
કોઈને કહેવું નહીં." પછી માતાએ પુત્રને આલિંગન દઈને કહ્યું,
વત્સ, હું તારા આગમની વાત કોઈને નહીં કહું. પછી વિદ્યાવાન્
પ્રદ્યુમ્ન કૃષ્ણ ન જાણે તેમ રૂકિમણીને રથમાં બેસારીને ત્યાંથી
ચાલ્યો હતો. નગર બાહેર જઈ તેણે શંખનો નાદ કરી સર્વ
યાદવોને ક્ષોભ પમાડ્યો. તેના શંખનો શબ્દ સાંભળી બધા યા-
દવો એકઠા થઈ ગયા. તે વખતે એ મહાવીર બોલ્યો કે, "હું
આ રૂકિમણીને હરી જાઉં છું. કૃષ્ણને શક્તિ હોય તો તેણીનું

રક્ષણ કરવા આવે તું એકલો યુદ્ધ કરવાને સમર્થ છું. એટલુંજ નહીં પણ હું સમુદ્રને જળમુકવી નાખું છું અને અગ્નિને પી જાઉં છું, વળી ભયંકર સર્પને પકડવાની અને મોટા પર્વતોને ચલાયમાન કરવાની મારામાં શક્તિ છે.

જ્યારે પ્રદ્યુમ્ન આ પ્રમાણે બોલતો બોલતો નગરીની બાહેર નીકળ્યો, તે વાત કૃષ્ણના જાણવામાં આવી એટલે કૃષ્ણ ત્યાં દોડી આવ્યા. અને પ્રદ્યુમ્નની વાતથી ખેદિત થઈને બોલ્યા—"અરે દુર્બુદ્ધિ તું મરવાને કેમ તત્પર થયો છે"? એમ કહી કૃષ્ણ મોટા સૈન્યની સાથે તેની ઉપર તૂટી પડ્યા. અને પ્રદ્યુમ્નની ઉપર મોટો માર ચલાવવા લાગ્યા પણ પ્રદ્યુમ્ને વિદ્યાના બળથી કૃષ્ણના સૈન્યને ક્ષણમાં હરાવી દીધું હતું. પછી જેમ મોટા ગજેન્દ્રને દંતરહિત કરે તેમ તેણે કૃષ્ણને શસ્ત્રરહિત કરી દીધા. તે જોઈ કૃષ્ણ વિસ્મિત થઈ ગયા અને હૃદયમાં ભારે ખેદ કરવા લાગ્યા. ત્યાં નારદમુનિ આવી તેમને કહેવા લાગ્યા—"હે કૃષ્ણ, આ તમારો પુત્ર પ્રદ્યુમ્ન છે. નિઃસંદેહ થાઓ. સિંહનો પુત્ર સિંહના જેવોજ હોય છે" તે સાંભળતાંજ કૃષ્ણે પોતાના હથીઆર છોડી દીધા અને પ્રદ્યુમ્નને પ્રેમથી આલિંગન કર્યું. પ્રદ્યુમ્ને પણ પિતાને પ્રણામ કરી ક્ષમા માગી.

સતીપુત્ર પ્રદ્યુમ્નને કૃષ્ણ એક પટ્ટહસ્તી ઉપર બેસારી મોટા ઉત્સવ સાથે દ્વારકામાં લાવ્યા હતા. દ્વારકાવાસી લોકો અને યાદવો કૃષ્ણનો પુત્ર પાછો આવ્યો. એ વાત જાણી આશ્ચર્ય પામ્યા હતા લોકો દૂરથી પ્રદ્યુમ્નને જોવાને એકઠા થતા હતા અને નગરવાસી સ્ત્રીઓ શેરીએ શેરીએ શ્રેણીબંધ ઉભી રહી મંગળગીત ગાતી હતી.

આ પ્રસંગે કૃષ્ણ વાસુદેવે ભાટ ચારણોને અગણિત દાન આપ્યા હતા. અને દરેક જિનાલયોમાં પૂજા ભણાવી મોટા ઉત્સવો કરાવ્યા હતા.

આ વચનને દુર્યોધને આવી કહ્યું કે, "કૃષ્ણ, તમારા પુત્ર ભા-
ની સાથે જે મારી પુત્રીનું પાણિગ્રહણ થવાનું હતું, તેનું હરણ
યું છે. અદ્યાપિ કોઇ ઠેકાણે તેણીની શોધ લાગતી નથી નો
પે શું કરવું" તે સાંભળી કૃષ્ણ ખેદ કરવા લાગ્યા, તે ઉપરથી
પેતાને ખેદ કરતા જોઇ પ્રદ્યુમ્ન બોલ્યો—"પિતાજી, ખેદ કરો ન-
હી. હું હમણા તેણીને મારી પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળથી લાવું છું"
એમ કહી તેણે સર્વની સમક્ષ તે દુર્યોધનની કન્યા ત્યાં લાવી હા-
જર કરી. તે જોઇ કૃષ્ણ, દુર્યોધન વગેરે બધા સાનંદાશ્ચર્ય થઇ
ગયા. પછી કૃષ્ણ અને દુર્યોધને પ્રદ્યુમ્નને કહ્યું કે, "તું આ ક-
ન્યાની સાથે વિવાહ કર." તે સાંભળી વિદ્વાન્ પ્રદ્યુમ્ન બોલ્યો—
પિતાજી, એ કન્યાનો વિવાહ મારા ભાઇ ભાનુની સાથેજ થવો
જોઇએ. એ તો મારી વધૂ કહેવાય. તેથી તેણીને ભાનુની સાથે
પરણાવો. પ્રદ્યુમ્નના આ વચન સાંભળી તેઓએ તે કન્યાને
સત્યભામાના પુત્ર ભાનુકુમારની સાથે પરણાવી હતી. બીજા
વિદ્યાધરોએ પ્રદ્યુમ્નનું આવું મહાત્મ્ય જોઇ તેને પોતાની રૂપવતી
કન્યાઓ આપી હતી.

સત્યભામાને ભીરૂક નામે એક પુત્ર થયો હતો. તે સ્વભાવે
ઘણો બીકણ હોવાથી કૃષ્ણના બીજા કુમારો તેને બીવરાવતા હતા.
કૃષ્ણની જાંબુવતી નામની સ્રીને શાંબ નામે એક પુત્ર થયો હતો.
તે પુત્ર તેની માતાની બેદરકારીને લઇને બાળવયમાં ઘણો તોફાની
થયો હતો. પુત્ર અને પુત્રીને મોઢે ચડાવી લાડ કરાવવા—એ તેમ-
ને અત્યંત હાનિકારક છે. જે માબાપો એવી નઠારી પદ્ધતીથી
પોતાના સંતાનોની સાથે વર્તે છે, તેઓ તે સંતાનના ગ્રહરૂપ
થાય છે. કૃષ્ણની સ્રી જાંબુવતીને તેનો ખરેખરો અનુભવ થયો
હતો. તેનો પુત્ર શાંબ જ્યારે બાળ વયનો હતો, ત્યારે એ પુત્ર
મોહિત માતા શાંબને ઘણાજ લાડ કરાવતી હતી. એટલુંજ

નહીં પણ તે પોતાના લાડકવાયા પુત્રનો અવગુણ પોતાના મનમાં જરાપણ લાવતી ન હતી. હવે એમ બન્યું કે, જાંબુવતીનો પુત્ર શાંબ તોફાની હોવાથી સત્યભામાના પુત્ર ભીરૂકને હમેશાં રમતાં રમતાં બહુ બીવરાવતો અને ચીડવતો હતો. તે ઉપરથી સત્યભામા જાંબવતી પાસે ફરીયાદ કરવા આવી, ત્યારે જાંબુવતીએ પુત્રનો અવગુણ દીઠો નહીં અને તેણીએ સત્યભામાને કહ્યું કે, "મારો પુત્ર બહુજ શાંત છે." પછી સત્યભામાએ તે વાત કૃષ્ણને કહી એટલે કૃષ્ણે જાંબુવતીને કહ્યુ કે, "તારો પુત્ર શાંબ તોફાની અને અન્યાયી સંભળાય છે, તે હમેશાં સત્યભામાના પુત્ર ભીરૂકને બીવરાવે છે, તેથી તારે તેને વારવો જોઈએ." તે ઉપરથી જાંબુવતીએ કૃષ્ણની આગળ પોતાના પુત્રના વખાણ કરવા માંડયા. અને કહ્યું કે, સત્યભામા ખોટું બોલે છે. મારો પુત્ર તો ડાહ્યો છે. જાંબુવતીનો આવો આગ્રહ જોઈ કૃષ્ણે વિચાર કર્યો કે, આ માતા પોતાના પુત્રને બગાડશે. પુત્ર વા પુત્રીને સારૂં નરસું શિક્ષણ માતાથીજ મળે છે. જો આ જાંબુવતી પોતાની આ નઠારી ટેવ છોડશે નહીં તો શાંબકુમાર અધમ સ્થિતિમાં આવી પડશે, માટે કોઇ યુક્તિથી જાંબુવતીને પુત્રનો દુરાચાર જણાવવો જોઈએ." આવો વિચાર કરી એક વખતે કૃષ્ણે ભરવાડનો વેષ લીધો અને જાંબુવતીને ભરવાડીનો વેષ લેવરાવ્યો અને તેઓ દહીં વેચવાને મિષે બાહેર આવ્યા. ત્યાં શાંબકુમાર રમતો હતો ત્યાંથી તેઓ પસાર થયા. તે વખતે શાંબકુમારે ભરવાડી કે જેવી જાંબુવતીને કહ્યું કે, "અરે બાઈ

નહીં આવ, ન ... રે લેવું ... તે તેણી-
લીને ... કરી મ ... એટલે કૃષ્ણ
જાંબુવતી ... સાદ ... જોઈ શાં
શાંબકુમારને ... કું ... , "કુમ

પ્રયાસ કરતી હતી. કુમાર પ્રદ્યુમ્ને વિદ્યાના બળથી જાણ્યું કે, પોતાની અપર માતા ભીરૂકને માટે સોમી કન્યાનો શોધ કરે છે, તે ઉપરથી પોતે વિદ્યાના પ્રભાવે જિતશત્રુ નામે રાજા થયો અને શાંબને કન્યા રૂપ બનાવ્યો. અને વિદ્યાની શક્તિથી બીજો પરિવાર વિકુર્વ્યો. પછી સત્યભામાએ પોતાના પુત્ર ભીરૂકને અર્થે જિતશત્રુ રાજાની કન્યાની માગણી કરી. તે વખતે જિતશત્રુએ ઠરાવ કર્યો કે, " જો સત્યભામા મારી પુત્રીને પોતાને હાથે ઝાલીને નગરમાં લઈ જાય અને પાણિગ્રહણ વખતે મારી પુત્રીનો હાથ ભીરૂકના હાથની ઉપર રખાવે તો હું મારી પુત્રી ભીરૂકને આપું."

સત્યભામાએ સર્વ વાત અંગીકાર કરી. પછી તે કન્યાને પોતાને હાથે ઝાલીને નગરમાં લાવી. તે વખતે લોકો વિદ્યાના પ્રભાવથી જિતશત્રુરાજાની પુત્રીને ઠેકાણે શાંબને દેખીને તથા સાથે પ્રદ્યુમ્નને પણ જોઈને બોલવા લાગ્યા કે, " અહો ! જુવો આ સત્યભામા પોતાના પુત્રના વિવાહ સમયે શાંબ અને પ્રદ્યુમ્નને મનાવીને પાછા લાવે છે." આ પ્રમાણે શાંબ કન્યાના વિકુર્વેલા વેષમાં સત્યભામાને ઘેર ગયો. ત્યાં વિવાહ સમયે શાંબે ભીરૂકના જમણા હાથ ઉપર પોતાનો ડાબો હાથ મુકયો અને પેલી કન્યાઓના હાથ પોતાના જમણા હાથથી ગ્રહણ કર્યા, તે કાળે વિધિ પ્રમાણે અગ્નિની આસપાસ ફેરા ફરી તે તેમને પરણી ગયો.

પછી બીજી સઘળી સ્ત્રીઓ સાથે શાંબ પણ ભીરૂકના ગૃહાવાસમાં ગયો અને ત્યાં જઈને તેણે પોતાનું મૂળરૂપ પ્રગટ કર્યું હતું. જ્યારે ભીરૂકગૃહમાં આવ્યો એટલે શાંબે તેને આકુરી ચડાવીને બીવરાવ્યો હતો. ભીરૂક ભય પામતો તેની માતા સત્યભામા પાસે દોડી આવ્યો અને તેણે પોતાની માતાને કહ્યું કે, " માતા ! આ કન્યાને સ્થાને શાંબ છે." પછી સત્યભામા તે આવું નહીં માનતા

ત્યાં જોવા આવી, ત્યાં તેણીએ ખરેખર શાંબને જોયો. તે વખતે શાંબ પણ હસીને માતાને પગે લાગ્યો. પછી સત્યભામાએ ક્રોધ કરી પુછ્યું કે, અરે નિર્લજ્જ, તને અહિં કોણ લાવ્યું? તે બોલ્યો—"માતા ક્રોધ કરો નહીં. તમે પોતેજ મને અહીં લાવ્યા છો અને આ કન્યાઓની સાથે મને પરણાવ્યો છે. તે બાબત નગરના સર્વ લોકો સાક્ષી છે." તે સાંભળી સત્યભામા આશ્ચર્ય પામી ગઈ અને તેણીએ પુછી જોયું તો સર્વ લોકોએ તેમજ કહ્યું હતું. એવી રીતે શાંબ નવાણું કન્યાઓનો પતિ થયો હતો. તે પછી શાંબ અને પ્રદ્યુમ્ને પોતાના માતાપિતાની ક્ષમા માગી હતી. પુત્રોનું આવું પરાક્રમ જોઈ સતી રૂક્મિણી અને જાંબુવતીને સંતોષ થયો હતો.

પ્રદ્યુમ્નના સહવાસથી શાંબ સુધરી ગયો હતો અને તેણે સારી કેળવણી લીધી હતી, આથી તે સર્વ યાદવોમાં સારી પ્રતિષ્ઠા પામ્યો હતો.

સતી રૂક્મિણી શ્રાવિકાધર્મ પાળતી પોતાના પતિ કૃષ્ણની સેવા કરતી, દ્વારિકામાં સુખે રહી હતી. કુમાર પ્રદ્યુમ્નની માતૃભક્તિ સારી હતી. પ્રદ્યુમ્ન પ્રૌઢ થયો ત્યારે તે માતા રૂક્મિણીના સહવાસમાં રહેતો અને હમેશાં સતી પાસેથી ધર્મનું વિશેષ જ્ઞાન સંપાદન કરતો હતો.

સતી રૂક્મિણી અહીં વય ગયા પછી શાંતિ ભોગવવાની ઈચ્છાથી પોતાના મહેલમાં એકાંતે રહી હતી. ત્યાં તેણીએ પોતાના પુત્રોને તથા પૌત્રોને ધાર્મિક તથા સાંસારિક કેળવણી આપવાની એક શાળા ઉઘાડી હતી. સતી હમેશાં સ્વાધ્યાયમાં મગ્ન રહેતી અને તેમાંજ પોતાના જીવનનું સાર્થક માનતી હતી.

છેવટે એ મહાસતી નેમિનાથ પ્રભુના પ્રતિબોધથી જાગ્રત થઈ આત્મસાધન કરવામાં ઉદ્યુક્ત થઈ હતી. અને સદા પવિત્ર પ્રેમભાવથીજ પતિસેવામાં તત્પર રહી હતી. એથી એ પવિત્ર સતીએ ગૃહસ્થાશ્રમનું અમૂલ્ય સુખ ઘણાં વર્ષ ભોગવી પૃથ્વીમાં પોતાનું નામ અમર રાખ્યું છે અને તે સદ્ગતિનું પાત્ર બની છે.





રેવતી.

વિશેષ ઉન્નતિ ઈચ્છનારી રૈવતી ઘણીવાર શ્રાવસ્તી નગરીની શ્રાવિકાઓને એકઠી કરી સારાસારા ભાષણો આપતી અને પોતાથી બને તેટલી તેમને સર્વ પ્રકારની સહાય આપતી હતી. એક વખતે તેણીએ શ્રાવિકાઓના સમાજ વચ્ચે એટલે સુધી કહ્યું હતું કે, "સાધર્મી બ્હેનો, તમે પૂર્વના ઘણા પુણ્યથી આ શ્રાવિકાજન્મ સંપાદન કર્યો છે. આ ઉત્તમ અવતાર ફરીથી પ્રાપ્ત થવો દુર્લભ છે. તેથી તમારા શ્રાવિકાજીવનને સુધારવા પ્રયત્ન કરજો. ધર્મ, નીતિ, ગૃહ—વ્યવહાર અને સદાચારનું ઉત્તમ શિક્ષણ લઈ તમોતમારા અમૂલ્ય જીવનને સાર્થક કરજો. સર્વ પ્રાણી ઉપર સમભાવ રાખી વર્તજો. વડિલ જનની સેવા કરવામાં તત્પર રહેજો. દુરાચારથી દૂર રહેજો અને અધર્મનો અનાદર કરજો. બ્હેનો, આપણી સ્ત્રીઓનો અવતાર શી રીતે કૃતાર્થ થાય? એ બાબત તમારે હમેશાં મનન કરવાનું છે. સ્ત્રીજીવન પુરૂષના જેટલુંજ ઉપયોગી છે. પુરૂષોની ભવિષ્યની સ્થિતિનો સર્વ આધાર સ્ત્રીઓના જીવન ઉપર ટકી રહેલો છે. માતાના ઉત્તમ શિક્ષણથી પુરૂષો ઉન્નતિમાં આવી શકે છે. જે પુરૂષો, તીર્થંકરો, ચક્રવર્તીઓ વગેરે ઉચ્ચ સ્થિતિમાં આવેલા છે, તેઓની ઉન્નતિનો પાયો માતાના શિક્ષણ ઉપર રહેલો હતો. માટે તમે તમારા જીવનની સાર્થકતા કરવાને સર્વદા તત્પર રહેજો અને તમારા કર્ત્તવ્ય તરફ દૃષ્ટિ રાખી સમ્યક્ત્વમૂલ ધર્મની આરાધના કરજો."

સતી રૈવતી આવો બોધ આપતી અને તેમાંજ પોતાના જીવનની કૃતાર્થતા સમજી હૃદયમાં અતિ આનંદ પામતી હતી. એક વખતે ધર્મવીર વીર ભગવાન્ વિહાર કરતા શ્રાવસ્તી નગરીમાં આવી સમોસર્યા હતા. શ્રાવસ્તી નગરીની જૈનપ્રજા તે ખબર જાણી પ્રભુને વાંદવા ગઈ. તેમાં શ્રાવસ્તીપતિ મહારાજા વગેરે નગરના મુખ્ય જનોએ તેમાં સારો ભાગ લીધો હતો. સર્વ પર્ષદા ભરાયા પછી વીરપ્રભુએ નીચે પ્રમાણે દેશના આપી હતી—

"ભવ્યપ્રાણીઓ, પુણ્યવાન્ જીવોને વિમાનમાં વાસ પામવો અ-
ને ચક્રવર્તીની સમૃદ્ધિ પામવી તે સુલભ છે, પણ જિનેંદ્રનું શાસન
અને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું દુર્લભ છે. તેમજ આ જગત્‌માં પંચે-
ન્દ્રિય પણું, મનુષ્યત્વ, આર્યદેશ, ઉત્તમકુળ. સાધુનો સમાગમ, ધ-
ર્મનું શ્રવણ. શ્રદ્ધા, આરોગ્ય અને દીક્ષા—એ નવવાના પ્રાપ્ત કરવા
ઘણાંજ દુર્લભ છે. મનુષ્યના તેજ દિવસ, પક્ષ, માસ અને વર્ષ
સફળ ગણાય છે, કે જેઓમાં મૂળગુણ અને ઉત્તરગુણ નિરતિ-
ચારપણે પાળવામાં પ્રસાર થાય છે."

ઇત્યાદિ પ્રભુએ ધર્મદેશના ઉત્તમ પ્રકારે આપી તેમના હૃ-
દય ઉપર સારી અસર કરી હતી. કેટલાક ઉત્તમ જનોએ તેજ
વખતે સમકિત મૂળ બારવ્રત ગ્રહણ કર્યાં હતા.

પ્રભુ જ્યારે દેશના આપી રહ્યા ત્યારે ધર્મમાં અંતરાય કર-
નારો ગોશાળો ત્યાં આવ્યો. તેણે પ્રભુને વિનયથી કહ્યું કે "હું આ-
પનો સેવક છું." એમ કહી તે પ્રભુની સેવા કરવા લાગ્યો. અનુ-
ક્રમે તેણે તેજોલેશ્યા સાપી પ્રભુની ઉપર મુકી. જેવામાં તેજો-
લેશ્યા પ્રભુ ઉપર પ્રસરતી હતી, ત્યાં સુનક્ષત્ર નામના કોઈ મહામુ-
નિ વચ્ચે આવીને ઉભા રહ્યા. એટલે તેજોલેશ્યા પ્રભુને છોડી
તે મુનિને લાગુ પડી. તત્કાળ તે મુનિ તેજોલેશ્યામાં દગ્ધ થઈ
ગયા. અગ્નિને દીપે તે મુનિ શુભધ્યાનસહિત મૃત્યુ પામી અ
ચ્યુતદેવલોકને વિષે દેવતા થયા. તે વખતે પ્રભુને તેજોલેશ્યાની
અસર કર થઈ એમ તેમને લાગ્યું. આ પછી પ્રભુને છ મ[illegible]
ર્યંત અતિસારનો રોગ રહ્યો હતો. એ મહારોગ થતાં પણ [illegible]
રુણિ વીરપ્રભુને વેદનાકર્મનું ફળ જાણી સહન કરતા હ[illegible]
ને કોઈ નિરાળી આત્મસાધન કરતા હતા.

એક વખતે કોઈ સિદ્ધાન્ વૈદ્ય પ્રભુની પાસે આવીને [illegible]
[illegible], તેણે પ્રભુનો તે મહારોગ જોયો. ઉપકારી વૈદ્ય પ્રભુના [illegible]

સિદ્ધમુનિને કહ્યું કે,"જો બીજોરાપાક મળે તો પ્રભુનો આ રોગ શાંત થઈ જાય, એ બીજોરાપાક આ ગામમાં રેવતી શ્રાવિકાને ત્યાં છે. "આ પ્રમાણે કહી તે વૈદ્ય ચાલ્યો ગયો. તે પછી સિદ્ધમુનિ પરોપકારી ઉદાર શ્રાવિકા રેવતીને ઘેર બીજોરાપાક લેવાને ગયા હતા.

સતી રેવતી સિદ્ધમુનિને પોતાને ઘેર આવેલા જોઈ ઘણી-જ પ્રસન્ન થઈ હતી. મુનિએ જ્યારે પોતાના આગમનનું કારણ જણાવ્યું એટલે એ મહાસતી હૃદયમાં ઘણીજ ખુશી થઈ. પછી મહાનુભાવા રેવતીએ ત્રણ ભુવનના ગુરૂ એવા પ્રભુના રોગની શાંતિને અર્થે તે મુનિને અત્યંત ભાવપૂર્વક તે પાક આપ્યો હતો.

ઉદાર રેવતીનો આ વખતનો મનોભાવ અપૂર્વ હતો. તેણી-ની પ્રભુભક્તિ ઉત્તમ ભાવનાની સાથે તેણીના પવિત્ર હૃદયમાં પ્રસરી ગઈ હતી. જગત્પતિ અને દેવાધિદેવના શરીર માટે પોતાની તુચ્છ વસ્તુ ઉપયોગી થઈ—એથી એ મહાસતી પોતાના જીવનની સાર્થકતા માનતી હતી. આવા ઉત્તમ ભાવથી તેણીએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું હતું. જે ભવિષ્યમાં આવતી ચો-વીશીમાં સત્તરમા સમાધિ નામે તીર્થંકર થવાની છે. મહાસતી રેવતીનું જીવનચરિત્ર સર્વ સતીઓમાં પ્રશંસનીય છે. કારણકે, તેણીએ સતીની પદવી સાથે દેવાધિદેવ તીર્થંકરની પદવી પ્રાપ્ત કરી છે. સતી રેવતીએ તેણીની ઉદારતાનું અને સખાવતપણાનું દિવ્ય ફળ પ્રાપ્ત કર્યું હતું. ધન્ય છે એ પરમપવિત્ર મહાસતીને.

વાંચનારી બ્હેનો, દુઃખી પ્રાણીને સહાય આપવી અને રોગ-પીડિત પ્રાણીઓની સારવાર કરવી—એ કામ ઊંચામાં ઊંચા પુણ્યના બંધને કરનારૂં છે, એ વાત તમારા હૃદયમાં કોતરી રાખજો. પોતાના સાધર્મી બંધુઓને માટે ઊંચા પ્રકારની સખાવત કરવી, તેમને માટે શાળાઓ, પુસ્તકાલયો અને ઔષધાલયો ઉઘાડવા, અને તેમની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ થાય તેવી યોજનાઓ

કરવી—એ મહાપુરુષનું કર્તવ્ય થાય છે. આ સતી દેવીનું જીવન આપણને એ બોધ આપે છે. ને મહાત્માની તેવા જીવનનું દૃષ્ટાંતરૂપ બની છે. આ સંસાર કે જે સર્વદા દુઃખરૂપ અને ઉપાધિરૂપ છે, તેમાં અવતાર લઈ બધા પ્રાણીઓએ જેનાથી પોતાના જીવનની સાર્થકતા થાય, તેવા કાર્યો કરવાનાં છે. જીવનની સાર્થકતા શાથી થાય છે! અને માનવજીવનનો ઉપયોગ શામાટે છે? એ બધું આપણે મનન કરવાનું છે અને તે મનન કરવામાં આ દેવીનું ચરિત્ર પૂરેપૂરી પુષ્ટિ આપનારૂં છે અને આત્માની ઉન્નતિના ઉચ્ચ માર્ગને દર્શાવનારૂં છે.





કુંતી

[illegible]

[illegible]

[illegible]

કુંતીએ યૌવનવયમાં પ્રવેશ થયા પહેલા સારી સારી કળા-
ઓ સંપાદન કરી હતી. તેણીની સ્મરણશક્તિ અદ્‌ભુત હતી.
બુદ્ધિને જોઇ અનેક વિદ્વાનો અને ચતુર પુરૂષો ચકિત થઇ
જતા હતા અને તેણીની બારે પ્રશંસા કરતા હતા.

કુંતી જેવી ચતુર હતી તેવીજ તે સ્વરૂપવતી હતી. તેણીનું
સૌંદર્ય પ્રેક્ષકોને છક કરી નાખતું હતું. તેણીના દરેક અવયવોમાં
લાવણ્યનો ચમત્કાર થઈ રહ્યા હતો; તેથી તે લાવણ્યવતી રમણી-
ઓમાં અગ્રેસર ગણાતી હતી.

આવી ગુણવતી અને રૂપવતી રાજકન્યા કોઇ યોગ્ય પતિને
વરે તો તેણીનું જીવન કૃતાર્થ થાય. આવી ઇચ્છાથી રાજા અંધ
કવૃષ્ણિ તેવા પુરૂષની શોધ કરાવતો હતો. તેણે અનેક દેશોમાં
પોતાના સેવકોને મોકલ્યા હતા. પણ કોઈ ઠેકાણે તેવો યોગ્ય
પુરૂષ જોવામાં કે જાણવામાં આવ્યો નહીં, એટલે તેણે કોઇ ચિ-
ત્રકારને બોલાવી કુંતીનું ચિત્ર આળેખાવ્યું અને તે ચિત્રપટ લઇ
તેને દેશાંતર મોકલ્યો હતો.

આ અરસામાં હસ્તિનાપુરમાં પાંડુ રાજા રાજ્ય કરતો
હતો. એક વખતે તે વનમાં ફરવા ગયો ત્યાં વિવિધ જાતનાં
વૃક્ષો તેના જોવામાં આવ્યાં. મલ્લિકાના પુષ્પની જેણે માળા પહે-
રી છે, એવું માકંદ વૃક્ષ જોતાંજ તેને મદ ચડી ગયો. નારંગીના
વૃક્ષ જોઈ તે આનંદ પામી ગયો. કામદીપક ચંપક વૃક્ષને અવ-
લોકતાંજ તેના હૃદયમાં હર્ષ ઉત્પન્ન થઇ આવ્યો. અને બકુલ
વૃક્ષના પુષ્પની કળીઓથી આકુળ એવા અશોકને નીહાળતાં તે
અશોક—શોકરહિત થઇ ગયો હતો. આ પ્રમાણે વનની વિચિત્ર
શોભાને જોતો જોતો પાંડુરાજા અરણ્ય ભૂમિમાં ભમતો હતો, ત્યાં
એક છાયાદાર આમ્રવૃક્ષ તેના જોવામાં આવ્યું. ધીરવીર પાંડુ તે
વૃક્ષની પાસે આવ્યો, ત્યાં હાથમાં ચિત્રનું પાટીયું લઈ ફરતો કો-

ઇ પુરૂષ તેના જોવામાં આવ્યો. રાજાને નજીક આવતો જાણી તે પુરૂષ તે ચિત્રપટને વસ્ત્રથી ઢાંકવા લાગ્યો. એટલામાં રાજાએ આવી પુછ્યું કે, "એ પાટીયા ઉપર શું છે?" તેણે ઉત્તર આપ્યો. "કોઈ સુંદર સ્ત્રીનું ચિત્ર છે." એમ કહી તેણે રાજાને તે ચિત્ર પાટી બતાવી. ચિત્ર ઉપર સ્ત્રીની અદ્ભુત આકૃતિ જોઇ પાંડુ રાજા ચકિત થઇ ગયો. તે મસ્તક ધુણાવતો બોલ્યો—"અહા! શું સૌંદર્ય! શું લાવણ્ય! જગતમાં આવી દિવ્ય આકૃતિ પણ પ્રગટ થાય છે. સ્વરૂપનું ધામ સ્વર્ગની દેવીઓજ છે, એ કથન તદ્દન પક્ષપાતી છે; કારણ કે, મનુષ્યલોકમાં પણ આવી સુંદર માનવ દેવીઓ અવતરે છે. અહા! આ રમણીના શરીરનો સ્વાભાવિક કાંતિસમૂહ કેવો પ્રકાશે છે? એનાજ સામીપ્યને લઇને પણ, ચંદ્ર અને અંધકારે તેણીના મુખ કમળના મિષથી ધારણ કરેલું વેર આજ સુધી ત્યજાનું નથી. અહો! વળી એમાં ચિત્રકારનું કેવું અદ્ભુત ચાતુર્ય છે? એણીના કમળના પત્ર સમાન હસ્ત, પુષ્પની કળી સમાન દાંત, સુગંધમય શ્વાસ અને કોકના ફળ સમાન સ્તન બનાવી ચિત્રકારે પોતાનું કળાકૌશલ્ય પૂર્ણ રીતે દર્શાવ્યું છે. આવી સુંદર રમણીનો જે રમણ થશે તેને ધન્ય છે." પાંડુ રાજાએ આ પ્રમાણે ચિંતવી તે પુરૂષને પુછ્યું—"આ છબી કોની છે?" ચિત્રકારે ઉત્તર આપ્યો. "સૌર્યપુરના રાજા અંધકવૃષ્ણિને કુંતી નામે એક પુત્રી છે, તેણીની એ છબી છે. એ રાજકુમારી તેણીની માતા સુભદ્રા પાસેથી સારી કેળવણી પામી છે. વળી તે ચોસઠ કળામાં નિપુણ અને ચંદન-વૃક્ષની મંજરી જેવી છે. આ મનોહર બાળાને યોગ્ય એવો કોઈ વર મળ્યો નથી તેથી એનો પિતા ચિંતાસમુદ્રમાં મગ્ન થયો છે." ચિત્રકારના મુખથી આ હકીકત સાંભળી રાજાના હૃદયમાં કુંતીને મેળવવાની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થઈ હતી. પછી તેણે તે ચિત્ર-

રને ધન આપી તે છળી લીધી હતી અને પોતે પોતાના નગર રફ પાછો વળ્યો હતો. પાંડુ તે ચિત્રરૂપ પ્રતિમામાં પ્રેમલો થઈ વન માર્ગમાં આમતેમ ફરતો હતો અને વારંવાર તે વેમદેવીના સૌંદર્યને નીરખતો હતો.

રાજા પાંડુ આગળ ચાલ્યો ત્યાં ચંપક વૃક્ષની ઘટામાં કોઈ બાંધેલો પુરૂષ તેના જોવામાં આવ્યો. તેને લોહના બાણ શરીરને વિષે વગેલા હતા. તેથી તે મૂર્છા ખાઈ પડયો હોય, તેમ દેખાતો હતો. દયાળુ રાજા તેને જોઈ વિચારમાં પડયો કે, "આ કોણ હશે અને આવી સ્થિતિમાં કેમ પડયો હશે?" એમ વિચારતાં તેની પાસે પડેલું એક ખડ્ગ તેના જોવામાં આવ્યું. રાજાએ તે ખડ્ગ હાથમાં લઈ તે વડે તેને છુટો કર્યો. ત્યાં તેની પાસે પડેલા બે ઔષધીના વલય જોવામાં આવ્યા. તેમાં એકથી તેને શલ્યરહિત કર્યો અને બીજાથી તેને મૂળ રૂપમાં આણ્યો. પછી રાજાએ તેને પુછયું, "તું કોણ છે?" પેલાએ ઉત્તર આપ્યો— હું વૈતાઢ્ય પર્વત ઉપર રહેનારો અનિલગતિ નામે વિદ્યાધર છું. અશનિવાન્ નામના એક વિદ્યાધરે મારી પ્રિયાનું હરણ કર્યું, તેની પાછળ હું ગયો, તો તેણે મારી આવી દશા કરી હતી. એવામાં મારા ભાગ્યયોગે નિઃકારણ ઉપકારી એવા આપ અહિં આવીને આ દુઃખમાંથી મને મુક્ત કર્યો છે. હવે આપ કૃપા કરી કહો કે, 'હું આપનો શો પ્રત્યુપકાર કરૂં?' પાંડુ રાજાએ કહ્યું, "જિનેશ્વર ભગવાનની કૃપાથી મારે સર્વ વસ્તુ છે." પછી તેણે કહ્યું, "મહાનુભાવ, તોપણ આ મુદ્રિકા અને કામુકા નામની બે ઔષધી તમે સ્વીકારો. આ કામુકાને લીધે તમે ઇષ્ટ સ્થાને જવાને શક્તિમાન્ થશો અને મુદ્રિકાને યોગે જ્યારે મારૂં સ્મરણ કરશો ત્યારે હું હાજર થઈ તમારી ઇચ્છા પૂરી કરીશ." એમ કહી તે બે ઔષધીઓ પાંડુ રાજાને આપી વિદ્યાધર અનલગતિ પોતાને સ્થાને ચાલ્યો ગયો, પછી રાજા પાંડુ એ વાતનું મનન કરતો પોતાની રાજધાનીમાં આવ્યો હતો.

પાંડુ રાજાએ જેની કદર કરી હતી, એવો પેલો ચિત્રકાર પાંડુ રાજાની છબી પાટી ઉપર આળેખી તે પાટી લઈને શૌર્યપુરમાં આવ્યો હતો. પાંડુની મૂર્તિ જોઈ અંધકવૃષ્ણિ ખુશી થયો હતો. પણ કુંતીને તેને આપવાનું તેનું મન થયું નહીં. કુંતી એ સુંદર ચિત્ર જોઈ રાજા પાંડુને ઈચ્છતી હતી, પણ પોતાના પિતાની મરજી ન હોવાથી તેણીને હૃદયમાં પરિતાપ થયો હતો.

એક વખતે સતી કુંતી "પાંડુ ભર્તા મળવો દુર્લભ છે" એવું જાણી ગળામાં પાશ નાખી પોતાની કુળ દેવીને કહેવા લાગી— "માતા હું અંજલિ જોડી આપની પ્રાર્થના કરૂં છું કે, મને હજુ સ્વામી મળ્યો નથી, તો અશરણ એવી મને આ જન્મમાં નહીં તો આવતા જન્મમાં પાંડુ રાજા પતિ મળજો. દેવી, હું રાજકન્યા છું, તેમ વળી શ્રાવક કુળની બાળિકા છું, તેથી મન વચન વડે વરેલા પતિ વિના બીજા પુરૂષને વરવાની નથી." આ પ્રમાણે કહી જેવામાં સતી કુંતી પ્રાણ ત્યાગ કરવા જાય છે, તેવામાં મુદ્રા ઔષધીના પ્રભાવથી પાંડુ રાજા ત્યાં આવી પહોંચ્યો. અને તેણીના ગળાને વિષે રહેલા પાશને છેદીને બોલ્યો —"સતી, તારા પવિત્ર પ્રાણનો ત્યાગ કર નહીં. હું પાંડુ રાજા આવ્યો છું." સતીએ સંભ્રમ પામીને જોયું, ત્યાં પાંડુની મનોહર મૂર્તિ તેણીના જોવામાં આવી. તરતજ તેણીએ તેને ઓળખી લીધો. તે વખતે દાસીઓ તથા સખીઓએ સતી કુંતીનાં પાંડુ રાજા સાથે ગાંધર્વ લગ્ન કર્યાં હતાં. અને ત્યાંજ રાજા પાંડુ અને કુંતીનો યોગ થતાં સતી કુંતી ગર્ભવતી થઈ હતી

પિતાને ઘેર રહેલી કુંતીને ગુપ્ત [illegible] એવું જાણી તેણીની [illegible] કુંતીને અંતઃપુરમાં ગુપ્ત રીતે રાખી હતી. [illegible] પાંડુ કુંતીને [illegible] [illegible] કુંતીને [illegible] [illegible] [illegible].

છુપી રીતે રહેલી કુંતીએ અંતઃપુરમાં એક પુત્રને જન્મ આપ્યો હતો, લોકાપવાદથી ભય પામેલી કુંતીએ તે પુત્રને છુપી રીતે રાખવાને કહેનાં દાસીઓએ તેને એક પેટીમાં મુકયો અને પછી તે પેટી ગંગા નદીમાં વહેતી મુકી હતી.

કર્મની શક્તિ અગાધ છે. અને આયુષ્યનો યોગ બળવાન છે. નિરાધાર થઇ પડેલો કુંતીનો પુત્ર પેટી સાથે તણાતો તણાતો હસ્તીનાપુરમાં આવ્યો હતો. સૂત નામના એક સારથિએ તે પેટી દીઠી અને કૌતુકથી તેણે પોતાને ઘેર લઇ ગયો હતો. પેટી ઉઘાડતાંજ એક સુંદર બાળક તેના જોવામાં આવતાં તે સાનંદાશ્ચર્ય થઇ ગયો હતો. કુંતીનું તે કોમળ બાળક પોતાના કાનની પાસે હાથ રાખી તે પેટીમાં પડેલું હતું. તે બાળકે એમ કાન પાસે હાથ રાખેલ તે ઉપરથી તે સારથિએ તેનું નામ કર્ણ એવું પાડયું હતું. આ સુંદર બાળકને જોઇ સારથિની સ્ત્રીએ હૃદયમાં આનંદ પામી કહ્યું કે, "સ્વામીનાથ, તમે લોકોને એમ કહેજો કે, મારી પત્નીને ગૂઢ ગર્ભ હતો; તેથી તેણીએ એક પુત્રને જન્મ આપ્યો છે."

કુંતીનો પુત્ર કર્ણ તે સારથિને ઘેર ઉછરી મોટો થયો હતો, અને અનુક્રમે સર્વ વિદ્યા સંપાદન કરી તેણે પોતાના પિતાના નામને વિખ્યાત કર્યું હતું.

કુંતીએ પુત્ર જન્મ્યો એ વાત તેણીના પિતા અંધકવૃષ્ણિના જાણવામાં, આવી ન હતી. અંધકવૃષ્ણિ કુંતીને માટે પતિના શોધમાં તત્પર રહેલો હતો. એક વખતે પોતાની પત્ની સુભદ્રાના મુખથી તેના જાણવામાં આવ્યું કે, "પુત્રી કુંતીનો મનોભાવ પાંડુ રાજા ઉપર દૃઢ પણે આસક્ત છે. અને તેણી તે શિવાય કોઇ અન્ય પુરૂષને વરવા ઇચ્છતી નથી." આ વાત જાણી રાજા અંધકવૃષ્ણિએ તે કુંતીને છેવટે પાંડુ રાજાની વેરે પરણાવી હતી. તે વખતે મદ્રદેશના (મદ્રાસંના)રાજાએ પણ પોતાની માદ્રી નામની પુત્રી પાંડુ રાજાને

આપી હતી. રાજા પાંડુને ધૃતરાષ્ટ્ર નામે એક ભાઈ હતો, તેને સુબલ રાજાએ પોતાની ગાંધારી વગેરે આઠ પુત્રીઓ આપી હતી.

સતી કુંતીએ પતિગૃહમાં આવ્યા પછી પોતાની માતા સુભદ્રાએ આપેલી કેળવણીનો પ્રભાવ સારી રીતે દર્શાવ્યો હતો. તે બાળાઓને બોધ આપવાનું અને અપાવવાનું તેણીએ મહાવ્રત અંગીકાર કર્યું હતું હસ્તિનાપુરની જૈનપ્રજામાં જ્ઞાન અને જ્ઞાનનાં સાધનો વધારવાને સતી કુંતીએ સારો પ્રયાસ કર્યો હતો. તેથી તે નગરની જૈન પ્રજામાં સતી કુંતીનું યશોગાન ઘેરઘેર થતું હતું.

એક વખતે કુંતીએ સ્વપ્નાને વિષે મેરૂ પર્વત, ક્ષીરસમુદ્ર, સૂર્ય અને ચંદ્રમા જોયા હતા. એ સ્વપ્નાના પ્રભાવથી ઉત્તમ દિવસે તેણીએ એક પુત્રને જન્મ આપ્યો હતો. રાજા પાંડુએ મહોત્સવ કરી તેનું **ધર્મપુત્ર યુધિષ્ટિર** એવું નામ પાડયું હતું. તે પુત્રે પાછળથી આ ભારતવર્ષપર સારી કીર્ત્તિ મેળવી પોતાના માતાપિતાની ઉજ્વલ કીર્ત્તિને દશે દિશામાં પ્રકાશિત કરી હતી. વળી તે પુત્રનો જન્મ થયા પછી સતી કુંતી ધર્મ ઉપર વિશેષ આદરવાળી થઇ હતી. તે પછી વાયુદેવતાએ સૂચિત **ભીમ** નામનો પુત્ર અને સૂર્યદેવતાએ સૂચિત **અર્જુન** નામનો પુત્ર તેણીને પ્રસવ્યો હતો. જે પુત્રોના પરાક્રમ ભારતની પ્રજા અદ્યાપિ ગાયા કરે છે. માદ્રીને પણ **નકુળ** અને **સહદેવ** નામના બે પુત્રો થયા હતા અને ધૃતરાષ્ટ્રની ગાંધારીને દુર્યોધન વગેરે સો પુત્રો થયા હતા.

સતી કુંતીએ પોતાના પતિ પાંડુરાજાની સાથે સંમત થઇ પોતાના પુત્રોને સારી કેળવણી આપી હતી. ધર્મ, નીતિ, યુદ્ધ અને રાજકીય વિષયોમાં પ્રવીણતા મેળવી પાંડવો આ જગતમાં વિખ્યાત થયા હતા. માતા કુંતીને હાથે સારૂં શિક્ષણ લઈ વિનીત થયેલો યુધિષ્ટિર માતાપિતાનો ખરેખરો ભક્ત થયો હતો.

માતાપિતા એક જંગમતીર્થ છે અને તે સંતાનોના પરમ ઉપકારી છે. આ મહાસૂત્ર ધર્મવીર યુધિષ્ઠિરનેજ વિદિત હતું. માતા કુંતીએ એક વખત પોતાના આજ્ઞાંકિત પુત્ર યુધિષ્ઠિરની પાસે નાશક નગરમાં ચંદ્રપ્રભ સ્વામીનો ચંદ્રરત્નમય પ્રાસાદ કરાવ્યો હતો. જેના પ્રતિષ્ઠા મહોત્સવમાં મોટી ધામધૂમ કરવામાં આવી હતી.

પુત્ર યુધિષ્ઠિરને સર્વ રીતે યોગ્ય જાણી રાજા પાંડુએ તેને હસ્તિનાપુરનું રાજ્ય સોંપ્યું હતું અને પોતે દીક્ષા લઈ, ચારિત્ર પાળી સ્વર્ગે ગયા હતા.

સતી કુંતી વિધવા ધર્મ પાળતી પોતાના માતૃભક્ત પુત્ર યુધિષ્ઠિરની પાસે રહી હતી અને આર્હતધર્મની ઉત્તમ ઉપાસના કરતી હતી. એક વાર ધર્મવીર યુધિષ્ઠિરે પોતાની માતા કુંતીને સાથે લઈ સિદ્ધગિરિની વિસ્તાર સહિત યાત્રા કરી હતી. અને તે પ્રસંગે તે મહાનુભાવે માતાની આજ્ઞાથી તે તીર્થનો ઉત્તમ ઉદ્ધાર કર્યો હતો. તે પછી કુંતી પોતાના પુત્રોની સાથે નેમિભગવાન્ પાસે ગઈ હતી અને તેમની પાસે તેણીએ ત્રિકરણ શુદ્ધિથી જૈનધર્મને અંગીકાર કર્યો હતો. અને પછી તે શુદ્ધ રીતે તેનું પાલન કરતી હતી.

પાંચ પાંડવોને કેવી રીતે વનવાસ લેવો પડ્યો? અને કુરુક્ષેત્રમાં તેમણે કેવું યુદ્ધ કર્યું? અને તે યુદ્ધનું શું પરિણામ આવ્યું? ઈત્યાદિ સર્વ હકીકત પાંડવોના ચરિત્રમાં સારી રીતે વર્ણવેલી છે. જેમાંથી જૈન સંબંધી ધર્મ, નીતિ અને વ્યવહારની ઉત્તમ છાયા આદર્શની જેમ જનમંડળ ઉપર સારી રીતે પડેલી છે. અને તેનું હૃદયવેધક વર્ણન જૈન વિદ્વાનોએ તે સ્થળે કરેલું છે.

સતી કુંતીએ પોતાનો વિધવા ધર્મ સારી રીતે પાળ્યો હતો. દરેક વિધવા શ્રાવિકાઓએ એ મહાસતીનો વિધવાધર્મ અનુકરણ કરવા યોગ્ય છે. વિધવા કુંતી રાજ્ય વૈભવમાં રહી હતી, તથાપિ તે વિકારી વસ્તુથી દૂર રહેતી હતી. કોઈ પણ અજ્ઞાન પુરુષનો સહવાસ ન કરવો, જનસમૂહમાં ભાગ ન લેવો, લગ્ન કે બીજા સંસારી ઉત્સવોમાં અગ્રણીપણે સામેલ ન થવું, શૃંગારી વસ્તુઓ અંગીકાર ન કરવી, અને પરનિંદા કે પરના ઉપહાસ્યને અનુમોદન ન આપવું—એવા અનેક નિયમોનું પાલન કરતી મહાસતી કુંતીએ પોતાના વિધવાધર્મને દીપાવ્યો હતો. તે સાથે ઇંદ્રિયોનું દમન કરવાને એ મહાસતી હમેશાં યથાશક્તિ તપસ્યા કરતી હતી અને પાત્રોને ઉત્તમ પ્રકારનાં દાન આપતી હતી.

જ્યારે પાંચ પાંડવો પુત્રવાળા થયા અને તેના પુત્રો રાજ્યધુરાને વહન કરવાને યોગ્ય થયા એટલે તેમણે પોતપોતાના પુત્રોને રાજ્ય સોંપી માતા અને પત્નીસહિત ગુરૂ પાસે દીક્ષા લીધી હતી. તેઓ યથાર્થ ચારિત્ર પાળી તીવ્રતપસ્યા કરી અને પોતાના અઘોર પાપને સિદ્ધાચળ ઉપર અણસણ કરીને ક્ષય કરી પરમાનંદરૂપ મોક્ષપદને પ્રાપ્ત થયા હતા. તેમની પતિવ્રતા પત્ની દ્રૌપદી મૃત્યુ પામીને પાંચમા દેવલોકે ગઈ હતી.

મહાસતી કુંતીએ પોતાના જીવનમાં જે આચરણ કર્યું હતું, તે દિવ્ય અને બીજાને અનુકરણીય હતું. તેની વિદ્યા, પતિભક્તિ, અને વૈધવ્યધર્મ અદ્ભુત હતા. પોતાનાં સંતાનોને ધર્મ તથા નીતિનું શિક્ષણ કેવી રીતે આપવું જોઈએ ? એ ઉત્તમ પદ્ધતિ સતી કુંતીએ પોતાના જીવનમાં સારી રીતે બતાવી આપી હતી. સત્યધર્મી યુધિષ્ઠિર, દૃઢપ્રતિજ્ઞ ભીમ અને અદ્ભુત પરાક્રમી

ધા હિમતવાન્ અર્જુન, એ પ્રતાપી પાંડવો જે આ ભારતવર્ષ ઉપર પોતાનો અદ્ભુત મહિમા પ્રવર્તાવી ગયા છે, એ સર્વનું મૂળ કારણ સતી કુંતીનું ઉત્તમ શિક્ષણ હતું. પોતાનાં સંતાનોને સન્માર્ગે દોરનારી એ પવિત્ર સતીને સહસ્ત્રવાર ધન્ય છે.



જાહેર ખબર.

શ્રાવિકાના સત્ય અલંકારો.

સદ્‌ગૃહસ્થો ! આ હેડીંગ તમોને આશ્ચર્યકારી કાંઇ પણ થઈ શકશે નહી. કારણકે, આનો ભાવાર્થ તમો જુદોજ સમજી શકશો. સત્ય આભૂષણ, એટલે સર્વથા હિતકારી અને નિર્ભયકારી કહેવાય છે. તે શાથી મળે ? તેના માટે અમારા તરફથી "શ્રાવિકાભૂષણ" નામે પુસ્તક બહાર પડેલ છે. જેને માટે કેટલાક સારા વિદ્વાનોના સંતોષકારક અભિપ્રાય મળેલ છે. આજકાલના શ્રાવકસંસારને સુધારવાને આ પુસ્તક અદ્વિતીય છે.

આ ગ્રંથના જુદા જુદા અલંકારો ગોઠવેલા છે. તેમાં વિવિધ પાત્રો ગોઠવી આજના જમાનાને તથા પ્રાચીન કાળને અનુસરીને સારા વિદ્વાનના હાથથી લખાએલ છે.

આ પુસ્તકના બે અલંકારો અમોએ અમારી જૈનપ્રજાની સમક્ષ મુકેલા છે. અને તૃતીયાલંકાર થોર ખતમાં બહાર પાડવા ભાગ્યશાળી થઈશું.

દરેક શ્રાવકો પોતાની યથાશક્તિ સૌવર્ણાદિકના અલંકારો પોતાની ગૃહીણીના માટે ખરીદ કરે છે. પણ તેમણે જાણવું જોઈએ કે, જ્યાંસુધી આવા અલંકારો તેઓને આપવામાં આવતા નથી ત્યાંસુધી સુવર્ણના ભૂષણો શોભી શકતા નથી માટે દરેક વીરપુત્ર, આ અલંકારો ખરીદ કરી તેમાંથી સાર ગ્રહણ કરી ભાગ્યશાળી થશો. એવી આશા છે.

જોકે, આ ગ્રંથ મોટો છે. પણ તેને જુદા ભાગે વેચવાથી તેની કીંમત પણ થોડી રાખેલ છે. માટે આ અમૂલ્ય અલંકાર ખરીદવા ભલામણ છે.

પ્રથમાલંકાર દ્વિતીયાવૃત્તિ રૂ. ૦—૧૨—૦
દ્વિતીયાલંકાર ૧—૦—૦

મળવાનું ઠેકાણું—શ્રી જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ.
પાલીતાણા.